# ઊર્મિલ સંચાર, *નવલિકા,*

*સત્યકથાઓ અને કાવ્યો.*

*લેખિકા. સરયૂ મહેતા-પરીખ.*

*સાહિત્ય સ્નેહીઓને સપ્રેમ ભેટ.*

*આ ક્ષણમાં જે જીવ્યા તે એ જ અમરકાળ,*

*ના ભૂત કે ભવિષ્ય, આ પળ, અનંતકાળ.*

**URMIL SANCHAR**
**By Saryu Parikh**

પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી, ૨૦૨૩

© સરયૂ પરીખ, અમેરિકા

**મૂલ્ય : વાંચન પ્રેમ**

**પ્રકાશક :**
**કુસુમ પ્રકાશન**
૨૨૨, સર્વોદય કોમર્શિયલ સેન્ટર,
રિલીફ સિનેમા પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૫૦ ૧૮૩૨ - મો. : ૯૮૭૯૧૪૭૯૩૩ (હેમંત શાહ)
email : kusum.prakashan@yahoo.co.in

**પ્રાપ્તિ સ્થાન :**
**શિશુવિહાર સંસ્થા**
પ્લોટ નં. ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર,
ભાવનગર - ૩૬૪૦૦૧.
મો : ૭૦૪૩૩૩૨૧૦૦
shishuviharbhavnagar@gmail.com
www.shishuvihar.in

chairman@glsbiotech.com Vadodar
SaryuParikh@yahoo.com USA

ISBN : 978-93-83950-46-1

**મુદ્રણ :**
**શ્રીનાથજી પ્રિન્ટર્સ**
મેડાવાળી ચાલી પાસે, તાવડીપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪

## ઊર્મિલ સંચાર અને બીજી વાર્તાઓ
## ...સ્નેહ-સમજણ અને આનંદનો ત્રિવેણી સંગમ

ઊર્મિલ સંચાર નવલિકા અને બીજી વાર્તાઓ એકથી વધુ કારણોથી ચિત્તાકર્ષક અને ભાવપૂર્ણ બની છે. છેલ્લા કેટલાક દશકાઓમાં પરદેશમાં રહેતા, ભારતની માટી સાથે જોડાયેલ હોય એવા વિશ્વસંવેદનાભર્યા લખાણો ગુજરાતી ભાષા માટે એક મહત્ત્વના નવા અધ્યાય રચી રહ્યાં છે. આ માટે પ્રયત્નશીલ અને ઊંડી છાપ ઉપસાવનારમાં સરયૂ પરીખ એક આગળ પડતું નામ છે.

ઊર્મિલ સંચાર એક સરળ પ્રેમાળ સંબંધોની નવલિકા છે. ૧૯૭૦ ની આસપાસના સમયે હિંદુ-મુસ્લિમ વચ્ચે લગ્ન અને પછી દેશ છોડી પરદેશ નિવાસની વાત અતિ સુંદર રીતે રજૂ થઈ છે. જ્યાં સમાજના ચીલાચાલુ લોકો કરતાં બે વેંત ઉચ્ચકક્ષાના પાત્રો હોય ત્યાં ન્યાત-ધર્મ અને રૂઢિ રિવાજો ગૌણ બની જાય છે. આવા ભારતીય પણ, પરદેશમાં રહેતા માબાપના બાળકોનો ઉછેર, ભારતના સંસ્કારના તાણાવાણા અને સંઘર્ષની વાત અહીં થઈ છે.

મુખ્ય નાયક શોમનો ભારતના પરિવાર સાથેનો સ્નેહભાવ, જીવનના ખાટા-મીઠા અનુભવો અને આગળ જતા લોકોના દંભી માનસ, ભોળા વિશ્વાસની વાત ખૂબ રસિક બની છે. ગોવામાં ગુરુના માર્ગદર્શન સાથે આયુર્વેદ અને એલોપથી દવાઓના સમન્વય શોમના જીવનમાં યોગ્ય રીતે વર્ણવાઈ છે. આવી આગવી ભાત પાડતી આ લઘુનવલ નવી અને જૂની પેઢીને આકર્ષિત કરશે અને લાંબા સમય સુધી યાદ રહેશે.

બીજા ભાગમાં સત્યકથાઓ પર આધારિત કેટલીક લઘુકથાઓ દરેક વર્ગ માટે પ્રેરણારૂપ બનશે. વસંતના ફૂલ, અવહેલના, સુકાયેલા આંસુ, ટીએન-એક વિદ્યાર્થીની, કહો અબ્બા, ઝંખવાયેલો ચાંદ (કમલ), નવજીવન મંત્ર (દર્શના-યુસુફ),

અશક્ય-શક્ય ઋણાનુબંધ, હસી-ફરી(સેલ્મા) જેવી દેશ-પરદેશની વાતો સમાજના બધા વર્ગોને સ્પર્શે છે અને વારેવારે વાંચવાનું મન થાય એવી છે. જાણે બે દેશના સમાજના ચિત્રો 'સમજ ઝરુખે બૈઠકે' આલેખાયા હોવાથી ઉત્તમ અને યાદ રહી જાય એવી રીતે લખાયા છે. વાર્તાના અંતમાં કાવ્ય સંદેશો સ્પષ્ટ કરે છે.

છેલ્લે થોડા કાવ્યો વાંચી અંતરમાં સંતોષ અને આનંદ થાય છે. ગુજરાતી ભાષામાં આ કૃતિઓથી એક નવું - આવકારદાયક આયામ ઉમેરાશે. દેશ-પરદેશમાં આનંદથી જીવવામાં રાહબર અને અવિસ્મરણીય બને એવી આ રચનાઓને આવકારીએ. આ રચનાઓ અને રચનાકાર માટે તેમના જ શબ્દોમાં કહીએ...

"મન સંતોષી શીતલ ઉર આનંદ,
તે દિલ સમજે માનવ આક્રંદ.
નેક કર્મોની કેડી જડી ને પછી,
નિસ્વાર્થે જનતાને સર્વે સમર્પણ."

ઊર્મિલ સંચાર, વાર્તા અને કાવ્યો ગુજરાત આનંદ સાથે આવકારે છે.

...મુનિભાઈ મહેતા. વડોદરા chairman@glsbiotech.com

--------------

# અનુક્રમણિકા


૧. ઊર્મિલ સંચાર. નવલિકા ....................................... ૭

૨. પ્રતિભા પરિચય : સરયૂબહેન મહેતા-પરીખ ......................૭૬

૩. સત્યકથા પર આધારિત વાર્તા ...................................૭૯

૪. કાવ્યો ...................................................... ૧૭૪

# ઊર્મિલ સંચાર

આવી એક ચિઠ્ઠી, મેં મોતીએ વધાવી, લીટીનાં લખાણે મેં આરસી મઢાવી.
જત કાગળ લઈ લખવાને બેઠી,  મારી યાદોને અક્ષરમાં ગોઠવી.
આજ અવનીને સાગરની રાહ, લહેર આવે, આવે ને ફરી જાય.
રૂપ ચાંદનીને આમંત્રી બેઠી, મારી યાદોને રેતીમાં ગોઠવી.
મારી ધડકનને પગરવની જાણ, નહીં ઉથાપે એ મીઠેરી આણ.
કૂણા કાળજામાં હઠ લઈને બેઠી, મારી યાદોને નયણોમાં ગોઠવી.
સૂના સરવરમાં ઊર્મિલ સંચાર, કાંઠે કેસૂડાનો ટીખળી અણસાર.
ખર્યાં ફૂલોને લઈને હું બેઠી, મારી યાદોને વેણીમાં ગોઠવી.
મારા કેશ તારા હાથની કુમાશ, ઝીણી આછેરી ટીલડીની આશ.
શુભ સ્વસ્તિક ને કંકુ લઈ બેઠી, મારી યાદોને આરતીમાં ગોઠવી.

---------

‘મંત્ર’ કાવ્યસંગ્રહ. સરયૂ દિલીપ પરીખ.

મારી નવલકથા *"Flutter of Wings"* ની કથાવસ્તુ પર આધારિત છે. મારી અંગ્રેજીમાં, *Flutter of Wings... a poetic novel by Saryu Parikh is open to read on, https://saryu.wordpress.com saryuparikh@yahoo.co*

# ઊર્મિલ સંચાર

## ૧. ભારતની સફર

શોમ અને તેના માતા-પિતા હ્યુસ્ટન પાછા ફરી રહ્યાં હતાં. Yellowstone National Park, Wyomingમાં એક સપ્તાહની રજાઓ પછી શોમનો ભણવાનો થાક ઉતરી ગયો લાગતો હતો. એ ઉન્નત શિખરો, દરિયા જેવા દેખાતા તળાવ અને ધરતીમાંથી ફૂટતા ઊનાં પરપોટા...! કુદરતની ભવ્યતા શોમની વિચારધારા બદલી ગયા. વિમાનની સફર દરમ્યાન મોકાનો સમય જોઈ માહીએ વાત છેડી...

"જો બેટા શોમ, તું ડોક્ટર તો થઈ ગયો. આગળ ભણવું છે તે બરાબર, પરંતુ લગ્ન વિશે વિચાર કરવાનો સમય આવી ગયો છે."

"મોમ! હજુ તો હું છવ્વીસનો જ છું." શોમ હસીને બોલ્યો.

"તારે આ દેશમાં કોઈ કન્યામાં રસ હોય તો કહે, નહીંતર ભારત જઈને પસંદ કરી શકાય." ડોક્ટર પિતા રમેશે સ્નેહપૂર્વક કહ્યું. "ચોઈસ મેરેજ સફળ થઈ શકે છે."

માહી અને ડો. રમેશ જોષી ભલે દૂર આવ્યા પણ દેશનું સ્નેહબંધન મજબૂત હતું.

શોમનો જન્મ અમેરિકામાં થયો તો પણ ભારતની સંસ્કૃતિ, સાહિત્ય અને સંગીતનો લગાવ હતો. શોમથી ત્રણ વર્ષ મોટી બહેન નીના, જે કેલિફોર્નિયામાં હતી, તે કહેતી, 'ના...રે મને તો મુંબઈમાં મૂંઝારો થાય.' અને ભારત જવાનું ટાળતી.

“નીનાનાં લગ્ન તો રૉકી સાથે થઈ ગયાં અને આપણને નાના-નાની પણ બનાવી દેશે.” રમેશ વિચાર કરતા બોલ્યા. “પણ, ભારતમાં લગ્ન કરવામાં કદાચ સરળતા ન લાગે. હજી ઘણા લોકો, વ્યક્તિ કરતા નાતજાતને વધુ મહત્વ આપે છે.” એર હોસ્ટેસ સફેદ નેપકિન પાથરી અને લાલ ગુલાબ મૂકી ગઈ. એ સાથે જાણે કોઈ ચિત્ર દોરાયું અને માહી આંખ બંધ કરી ભૂતકાળમાં જોઈ રહી.

એ યુવાનીના દિવસો... મુંબઈમાં રમેશ ડોક્ટરની ડિગ્રી મેળવ્યા પછી, એક સંસ્થામાં સાંજે સેવા આપવા જતા. Social worker માહી, એક દર્દી સાથે ત્યાં આવી. માહીનો ચહેરો પરિચિત લાગ્યો તેથી રમેશ તેની સાથે વાત કરવા ઉત્સુક હતા અને તક મળતાં જ તેણે પૂછી લીધું હતું, “નમસ્તે. તમારા નામનો ખ્યાલ નથી, પણ હું જ્યારે કોલેજના બીજા વર્ષમાં હતો ત્યારે તમે પહેલા વર્ષમાં ભણતા હતા? વાળમાં લાલ ગુલાબ જોઈ યાદ આવ્યું...”

“હાં, મારું નામ માહી... તમારું નામ રમેશ, મને ખ્યાલ છે.” કહેતાં માહીનો ચહેરો ગુલાબી થઈ ગયો હતો. પછી તો સેવા સંસ્થામાં મળવાનું અને સાથે કામ કરવાનું આકર્ષણ અબાધ્ય થઈ ગયું. પ્રેમના માર્ગમાં મોટી બાધા હતી કે, માહી મુસલમાન હતી. રમેશના પરિવારમાં ચુસ્ત હિંદુ ધર્મનું પાલન થતું. રમેશ-માહીના અડગ નિર્ણય સાથે બંન્નેના પરિવારે કચવાતા મનથી સંમતિ આપી હતી. રમેશના માતાએ વહુને આવકારી હતી, પણ તેના હાથનું પાણી કે ભોજન લેવાનું ટાળતાં. હા, એ ચોખવટ કરેલી કે ભગવાનના મંદિરમાં માહીને નહીં અડવાનું... જાણે ભગવાનને રક્ષણની જરૂર હોય!

સમય સાથે, માહીના માન અને પ્રેમભર્યા વર્તનથી પરિવારને જીતવામાં અમુક અંશે સફળતા મળી હતી. લગ્ન પછી એકાદ વર્ષમાં રમેશને હ્યુસ્ટન મેડિકલ સેન્ટરમાં નોકરી મળતા, ૧૯૬૫માં રમેશ અને માહી અમેરિકામાં સ્થાયી થઈ ગયા હતા.

પુત્રી નીના અને પુત્ર શોમના જન્મ પછી જોષી પરિવારમાં માહી માટે પરાયાપણાની રેખા અદ્રશ્ય તો નહીં… પણ આછી થઈ હતી. ભારત છોડ્યાને વર્ષો થયા પણ, દિલ તો ભારતીય જ હતું.

વિમાન હ્યુસ્ટનથી નજીક આવી રહ્યું હતું. અંતે શોમે પોતાનો નિર્ણય જણાવ્યો. ''ભલે. હું arranged marriage, અથવા તમે કહો છો તેમ choice-marriageને તક આપીશ. પણ એક શરત, આપણે ભારત જઈએ ત્યારે દસ દિવસ મારે વૈદ્ય ભાણજીના આયુર્વેદ-આશ્રમમાં ગોઆ જવું છે. મારે કેન્સર રીસર્ચમાં તેમના આયુર્વેદિક જ્ઞાનનું માર્ગદર્શન લેવાનું છે.''

''મંજૂર,'' રમેશ અને માહી આનંદથી બોલી ઊઠ્યાં અને યોજનાઓ શરૂ થઈ ગઈ.

શોમને હ્યુસ્ટનમાં કેન્સર રિસર્ચ માટે ફેલોશીપ મળી હતી. તેની પાસે આયુર્વેદ અને એલોપથી અને એકત્ર કરી કેન્સરના દર્દીઓને સાજા કરવાનો વિશિષ્ટ પ્રોજેક્ટ હતો. શોમ જેવા તેજસ્વી ડોક્ટરને મેળવવા માટે હોસ્પિટલ વ્યવસ્થાપકો ગૌરવ લેતા અને તેના કામને ઘણી સગવડતાઓ આપવામાં આવતી. કામ શરૂ કરતા પહેલા, ભારતની સફર તેના પ્રોજેક્ટ માટે પણ આવશ્યક હતી.

ભારતની ઘણી મુલાકાતો પછી આ વખતની મુલાકાત વિશેષ અગત્યની હતી.

દાદાજીની તબિયત અને શોમના લગ્ન. મુંબઈ આવીને શોમનું ગમતું કામ, દાદાજી સાથે સમય  ગાળવાનું હતું. રાષ્ટ્રકવિ તરીકે સન્માનિત જાજરમાન વ્યક્તિત્વવાળા દાદાનો શોમ ખૂબ લાડકો પૌત્ર હતો.

શોમને બચપણના એક પ્રસંગની યાદ આવી. ''દાદાજી! મને એ દિવસ એકદમ સ્પષ્ટ યાદ છે…તમે મંચ પર હતા અને તમારું રાષ્ટ્રકવિ તરીકે સન્માન હતું. મમ્મીએ કહ્યું હતું કે તમે વક્તવ્યની શરૂઆતમાં ભવિષ્યની આશાસ્પદ પેઢી વિષે કોઈ કવિતા

બોલ્યા હતા, જે મને સમજાઈ નહોતી. ત્યારબાદ તમે મારી સામે જોઈને કહ્યું કે ‘આ માન સ્વીકારવામાં મને મદદ કરવા હું મારા પાંચ વર્ષના પૌત્ર, શોમને બોલાવું’ અને હું મમ્મીનો હાથ છોડાવી દોડતો મંચ પર આવીને તમને વળગી પડ્યો હતો. કેવો અત્યંત ખુશખુશાલ માહોલ હતો?’’ દાદાજીની અનુભવ રેખાઓ પર હાસ્ય ઝળકતું હતું. પૌત્ર સામે અમિદષ્ટિથી જોઈ રહ્યા...

પેઢી દર પેઢીનું પુણ્ય કામ,
આજે આ પૌત્રમાં પ્રકાશમાન.
ઉગતા અરુણ શો દૈદિપ્યમાન,
શીતળતા સ્નેહ ચાંદની સમાન.

દાદાજીની નેવું વર્ષની ઉંમરના હિસાબે આરોગ્ય ઠીક હતું. દાદા-દાદીને પૌત્ર શોમના લગ્ન જોવાની પ્રબળ ઇચ્છા હતી. તરત હિંદુ કન્યાઓને મળવાની પ્રવૃત્તિઓ શરૂ થઈ. છોકરીઓ જોવા જવાનો અનુભવ શોમને બહુ જ વિચિત્ર લાગતો હતો. શોમને કોઈ સાથે મેળ પડતો લાગ્યો નહીં. ઉમેદવારની મુસલમાન માતા..., એમ સાંભળીને અમુક લોકો તો આ દેખાવડા અને મેધાવી ડોક્ટરનો પરિચય કરવા માંગતા નહોતા. આમ જ દસ દિવસ નીકળી ગયા. પરિવારમાં વડીલો નિરાશ થઈ રહ્યાં હતાં. આ તરફ માહીનું કુટુંબ અકળાતું હતું, ‘‘આ તે કેવું? આપણે આપણા નાતી માટે મુસ્લિમ છોકરીનું સૂચન પણ ન કરી શકીએ!’’

એક સાંજે બધા ટોળે વળીને બેઠાં હતાં. શોમે પૂછ્યું, ‘‘દાદી તમારાં ને દાદાના લગ્ન કેવી રીતે થયા હતા?’’ દાદી જરા શરમાઈને હસુ હસુ થતાં બોલ્યાં. ‘‘અરે ધમાલ થઈ હતી. મને પરણવા શહેરથી છોકરો આયેલો. એકબીજાને જોયા નોતા. એ કહે કન્યાને જોયા વગર હું નહીં પરણું. મારા બાપા તો ગભરાયા પણ હું તો બનીઠનીને મળવા ગઈ. એ તો મને જોઈને ઘેલો થઈ ગ્યો. પણ હું તો ઉતારેથી ઘેર આવીને હઠ લઈને

બેઠી કે આ શહેરી મને જરાય ગમતો નથી, એને નહીં પરણું. મારી મા કહે કે આ છોરીને કોણ પરણશે? એવામાં ગોર મહારાજને મદદ કરવા આવેલો છોકરો બોલ્યો…

''કે હું આને પરણીશ.'' દાદાજીએ વચ્ચે ટહૂકો કર્યો અને બધા હસી પડ્યા.

''ઓહો, દાદી, આજ હું નવું શીખી, પોતાનું ધાર્યું કેમ કરાય.'' પૌત્રી બોલી.

''અરે! જોજે એવું કંઈ શીખતી!!! મીઠડી! હવે તો સુવા જા…'' અને બધા મલકાતાં વિખરાયા. શોમ ગોઆ જવાનો હતો એ દિવસે એક પાડોશીનો ફોન આવ્યો. ''મારા બહેન બહારગામથી ખાસ આવ્યા છે, અને તેમની દીકરી માટે શોમ સાથે વાત કરવા માંગે છે.'' ગાંધીવાદી દેખાતા બુજુર્ગ બહેન અને ભાઈ, જોષી કુટુંબને મળવા આવ્યાં. બહેન સાદા અને વાતચીતમાં સરળ હતા.

બહેને કહ્યું કે, ''હું અને મારી દીકરી પોંડિચેરીમાં રહીએ છીએ. મારી દીકરી મેડિકલના ત્રીજા વર્ષમાં ભણે છે. તેથી બે વર્ષ પછી જો…''

માહીએ જરા વિચાર કરી કહી દીધું, ''માફ કરજો, પણ અમારે તો હમણાં જ શોમના લગ્ન કરવા છે. તેથી તમારી સાથે વાત આગળ નહીં ચાલે.'' તે બહેન અને ભાઈ વિદાય થયાં.

ફરી તે જ પાડોશીભાઈનો ફોન આવ્યો. ''બીજું એક સૂચન છે…તમને વાંધો ન હોય તો મારી દીકરી કોલેજ પૂરી કરી, એક 'Naturalist' નામના સ્ટોરમાં કામ કરે છે. બહુ દૂર નથી. જો તમે જઈને માયાને જોઈ લો અને પસંદ પડે, તો પછી હું આગળ વાત ચલાવું.'' માહી, રમેશ અને શોમ ખરીદી કરવાના બહાને એ સ્ટોરમાં ગયાં. માયાએ યોગ્ય વર્તાવથી મદદ કરી અને સામાન્ય વાતચીત કરી.

સ્ટોરમાંથી નીકળતી વખતે ડો.રમેશ બોલ્યા, ''તમારા પિતાજીએ અમને તમારા

વિશે આજે જણાવ્યું.'' એ સાંભળી માયા ગંભીરતાથી માથું હલાવી જતી રહી.

શોમને માયા ઠીક લાગી. દાદાજીની ઇચ્છા અને ગોઆ જવાના ઉત્સાહની અસર નીચે માયા સાથે વાત આગળ વધારવાનું કહી, શોમ ગોઆ જવા નીકળી ગયો. તેને થયું, ''હાશ, હવે દસ દિવસ ચિંતા નહીં.''

ગોઆના આયુર્વેદ-આશ્રમમાં વૈદ્ય ભાણજીને મળ્યા પછી શોમને પોતાના ઘણા સવાલોના જવાબ મળ્યા અને કર્મપાથ ખૂલતો દેખાયો. એ દસ દિવસ શોમને અત્યંત અગત્યના લાગ્યા અને વૈદ ભાણજીનું માર્ગદર્શન ગુરુકૃપા. ભારે હૈયે ગોઆ છોડી તે મુંબઈ પાછો ફર્યો.

પાછલા દિવસો દરમ્યાન, માયાની પહેલા 'ના' આવી, પછી 'હા' આવી...એમ કરતા લગ્નની શક્યતાઓ વધતી ચાલી. શોમના આવ્યા પછી બે ત્રણ મુલાકાતો અને થોડી વાતચીત થઈ હતી.

''માયા, તમને અમેરિકામાં રહેવાનું ગમશે ને? પોતાના સ્વજનોથી દૂર...'' શોમ સવાલ પૂરો કરે તે પહેલા માયા બોલી,

''હાં, હાં... જરૂર. એટલા માટે તો...'' એકદમ અટકીને આંખ નીચી ઢાળી તેણે વાક્ય પૂરું કર્યું, ''હાં મને અમેરિકામાં ગમશે.''

'શરમાળ અને વ્યાકુળ હોવાથી માયા ઓછું બોલે છે... પછી પરિવાર સાથે ભળી જશે,' એવી અટકળો સાથે લગ્ન નક્કી થઈ ગયા. છેલ્લા બે દિવસમાં કોર્ટમાં લગ્ન, અને માયાની immigration application થઈ ગયા. ''વિધિસર લગ્ન અમેરિકામાં કરશું'' એમ નક્કી થયું, તેથી સહી સિક્કા થયા પછી માયા પોતાના ઘરે ગઈ. ત્રણેક મહિનામાં તેણીને ગ્રીનકાર્ડ મળી જવાની શક્યતા હતી...

શોમને સંતોષ હતો કે લગ્ન કરી દાદા-દાદીને ખુશી આપી શક્યો.

## ૨. હ્યુસ્ટન

શોમ તેના માતા-પિતા સાથે હ્યુસ્ટન પાછો ફર્યો. શોમ અને માયાનાં ઘડિયા લગ્ન લેવાયા પણ ખાસ કોઈ લાગણીનાં બંધનમાં અટવાયા સિવાય, બંને પોત-પોતાની પ્રવૃત્તિમાં વ્યસ્ત થઈ ગયા.

શોમ તેના મિત્રોને ઉત્સાહપૂર્વક પોતાની ભારતની મુલાકાતની વાતો કરતો હતો. મિત્ર સ્ટિવન બોલ્યો, ‘‘તારા લગ્ન થઈ ગયા, તું બહુ ખુશ હશે!’’

‘‘હાં, ઘરમાં બધા ખુશ છે. પણ સાંભળ, એકદમ ઉમંગની વાત તને કરવાની છે. હું ગોઆ જઈને વૈદ્ય ભાણજીને મળ્યો. આશા છે કે આપણને તેમના તરફથી સહકાર મળશે. શક્ય છે કે આપણી કેન્સર રિસર્ચ માટે આયુર્વેદ નિષ્ણાતોને અહીં મોકલશે. આપણે મેનેજમેન્ટ પાસેથી ડોલરની વ્યવસ્થા કરવાની છે.’’ સ્ટિવન તેના મિત્ર શોમનો એકલક્ષી ઉત્સાહ જોઈ રહ્યો.

શોમનું પોતાના એપાર્ટમેન્ટ મેડિકલ સેન્ટર નજીક હતું. દર રવિવારે મમ્મીના હાથની રસોઈ અને પિતા સાથે શાસ્ત્રીય સંગીત સાંભળવા ઘેર જવાનો શિરસ્તો રાખ્યો હતો જે શોમ ક્યારેક જ ચૂકતો.

થોડા મહિનાઓમાં માયાને અમેરિકાનું ગ્રીનકાર્ડ વિઝા મળી ગયો અને આવવાની તારીખ નક્કી થઈ ગઈ. એ દરમ્યાન, નીનાને બાળક-જન્મનો સમય હોવાથી માયાનાં આગમનને દિવસે માહી કેલિફોર્નિયામાં હતી. માહીની સૂચનાઓ શોમ સાંભળતો અને ‘હા’ અને ‘અહમ’ વચ્ચે કેટલી અમલમાં મૂકશે તેની આશંકા હતી. તેનું ધ્યાન ફરીને પોતાના કામ તરફ ક્યારે દોડી જતું એ કહેવું મુશ્કેલ હતું.

શોમ લગ્નની વીંટી આંગળી પર ચડાવી, બને તેટલા આનંદિત દેખાવ સાથે માયાને એરપોર્ટથી ઘરે લઈ આવ્યો. રમેશ હોસ્પિટલથી ઘરે આવી ગયા હતા.

"બેટા માયા, તમારા ઘરે બધા કેમ છે?" અને ત્યારબાદ દાદાજીની તબિયત અને બીજા સમાચારોની વાતચીત થઈ ગઈ.

"માયા પહોંચી ગઈ છે...ફોન કરી દઉં. તારા માતા-પિતાને ફોન કરવો છે ને?"

"ના, તમે અંકલને કહી દો કે ત્યાં જણાવી દે." માયાનો જવાબ વિચિત્ર લાગ્યો.

કેલિફોર્નિયામાં માહી સાથે વાતો કરી, અને નક્કી થયું કે એ ત્રણે જણા ચાર દિવસ પછી કેલિફોર્નિયા બેબીને જોવા અને નીનાને મળવા જશે. માહીએ બનાવેલી રસોઈ, ફ્રિજમાંથી કાઢી, ગરમ કરીને ત્રણે જણા મજેથી જમ્યા.... 'બીજા દિવસે વહેલા ક્લિનીક પર જવાનું છે' કહી, રમેશ તેમના રૂમમાં જતા રહ્યા.

શોમ માયાની બેગ લઈ પોતાના રૂમ તરફ જવા જતો હતો, ત્યાં તેને માયાના અવાજે અટકાવ્યો.

"હું આજે થાકેલી છું, તો તમને વાંધો ન હોય તો ગેસ્ટ-રૂમમાં રહીશ."

આ બીજું આશ્ચર્ય..."ઓહ, ભલે," અને શોમ તેને ગેસ્ટ-રૂમમાં લઈ ગયો.

શોમ રાતના વિચાર કરતો રહ્યો કે માયાને અજાણ્યું ન લાગે તેના માટે બધો પ્રયત્ન કરવો જોઈએ. પોતાની જવાબદારીને સારી રીતે અદા કરવાનો મક્કમ નિર્ણય કરી ભવિષ્યની આશાભરી નિંદરમાં ખોવાઈ ગયો.

બીજે દિવસે સવારે રમેશ કામ પર જવા દરવાજો ખોલતો હતો ત્યાં માયા બહાર આવી અને રમેશ પાસે જઈને પગે લાગી, "અંકલ, આભાર."

રમેશ કહે, "અરે, આવી કોઈ ઔપચારિકતાની જરૂર નથી...સાંજે મળીએ."

શોમ ચા બનાવીને લઈ આવ્યો અને ટેબલ પર મૂકી. માયા સંકોચ સાથે બેઠી. દિવાલ પરના ટેલિફોન તરફ ફરી ફરીને જોયા કરતી હતી. જેવો ફોન રણક્યો કે એકદમ ઊભી થઈ ગઈ અને "હું લઈ શકું?" પૂછી, જવાબ મળતા પહેલા ઊંચકી લીધો.

"હા, ભલે..." કહીને માયાએ ફોન મૂકી દીધો.

માયા પાછી આવીને બેઠી, અને શોમની પ્રશ્નાર્થ ભરી નજર સાથે નજર મેળવ્યા વગર બોલી, "કેવી રીતે કહું એ ખબર નથી પડતી, પણ મેં તમારી સાથે લગ્ન... અમેરિકા આવવા માટે કર્યા હતા. મારા પ્રેમલગ્ન ભાસ્કર સાથે થઈ ગયા છે...ગયા વર્ષે. તે કાકાના આધારે અમેરિકા આવી ગયો. પણ તેના કાકા મને સ્પોન્સર કરે તેવી શક્યતા નહોતી. મારા માટે અહીં આવવાનો આ રસ્તો તમે ખોલી આપ્યો. માફ કરજો." અવાજમાં કંપારી વધી..."મારા માતા-પિતાને આ વાતની ખબર ન હતી...નીકળતા પહેલા મેં મુંબઈ એરપોર્ટથી તેમને કાગળ પોસ્ટ કર્યો હતો." માયા એક શ્વાસે બોલી ગઈ.

શોમ અવાચક થઈ ગયો. આશ્ચર્યથી તેની આંખો મટકું મારવાનું ભૂલી ગઈ...કળ વળતા શોમ બોલ્યો, "ઓહ! આ તો અમારા ભોળપણ અને વિશ્વાસની મજાક ઉડાડવાની યોજના હતી? છટ્! તમે તો ગજબના ઠગારા નીકળ્યાં." અને તેનો ચહેરો ગુસ્સાથી લાલ થઈ ગયો. શોમ જલતી આંખોથી માયા સામે તાકી રહ્યો અને માયા ભયથી ધ્રુજી ઊઠી, "જુઓ, ભાસ્કર હમણાં જ આવી પહોંચશે."

એ સાંભળી શોમ વ્યંગમાં હસ્યો, "તો તમે એમ માનો છો કે હું તમને જબરજસ્તી અહીં રોકવા પ્રયત્ન કરીશ?... આવી વ્યક્તિ સાથે મારે એક પળ પણ નથી ગાળવી. મને થતું હતું કે કેમ મને આ કહેવાતી પત્ની માટે કોઈ લાગણી નથી થતી? આજે ખબર પડી." શોમ ખુરસીને ધક્કો મારી ઊભો થઈ ગયો.

શોમે આંગળી પરથી વીંટી ઉતારી ટેબલ પર પટકી. માયા કાંપતા અવાજે બોલી, "આપણા ડિવોર્સના કાગળિયા મુંબઈથી આવશે, મહેરબાની કરી સહી કરી દેશો."

"જરૂર...આ સામે બારણું છે, ચાલતી પકડો." કહીને શોમ પાછલું બારણું ખોલી પુલ પાસે જઈને બેધ્યાન અહીંતહીં આંટા મારવા લાગ્યો. થોડી વારમાં બેગોના ખસવાનો અવાજ અને પછી કારની ઘઘરાટી...શોમના મનને ડામાડોળ કરીને નીરવ થઈ ગઈ. એ સન્નાટામાં શોમને પોતાના મસ્તિષ્કની નસનાં ધબકારા સંભળાયા...' મારી મા કેટલી ખુશ હતી! અને દાદા-દાદી...પરિવારમાં બધાને હું શું કહીશ? મને જ કેમ આવું થાય છે! શું મારા માથા પર 'મૂર્ખ' છપાયેલું છે?' તેને પોતાના કરતાં વધારે ચિંતા હતી તેના વડીલોની...

કાંટો આ વાગ્યો છે મારા ઋજુ રુહમાં,
વેદના ઉભરશે સૌ સ્વજનોના ઉરમાં.
જેમની ખુશી મને વ્હાલી છે જીવથી,
કોઈ ગયું રોળી તે કપટી કુનેહથી

ગુસ્સાથી બળતા ચિત્તને શાંત કરવા શોમે શર્ટ-પેન્ટ ફેંકી દઈ સ્વિમિંગ પુલમાં ઝંપલાવ્યું. કેટલો સમય તરતો રહ્યો એ ભાન નહોતું. થાકીને વિવશ થઇ ગયો ત્યારે પરાણે બહાર આવી તેના પ્રિય ઓકના ઝાડ નીચે આરામ-ખુરશીમાં અઢેલીને ઊંઘી ગયો. એકાદ કલાકમાં શોમની નીંદર ખુલી અને 'શું મને ખરાબ સ્વપ્ન આવ્યું હતું?' પણ ના, તે હકીકત છે! એવા વિચાર સાથે દિલમાં ડંખ વાગ્યો.

સૂમસાન ઘરમાં દાખલ થયો અને કપડાં બદલી તેણે ફોન જોડ્યો, "ડેડી, તમે જલ્દી ઘેર આવશો?"

"કેમ દીકરા, તારો અવાજ કેમ બરાબર સંભળાતો નથી? તું અને માયા ઠીક છો ને?"

"હાં..." શોમ આગળ કશું બોલી શક્યો નહીં. ડો.રમેશને લાગ્યું કે શોમે કોઈ

દિવસ તેને આ રીતે ‘જલ્દી ઘેર આવો’ તેમ કહ્યું નથી. કોઈ ગંભીર વાત હોવી જોઈએ તેમ સમજીને કહ્યું, “હું દરદીઓને જોઈને લંચ પહેલા આવી જઈશ”

શોમ ઠંડુ પાણી લેવા ગયો અને ટેબલ પર વીંટી, દાદીએ આપેલ ચેઇન, બંગડી વગેરેની ઢગલી પડેલી જોઈ નફરતથી નજર ફેરવી લીધી. શોમ મુખ્ય રૂમમાં આવી...વ્યવસ્થિત રીતે ગોઠવેલા, ખાસ મિત્રો સમા...પુસ્તકોની તરફ, અનાયાસ ખેંચાયો. વર્ષો પહેલાં પિતાએ ભેટ આપેલ જે. કૃષ્ણમૂર્તિનું પુસ્તક હાથમાં લઈ ઉદાસિનતાથી પાનાં ફેરવવા લાગ્યો. એક વાક્ય પર નજર અટકી ગઈ...

“જેને આપણે સત્ય, ઈશ્વર કે તથ્ય તરીકે જાણીએ છીએ તે સનાતન છે. તેને પરિસ્થિતિ, વિચાર કે માનવ છલ-કપટ, વિક્ષિપ્ત ન કરી શકે.”

આગળ વધારે વાંચતો ગયો અને આવી પરિસ્થિતિ સર્જાવા વિષે તેના મનમાં પ્રકાશ પડ્યો...’અશ્રદ્ધા અને ભય’. દાદા-દાદી નિરાશ થશે તો! બીજી ઉમેદવાર નહીં મળે તો! આવા નિર્બળ વિચારો સાથે લગ્ન કર્યા. જે કાર્ય પાછળ સ્વાર્થી હેતુ હોય તેનું પરિણામ આવું આવે ત્યારે આશ્ચર્ય કેમ? ... શોમ આત્મનિરીક્ષણ કરવા મજબૂર થઈ ગયો. પુસ્તક અને આંખો બંધ કરીને ધ્યાનમાં બેસી ગયો.

ગરાજડોર ખૂલવાના અવાજથી શોમ જાગૃત થઈ ગયો અને રમેશ ઘરમાં દાખલ થતાં જ શોમ પિતાને લાગણીવશ ભેટ્યો. રમેશે આજુબાજુ માયાને શોધવા નજર નાખીને સવાલ પૂછ્યો, “શું થયું?” માયાની કપટી યોજના વિશે સાંભળીને જાણે તેમને તમ્મર આવી ગયા. ન માની શકાય તેવી ઘટના ઘટી હતી. જીવનના અનેક અનુભવોમાંથી પસાર થયેલ સમજદાર પિતાને પણ કળ વળતા જરા વાર લાગી. કલાકો પહેલાની શોમની મનઃસ્થિતિથી તે ઘણો ઉપર હતો. શોમે પ્રામાણિકતાપૂર્વક પોતાની ભૂલોનો સ્વીકાર કર્યો. હવે આ વાતને સહેલ કઈ રીતે બનાવવી તે વિશે પિતા પુત્રે નિર્ણયો લીધા.

ત્યાં જ ફોનની ઘંટડી વાગી અને માહીએ અતિ ઉત્સાહથી જણાવ્યું, "હલો, નાનાજી, પૌત્રને આવકારવા અહીં આવી જાવ. નીના અને બેબી બરાબર છે."

"અભિનંદન...માહી! નીનાને વ્હાલ કહેજે." પછી અટકીને બોલ્યા, "અને તું જ આ ખુશખબર ભારતમાં આપી દઈશ?"

"ઓકે. તમને ત્રણેને જલ્દી મળીએ! આવજો."

શોમે પોતાના અંગત મિત્રોને હકીકત જણાવી પણ, સાથસાથ...નીનાના બાળકની ખુશખબરની ઓઢણી તળે માયાના કુરૂપ સમાચાર ઢંકાઈ રહ્યા.

કેલિફોર્નિયા જતા પહેલાં શોમે ફોન પર રૉકીને વાત ખાનગી રાખવાનું કહી, માયા વિષે જણાવી દીધું હતું.

નીનાના ઘરની ઘંટડી રમેશે વગાડી. માહી સિલ્કની સાડીમાં સજ્જ, મોટો ચાંદલો અને પ્રફુલ્લિત ચહેરા સાથે બારણું ખોલી બોલી. "રમેશ, તમે અંદર આવી જાવ. હમણાં રૉકી અને તેના મમ્મી, હોસ્પિટલથી નીના અને બેબીને લઈને આવશે તે પહેલા, વર-વધૂનું સ્વાગત કરું."

પછી ડોક લંબાવી, મીઠાં અવાજે બોલી, "શોમ! માયાને લઈને આવ, સ્વાગતની થાળી તૈયાર છે."

શોમ સૂટકેસ ખેંચતો આવીને, જરા નમન કરીને, અંદરના રૂમમાં જવા લાગ્યો.

"અરે, આમ કેમ અંદર જતો રહ્યો?" માહીએ આશ્ચર્યથી રમેશને પૂછ્યું. "માયા ક્યાં?"

"તું અહીં બેસ. તારી સાથે વાત કરવાની છે." રમેશે બારણું બંધ કર્યું.

માહીને માટે આ સમાચાર સહન કરવા ઘણા અઘરા હતા. હોસ્પિટલથી આવતી વખતે રૉકીએ માયાની લુચ્ચાઈ વિશે નીનાને જણાવ્યું. પ્રયત્નપૂર્વક, દિલ કઠણ કરીને નીના ઘરે આવતા પહેલાં સ્વસ્થ થઈ ગઈ. રૉકીની કારનો અવાજ સંભળાતા જ પોતાની વહાલી બહેન અને ભાણજાને આવકારવા શોમ દોડ્યો અને તેની પાછળ તેના માતા-પિતા. પોતાના નાના ભાઈને દૂભવવા માટે માયા તરફનો નીનાનો ગુસ્સો અમાપ હતો. જેવા તેની સાસુ બેબીને લઈને અંદર ગયા, તે રડમસ ચહેરે શોમને ભેટી પડી.

"મને એટલું ખરાબ લાગે છે. એ માયા છોકરીની સામે કાનૂની પગલાં લેવા જોઈએ. મારી સામે આવી હોત તો સીધી કરી દેત." નીના ઉગ્ર થઈને બોલતી હતી. શોમે તેને સોફામા બેસાડી વ્હાલથી ખભે હાથ મૂકીને બોલ્યો, "ઓ મારી પ્યારી ગુસ્સાભરી બહેના...શાંત થઈ જા. જો હું દુઃખી લાગું છું?"

માહીની આંખો આંસુથી છલકાઈ ગઈ. તે પણ નીનાની જેમ જ વિચારતી હતી.

રૉકી કહે, "માયાએ ગઝબનું પગલું ભર્યું કહેવાય! તેના પક્ષમાં એક જ વસ્તુ સલામતી ભરી બની રહી કે, શોમ એક સજ્જન વ્યક્તિ છે. નહીંતર તેની દશા બહુ કફોડી થઈ જાત!"

રમેશ કહે, "સો વાતની એક વાત, આપણા મનની શાંતિ માટે શું જરૂરી છે?...અને જીવનમાં તે મુજબ જ આપણું વર્તન રાખશું. શોમનું લક્ષ ઘણું ઊંચું છે, તે એની શક્તિ આવા પ્રસંગો પર વેડફશે નહીં."

કબીરા આપ ઠગાઈએ, ઓર ન ઠગીએ કોઈ,<br>
આપ ઠગે સુખ ઉપજે, ઓર ઠગે  દુઃખ હોઈ.

○

ઊર્મિલ સંચાર

## ૩. પરિચય

શોમને માયાએ આપેલ ઝટકાને બે વર્ષ પસાર થઈ ગયા હતા. શોમનો ઉદાસ ચહેરો અને પ્રયત્નપૂર્વક આવતું સ્મિત માતા-પિતાને કાંટાની જેમ વાગતું. આ ખરાબ અનુભવ પછી માહી કે રમેશ લગ્નની વાત છેડતા નહીં. કેલિફોર્નિયાથી બહેન નીના ફોન જોડી આપે પછી, બે વર્ષનો ભાણો અયન, મામા સાથે લગભગ રોજ ભાંગીતૂટી ભાષામાં વાતો કરતો. એ આશ્વાસન હતું કે કેન્સર રીસર્ચના કામમાં શોમની પ્રગતિ અસાધારણ હતી. મુંબઈમાં દાદાજીની તબિયત બરાબર નહોતી.

શોમ દર રવિવારે સાંજે ઘરે આવી માહીની બનાવેલ રસોઈ શોખથી જમતો. એ રવિવારે તે અદમ્ય ઉત્સાહમાં હતો. ‘‘ડેડ! ગોઆમાં વૈદ્ય ભાણજી સાથે બધું નક્કી થઈ ગયું છે. બે ડોક્ટર આવતી કાલે આવી રહ્યા છે. તેમનું આયુર્વેદિક જ્ઞાન આપણી એલોપેથિક સારવાર સાથે કઈ રીતે કેન્સરના દર્દીઓને લાભદાયી થાય તેવા પ્રયત્નો કરી રહ્યા છીએ. અમે બે યુનિટ તૈયાર કર્યા છે. એક આયુર્વેદિક સેન્ટર અને એક હ્યુસ્ટનનું એલોપથી ક્લિનિક જે અત્યારે ચાલુ છે. તમને આ વ્યવસ્થા કેમ લાગે છે?’’ વર્ષોથી ત્યાંની હોસ્પિટલમાં કામ કરતા પિતાનો અભિપ્રાય મહત્વનો હતો.

એ બંન્નેની વાતો પૂરી થતાં માહીએ પૂછ્યું, ‘‘શોમ, તું કહેતો હતો કે છ મહિના માટે આ લોકોની રહેવાની વ્યવસ્થા કરવાની હતી, તેનું શું થયું?’’

‘‘એક લેડી ડોક્ટર, અંજલિ, પંડ્યાસાહેબને ઘેર, અને ડો. રાકેશ તેમના સગાને ઘેર રહેવાના છે. હું મળ્યો નથી, પણ વૈદ્યરાજ ડો.અંજલિનાં બહુ જ વખાણ કરતા હતા. આવતીકાલે મિટિંગ છે, જોઈએ કેમની વ્યવસ્થા થાય છે.’’

જમવાનું પૂરું કરી હાથ ધોતા જ શોમ બોલ્યો, ''આજે જલ્દી જવું છે, શાસ્ત્રીય સંગીતના કેફીનનો સમય નથી. આવતા રવિએ...'' તેની મમ્મીને વ્હાલ કરી, શોમ જતાં જતાં બોલ્યો, ''અને હા, આજ રાતના મુંબઈ દાદાજીને ફોન કરવાનો છું.''

''શોમ કેટલો ખુશ છે! આપણા બાળકોનો આનંદ જીવનને પૂર્ણતાથી ભરી દે છે.'' રમેશે માહીનો કોમળતાથી હાથ પકડી, ઉષ્માભર્યો દબાવ્યો અને ટેબલ પર પ્રસન્નતાથી એ પળને મમળાવતાં બેસી રહ્યાં...વો ચાંદ ખીલા, વો તારે હંસે...

મિટિંગ માટે શોમ અને તેના સાથી ડોક્ટરો અને બીજા સભ્યો સમયસર હાજર હતા. તેમના ડીન બે વ્યક્તિને લઈને રૂમમાં દાખલ થયા. પરિચય આપતા જણાવ્યું કે, ''આપણા સારા નસીબે, આ કુશળ ડોક્ટરોને આવકારતા આનંદ અનુભવું છું. ડોક્ટર અંજલિ મારુ, અને ડોક્ટર રાકેશ રોય... શોમ, હું આમને તમારી સંભાળમાં સોંપું છું.''

શોમે ઊભા થઈ રાકેશ સાથે હાથ મિલાવ્યા. અંજલિ 'નમસ્તે' કહી, હસી. શોમ હાથ જોડીને થોડી પળો ભૂલી ગયો કે હવે શું કહેવાનું છે! ...'આહ, શું હાસ્ય છે!' શોમની નજર તેને એક ખુરશી તરફ જતી...જોતી રહી. ગોળ ટેબલ આસપાસ બધા ગોઠવાયા. શોમે તેના વિચારોને કાબુમાં લાવી, વ્યવસ્થિત યોજનાની રૂપરેખા દોરવાની શરૂઆત કરી.

''આપણે બે પધ્ધતિથી કેન્સરના દર્દીઓની સારવાર કરશું. હ્યુસ્ટન ક્લિનિકમાં આવતા દર્દીઓને આયુર્વેદિક સારવાર વિશે માહિતી આપશું અને જે દર્દી સહમત થશે તેમને એબી સેંટરમાં મોકલશું...મેં આયુર્વેદિક સેન્ટરને, 'એબી સેન્ટર' નામ આપ્યું છે.'' શોમે સ્પષ્ટતા કરી. ''રાકેશ અને અંજલિની સાથે પત્રવ્યવહારથી અને વૈદ્ય ભાણજીની સલાહ અનુસાર અમે સારવારની ચોક્કસ યોજના બનાવી છે.''

ઘણી ચર્ચા વિચારણા પછી લંચ સમયે બધા કાફેટેરિયા તરફ ગયા. અંજલિને લાઈનમાં જોઈ શોમ તેની પાછળ જોડાયો. અંજલિએ આભાર માન્યો કારણ કે તેને ભય હતો કે નવી જગ્યામાં એ કંઈક મૂર્ખામી ન કરી બેસે! જમતી વખતે, બંને માટે પહેલો ગમતો વિષય... વૈદ્ય ભાણજીનો હતો.

અંજલિ બોલી, “મારા પિતાની સાથે હું પોંડિચેરીથી ગોઆ આશ્રમમાં મુલાકાત માટે જતી હતી. હું ચૌદ વર્ષની હતી ત્યારે મારા પિતાનું અવસાન થયું. ત્યાર બાદ તેમણે મને અને મમ્મીને ખૂબ સ્નેહ અને સંભાળ આપ્યા છે. વૈદ્ય ભાણજીને હું બાબા કહીને બોલાવું છું, તેમની હું માનસ પુત્રી બની ગઈ. મેડિકલ કોલેજ પછી, ખાસ આયુર્વેદનો અભ્યાસ કરવા હું ગોઆમાં બે વર્ષ રહી અને હવે અહીં.” ...ફરી, એ જ મધુ સ્મિત, ગાલમાં ખંજન! શોમને બીજા કામનું દબાણ ન હોત તો ખબર નહીં ક્યાં સુધી અંજલિ સાથે વાતો કરતો રહેત.

શોમની યોજના પ્રમાણે કામ શરૂ થઈ ગયું. નિયમિત ક્રમ પ્રમાણે હ્યુસ્ટન ક્લિનિકમાંથી એબી સેન્ટરમાં આવતા કેન્સર દર્દીને તપાસી, ટ્યુમરનું માપ નોંધી લેવાનું કામ રાકેશનું હતું. ત્યારબાદ, કઈ આયુર્વેદિક દવા અને કેટલી માત્રામાં આપવી તે નક્કી કરી, સારવાર શરૂ કરવાની જવાબદારી અંજલિની હતી. દર અઠવાડિયે એક વખત મિટિંગમાં શોમને અંજલિને મળવાનું શક્ય બનતું. કામ વિશે વાતો કરી પોતપોતાના કામમાં વ્યસ્ત થઈ જતાં... પણ છૂટા પડતી વખતે, અંજલિના ગાલનું ખંજન, અલવિદા કહેતી એક નજર, અને એવી યાદો એ જરૂર મનની મંજૂષામાં આવરીને લઈ જતો.

એક દિવસ શોમ અને સ્ટિવ કાફેટેરિયામાં સવારનો નાસ્તો કરી રહ્યાં હતાં. સ્ટિવ કહે, “સારા કહેતી હતી કે આપણે આ શનિવારે દરિયા કિનારે જઈએ.” ડોક્ટર સારા, બંને ક્લિનિક્ને સાંધતી કડી હતી, જે સ્ટિવનની મિત્ર પણ હતી. છેલ્લા બે મહિનાની મુલાકાતો પછી સારા અને અંજલિ વચ્ચે દોસ્તી થઈ ગઈ હતી. “આરી

પણ આવશે.'' તેમનો નાનપણનો દોસ્ત આયંગર ઉર્ફે આરી, એન્જિનિયર હતો. આ ત્રણ બાલ મિત્રોની જોડી અતૂટ હતી.

''જોઈએ, શક્ય છે કે નહીં!'' શોમ વિચાર કરતા બોલ્યો.

''સારા અંજલિને પણ કહેવાની છે.'' સ્ટિવન આપેલી માહિતી પછી શોમનું, 'જોઈએ' 'ચોક્કસ'માં બદલાઈ જતું સાંભળી...સ્ટિવન હસી પડ્યો.

શનિવારે સ્ટિવનની કારમાં બધા ગોઠવાયા. શોમ, અંજલિની બાજુમાં બેસીને હાઈસ્કુલના કિશોર જેવો અધીર અને ઉત્તેજિત હતો. અંજલિની દશા પણ જરા એવી જ હતી. દરિયા કિનારે ટહેલતા અંજલિ એકદમ ચૂપચાપ હતી. દૂર જઈ એક પથ્થર પર બેસી ગઈ. મિત્રો વાતો કરતા આગળ નીકળી ગયા પણ શોમ પાછો ફરી, અંજલિની નજીક જઈ બેઠો.

''આ શું? તમારી આંખોમાં આંસુ?'' શોમ બોલ્યો.

''હાં, ઘરની બહુ યાદ આવે છે. આ ઊમડતાં મોજા સાથે મારું દિલ મમ્મી પાસે દોડી જવા ઝંખે છે.'' શોમ અનુકંપાથી અંજલિ સામે જોઈ રહ્યો. લાંબો સમય સાગરના ગહેરા અવાજમાં કોઈ અનકહી લાગણીઓમાં બંને અટવાઈ રહ્યાં. શોમને પોતાની લાગણીનો પ્રતિસાદ અંજલિની ધડકનમાં સંભળાયો. તેમની વચ્ચેના આકર્ષણની અનુભૂતિ જાણે આપસમાં સ્વીકારી લીધી. સાગરના સાનિધ્યમાં અંતરની સંવાદિતા તેમને પરિચયના ઘનિષ્ઠ સ્તર પર લઈ ગઈ.

એ પછી દરેક વિચાર-વર્તન એકબીજાને નજીક ખેંચી રહ્યાં હતાં. એક વખત મેળાવડામાં રમેશ અને માહી સાથે અંજલિનો પરિચય થયો હતો. એબી સેન્ટરનું કામ સફળતાથી આગળ વધી રહ્યું હતું. ઘણા દર્દીઓમાં ચાર મહિનાની સારવારનું પરિણામ આશાજનક હતું. વ્યસ્ત હોવાથી બે રવિવાર પછી, શોમ તેના મમ્મીની રસોઈ માણવા જઈ રહ્યો હતો. માહીના મમતાભર્યા ચહેરા પર આશ્ચર્ય સાથે ખુશી

જોવા માટે, ચાવી હતી તો પણ, શોમે ઘરની ઘંટડી વગાડી. બારણું ખોલનારને જોઈને તેને જ આશ્ચર્ય થયું, ''અરે, અંજલિ! અહીં કેમ?''

માહી પાછળથી કહે, ''મિસીસ પંડ્યાને ઓચિંતા ભારત જવું પડ્યું, તેથી અંજલિના યજમાન અમે છીએ.''

''માન ન માન મૈં તેરા મહેમાન...'' અંજલિ બોલી.

''અમારા માટે તો મોંઘેરા મહેમાન, કેમ માહી?'' રમેશ રસોડા તરફ જતી માહીને સંબોધી બોલ્યા. પરિવારના સભ્ય જેવી સરળતાથી અંજલિ માહીને મદદ કરી રહી હતી. ''જુઓને તેની સાથે 'મહેમાન' જેવું તો કશું લાગતું નથી.'' માહીએ જવાબ આપ્યો.

જમ્યા પછી પૂલ પાસે ચારે વાતોએ વળગ્યાં. ''અંકલ! એક માંગણી...હું સપ્તાહમાં એક વખત મારી મમ્મીને ભારતમાં ફોન કરું છું. હાં, ટૂંકો સમય રાખું છું. તેનું બિલ મને જણાવશો, તે હું આપી દઈશ.''

''કઈ જગ્યાએ તમારા મમ્મી છે?'' રમેશે પૂછ્યું.

''પહેલી વાત. તમારે અને આંટીએ મને તું કહીને બોલાવવી... અને હા, મમ્મી સ્કૂલ ટીચરની નોકરી પરથી રિટાયર થઈ પોંડિચેરીથી ગોઆ શિફ્ટ થઈ ગયા.''

''જરૂર ફોન કરવો, અને બિલની ચિંતા નહી કરતી.'' રમેશની વાતમાં માહીએ હામી ભરી. મહેમાન સાથે વાતોમાં મગ્ન દીકરાને જોઈને માતા-પિતાએ હસીને એકબીજાને ઇશારો કર્યો કે, 'આજે શોમને પોતાના એપાર્ટમેન્ટ પર જવાની ખાસ ઉતાવળ નથી લાગતી!'

''અંજલિ, આવતા શનિવારે નીના, રૉકી અને અયન કેલિફોર્નિઆથી આવશે. અયનની બીજી વર્ષગાંઠ હમણાં ગઈ છે. આપણે નાની પાર્ટી રાખશું. અંજલિ, મને

મદદ કરીશ ને?'' ક્યાં અને કેવી ગોઠવણી કરવી જેથી અયન ખુશ થઈ જાય, એ બાબત ચર્ચા ચાલી. શોમ મોડી રાતે પોતાના મુકામે પહોંચી, ઉપર વરંડામાં જઈ ચંદ્રમાને જોઈ રહ્યો...અને ત્યાં અંજલિ પણ, ભાવથી ચંદ્રમાને જોઈ રહી!

શાને આ ચહેરો મારા મનને લોભાવે?
શાને દિન રાત મીઠા દર્દથી સતાવે?
ઊર્મિલ દિલ ચાહે એ મુજને બોલાવે,
ઓળઘોળ આજ તેની આંખના ઈશારે.

નીનાએ આવતા વેંત ફરિયાદ કરી, ''આવી છું ત્યારથી એક નામ 'અંજલિ' સાંભળ્યાં કરું છું. પણ એ છે ક્યાં? હું જોઉં તો ખરી કે મારું સ્થાન કોણે હોશિયારીથી પચાવી પાડ્યું છે? મારો નાનો ભાઈ પણ એનું જ નામ જપે છે, ખરું?'' અંજલિ અંદરના રૂમમાંથી બહાર આવી. નીના એકદમ અટકી જઈ, ''ઓહ! માન ગયે...'' કહીને તેને ભેટી પડી.

''અંજલિ, આ છે મારી જબરી બહેન. જરા સંભાળજે.'' કહીને શોમે નીનાને ખભે હાથ મૂકી નજીક ખેંચી.

''ગઈ કાલે, 'મારી પ્યારી બહેન કહેતા હતા,' એ જ આ છે ને?'' અંજલિએ પ્રશ્ન કર્યો અને નીના ખુશ થઈને હસી ઊઠી. રૉકી અયનને તેડીને નજીક આવ્યો. ''જુઓ, એક જ વાક્યમાં અંજલિએ નીનાને જીતી લીધી.''

અંજલિને નવા કુટુંબ વચ્ચે રહેવામાં જરા સંકોચ થતો હતો. સાંજના ઝાંખા ઉજાસમાં બધા ભેગા મળી બેઠાં હતાં. નીના અયનને સુવાડીને આવી અને વાતોનો દોર શરૂ કર્યો. ''અંજલિ, આટલા બધા લોકો વચ્ચે કંટાળી તો નથી ને?''

''અલબત્ત, આ મારા માટે નવો અનુભવ છે, પણ મને ગમે છે.''

“નવો અનુભવ! કેમ એમ?” માહીએ પૂછ્યું. નીના અને શોમના ચહેરા પર ‘આવો અંગત સવાલ ન પૂછાય’ તેવો ભાવ આવ્યો.

અંજલિએ હસીને જવાબ આપ્યો, “મારા પપ્પા બહુ આદર્શવાદી અને સ્વતંત્ર વિચારોવાળા હતા. દાદા સાથે જરાય મેળ નહોતો પડતો તેથી પોતાની માના અવસાન પછી ઘરેથી કહ્યા વગર નીકળી પિતાજી મુંબઈ પહોંચી ગયા. આપકર્મથી પગભર થયા. મારા મમ્મી સાથે પ્રેમલગ્ન કર્યા ત્યારે, જાતિભેદના નામે બંન્ને પરિવારે તેઓનો બહિષ્કાર કર્યો. મમ્મી-પપ્પા શિક્ષકની નોકરી લઈ પોંડિચેરીમાં સ્થાયી થયા.”

આગળ સાંભળવાના આશયથી બધા શાંત હોય તેમ લાગતા, અંજલિએ આગળ વાત કરી. “મારા મમ્મી દાદા સાથે પત્રવ્યવહાર રાખતાં, પણ હું એકવાર જ મારા દાદાને મળી છું. હમણાંથી મમ્મીએ તેના ભાઈને ત્યાં જવાનું શરૂ કર્યું છે. મારા મોસાળનાં પિત્રાઈઓનો મને પરિચય નથી.” પછી પ્રસન્નતાથી અંજલિએ વાક્ય ઉમેર્યું, “પણ મને ક્યારેય એકલું નથી લાગ્યું કારણ કે, પોંડિચેરી અને ગોઆમાં અમારું માનેલું વિશાળ કુટુંબ છે.” નીના માયાના છલ-કપટ અને શોમને છોડીને જતાં રહેવાના ગુસ્સાને બદલે મનોમન આનંદથી વિચારી રહી, ‘જે થાય તે સારા માટે…’ મા-દીકરીએ એકબીજા સામે જોઈ મર્માળું હસી લીધું.

દિવસો આનંદમાં પસાર થઈ ગયા અને અયનની પાર્ટીના માહોલમાં ઘણા ફોટા લેવાયા. નીનાનું કુટુંબ જવાથી ઘર સૂનું થઈ ગયું, પણ અંજલિ હતી તેથી રમેશ અને માહીને સારું લાગ્યું.

એક બપોરે અંજલિની ઓફિસમાં ફોન રણક્યો, “હેલો, આજે એક ખાનગી આમંત્રણ આપવા ફોન કર્યો છે. શનિવારે સાંજે સાત વાગે હું લેવા આવીશ. તમારા યજમાનથી છુપાઈને નીકળી શકાશે?”

“ચોક્કસ. યજમાન શનિવારે કોઈને ઘેર જવાના છે. ગુપ્તતા જાળવવા બનતા પ્રયત્નો

કરવામાં આવશે.'' અંજલિ ગહેરા અવાજે બોલી. ''અને હાં... ફોટાઓની કોપીઓ વિશે યાદ કરાવું.'' શનિવારે સાંજે, સરસ રીતે સજ્જ થયેલ શોમે, જોષી નિવાસના બારણે ટકોરા માર્યા. બારણું ખોલીને આસમાની રંગના સલવાર-કમીઝમાં મનોહર અંજલિને જોઈ રહ્યો. ઘરમાં દાખલ થઈ બારણું બંધ કર્યું. શોમે અંજલિને બાંહોમાં લેતા એ અનાયાસ ખેંચાઈ આવી. તેમનું ચુંબન, પહેલાં કદી ન અનુભવેલું ચુંબન, ઉભરતી આકાંક્ષાઓથી ઉભયને બહેકાવી ગયું. ઊંડો શ્વાસ લઈ બંને અરસપરસ મલકાતાં રહ્યાં. હૈયામાં આ તે કેવી લાગણીઓની ભરતી?

પહેલી પહેલી પ્રીતનો જુવાળ,
મત્ત ઝરણ બુંદબુંદનો ઉછાળ,
અલકનંદા આનંદનો ફુવાર,
વીજ વ્હાલપનો મીઠો ચમકાર.

રસિક નયણે ઈશારા દિલદાર,
અલી આછેરી ઓઢણી સંવાર,
મુકુલ ભાવુક આ સ્મિતની બહાર,
મદન મોરલીનો મંજુલ મલ્હાર.

''વધારે સમય અહીં એકલા રહેવું સલામત નથી... ચાલો જઈશું?'' મસ્તીભર્યા અવાજમાં અંજલિ બોલી અને પોતાનું પર્સ લઈ અગ્રેસર થઈ. ''મમ્મી કહેતા કે આપ એવી પરિસ્થિતિમાં ન મૂકાવું જેના પર પોતાનો કાબૂ ન હોય અને પરિણામ સહન કરવાની શક્તિ ન હોય.''

કાર શરૂ કરતાં પહેલાં શોમે ફોટાઓવાળું કવર અંજલિને આપ્યું. ''આભાર. મારા મમ્મી સાથે હમણાં સરખી વાત થઈ નથી. હું પંડ્યાને ઘેર નથી રહેતી એ વાત કહેવાની પણ રહી ગઈ છે. આ ફોટા સાથે કાગળ લખીને જણાવું તો ખરી કે હું કોની સાથે ગુલછલ્લા ઉડાવી રહી છું.''

# ૪. કસોટી

અંજલિ અને શોમ જમણ પૂરું કરી, હાથમાં હાથ લઈ... કર સ્પર્શનો આનંદ માણતા સરોવરના કિનારે મીઠી વાતોમાં ખોવાયેલા હતાં. અંજલિ પાસે વાતોનો ખજાનો હતો અને શોમ તેના ચહેરાના ભાવ જોવામાં મશગુલ હતો. પરંતુ, વચ્ચે તેમના કામની વાતો ટપકી ન પડે એ શક્ય નહોતું...અને એ વાતના દોરને પકડી શોમ બોલ્યો, “આપણી પાસે પૂરતા આંકડા ભેગા થયા છે. આયુર્વેદિક સારવાર વિષે લેખ પ્રસિદ્ધ કરવાનો સમય આવી ગયો છે. હવે આંકડા ઝીણવટથી તપાસવાનું કાલથી શરૂ કરી દઈશ. આજકાલમાં વૈદ્યજીને પણ આબુ ફોન કરવો છે.”

“મને ખાત્રી છે કે આંકડાઓ બરાબર જ હશે.” અંજલિ બોલી અને તેઓ કાર તરફ વળ્યાં. ઘરમાં દાખલ થઈ, લાઈટ ચાલુ કર્યા વગર જ એક આહ્લાદક આશ્લેષમાં વીંટાયાં. સહજ વ્હાલ કરી અલગ થયાં હતાં ત્યાં જ ગરાજ ડોર ખોલવાનો અવાજ આવ્યો. એકદમ અજવાળું થતા...અંજલિની નજર પડી... ‘અરે! લિપસ્ટિક!’ કહી, શોમના ચહેરા પરથી લાલ રંગ લૂછ્યો.

“શું વાત છે? શનિવારે અમારો પ્રિન્સ અહીં?” માહીના મશ્કરી ભર્યા સવાલથી શોમ મૂંઝાઈ ગયો.

“આંટી, અમે ડિનર લેવા ગયા હતા.” અંજલિએ સાચો જવાબ આપી દીધો. ચારેય જણા બેઠક રૂમમાં જઈને બેઠા.

“અંજલિ, તો સાથે એ પણ કહી દે કે શું ચાલી રહ્યું છે? અમને તો કંઈક ગુપ્ત સંચાર હોય તેમ લાગે છે.” હવે અંજલિ શરમાઈ ગઈ. “કોફી બનાવું” કહી રસોડા

તરફ સરી ગઈ. માતા-પિતા પ્રશ્નાર્થ ભરી નજરે શોમની સામે જોઈ રહ્યાં.

“હા, અમે એકબીજાને પસંદ કરીએ છીએ.” જાણે શોમના ચહેરા પરની હસતી રેખાઓ બોલી ઊઠી.

“ઓહ, મારી પ્રાર્થના સફળ થઈ, શુકર અલ્લા!” માહી ભાવવિભોર થઈ ગઈ.

કોફીની ટ્રે મૂકતાં અંજલિ બોલી, “એક વિચિત્ર વાત સાંભળી. મારી સાથે કામ કરતા ડો. રાકેશે કોઈ કત્રીના નામની અમેરિકન-દેશી છોકરી સાથે સગાઈ કરી. ખબર નહીં, રાકેશનો અહીં રહી પડવાનો ઇરાદો હશે!” અંજલિની વાત સાંભળી ત્રણેને માયાની યાદ આવી ગઈ. કોફીને ન્યાય આપી શોમ જવા માટે ઊભો થયો અને અંજલિ તેની સાથે બારણા નજીક ગઈ. ધીમા અવાજે શોમ બોલ્યો, “મારે એક વાત જણાવવાની છે.”

“મને ખ્યાલ છે કે આંટી મુસ્લિમ છે.” અંજલિએ તેનો હાથ પકડ્યો.

“ના, એક બીજી અગત્યની વાત છે…અત્યારે મોડું થઈ ગયું છે તેથી આગલી મુલાકાતમાં કહીશ.” શોમ અંજલિના હાથને ચૂમીને ધીમે પગલે જતો રહ્યો….તેની પાછળ એ અપલક પ્રેમભરી નજરે જોતી રહી.

‘કેન્સરના દર્દીઓની આયુર્વેદિક સારવાર’ વિષય પર લેખ લખવાની શોમે તડામાર તૈયારીઓ શરૂ કરી. પ્રથમ હ્યુસ્ટન ક્લિનિકમાં ટ્યુમરનું માપ અને ત્યાંની સારવારના પરિણામ. ત્યાર બાદ એબી સેન્ટરના પરિણામનો ચાર્ટ, જે સારા લઈ આવી હતી તે જોઈને શોમને થયું, ‘વાહ! બહુ સરસ કામ થયું છે. ગ્રાફ પણ બહુ આશાસ્પદ છે.’ અંજલિ અને શોમના પ્રેમ પ્રવાહને જાણે ઉત્તમ પરિણામોથી વેગ મળ્યો. તેમનું મગજ ક્યાંક વ્યસ્ત રહેતું અને દિલ એકબીજા માટે ધડકતું…કેવા આહ્લાદક સ્વપ્નોના સાગરમાં સ્વૈર વિહાર કરી રહ્યાં હતાં.

પંદરેક દિવસો પછી સમય મળતાં શોમે ઝીણી નજરે સેન્ટરના ચાર્ટ તપાસ્યા. જોયું તો હ્યુસ્ટન ક્લિનિક કરતાં સેંટરમાં નોંધેલાં ટ્યુમરના પ્રારંભિક માપ મોટાં હતાં. શોમે વિચાર્યું કે એકાદ સપ્તાહમાં દરદીના ટ્યુમરના માપમાં આટલો ફેર શક્ય નથી, કદાચ એક દર્દીના ચાર્ટમાં ભૂલ હશે. પછી શોમે દરેક દર્દી વિશે ચકાસણી કરી...અને આ શું? શોમને તેની પાછળનો આશય સમજાતા કમકમાટી થઈ...ટ્યુમરનું પ્રાથમિક માપ મોટું નોધ્યું, જેથી સારવાર પછી સંકોચાયેલ ટ્યુમરના માપની સરખામણીમાં મોટો તફાવત બતાવી શકાય! ...આયુર્વેદિક ટીમ છેતરપિંડી કરી રહી છે!! એકદમ અકળાઈને શોમ ઊભો થઈ ગયો અને અચોક્કસ ઝડપથી ક્યાંક જવા નીકળી ગયો. "કોની સાથે વાત કરું?"

અંજલિ તે સાંજે સેન્ટરથી જોષીનિવાસ પર આવીને માહી સાથે બેસીને વાતો કરી રહી હતી. રમેશ મેઇલ લઈને આવ્યા અને કહે, "અંજલિ તારો કાગળ."

"અરે વાહ! મમ્મીએ વળતી ટપાલે જ જવાબ મોકલી આપ્યો છે." કહીને કવર ખોલીને મોટેથી વાંચવાનું શરૂ કર્યું. "વ્હાલી દીકરી, તને આઘાત લાગે તેવી વાત લખી રહી છું. તને યાદ છે? લગભગ અઢી વર્ષ પહેલાં હું નાનામામાને ઘેર મુંબઈ ગઈ હતી. ત્યાં મેં અમેરિકાથી આવેલા ડોક્ટર વિશે જાહેરાત જોઈ તારા માટે વાત છેડી હતી, પણ આગળ વાત વધી નહોતી તેથી મેં તને જણાવ્યું નહોતું... ત્યારબાદ ભત્રીજી માયાના લગ્ન થયાં એ વાતની તને ખબર છે. તે આ જ વ્યક્તિ, શોમ, જેની સાથે માયાના લગ્ન થયેલાં. મને ખબર નહોતી કે અમેરિકામાં તેઓ ક્યાં રહેતા હતા. મેં પછીથી માયાનાં સમાચાર ભાઈને પૂછ્યાં તો તેમણે છેડાઈને કહ્યું હતું કે 'માયા અમારા માટે મરી ગઈ છે.' કારણ ખબર નથી કે શું થયું હતું, પણ માયાના લગ્ન શોમ સાથે થયેલા તે હકીકત છે..."

અંજલિનો લડખડાતો અવાજ અટકી ગયો અને માહીની સામે બાવરી આંખે જોઈ રહી. તેના ચહેરાના ભાવ જોઈ, લખેલી વાત સત્ય છે તેમ ખ્યાલ આવતાં, તેની

આંખોમાં આંસુનાં તોરણ બંધાયા.

માહી અંજલિનો હાથ પંપાળતાં બોલી, "શોમ તને જણાવવાનો જ હતો. માયાએ અમેરિકાનું ગ્રીનકાર્ડ મેળવવા એ છલ કરેલું, અને અહીં આવીને તરત તેના પતિ સાથે જતી રહી હતી."

"એ ક્યાં છે? તમે કોઈ કાનૂની પગલાં ન લીધા?"

"ગુસ્સો તો બહુ આવેલો. પણ દરેક જણ પોતાના કાર્મિક સંસ્કાર પ્રમાણે વર્તન કરે છે, તેવું આ પરિવારનું માનવું છે. અંતમાં, શોમનો નિર્ણય હતો કે ડિવોર્સ આપી એ 'ટ્યુમર'નો ત્વરિત નિકાલ કરી દેવો." રમેશ ગમગીની સાથ બોલ્યા.

બારણાંમાં ચાવી ફરવાનો અવાજ આવ્યો. "કોણ શોમ? આજે ગુરુવારે?" એ સાંભળતાં અંજલિ કાગળ લઈ પોતાના રૂમમાં દોડી ગઈ.

શોમ જલ્દીથી અંદર આવી રમેશની પાસે જઈ, ચારે બાજુ અછડતી નજર નાખીને ગંભીરતાથી બોલ્યો, "ડેડી, અંદર ચાલો, મારે ખાસ વાત કરવાની છે." નવાઈ

પામીને માહી પિતા-પુત્રને માસ્ટર બેડરૂમ તરફ જતા જોઈ રહી.

રમેશને એબી સેન્ટરના ખોટા આંકડાની વાત કરતા..., અંજલિ પણ એમાં સામેલ હશે, એ ભયથી શોમ વધુ અસ્વસ્થ થઈ ગયો. "ડેડ, ફરી વખત મારો ભરોસો તૂટશે તે હું સહન નહીં કરી શકું." શોમ ગળગળો થઈ બોલ્યો.

"બેટા! પહેલા જરા શાંત થઈને વિચાર કર. તારી ચકાસણી બરાબર છે ને? બીજું, આ કામ કરવા પાછળ કોનો હાથ છે તે સ્પષ્ટ કર? આપણે અંજલિને જાણીએ છીએ તે પરથી લાગે છે કે તે અજાણ હોઈ શકે."

"આ વિષે ઊંડી તપાસ કરવી પડશે. મારી પ્રમાણિકતા અને સન્માનનો સવાલ

છે.'' શોમ બોલતો હતો ત્યાં બહારથી 'રમેશ તમારો જરૂરી ફોન છે' માહીએ કહ્યું.

''શોમ, ધીરજથી દરેક પગલું ભરજે.'' કહી રમેશે નાછૂટકે ફોન ઉપાડ્યો. શોમ બહાર આવી, સ્ટવ પાસે માહી કામ કરી રહી હતી તેની બાજુમાં જઈને ઊભો રહ્યો. ''બેટા! તું ઠીક છે ને? જમીને જઈશ ને?'' શોમે ના કહેવા માથું હલાવ્યું અને જવા માટે પગ ઉપાડ્યો.

''તું જાય એ પહેલા એક વાત...માયા અંજલિના મામાની દીકરી બહેન છે.''

''ખરેખર?'' શોમના મનમાં કડવાહટ વધી ગઈ. ''છળકપટ તેમનો પારિવારિક ધંધો લાગે છે.''

''એટલે તમે શું કહેવા માંગો છો? કહો તો ખરા...!'' પાછળથી અંજલિનો તીક્ષ્ણ અવાજ આવ્યો.

શોમ તેની સામે ફર્યો અને બંન્નેની ક્રોધિત આંખો એકબીજાને તાકી રહી. તેના હોઠ ફરક્યા પણ તેને દબાવીને શોમ બોલ્યો, ''કહીશ, જરૂર કહીશ, પણ આજે નહીં,'' કહીને ઝડપથી ઘરની બહાર નીકળી ગયો. અંજલિ તેના રૂમમાં જતી રહી, અને માહીના પગ શક્તિહીન થઈ ગયા હોય તેમ એ ખુરશી પર બેસી પડી.

બીજે દિવસે સવારે અંજલિએ સેન્ટર પહોંચીને જોયું તો, હ્યુસ્ટન ક્લિનિક અને એબી સેંટર વચ્ચે કડી તરીકેની ફરજ બજાવતી, સારા અને બીજા એક ડોક્ટર, આગળની ઓફિસમાં કર્મચારીઓ સાથે વાત કરતા હતા. અંજલિ પોતાની ઓફિસમાં જઈ કામે લાગી ગઈ. બે કલાક પછી સારા તેને મળવા આવી અને સામાન્ય વાતચીત તેમજ દિનચર્યા વિશે વાત કરીને જતી રહી.

સારાએ આપેલી માહિતી પ્રમાણે, રાકેશ જ ટ્યુમરનાં માપના આંકડા બદલવા માટે જવાબદાર હતો અને અંજલિને તે વિષે ખબર નથી, એ સ્પષ્ટ થતું હતું. શોમના ચહેરા

પરથી ચિંતાની વાદળી ગાયબ થઈ ગઈ. સારાએ આગળ કહ્યું, ‘‘રાકેશ ઓફિસમાં આવ્યો તે પહેલાં, મેં ઝીણવટથી તપાસ કરી તો એક ફાઈલમાં સાચા માપ લખ્યાં હતાં.’’ આ સાંભળીને શોમ ઉત્સાહ સાથ બોલ્યો, ‘‘હાશ, આપણો પ્રોજેક્ટ બચી ગયો... સારા! બપોરે બે વાગે, ડીનની હાજરીમાં એબી સેન્ટર પર મીટિંગ છે તેમ બંન્ને ડોક્ટર્સને જણાવી દેશો.’’ અને નવી ઉર્જા સાથે તે કામમાં વ્યસ્ત થઈ ગયો. અચાનક વિચાર ઝબક્યો... વૈદ્યજી સાથે વાત કરું. ગોઆ કોલ કરવા માટે જરા મોડું તો હતું, પણ એ પોતાને રોકી ન શક્યો અને વૈદ્ય ભાણજીનો નંબર જોડ્યો.

‘‘હાં શોમ, હું તારા ફોનની રાહ જોતો હતો. અંજલિનો ફોન આવ્યો હતો. તે બહુ અસ્વસ્થ હતી. તેની પિત્રાઈ બહેન માયા સાથે તારા લગ્ન થયેલા હતા એ બાબત પર તું અંજલિ પર કેમ ગુસ્સે થઈ ગયો?’’

શોમે જવાબ આપ્યો, ‘‘હું દિલગીર છું...બાબા! હવે, હું જે તથ્ય તમને કહેવાનો છું, તે જાણીને તમને અહીંની પરિસ્થિતિનો બરાબર ખ્યાલ આવશે.’’ વૈદ્યજી પોતાના વિદ્યાર્થી રાકેશના કપટ વિશે સાંભળીને, વ્યથિત થઈ ગયા. ‘‘એ મહત્વાકાંક્ષી છે પણ આટલી નીચી કક્ષાનું કામ કરશે એવી મને અપેક્ષા નહોતી. તમે ત્યાંના નિયમ મુજબ કાર્યવાહી કરશો અને અહીં હું તેના કુકર્મ માટે યોગ્ય કાર્યવાહી કરીશ.’’

‘‘હવે ત્રણેક કલાકમાં મીટિંગ છે જ્યાં આ વાત જાહેર થશે. મને આવી સ્થિતિ કેમ સંભાળવી તેનો અનુભવ નથી.’’ શોમને પોતાની વિચલિત મનોદશા પર ભરોસો નહોતો.

‘‘તારા વિચારોને પરખ અને તટસ્થ ભાવથી આ સમયે શું સૌથી અગત્યનું છે, તે નક્કી કર.’’ વૈદજીનો શાંત અવાજ તેને માર્ગદર્શન આપી રહ્યો હતો.

‘‘મારા દર્દીઓ સૌથી વધારે અગત્યના છે. તેમની સલામતી અગ્રગણ્ય સમજીને નિર્ણય લેવો જોઈએ.’’ પછી અચકાઈને શોમ બોલ્યો, ‘‘પણ બાબા, હું અંજલિને કેવી રીતે મનાવીશ? એ સમયે તે માયાની બહેન છે અને કામમાં કપટી છે, એવી

માન્યતાને લીધે તેનું અપમાન કરી બેઠો. મારી ધ્યાન સાધના એ સમયે બારી બહાર ફેંકાઈ ગઈ.''

''તારો પ્રકોપ સમજી શકું છું. પરંતુ તારાથી જે કટુ વચન બોલાઈ ગયા તે ક્રોધનું પરિણામ છે. ક્રોધ અને પુણ્યપ્રકોપમાં એ જ તફાવત છે. ક્રોધમાં આપણી ઇન્દ્રિયો પર કાબૂ ગુમાવી બેસીએ છીએ અને અયોગ્ય વર્તાવ થઈ જાય છે. જ્યારે પુણ્યપ્રકોપમાં તમે ઉત્તેજિત થાવ પણ બેકાબૂ નહીં... જેમકે ગુરૂનો પુણ્યપ્રકોપ શિષ્યને સાચા માર્ગ તરફ વાળવા શક્તિમાન છે. માતાનો પુણ્યપ્રકોપ બાળકને કેળવણી આપે છે. પરંતુ ક્રોધનું પરિણામ ભાગ્યે જ કલ્યાણકારી હોય છે... શોમ! મને તારી વિવેક બુદ્ધિ પર વિશ્વાસ છે. હું તને શુભેચ્છા પાઠવીને વિરમું છું.''

**ક્રોધ અને પુણ્યપ્રકોપ**

ક્રોધાગ્નિનો પ્રકોપ પાગલ, સમજણને પોઢાડે,
પરજાયા ને અંગતને પણ, ઉગ્ર આંચ રંજાડે....

મનોરમ્ય આ સૃષ્ટિ સારી ભગ્ન અસંગત ભાસે,
શ્રધ્ધા નિષ્ઠા મુખ ફેરવી અબુધ થઈને નાસે.
લાગણીઓ કકળતી બેસે આત્મદયાની આડે,
ક્રોધાન્વિત મનઆંધી કાળા કર્મો કરવા પ્રેરે....

ક્રોધ બને સુમાર્ગી સાચો જાગૃત જીવની સાથે,
વૃત્તિ લેતી રોષને વશમાં આવેશોને નાથે.
પુણ્યપ્રકોપે ઉજ્વલ જ્વાલા ઉર્જાને જગાડે,
પ્રજ્ઞાચક્ષુ ખોલી મારગ અનેકનાં ઉજાળે....

અંગારા ના હસ્તે લઈએ; જ્યોત કામમાં લઈએ,
જે સૌનું કલ્યાણ કરે એ જ્વાળા જ્વલંત કરીએ.

ઊર્મિલ સંચાર

## ૫. ઋણાનુબંધ

એબી સેન્ટરમાં ગંભીર વાતાવરણ હતું. દરેકના મનમાં જુદી જુદી આશંકાઓ હતી. મીટિંગ માટે ડોક્ટર રાકેશ અને ડોક્ટર અંજલિને બોલાવ્યા હતા. અંજલિ તો ગઈકાલથી જ નિસ્તેજ લાગતી હતી. સારા અને ડીનની સાથે શોમને જોઈને તેનું દિલ એક ધડકન ચૂકી ગયું. નજર મેળવ્યા વગર જ ‘હેલો’ કહીને રાકેશની બાજુની ખુરશીમાં અંજલિ બેઠી. ...પોતે માયાની ફોઈની દીકરી છે તે જાણ્યા પછીનો, શોમનો ગુસ્સો તે ભૂલી નહોતી.

“એબી સેન્ટરનું કામ બરાબર ચાલે છે તે મેં સાંભળ્યું છે. ડોક્ટર રાકેશ! તમે મને જણાવશો કે દર્દી અહીં આવે પછી કઈ રીતનો નિત્યક્રમ હોય છે?” ડીને વાતની શરૂઆત કરી.

“દર્દીને તપાસીને પછી ટ્યુમરના માપ વગેરે મારી ઓફિસમાં લેવાય છે અને પછી દર્દીને ડોક્ટર અંજલિ પાસે મોકલવામાં આવે છે” ...અંજલિને થયું કે આવી સામાન્ય નિત્યક્રમની વાતો કેમ કરે છે? એણે સારા સામે જોયું અને સારાએ ઈશારાથી ધીરજ રાખવા કહ્યું.

શોમે રાકેશને ત્યાં જ અટકાવી પરિણામની ફાઈલ સામે ધરી. “રાકેશ, તમે જુઓ કે પહેલા કોલમમાં હ્યુસ્ટન ક્લિનિકના માપ લખેલા છે. બીજા કોલમમાં ત્રણથી પાંચ દિવસના ગાળામાં જ તમે લીધેલા માપ આટલા વધારે કેમ છે?” આ સાંભળીને અંજલિની આંખો પહોળી થઈ ગઈ. તેને પરિસ્થિતિનો તરત ખ્યાલ આવી ગયો અને શોમની સામે જોઈ રહી.

શોમ રાકેશની ઊલટતપાસમાં પરોવાયેલો હતો. અંતે રાકેશે કબૂલ કર્યું કે, ''હા, મેં ઊંચા નંબર લખ્યા જેથી સંકોચાયેલ ટ્યુમરની સરખામણીનું અંતિમ પરિણામ ખુબ સરસ લાગે.''

શોમ નિઃશબ્દ, રાકેશ સામે તાકી રહ્યો. ડીન કહે, ''તમે માનવસેવાના ક્ષેત્રમાં કામ કરવા આવ્યા અને આ જાતનું કર્મ? તમારી પાસે ખરા પરિણામો છે ને? તે તમારી ઓફિસમાંથી લઈ આવીએ, ચાલો...અને સારા, તમે પણ સાથે આવો.''

શોમ સાથે એકલા પડતાં, અકળામણનો ભાવ અંજલિને ઘેરી વળ્યો. બંન્નેમાંથી કોને શું બોલવું તેની મૂંઝવણનો ભાર હવામાં તોળાઈ રહ્યો...શોમ અંતે બોલ્યો, ''અંજલિ, ગઈકાલની મારી તોછડાઇ માટે માફ કરીશ?''

''ગઈકાલે મને બહુ દુઃખ લાગ્યું હતું, પણ અત્યારે હું કારણ સમજી શકું છું. તમે ખુબ અસ્વસ્થ હતા કારણ કે તમને લાગ્યું હતું કે હું પણ આ કાંડમાં ભળેલી છું, ખરું?'' જાણે મનમાં ગણગણી, ''હવે વિશ્વાસના તૂટેલા તારને કેમ જોડશું?'' અંજલિના સવાલનો શોમ જવાબ આપે તે પહેલા, ડીન રાકેશને કહેતા સંભળાયા, ''આ ઘડીથી તમારા બધા હક્ક રદ થાય છે. તમારા બાકીના ડોલરની ચુકવણી નહીં થાય. ઓફિસ ખાલી કરીને અત્યારે નીકળી જાવ.''

રાકેશ બારણા પાસેથી જ પાછો ફરી ગયો. ડીન બોલ્યા, ''મિસ અંજલિ, આ વાત જાણીને તમને આંચકો લાગ્યો હશે. થોડા દિવસો તમારી જવાબદારી વધી જશે પણ તમને પૂરતી મદદ મળે તેવી વ્યવસ્થા કરશું જેથી તમારા છેલ્લા મહિનાનંન અહીંનું કામ સફળ રીતે પાર પાડી શકો.''

શોમના હોઠ ખુલ્યા પણ શબ્દ ન નીકળ્યા અને અંજલિ વિદાય લઈ ચાલી ગઈ. શોમે પોતાના એપાર્ટમેન્ટ પર જઈને તેની ચિંતા કરતી મમ્મીને તરત ફોન જોડ્યો.

''મા, અંજલિ નિર્દોષ છે.''

"હાં... મને તો ખાત્રી હતી. તારા ડેડી હોસ્પિટલથી આવી ગયા છે તેમને જણાવી દઈશ. તું અંજલિને મનાવી લે જે." માહી બોલી. અંજલિ સાથે વાત કરવાની શોમે ઈચ્છા બતાવી.

"અરે બેટા, અંજલિ તો આજે સવારે જ પંડ્યાસાહેબને ઘેર શિફ્ટ થઈ ગઈ. મીસીસ પંડ્યા આવીને સામાન લઈ ગયા. મેં સમજાવી પણ અંજલિ કહે કે 'મને હવે અહીં રહેવાનું વિચિત્ર લાગશે'."

શોમે એક બે વખત અંજલિને ફોન કર્યો પણ સહકાર્યકર માફક વાત થતી, અને ફોન લાઈન કપાઈ જતી. એ દિવસે હોસ્ટ અને ગેસ્ટનાં માનમાં મેળાવડો હતો. શોમ, માહી અને રમેશ બેક્વેટ હોલમાં દાખલ થયાં અને પરિચિત ચહેરાને શોધી રહ્યાં હતાં. મુખ્ય ટેબલ પર પંડ્યા સાથે બેઠેલી અંજલિને જોઈ તેની પાસે આવ્યાં. અંજલિ ઊભી થઈને માહીને વળગી પડી. પછી, શ્રી અને શ્રીમતી પંડ્યા, માહી અને રમેશ સાથે વાતોએ વળગ્યાં. હવે અંજલિને શોમથી દૂર ભાગવાનો કોઈ રસ્તો ન હતો કારણકે તે પણ એ જ મુખ્ય ટેબલ પર બેસવાનો હતો.

માહીએ અંજલિનો સ્નેહથી હાથ પકડી કહ્યું, "અંજલિ, ભારત પાછા ફરવાનો સમય નજીક આવી રહ્યો છે. મારા તરફથી યાદગીરી સમજી આ એક ભેટ સ્વીકારજે." કહીને માહીએ એક નાજુક બ્રેસલેટ તેના કાંડા પર પહેરાવી દીધું.

"ઓહ! આંટી, બહુ સુંદર છે અને મારા માટે અત્યંત મૂલ્યવાન." શોમ એ બંન્ને વચ્ચેનો સ્નેહ જોઈ રહ્યો.

કાર્યક્રમ શરૂ થયો. જમણ અને ત્યારબાદ માન સન્માનની વાતો એક પછી એક વક્તાઓ કરતાં ગયાં. વિચારોમાં ખોવાયેલ શોમ, કાર્યક્રમનો અગત્યનો ભાગ પૂરો થતાં બોલ્યો, "અંજલિ, તું મારી સાથે બહાર આવીશ?" અને તેણે આંખો નમાવી હા ભણી. મીસીસ પંડ્યાની રજા લેતા શોમ બોલ્યો, "આંટી, અંજલિ અને હું નીકળીએ છીએ અને પછી તમારે ઘરે હું તેને મૂકી જઈશ."

''ભલે. ખુશ રહો.''

શોમની કારમાં પોતપોતાનાં વિચારોમાં ખોવાયેલા હતા. સ્વીચ ઓન કરતા કારનું કેસેટ ચાલુ થયું અને ''લટ ઊલજી સુલજા જા બાલમ, હાથમે મહેંદી લગી મોરે બાલમ...'' પંડિત જસરાજ ગાઈ રહ્યા હતા. અંજલિના ચહેરા પર સ્મિત આવી ગયું. ''રાગ બિહાબ. હું ગોઆમાં હતી ત્યારે તેમનો પ્રોગ્રામ સાંભળવા ગયેલી. એક અદ્ભુત અનુભવ! આ રાગ અને તેમની રજૂઆત મને બહુ પસંદ છે.''

''મારું પણ આ માનીતું છે.'' શોમ બોલ્યો. હર્મન પાર્ક પાસે કાર રોકી, હાથમાં ચાવી રમાડતા તેના પ્રસન્ન ચહેરા સામે જોઈ રહ્યો. અંજલિ શરમાઈને બારણું ખોલી બહાર નીકળી ગઈ. સમી સાંજના આછા ઉજાસમાં બહુ દિવસની એકલતાથી આળા થયેલા હૈયાને શીતળ પવન મીઠો લાગ્યો. અંજલિ મનોમન પ્રાર્થના કરી રહી કે, ''હે પ્રભુ, આ પળ અનંત બની જાય અને હું શોમના સાથમાં ચાલતી જ રહું.'' ગહેરા વિચારમાં ચાલતાં ચાલતાં શોમ થંભી ગયો અને અંજલિને ખભે હાથ મુકી બોલ્યો, ''મને કહે, તું શું વિચારે છે? આ પરાયાપણું મને પાગલ કરી દે છે. આપણે પહેલા હતા એમ જ કેમ ન થઈ શકીએ?''

''હું પણ એ ચાહું છું, પણ આપણે આશંકા અને બીજા સંબંધોમાં સંપૂર્ણ સ્પષ્ટ ન થઈએ ત્યાં સુધી મારાથી કોઈ ખાત્રી આપી શકાય નહીં. માયાએ કરેલા કપટને કારણે હું તમારે યોગ્ય નથી તેવું મને લાગ્યા કરે છે.''

''પણ અમે કોઈ તને જવાબદાર નથી માનતા.''

''હું જાણું છું, પણ મારા મન પર વળગેલું આ ગીલ્ટનું કોચલું મારે જ ઉતારવાનું છે. જ્યાં સુધી પ્રમાણિકતાનો દીવો દિલમાં ન જલે ત્યાં સુધી પ્રેમનો પ્રકાશ અલ્પજીવી હોય, તે નિશ્ચિત છે.'' અંજલિનો અંતરાઆત્મા માનતો નહોતો.

''તું એકાદ સપ્તાહમાં જતી રહીશ, પછી શું?'' શોમ નિરાશ થઈને બોલ્યો.

“મને ખબર નથી. આવી ડામાડોળ મનઃસ્થિતિમાં કોઈ નિર્ણય લેવો શક્ય નથી.” તટસ્થ ભાવ સાથે બોલાયેલ અંજલિનું વાક્ય, બંન્ને માટે આકરું હતું, શોમને માટે પીડાકારી પણ હતું. પંડ્યાસાહેબને ઘેર અંજલિને ઉતારી, અંતિમ વિદાય આપીને શોમ જતો રહ્યો. પોતાના રૂમની ગહેરી એકલતામાં અંજલિ શોકાતુર થઈ ગઈ. શોમના સાથનો તલસાટ અકળાવી રહ્યો. શોમનું ભેટ આપેલું પ્રેમ-કાવ્યોનું પુસ્તક લઈ તેણે પોતાના વક્ષઃસ્થળ પર ચાંપ્યુ, પછી એક પાનું ખોલ્યું,

મનના પતંગાને સાહિને કોરથી,
અંતર આકાંક્ષા સંકોરી વિચારે…
ઓ’ મારા પ્યાર!
તું હોતે સંગાથે, ભિન્ન નકશો અંકાતે,
જીવન સરિયામ હોત નોખે વળાંકે!

અંજલિ ગુરુવારની સાંજે જવાની હતી. શોમ ઉદાસ હશે તેમ સમજીને તેના મિત્રો, સ્ટિવ અને આરી તેની ઓફિસમાં આવી ચડ્યા. “ચાલો, આપણે એક ખાસ જગ્યાએ ડિનર લેવા જવાનું છે. ત્યાં પહોંચતા કલાક લાગશે.” શોમને થોડું કામ પતાવવાનું હોવાથી, તેના મિત્રો રાહ જોતા બેઠા. શોમ જવા ઊભો થયો…ને ફોનની ઘંટડી વાગી. “ઓહ, આ લેવો પડશે…” કહી ફોન ઉપાડ્યો.

“બેટા શોમ, તારી મમ્મી બેહોશ થઈ ગઈ હતી. હમણાં ભાન આવ્યું છે તેથી હું હોસ્પિટલ લઈને આવું છું. તું Emergency entrance પાસે મળજે.” રમેશનો ગભરાયેલો અવાજ તેના મિત્રોએ પણ સાંભળ્યો અને ત્રણે મિત્રો ઈઇની દિશામાં ઉતાવળે પગલે ગયા.

માહીને તપાસવા માટે ડોક્ટરની ટિમ તૈયાર હતી. શોમે પ્રાથમિક ચિન્હો જોઈ લીધા પછી બહાર આવીને તેના પિતા અને મિત્રો પાસે બેઠો.

રમેશે કહ્યું, “હું ઘરમાં દાખલ થયો ને માહી બોલી ‘આવી ગયા?’ અને ઢળી પડી.

મને ખ્યાલ આવી ગયો કે સ્ટ્રોક કે હાર્ટએટેક નથી. હું એને બોલાવતો રહ્યો અને માનું છું કે, લગભગ ચારેક મિનિટમાં ભાનમાં આવી." શોમ ધ્યાનથી સાંભળી રહ્યો હતો અને પછી તરત ઊઠીને એક્ઝામ રૂમમાં ગયો. પછી બહાર આવીને જણાવ્યું કે, "મમ્મીને Brain scan માટે લઈ જશે. તેથી વાર લાગશે." મિત્રોના આગ્રહથી તેઓ કાફેટેરિયામાં ગયા અને ત્યારબાદ, સ્ટિવન અને આરિ ઘેર ગયા.

શોમની હાજરીમાં MRI લેવાયો. માહીને વ્હીલચેરમાં બહાર લઈને આવતા શોમના ગમગીન ચહેરા પરથી રમેશને ખરાબ સમાચારના એંધાણ આવી ગયા. "કાર લઈને આવું" કહીને રમેશ ગયા. કારમાં થોડા સમયની શાંતિ લાવા રસની જેમ પથરાયેલી હતી. ઘેર આવ્યા પછી શોમે જણાવ્યું કે, "મમ્મીને Meningioma Brain Tumor છે. ટ્યુમરની ગંભીરતા તો બીજા પરિણામો આવશે પછી ખબર પડશે." શોમ માને વ્હાલથી હિંમત આપતો બોલ્યો, "મોમ! તમે ગભરાતા નહીં. તમારો દીકરો આ વિષયમાં નિષ્ણાત છે. આનો ઉપાય છે જ અને થોડા સમયમાં તમે પાછા સંપૂર્ણ સારા થઈ જશો." શોમને ખભે માથું ઢાળીને માહી ભીની પલકો સાથે હસી. રમેશના ચહેરા પર ચિંતાની રેખાઓ ગહેરી બની ગઈ.

વધારાના ટેસ્ટના પરિણામ જાણવા શોમ વહેલી સવારે માહીનાં ડોક્ટરની ઓફિસમાં પહોંચી ગયો. નિરાંતનો શ્વાસ લઈ તેણે ઘરે ફોન કર્યો, "મોમ! ટ્યુમર benign છે, ફેલાયેલું નથી.

"બેટા, બહુ ચિંતા નહીં કરતો...ઈશ્વરઈચ્છા પ્રમાણે થયા કરશે. પંદર મિનિટ પહેલા તારા ડેડી ત્યાં આવવા નીકળી ગયા છે. અને હાં, મોટીમાસી મારી સંભાળ લેવા ડલાસથી આવી રહ્યાં છે. બસ, ફોન મૂકું છું. અલ્લા હાફીસ."

"મોમ, તમારી બંન્ને તરફના ભગવાન સાથે સારા સંબંધ રાખવાની પદ્ધતિ અજબ છે." માહી હસી પડી.

○

# ૬. અકળ દોરી

ડોક્ટરની ઓફિસમાં માહીના કેન્સર-ટેસ્ટના પરિણામ આવી ગયા હતા. સારવાર વિશે વાત આગળ ચાલી. શોમે સર્જન સાથે ચર્ચા કરી આયુર્વેદિક સારવાર પણ સાથોસાથ કરવાની યોજના કરી. શોમ મનમાં બોલ્યો, "ઓહ! મમ્મીને ઔષધો વિષે બરાબર સમજાવવા માટે અંજલિની અહીં સખ્ત જરૂરત છે...પણ એ તો અત્યારે ભારત જવાના અડધે રસ્તે હશે."

શોમને થયું કે 'ડેડી કેમ હજી નથી આવ્યા?' ત્યાં બારણાં પર ટકોરા વાગ્યા અને, "અમે અંદર આવી શકીએ?" એ અવાજ સાંભળીને શોમ સ્તબ્ધ થઈ ગયો.

"અમે અંદર આવી શકીએ?" રમેશ બારણું પકડીને ઊભા હતા અને અંજલિ, દાખલ થતા પહેલા પૂછી રહી હતી. "હા. જરૂર આવો." જવાબ મળતા તેઓ અંદર દાખલ થયા. શોમનું દિલ ખુશીનું માર્યું જોરથી ધડકવા લાગ્યું. વિસ્ફારિત નયને અંજલિ સામે જોઈ રહ્યો. રમેશે નજીક આવી જરા સ્પર્શ કરી તેનું ધ્યાન ખેંચ્યું.

"હા, તો અમે વાત કરતા હતા કે, રોગનિદાન સારું લાગે છે. સામાન્ય તંદુરસ્તી સારી હોવાથી શ્રીમતી જોષી જલ્દી સાજા થઈ જશે. આગળ જતા અમુક કારણો, જેમકે ટ્યુમર કેટલી ત્વરાથી વધે છે, અને બીજી કોઈ ગૂંચવણ ઊભી થાય તો ઈલાજ બદલવો પણ પડે. હવે તમારું આયુર્વેદિક સારવાર માટે શું સૂચન છે તે વિશે જોઈએ...ડો.મારુ, તમારો અભિપ્રાય જણાવશો?" ડોક્ટરે અંજલિને પૂછ્યું.

અત્યાર સુધી આત્મવિશ્વાસ સાથે બોલી રહેલો શોમ સાવ શાંત બની, વિદ્યાર્થીની માફક સાંભળી રહ્યો. વ્યવસ્થિત સારવારનો ક્રમ નક્કી કરી મિટિંગ પૂરી થઈ.

બહાર નીકળતા જ શોમ બોલ્યો, “અંજલિ! તું અહીં કેમ?”

“ભારત જવા નીકળવાની તૈયારી જ હતી અને સ્ટિવનનો ફોન આવ્યો કે ‘આંટી

બેભાન થઈ ગયાં હતાં અને બ્રેઈન ટ્યુમરની શક્યતા લાગે છે. તેણે જણાવ્યું કે કયા સ્તરની ગંભીરતા છે તે કાલે ખબર પડશે.’ અને તરત મેં એક સપ્તાહ પછીની ટિકિટ કરાવી નાખી.” અંજલિ રમેશ તરફ ફરીને બોલી, “આંટીને મળવા જઈશું?” અને શોમને ત્યાં જ વિચાર કરતો છોડીને તેઓ નીકળી ગયાં.

જોષી-નિવાસ પહોંચીને જોયું તો માહી તેની પથારીમાં રડતી હતી. રમેશને જોઈને વધારે રડી પડી. “બસ, હવે હું નહીં બચુ. ડોકટરો તો કહે. પણ...મને આવી કેંસરની બીમારી થાય જ કેમ? મુંબઈ મારી મમ્મીને મળવા જવું છે.”

“અરે, તું જો તો ખરી, તારી ફિકરમાં કોણે ભારત જવાનું હમણાં માંડી વાળ્યું છે!”

અંજલિ ધીમેથી અંદર આવી અને માહીના ચહેરાના ભાવ વિજળીના ચમકારાની જેમ બદલાઈ ગયા. અંજલિ નજીક આવતા, તેના બંને હાથ પકડીને માહીએ પોતાની બાજુમાં બેસાડી...અને તેની માંદગીનાં સમાચાર સાંભળીને અંજલિ રોકાઈ ગઈ છે, તે સાંભળતાં માહી ગદગદ થઈ ગઈ.

“આંટી, બહુ ભૂખ લાગી છે. શું જમશું?”

“ફ્રીઝમાંથી શોધી કાઢ, હું હમણાં રસોડામાં આવું છું.” માહી ઝડપથી ઊભી થઈ તે જોતા રમેશ હસીને બોલ્યો, “ઓ મેડમ! જરા સંભાળીને...”

અમુક વ્યક્તિનો સ્પર્શ પારસમણિ જેવું કામ કરે છે. જ્યાં સોનુ બનવાની ક્ષમતા સામેના વ્યક્તિત્વમાં મળી આવે...તે જૂજ અહોભાગ્ય હોય છે. અંજલિની હાજરીથી અશ્રદ્ધા અને ચિંતાની સાથે સમજ અને આશા પણ જોડાઈ ગયાં અને મુશ્કેલીને સ્વીકારવાનો દૃષ્ટિકોણ બદલાયો. માહી ઝડપથી તૈયાર થઈ ગઈ. એ દરમિયાન

શોમ અને મોટીમાસી પણ આવી ગયાં અને થોડા સમય માટે માહી હળવીફૂલ બની, સ્વભાવગત, બીજાની સંભાળ લેવામાં વ્યસ્ત થઈ ગઈ.

નક્કી કર્યા પ્રમાણે, માહીને લઈને શોમ આયુર્વેદિક સેન્ટર પર ગયો. અંજલિ અને શોમ, બંન્ને કુશળ ડોક્ટર્સ, સંવાદિતાથી કામ પર ધ્યાન આપી રહ્યાં હતાં. અજાણતા આંખ મળી જાય કે સ્પર્શ થઈ જાય તે પળ થંભી જતી. એ વ્યાકુળ ઝણઝણાટી વિષે તે બે સિવાય બીજા અજ્ઞાત હતા.

અંજલિએ મીસીસ.પંડ્યાના આગ્રહને નમ્રતાથી નકારી, તેની મિત્ર સારાને ઘેર તે અઠવાડિયું રહેવાનું નક્કી કર્યું હતું. સારાએ શનિવારે સાંજે, નાની પાર્ટી ગોઠવી, સ્ટિવન અને શોમને બોલાવ્યા હતા. આરી અને તેની ગર્લફ્રેન્ડ અને બીજા બે ચાર જણા સાથે સારાનું ઘર ગુંજતું હતું. અંજલિ અને શોમના ચહેરા પર ક્યારેક હસતાં હસતાં ઉદાસીની પીંછી ફરી વળતી. 'હું આના વગર કેમ જીવી શકીશ?' તો સાથે અંજલિને એ પણ વિચાર સતાવતો કે...'મારા મન પર આ મણનો ભાર છે, તે કેમ જતો નથી? 'બાબા કહે છે તેમ, સમયને તેનું કામ કરવા દો, અવળા પ્રવાહમાં વલખાં મારવાનું છોડી દો... આ ચઢાણનો ઉતાર મળી રહેશે.' ગમે તે હો, પણ મિત્રો સાથેની એ સાંજ અણમોલ હતી. શોમ નીકળી રહ્યો હતો તે વખતે અંજલિએ કહ્યું હતું કે, 'રવિવારે સવારે એબી સેંટરમાં જઈને, માહીઆંટી માટે જરૂરી ઓસડિયાં તૈયાર કરી દઈશ, જેથી આવતા મહિનાઓમાં ખલાસ ન થઈ જાય.'

અંજલિ રવિવારના દસેક વાગે સેંટર પર પહોંચી અને ગાર્ડ સાથે થોડી વાત કરી, ઉપર જઈને કામે લાગી ગઈ હતી. ઔષધી માપીને લીધી અને પછી લોખંડનો ખાંડણી દસ્તો લઈ અંજલિ ખાંડવામાં મગ્ન હતી. પાછળથી એકદમ બારણાંના ખોલવા-બંધ થવાના અવાજથી ચમકીને તેણે પાછળ ફરી જોયું. "અરે! રાકેશ? અહીંયા શું કરે છે?" રાકેશનો દાઢી-મૂછથી ભરેલો બિહામણો ચહેરો જોઈ અંજલિના ધ્રૂજતા હાથમાંથી દસ્તો સરી ને તેના પગ પર પડ્યો. "ઓ મા!" કરીને અંજલિ ખુરશી પર બેસી ગઈ.

“અવાજ ધીમો,” રાકેશે કરડાકીથી કહ્યું. તેની ગુસ્સાભરી લાલ આંખોમાં ભય ઝલકતો હતો, ‘આ બે ભાવ!! ક્રોધ અને ભયનું ભયંકર મિશ્રણ’ અંજલિ વધારે ગભરાઈ ગઈ.

“મારી પાછળ કત્રીના પોલીસ લઈને પડી છે, કહે છે મેં તેને મારી હતી.” રાકેશની વાત સાંભળીને અંજલિનો ચહેરો તંગ થયેલ જોઈ તે આગળ બોલ્યો, “એ તો સાવ જૂઠ્ઠી છે...મારી સાથે જંગલિયત કરતી હતી અને મારી માને ગાળ દીધી, તેથી મેં જોરથી એક થપ્પડ અડાવી દીધી. કત્રીના એ લાગની જ છે. અરે, એ તો લગ્ન કરવા તૈયાર હતી... ત્યાં એને મારી એબી સેન્ટરની બાતમી મળી ગઈ અને પછી તો આભ તૂટી પડ્યું.”

“પણ તું અહીં કેમ આવ્યો છે?”

“મને શંકા હતી જ કે કત્રીના આવું કંઈક સિપાઈનું લફરું કરશે. મારા સગાને ત્યાં

આગલા બારણે ધમાલ સાંભળીને હું પાછલા બારણેથી, મારી તૈયાર બેગ લઈને ભાગી નીકળ્યો. આ જગ્યા સલામત લાગી. થોડા કલાકોનો જ સવાલ છે...કારણકે મારી પાસે આજ સાંજની ભારત જવાની ટિકિટ છે. મને ખબર હતી કે તું હ્યુસ્ટનમાં રોકાઈ ગઈ છે. અને જો! ...મારા સારા નસીબે તું અહીં મળી ગઈ! બસ તારે મને એરપોર્ટ પહોંચાડવાનો છે. તારે મને મદદ કરવી જોઈએ. મેં કાંઈ એવો મોટો ગુનો નથી કર્યો. આપણા બંનેનું સારું દેખાય તેથી થોડા આંકડા બદલ્યા, એમા તો આ સતવાદીઓએ મને હેરાન કરી નાખ્યો.” રાકેશ અસંબદ્ધ બોલ્યે જતો હતો.

“મારી પાસે ક્યાં કાર છે?” અંજલિ તેના પગને પંપાળતી બોલી.

“તું તારા બોયફ્રેન્ડ, શોમને બોલાવ...”

“હું એવું કંઈ કરવાની નથી, તું થાય તે કરી લે.” અંજલિ ગુસ્સે થઈને બોલી.

રાકેશે ખિસ્સામાં હાથ નાખી નાની શીશી કાઢી, તેના પર 'ઝેર' લખેલું હતું. ''ભલે. તારે મદદ ન કરવી હોય તો હું આ ઝેર ખાઈ લઈશ. બસ, એટલી મહેરબાની કરજે…ભારત જાય પછી મારા વિધવા મમ્મીને મળીને કહેજે કે, મેં તમારા દિકરાને મરવા દીધો.''

''હું એવા ગપ્પાથી ભોળવાઈશ નહીં. તેં જે ભૂલો કરી છે તેની સજા ભોગવ.''

રાકેશ કશું બોલ્યા વગર, શીશી ખોલી ગોળીઓ હાથમાં કાઢી અને સિંક પાસે પાણી લેવા ગયો. અંજલિને લાગ્યું કે તેનો ગોળીઓવાળો હાથ મોં પાસે પહોંચશે…

''બસ કર!! મારે તારું મોત મારા માથા પર નથી થોપવું, સમજ્યો?'' અંજલિએ બૂમ પાડી. શોમનો નંબર જોડ્યો, ''શોમ! અહીં સેન્ટર પર આવી શકશો?

''હા, થોડું કામ પતાવીને આવું…''

''ના હમણાં જ, ઇમર્જન્સી છે.'' અંજલિ અચકાઈને બોલી.

''શું વાત છે? તું ઠીક છે?'' શોમ ચિંતિત થઈ બોલ્યો. રાકેશે નાક પર આંગળી મૂકી ચૂપ રહેવા કહ્યું. અંજલિએ ''હા'' કહીને ફોન મૂકી દીધો.

જવાની તૈયારી કરતો હતો ત્યાં ફોન ફરી વાગ્યો, ''ડોક્ટર! હું કત્રીના બોલું છું. રાકેશ ત્યાં આવ્યો છે?''

''ના'' કહીને ફોન પડતો મૂકી શોમ ઝડપથી નીકળીને સેન્ટર પર પહોંચ્યો. વાતોડિયા ગાર્ડ સાથે 'કેમ છો' કરીને ઉપર જવા લાગ્યો, પણ દાદર પાસે અટકીને ગાર્ડને પૂછ્યું, ''ડોક્ટર અંજલિ સિવાય બીજું કોઈ આવ્યું છે?''

''હા, પંદરેક મિનિટ પહેલા ડોક્ટર રાકેશે તેમની કોઈ વસ્તુ લેવા અંદર જવાની માંગણી કરી હતી, અને મેં જવા દીધા હતા.''

“હું થોડા સમયમાં નીચે ન આવું તો, તમે ઉપર આવજો,” કહેતા શોમ બે બે પગથિયાં ચડતો દોડ્યો. બારણું બંધ હતું. શોમે ટકોરા માર્યા અને અંજલિનો અવાજ આવ્યો, “કોણ?”

“હું શોમ.” બારણાની આંકડી ખુલી અને રાકેશે તેને અંદર આવવા દઈ બારણાં પર ફરી આંકડી મારતો જોઈને બોલ્યો,

“રાકેશ આ શું કરે છે?” કહેતો શોમ અંજલિ પાસે ગયો. તેનો વેદનાથી ખરડાયેલો ચહેરો જોઈ અકળાઈને રાકેશ તરફ ગુસ્સાભરી નજર નાંખી. નીચે નજર પડતાં,

“અરે, તારા પગના અંગુઠા પર સોજો આવી ગયો છે અને નખ લીલો પડી ગયો છે, hematoma... આનો તરત ઈલાજ કરવાની જરૂર છે.”

રાકેશ જલ્દીથી બોલ્યો, “ઈલાજ પછી, પહેલાં મને એરપોર્ટ ઉતારી દ્યો, પછી પ્રેમથી અંજલિને સંભાળજો.” શોમ કડકાઈથી ના પાડવા જતો હતો ત્યાં અંજલિ કણસતા બોલી, “મહેરબાની કરીને રાકેશ કહે છે તેમ કરો. મારાથી આ પગનો દુખાવો સહન નથી થતો.”

“ચાલો નીકળીએ. મારી બેગ બહાર ખૂણામાં પડી છે તે લઈ લઉં.” રાકેશ જવા ઉતાવળો થઈ ગયો.

“કત્રીનાનો મારા પર ફોન આવ્યો હતો.” શોમે કહ્યું અને રાકેશના પગ થંભી ગયા.

“હવે હું કહું તે પ્રમાણે કરો.” રાકેશ મક્કમ અવાજે બોલ્યો, “અંજલિ! તું અને શોમ નીચે જાવ. શોમ કાર લેવા જાય અને અંજલિ તું ગાર્ડને કોઈ પણ બહાને પ્રવેશદ્વાર પાસેથી દૂર લઈ જજે. હું કાર આવતા જ પાછલી સીટમાં ઘૂસી જઈશ અને પછી તું આવી જજે. ગાર્ડને ખબર પડશે કે હું બેગ લઈને નીકળ્યો છું, તો કત્રીના તેની પાસેથી સામ, દામ, દંડ, ભેદથી બાતમી મેળવશે. મારી ફ્લાઈટ

નીકળે પહેલા મને પકડી પાડે તેવી પાગલ બાઈ છે.''

શોમ તેનો હૂકમ માનવા તૈયાર ન હતો અને બિલકુલ ખસ્યો નહિ. એ જોઈ રાકેશ ઢીલો પડી ગયો અને બે હાથ જોડીને રડવા લાગ્યો. ''મેં ખરેખર કત્રીના પર જુલમ નથી કર્યો. મારા પર દયા કરીને એરપોર્ટ પહોંચાડો. ગોઆમાં વૈદ્ય ભાણજી મને સજા આપશે.'' અંજલિએ શોમ સામે જોયું અને ટેકો લેવા હાથ લંબાવ્યો.

નીચે જઈને અંજલિએ પોતાના દુખતાં અંગુઠા માટે ગાર્ડને રૂમાલ ભીનો કરવા મોકલ્યો. શોમની કાર આવતા જ રાકેશ પાછલી સીટમાં જઈને સંતાઈ ગયો, પછી અંજલિ આવી અને તેઓ એરપોર્ટ જવા નીકળી ગયાં. એરપોર્ટ પર કાર અટકી કે તરત આજુબાજુ જોતો રાકેશ ઝડપથી જતો રહ્યો. ''એને લાંબી વિદાય નથી ગમતી લાગતી.'' કહીને શોમ હસ્યો. પણ પગના અંગુઠામાં થતાં લબકારાને લીધે અંજલિની આંખમાં આંસુ આવી ગયાં.

વધુ બોલ્યા વગર શોમે કાર હોસ્પિટલ તરફ લીધી. અંજલિ આંખો મીચી બેસી રહી. હોસ્પિટલ પહોંચીને શોમે અંદર જઈ નર્સને વ્હીલચેર લાવવાનું કહ્યું. કારનું બારણું ખોલ્યું, પણ અંજલિની નિંદર ન ખૂલી. શોમે કોમળતાથી તેને ઊંચકી અને વ્હીલચેરમાં બેસાડી, ''ઓહ, માફ કરજો. મારી આંખ મળી ગઈ હતી.'' સફાળી જાગીને તે જરા ગૂંચવાઈ ગઈ.

શોમ જે રીતે તેની કાળજી લઈ રહ્યો હતો તેવી ઘણા સમયથી કોઈએ નહોતી લીધી. ડોક્ટર તરીકે પોતે જ હંમેશા ખડે પગે રહેતી. અંજલિ આરામથી બેસીને આળપંપાળ મ્હાણી રહી. પાટાપિંડી પત્યા પછી શોમે પૂછ્યું, ''જોષી-નિવાસ જઈશું? ગરમ લંચ મળવાની શક્યતા છે.'' અને તેઓ ઘેર આવી પહોંચ્યા. કારમાંથી અંજલિને પગથીયા સુધી શોમ ચલાવીને લઈ આવ્યો... જ્યાં તે અચકાઈને ઊભી રહી ગઈ. પાંચ પગથિયાં ચડીને શોમે ડોરબેલ વગાડ્યો. માહી અને મોટીમાસી બારણું ખોલી

આશ્ચર્યથી જોતાં રહ્યાં. શોમ પાછો ફરી, અંજલિને બાંહોમાં ઊંચકી, સહજ રીતે ઊંબરો પસાર કરી અંદર લઈ આવ્યો. મોટીમાસી તો આ કામને એકદમ ગંભીરતાથી અવલોકતા રહ્યાં...'અરે! શોમ તો દુલ્હન લઈ આવ્યો!'

ખાનગીમાં એ ધારણાના જવાબમાં માહી કહે, "ના, ના. એવું કશું નક્કી નથી."

અંજલિએ બે દિવસ સારાને ઘરે આરામ કર્યો. એકાંતમાં શાંત અને નિસ્વાર્થ ભાવથી પોતાના મનને ચકાસ્યું. 'હું શા માટે શોમને ચાહું છુ? પ્રેમ છે કે કોઈ લાલચ છે?' અને દર વખતે અંતર પોકારે કે મારે શોમનો સાથ જોઈએ છે. 'પરંતુ શોમની ખુશી મારાથી દૂર રહેવામાં હોય તો એ પણ કબૂલ છે. તે હંમેશા ખુશ રહે... ગોઆ જઈ મમ્મી અને બાબા સાથે વાત કરીશ ત્યારે સ્પષ્ટતા થશે.'

જવાના આગલા દિવસે બપોરે અંજલિ આવજો કહેવા જોષી-નિવાસ આવી હતી. રમેશના ઘરે આવવાની રાહ જોતી હતી એ દરમ્યાન... ટેબલ પર કાગળ પેન લઈને બેઠી અને કશું લખી રહી હતી. સમય પછી, "આંટી, એક પુસ્તક શોમના રૂમમાં મૂકું છું." કહીને અંજલિ અંદર ગઈ. રમેશ આવી ગયા અને દીકરીને વિદાય કરતા હોય તેટલા સ્નેહથી 'આવજો' કહ્યું. 'હવે નહીં મળીએ? અને મળશું તો કયા સંબંધના નેજા નીચે?' એ પ્રશ્ન માહીને બે ધારી તલવારની જેમ સોરતો હતો.

આ વખતે શોમે અંજલિની 'ના' સાંભળી જ નહીં, અને એરપોર્ટ લઈ જવા માટે કાર લઈને સારાના ઘેર હાજર થઈ ગયો.

રમણીય તવ સાથ હું આજે લઉં ચોરી,
આંખમાં સમાવી કરું છાની બળજોરી.

ભલે જાયે આઘેરી, લાગે તું ઓરી,
રોકવાને કાજ દિલ ખેંચે અકળ દોરી.

○

## ૭. મલ્હાર

શોમ અંજલિને એરપોર્ટ પર ઉતારીને સ્ટિવન અને આરીને મળ્યો. શોમ ઉદાસ અને ખોવાયેલો લાગતો હતો. ''કેમ દોસ્ત, આ સ્કાર્ફ ક્યાંથી?'' એમ કહેતા આરીએ તેના ખીસામાંથી આછા ગુલાબી રંગનો સ્કાર્ફ ખેંચી કાઢ્યો. જાણે કોઈ મૂલ્યવાન વસ્તુ જતી રહી હોય તેવી ત્વરાથી શોમે સ્કાર્ફ પાછો લઈ લીધો. સ્ટિવન કહે, ''અરે!! કહે તો ખરો, આ ક્યાંથી આવ્યો?''

''એરપોર્ટ પર હું અંજલિને બેગ આપી રહ્યો હતો ત્યારે આ સ્કાર્ફ સરી પડ્યો અને મેં ઝીલી લીધો. મેં હાથ લંબાવ્યો પણ તે સ્કાર્ફ લીધા વગર...આછું સ્મિત આપીને જતી રહી.'' શોમ વિયોગની મીઠી વેદનામાં તડપી રહ્યો હતો.

એ રાતે શોમ, મોટીબહેન નીના સાથે તેના અંતરની દરેક વાત કરી ચૂક્યો. મુંબઈમાં દાદાજીના અવસાનને વરસ થયું હતું. ''નીના, આજે દાદાજીની બહુ યાદ આવે છે.'' કહેતા શોમનો કંઠ ભરાઈ ગયો અને આગળ બોલી ન શક્યો. તેને નિરાશામાંથી બહાર લાવવા નીનાએ બને તેટલી અયનની વાતો કરી પણ ખાસ ફાયદો ન થયો.

માતાની માંદગી, અંજલિનો વિયોગ અને દાદાજીની યાદ તેને ધ્યાન તરફ દોરી ગયા. શોમ તેની ગમતી ગાદી પર બેઠો અને પસાર થતાં વિચારોને તટસ્થ ભાવથી જોઈ રહ્યો. એ જગ્યાએ જ ક્યારે ઊંઘી ગયો તે ખબર ન પડી.

એ પછીના દિવસો શોમ માટે ચિંતાજનક રહ્યાં. માહીને વધારે ટેસ્ટ કરાવવા અને શું ઉપાય કરવા તે યોજનાઓમાં શોમ વ્યસ્ત રહેતો. કેલિફોર્નિયાથી નીનાના અનેક

સવાલો ચાલુ રહેતા. નીના પોતાની મમ્મીને મળવા હ્યુસ્ટન આવવા અધીરી થતી હતી પણ અઢી વર્ષના અયનની અને રૉકીની અનુકૂળતાનો વિચાર કરવાનો હતો.

બે સપ્તાહ પછી તપાસ માટે માહીને રમેશ હોસ્પિટલ લઈ આવ્યા અને શોમની પાસે મૂકીને ગયા. શોમ અને તેની મમ્મી ડોક્ટરની ઓફિસમાં નવા પરિણામો જાણવા ઉત્સુક હતા.

“સારા સમાચાર એ છે કે ટ્યુમરનું કદ વધ્યુ નથી. બસ, મીસીસ જોષી, તમે જે કરી રહ્યા છો તે ચાલુ રાખો. હવે ત્રણ સપ્તાહ પછી ફરી મળશું.” સૌનો ઉચાટ ઓછો થયો અને માહીના ચહેરા પર હાસ્ય ફરક્યું.

ઘેર પાછા ફરતાં માહી બહુ વાતો કરવાના તાનમાં હતી. “આજે સવારે મોટાકાકાનો મુંબઈથી ફોન હતો. અંજલિ તેના મામાને ઘેર મુંબઈ આવેલી હતી. મોટાકાકા કહેતા હતા કે, તેમને મળવા આવી હતી અને આખો દિવસ જોષી પરિવાર સાથે પસાર કર્યો હતો. બધા અંજલિને મળીને ખુશ ખુશ થઈ ગયા.”

“અરે વાહ! અંજલિ હંમેશા મને આશ્ચર્યચકિત કરતી રહે છે.” શોમનું મન મીઠો ગુંજારવ કરવા લાગ્યું. “મને એટલી ખબર પડે કે એ ખરેખર શું વિચારી રહી છે...તો રસ્તો નીકળે.”

માહી દીકરાના મનની આશંકા અને વ્યાકુળતા સમજી શકતી હતી.

“બેટા, તારે જરા વધારે તપ કરવાનું બાકી હશે...વિશિષ્ટ વ્યક્તિ એમ સહેલાઈથી ન મળે.” માહીએ હસતાં હસતાં શોમનો કાન ખેંચ્યો. “અચ્છા, આજે બહુ દિવસે આવ્યો છે તો તારી ગમતી વાનગીઓ બનાવીશ.”

“બહુ તકલીફ નહીં લેવાની...આ ડોક્ટરનો આદેશ છે.”

વરસાદ અને વીજળીના મલ્હાર મોસમમાં સાંજનું જમણ સાથે કર્યા બાદ, શોમ તેના રૂમમાં પુસ્તકો અને કપડાની ગોઠવણ કરી રહ્યો હતો. બારીમાંથી વીજળીનો ચમકારો ટેબલ પર પડેલ પુસ્તકને ઉજાળી ગયો. શોમ ઉદાસીન ભાવથી અંજલિએ પરત કરેલ પ્રેમ-ગુંજન પુસ્તક સામે જોઈ રહ્યો.

ઉન્મત વિચાર, નિર્વિચારમાં નમાવીને,
ડંખતી ફરિયાદ, નીરવ યાદોમાં વારીને,
વસમાં વિયોગને, સુરાગમાં સમાવીને,
અંતર અંગતને, અજાણ જન બનાવીને
...હું જીવતા શીખી જઈશ.

પોતાના હાથને પરાણે લંબાવી તેણે પુસ્તક ઉઠાવ્યું...અને એક કાગળ નીચે સરી પડ્યો. 'અરે આતો અંજલિના હસ્તાક્ષર છે.' ધડકતા દિલથી તેણે વાંચવાનું શરૂ કર્યું.

*"પ્રિય શોમ, હું જઈ રહી હતી, પણ જાણે મારા સારા નસીબ કે આકસ્મિક સંજોગોએ મને અહીં રોકી લીધી. એક સપ્તાહમાં ઘણું બની ગયું, કદાચ મારી જિંદગી બદલાઈ ગઈ. તારો અને અંકલ-આન્ટીનો નવો પરિચય થયો. જ્યારે મુશ્કેલી આવે છે ત્યારે મજબૂત પરિવાર કેવી રીતે અન્યોન્યની કાળજી લે છે તે મેં જોયું. છેક કેલિફોર્નિયાથી બહેન નીના કેટલી નજીક લાગે છે! હું મારું સૌભાગ્ય ગણું છું કે હજી પણ જોષી પરિવાર મને આવકારે છે.*

*ઓ'મારા પ્યાર! હું જતાં જતાં એ કહેતી જાઉં છું કે હવે મારા માટે શોમ સિવાય બીજો કોઈ જીવનસાથી હું કલ્પી નથી શકતી. નિર્ણય લેવાનું તારા પર છોડું છું. તને વિચાર કરવા પૂરતો સમય મળી શકે તેથી આ પત્ર છોડી જાઉં છું. ...આતુરતાથી તારા જવાબની રાહમાં...અંજલિ."*

શોમ 'યાહૂ'ની બૂમ પાડી તેના રૂમમાંથી બહાર ધસી આવ્યો, "એ મને પ્રેમ કરે છે!!!" કહેતો પાછલું બારણું ખોલી, વરસાદમાં આમતેમ, અહીંતહીં ઝૂમી રહ્યો. રમેશ અવાજ સાંભળી બેઠક રૂમમાં આવ્યા અને કાચના દરવાજાની બહાર જોઈ રહેલી માહીને આશ્ચર્યથી પૂછ્યું, "શુ થયું તારા પ્રિન્સને?"

"'એ મને ચાહે છે' કહીને દોડ્યો. જુઓ તો કેવો વરસાદમાં ભીંજાઈ રહ્યો છે!" અને માતા-પિતા આનંદમાં પાગલ પુત્રને કાચના બારણાં પાછળ ઊભાં ઊભાં જોઈ રહ્યાં. શોમના ફફડતા હોઠ શું બોલી રહ્યા છે તેની ધારણા કરી રહ્યાં...

સુજલ વર્ષા વંટોળની વચાળ,
વીજ ઘેલી નહીં રોકી રોકાય,
દ્યુત પલમાં તૃપ્ત ને તરબોળ,
આજ સંપૂરણ સૃષ્ટિ રસરોળ.

શોમને તેની મસ્તીમાં છોડી માતા-પિતા પોતાના કામમાં હોય તેવો દેખાવ કરવામાં વ્યસ્ત થઈ ગયાં. શોમે કપડાં બદલી તરત ગોઆ ફોન જોડ્યો હતો.

"હલ્લો, વ્હાલી! હમણાં જ તારો પત્ર વાંચ્યો..."

"પણ આટલા બધા દિવસોની વાર કેમ? હું તો અહીં મરી રહી હતી." અંજલિ અત્યાનંદથી બોલી.

શોમે ખુલાસો કર્યો અને પછી મીઠી ગોષ્ટીમાં લાંબો સમય નીકળી ગયો.

"હું હમણાં જ દરિયાકિનારે ચાલીને આવી. અરૂણોદય જોતાં કલાપીની પંક્તિઓ મારા હૈયામાં ગુંજી ઊઠી... "ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં, ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ, દીસતી એકે નથી વાદળી;" હું ખુલ્લા અવાજે ગાઈ રહી

હતી જાણે તું ત્યાં સાંભળવાનો હોય! મને ભણકારા વાગતા હતા કે આજે કંઈક ખાસ થવાનું છે.''

''મને આ બધા મધુરા શબ્દો સમજાયા નહીં. ત્યાં આવું ત્યારે એ જ સાગર કિનારે મને સમજાવજે. ત્યાં સુધી મીઠા સપના...''

અંજલિ ખુશ થઈને બોલી, ''આ સમાચાર કહેવા મમ્મી પાસે દોડી જાઉં, મારે અત્યારે જ આલિંગન જોઈએ છે...પણ તું નહીં, તો મમ્મી. Je t'aime...''

''હું પણ તને પ્રેમ કરું છું. વાહ! ફ્રેંચ આવડે છે...પોંડિચેરીમાં રહ્યાનો લાભ. ફરી વાત કરશું''

એક વિજળીના ચમકારા સાથે જાણે શોમનું જીવન પ્રકાશમય બની ગયું.

લગભગ સુવાનો સમય થવા આવ્યો હતો. રમેશ અને માહી શિવકુમારનું સંતૂર સાંભળી રહ્યાં હતાં. શોમને બહાર આવતો જોઈ સંગીત ધીમું કરી તેની વાત ઉત્સુકતાથી સાંભળવા તૈયાર થઈ ગયાં.

''મોમ, ડેડ, અંજલિ અહીં એક પત્ર મૂકી ગઈ હતી જે મેં આજે વાંચ્યો. અમે એકબીજાથી આજે વચનબદ્ધ થયાં અને લગ્ન કરવાનું નક્કી કર્યું છે.'' શોમનું વાક્ય પૂરું થતા જ બંને જણાએ વ્હાલથી દીકરાને બાથમાં લઈ લીધો.

''અમને બધી વાત કર...તેના મમ્મીને, મારા મુસ્લિમ હોવા સામે કોઈ વાંધો તો નથી ને?'' માહીએ પૂછ્યું.

''મેં અંજલિને તે વિષે પૂછ્યું તેના જવાબમાં તેણે કહ્યું કે તેનાં મમ્મી-પાપા હંમેશા માનતાં આવ્યાં છે કે સૌથી ઊંચો માનવધર્મ છે. લોકોએ ધર્મના વાડા બનાવેલાં છે, તેમાં પોતાનો ધર્મ જ ઉત્તમ છે તેવું કેવી રીતે માની શકાય?''

“અંજલિ આવા વિચારોવાળા માતા-પિતાની જ દીકરી હોઈ શકે, તે સ્પષ્ટ થાય છે.” રમેશ પ્રસન્ન ભાવે બોલ્યા.

ત્યાર બાદ ફોન પર નીના અને રૉકી અને પાછળ અયનનો અવાજ સૌના આનંદના તરંગોને વીંટળાઈ વળ્યો. બે ચાર દિવસો આમ આનંદના નશામાં પસાર થઈ ગયાં. નવેસરથી અંજલિના મમ્મી સાથે શોમનો પરિચય કરાવવામાં આવ્યો. વૈદ્ય ભાણજીના મુક્ત હાસ્ય અને આશિર્વાદનો શોમને અવારનવાર લાભ મળવા લાગ્યો.

સપ્તાહને અંતે નીના, રૉકી અને અયન હ્યુસ્ટન આવ્યા. માહીના ચેકઅપનો સમય નજીક આવી રહ્યો હતો. એ સાંજે માહીની તબિયતની ચર્ચા થયા પછી, શોમ અને અંજલિના ભવિષ્યની વાતો થવા લાગી.

“ભઈલા, તેં અંજલિ માટે કંઈક વિશેષ કર્યું કે નહીં?” નીના બોલી.

શોમ મૂંઝવણમાં પડી ગયો, “શું કરું?”

“શોમ, સગપણની રસમ બાકી છે ને, તો એ વિશે વિચાર.” રૉકીએ સૂચન કર્યું.

માહી અને રમેશ આઈસ્ક્રીમ લઈને આવ્યાં અને બધા વાતો ભૂલીને ખાવામાં મશગૂલ થઈ ગયાં. શોમ ઊઠીને ઘરની અંદર ગયો. થોડીવારમાં લગભગ દોડતો બહાર આવીને કહે,

“બધું ગોઠવાઈ ગયું છે.”

“વાહ! અમને જલ્દી જણાવ તો ખરો,” નીના બોલી.

“શાંતી, શાંતી, બહેના! થોડી રાહ તો જો...” શોમ આરામથી આઈસ્ક્રીમ ખાતો મીઠી મુસ્કાન સાથે...નીનાની અકળામણ જોઈ રહ્યો.

## ૮. ખુશ

શોમ તેના બેન-બનેવીનાં સૂચન પર વિચાર કરતો ઘરની અંદર ગયો હતો એ વાત ભૂલીને બગીચામાં બધા આઈસ્ક્રીમ ખાવામાં મશગૂલ થઈ ગયાં. થોડીવારમાં શોમ ઉત્સાહભર્યા પગલે બહાર આવીને કહે, ''બધું ગોઠવાઈ ગયું.''

નીના કહે, ''શું ગોઠવાઈ ગયું? જલ્દી કહે.''

''અરે, પહેલા આઈસ્ક્રીમ, પછી બીજી વાત.'' બહેનને ચીડવવા શોમ જાણે ખાવામાં વ્યસ્ત થઈ ગયો.

રાહ જોવા સિવાય છૂટકો નહોતો. શોમ છેલ્લા ટીપા સુધી વાડકી સાફ કરી, હસતા ચહેરે બોલ્યો, ''મેં બે ફોન કર્યા. એક તો ગોઆમાં વૈદ ભાણજી સાથે ગુપ્ત રીતે વાત કરી લીધી અને પછી મુંબઈ વાત કરી. આ રવિવારે મુંબઈથી મોટાકાકા અને પરિવાર, દાદીએ મારે ખાતે આપેલી એક અમૂલ્ય વીંટી લઈને, ગોઆ જશે.''

''હાં મને યાદ છે, મોટાકાકાએ કહ્યું હતું કે, માયાના કપટ પછી, શોમને યોગ્ય સાથી મળે તેવા આશિર્વાદ રૂપે, દાદીએ એક વીંટી આપી રાખી હતી. વાહ! આ તો અત્યંત રોમાંચક ગોઠવણ કરી.'' નીના બોલી.

ગોઆમાં એ રવિવારે, અંજલિના મમ્મીએ તેને એક સરસ સાડી આપીને કહ્યું, ''બેટા, આજે તું પ્રાર્થનામાં આ સાડી પહેરજે. મને ગમશે. પહેરીશ ને?'' અંજલિને મમ્મીની વાત વિચિત્ર લાગી, પણ એટલા ગહેરા ભાવથી માંએ કહ્યું હતું તેથી ના ન પાડી શકી. પ્રાર્થના હોલમાં કંઈક દર વખત કરતા વધારે ચહલ-પહલ લાગતી

હતી. આશ્ચર્ય સાથે અંજલિએ શોમના મોટાકાકાને બાબા સાથે વાત કરતા જોયા અને તે જોષી પરિવારને મળવા ત્વરાથી પહોંચી ગઈ.

"ઓહો, તમે આવ્યા છો! નમસ્તે. આશ્રમની મુલાકાત માટે આ બહુ સરસ સમય છે. તમે અહીં આવવાનું કહેતા હતા, તેનો જલ્દી અમલ કર્યો તેથી મને આનંદ થયો." અંજલિ ખુશ થઈને બોલી.

વૈદ્યજીએ કહ્યું, "અંજલિ, તું ફોન પાસે બેસ. જેથી કોઈ ફોન આવતા પ્રાર્થનામાં ખલેલ ન પહોંચે." બધા યથાસ્થાને ગોઠવાયાં ત્યાં ઘંટડી વાગી. "હલો અંજલિ, હું શોમ બોલું છું. મારે વાત..." શોમનો અવાજ સંભળાતા અંજલિ એકદમ બોલી,

"અરે, અત્યારે પ્રાર્થનાનો સમય છે, મૂકું છું, પછી વાત કરશું." પણ આ શું! બધા થંભી ગયા છે, અને બાબા વાત ચાલુ રાખવાનો ઈશારો કરે છે!

"અંજલિ! મારે એક સવાલ પૂછવાનો છે!" શોમ જલ્દીથી બોલ્યો.

"અત્યારે?"

"હાં, મારી સાથે લગ્ન કરીશ?" શોમના સવાલથી અંજલિનો ચહેરો વ્યાકુળતાથી લાલ થઈ ગયો, આંખોમાં આનંદના આંસુ આવી ગયા...

શોમ આગળ બોલ્યો, "મોટાકાકા એ પ્રસંગ માટે ગોઆ આવ્યા છે. તું શું કહે છે?"

"હાં" અને તાળીઓના અવાજના જવાબમાં...હ્યુસ્ટનથી પણ તાળીઓનો અવાજ સંભળાયો. જોષી કુટુંબ સાથે સ્ટિવ, સારા, આરી વગેરે હાજર હતા. "આવકાર, મારી પ્યારી ભાભી! આ અયનની 'આંટીમામી'ની બૂમો સંભળાય છે ને? મામી કહેતા શીખવાડ્યું તેનું પરિણામ..."

પ્રાર્થના હોલના ગણગણાટ વચ્ચે વૈદ્યજીનો અહેવાલ શરૂ થયો... શોમના મોટાકાકા

અને કાકી અંજલિ પાસે આવ્યાં અને કાકીએ અંજલિને વીંટી પહેરાવી. ''અંજલિ, જોષી પરિવારમાં તારું હાર્દિક સ્વાગત છે.'' મોટાકાકાનો પ્રેમાળ અવાજ સાંભળી ફોનનાં આ છેડે સ્વજનોની આંખો ભીની થઈ ગઈ. 'પ્રણામ' સાથે દૂરનો અવાજ બંધ થયો અને ત્યારબાદ પ્રાર્થના શરૂ થઈ. હવે અંજલિનું પતંગિયાની પાંખે ઊડતું ઊર્મિલ મન, પ્રાર્થનામાં કેમ લાગે?

સોમવારે, હ્યુસ્ટનમાં ડોક્ટરની ઓફિસમાં, નીના તેની મમ્મી સાથે ચિંતા કરતી બેઠી હતી. પરિણામ જોયા પછી નક્કી કરવાનું હતું કે ટ્યુમરનું ઓપરેશન કરાવવું કે હજુ આયુર્વેદિક સારવાર ચાલુ રાખવી! નીના પોતાની માંના કરમાયેલા ચહેરા સામે સ્નેહાળ નજરે જોઈ રહી...

માહીના ડોક્ટરે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. ''ટ્યુમરના માપમાં ફેર નથી પડ્યો. હું સર્જરી કરાવવાનું સૂચન કરું છું.'' શોમની સાથે થોડી વાત કરી માહીએ સંમતિ આપી. ત્રણ સપ્તાહ પછીની તારીખ નક્કી થઈ. માહી આયુર્વેદિક દવા ચાલુ રાખે તેની પરવાનગી ડોક્ટરે આપી. હવે નીનાને કેલિફોર્નિયા પાછાં ફરવાનું બહુ આકરું લાગ્યું. શોમ અને રમેશે ઘણી બાંહેધરી આપી કે તેઓ માહીની સંભાળ રાખશે પણ નીનાનું મન કેમે કરીને માનતું ન હતું. ''હું સર્જરીને સમયે હ્યુસ્ટન આવીશ.'' એ નિર્ણય લીધા પછી નીના જરા શાંત થઈ.

તે રાત્રે અંજલિ સાથે વાત કરતા શોમ નિરાશાથી અકળાઈ ગયો. ''મમ્મી દવા અને ખાવામાં બરાબર ચરી પાળે છે. મને અપેક્ષા હતી કે ટ્યુમર સંકોચાયું હશે. આપણી શોધ મારી મમ્મીને સારી ન કરી શકે એ સ્વીકારવું બહુ કષ્ટદાયક છે.''

''હજી સારવાર શરૂ થયાને બહુ દિવસો નથી થયા...થોડી ધીરજ, થોડી માનસિક ઉર્જાની મદદ મળે તો તેમની તબિયતમાં સુધારો થવાની શક્યતા મને લાગે છે.''

અંજલિ વિશ્વાસપૂર્વક બોલી. ''માહીઆંટીને મેં કાગળ લખ્યો છે. દરદીની આંતરિક શક્તિ વધે તો ઔષધીની અસર સારી થાય એવું બાબા હંમેશા કહે છે. આંટી પવિત્ર આત્મા છે અને તેમનું આત્મબળ ઘણું છે. તેમનું ધ્યાન એ તરફ કેન્દ્રિત થાય તેવું કરતા રહેવું, તેવું મારું સૂચન છે.''

સર્જરી કરવાનો દિવસ નજીક આવી રહ્યો હતો. શોમ અંજલિ સાથે વાતો કરતા બોલ્યો, ''મારી મોમ કહે છે કે આપણે લગ્નની તારીખ નક્કી કરીએ. તેના મગજને આનંદમય યોજનાઓમાં રોકવું છે અને આના કરતાં વધારે રસમય વિષય ક્યો?''

''અરે વાહ! મારી મમ્મી પણ એમ જ કહેતી હતી. મારો આગ્રહ એ છે કે આપણે ગોઆમાં બાબા, મોટાકાકા અને, જેની આપણા આનંદની જેમ અવધિ નથી તેવા... આ સાગર કિનારે લગ્ન કરીએ. એ વિચાર કેવો લાગે છે? ક્યારે કરવા એ તમારે નક્કી કરવાનું.'' અંજલિ સ્વપ્નોમાં ખોવાઈ ગઈ.

''મને એ વાત ગમી. કદાચ નવેમ્બર, Thanksgivingની રજાઓમાં...હું ચોક્કસ કરીને જણાવીશ.'' બંન્ને પરિવારમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું.

માહીનો ઉમંગ કોઈથી છાનો નહોતો રહેતો. પ્રફુલ્લિત મનથી દરેક કામ કરવા લાગી. એણે હોસ્પિટલ જવાની તૈયારી પણ તટસ્થ શ્રધ્ધા ભાવ સાથે કરી લીધી. નીનાને ઘણી ઈચ્છા હોવા છતાં પણ કેલિફોર્નિયાથી આવી ન શકી. આગલી સાંજે રમેશ અને શોમ, માહીને તેના હોસ્પિટલના કમરામાં મૂકીને ગયા. તરત લેબ-ટેસ્ટ થયો અને પરિણામ બે કલાકમાં મળશે તેમ કહ્યું. બીજે દિવસે અગ્યાર વાગે સર્જરી કરવાની હતી. ટ્યુમરની શસ્ત્રક્રિયા, અને તેમાં કોઈ વિટંબણા ઊભી થશે તો?...માહીને થાય કે તેના વાળ કાપશે! તો કેટલા કાપશે? એવા ડરાવના વિચારો ચાલુ હતા.

રાતના નવ વાગે માહીના ડોક્ટર આવ્યા. "હું ઘેર જતાં પહેલાં તમને મળવા આવ્યો, કારણ કે હમણાં જ મારા હાથમાં ટ્યુમર-ટેસ્ટના પરિણામ આવ્યાં. સુખદ આશ્ચર્ય એ છે કે ટ્યુમર સંકોચાયું છે. માપ નાનું થયું છે. શુભરાત્રી, સવારે મળીએ." માહી અવાક બનીને સાંભળી રહી.

માહી વિચારવા લાગી, "ચાલ તરત શોમ અને રમેશને ફોન કરું." પણ સ્થિર ભાવે વિચારતી રહી. "આ સમાચારથી મારી હિંમત વધી છે. આયુર્વેદિક દવાની અસર થઈ હશે! હવે સર્જરી કરાવું કે નહીં?" માહી માથા પર હિઝાબ બાંધી જમીન પર બંદગી કરવા બેસી ગઈ. "અલ્લાહ મને રાહ બતાવશે. મારો અંતરઆત્મા મને સાચા રસ્તા તરફ જવાની જ્યોત બતાવશે. જય શ્રીકૃષ્ણ." પ્રણામ કરીને માહી શાંતચિત્તે, ગહેરી નીંદરમાં પોઢી ગઈ.

"મમ્મી, ઊઠો. હવે બહુ વાર નથી. તમને સર્જરી માટે તૈયાર કરશે..." શોમ બોલતો રહ્યો...ને જાગીને માહી હસીને બાથરૂમ તરફ જતી રહી.

રમેશ કહે, "અરે, તારી મમ્મીને તો કોઈ ચિંતા નથી લાગતી." માહી બહાર આવી કહે, "સર્જરી નથી કરવાની."

બંન્નેનું મોં આશ્ચર્યથી ખુલ્લું રહી ગયું, "શું વાત કરે છે?"

"હાં. ગઈકાલે રાતના ટેસ્ટનું પરિણામ બહુ સરસ આવ્યું છે. આજે વહેલી સવારે સર્જન આવ્યા ત્યારે મેં વિનંતી કરી કે હજુ થોડો વધારે સમય મને આપે. મારે સર્જરી હમણાં નથી કરાવવી." માહી બોલી.

શોમે દોડીને મમ્મીને ઊંચકી લીધી અને એક ચક્કર ફેરવી. "ઓ મમ્મી, તમે અદ્ભુત છો, ઉત્તમ, અતિ ઉત્તમ." રમેશ ખુલ્લા દિલે હસી ઉઠ્યો. જાણે ઘેરાયેલા વાદળમાંથી નીલુ આભ દેખાયું. માહીને ઘેર લઈ જવાની વ્યવસ્થા કરતા માતા-પિતાને રૂમમાં

છોડી શોમ બહાર આવ્યો અને નીનાને ફોન જોડ્યો.

"નીના! તું નહીં માને! આપણી નાજુક, ભોળી મમ્મીએ આવો મોટો નિર્ણય એકલા લઈ લીધો. સર્જરી માટે ના પાડી. હવે તેને શ્રદ્ધા છે કે આયુર્વેદિક સારવારથી તે સારી થઈ જશે."

નીના ખુશ થઈને બોલી, "માન્યામાં ન આવે તેવો ચમત્કાર!"

**અનંત**

મન મંદિરે આતુર એકાંત, દઈ દસ્તક તું જાણ કરી દે.
રીસે અંતર રૂંધાયેલા શ્વાસ, એક પળમાં તું પ્રાણ ભરી દે...

અકળ પીડાને પંપાળી આજ, કૂણી કાળજીનો સ્પર્શ કરી દે.
વિશ્વ મારું સમર્પું છું આજ, ઋજુ આલિંગન આવ ભરી દે...

○

## ૯. પતંગા-દ્વીપ

માહીએ તે રાત્રે બ્રેઈન ટ્યુમરની સર્જરી નહીં કરાવવાનું નક્કી કરી લીધું અને ઘરે આવી ગઈ. તેણે અંજલિ સાથે વાત કરવા ગોઆ ફોન જોડ્યો. ‘‘અંજલિ, મેં નિર્ણય લીધો ત્યારે વિચારો સ્પષ્ટ હતા, પણ હવે ગભરામણ થાય છે. નબળાઈ કે ચક્કર જેવું લાગે ત્યારે થાય કે સર્જરી કરાવી લીધી હોત તો!! આવી અસ્થિર માનસિક હાલત છે.’’ માહી પરાણે હસી.

‘‘આંટી, એક શ્રધ્ધા રાખો કે તમને એ સમયે જે યોગ્ય લાગ્યો તે નિર્ણય લીધો. હવે તેનું જે પરિણામ આવે તેનો સ્વીકાર કરી હિંમતથી સામનો કરવો, એ એક જ વિકલ્પ છે. તે માટે સંપૂર્ણ શક્તિ સંગઠિત કરી રાખો. થોડો સુધારો થયો છે તેમ વધારે સુધારો પણ થવાની શક્યતા ખરી ને? તમને એટલા બધાની પ્રાર્થનાની ઉર્જા મળી રહી છે કે આ બીમારીમાંથી તમે જરૂર સ્વસ્થ થઈ જશો. વ્હાલ સાથ પ્રણામ, મોમ!’’ અને ‘મોમ’ સાંભળી, માહી સૂરજમુખી સમી ખીલી ઊઠી.

શોમ નવેમ્બરમાં લગ્ન નક્કી કર્યા પછી ફરિયાદ કરતો હતો, ‘‘હજી તો ચાર મહિનાની વાર છે.’’ અને આ વાત પર મિત્રોને મજાક કરવાનો, શોમને ચીડવવાનો મોકો મળી ગયો. નીનાને બાળક અયનને ભારત લઈ જવાની ચિંતા હતી પણ ગોઆમાં જ બધો સમય રહેવાનું જાણી તેને રાહત લાગી. સમયની ગતિ અને આશામય દિવસો દોડી રહ્યાં હતાં. માહીનું સ્વાસ્થ્ય સારું થઈ રહ્યું હતું.

નવેમ્બર મહિનાની રજા લઈ, શોમ અને તેના માતા-પિતા મુંબઈ આવી પહોંચ્યા. પ્રવાસ દરમિયાન માહી રમેશને કહી રહી હતી, ‘‘મારો ભાઈ અને હું નાનપણથી

સાથે ને સાથે...એટલા નિકટ હતા. સ્થળ અને સમયના અંતરને લીધે જાણે અમારું જોડાણ તૂટી ગયું છે. બીજું કારણ એ છે કે તમને ભાઈએ સ્વીકાર્યા નથી અને તમે એ વિષય કોઈ પ્રયત્ન નથી કર્યો. તેને મારા લગ્નથી બધી રીતે ખોટ મળી છે. હું દૂર જતી રહી અને તેને તમારામાં સહોદર ન મળી શક્યો.''

''તારી વાત સાચી છે, પણ અમારે કોઈ વિચારોનો તાલમેલ નથી. આ વખતે પ્રયત્ન કરીને તું એને મનાવી લે જે.'' રમેશને પોતાની સંબંધો સાચવવાની ન્યૂનતા વિશે ખબર હતી, પણ એમાં ફેરબદલી કરવાની પરવા ન હતી. માહી વિચારી રહી...પુરુષની લાક્ષણિકતા! પોતાને જ પ્રયત્ન કરવો પડશે તેમ વિચારીને બીજે દિવસે સવારમાં જ ભાઈ-ભાભીને ઘરે માહી આવીને ઊભી રહી. ધીમે ધીમે મનની વાતો સ્પષ્ટ થઈ અને ફરી સરળ સંબંધોની મહેક પ્રસરી.

માહી ઘેર આવી કે તરત શોમે કહ્યું, ''મમ્મી, મને જગાડવો હતો ને, હું પણ તમારી સાથે મળવા આવત.''

''હાં, તને યાદ કરતા હતા. આપણે કાલે એમને ત્યાં જમવા જવાનું છે ત્યારે બધાને તું મળી શકીશ.'' માહી લાગણીવશ થઈ બોલી, ''મારા સૌભાગ્ય માટે રોજ ઈશ્વરનો આભાર માનું છું, તો બીજી તરફ...હું જાણે મારા બાળપણથી વિખૂટી પડી ગઈ હોય તેવું લાગે છે.''

મુંબઈમાં, ન ચાહવા છતાંય, માહીના કેન્સરની વાત થોડા સગાઓ જાણી ગયા હતાં. કંકોત્રી આપવા જાય ત્યારે એવાં પ્રશ્ન અજ્ઞાન લોકો પૂછતાં, ''તમને કેન્સર થયું હતું, તો એ ચેપી રોગ તો નથી ને?'' માહી ટૂંકમાં 'ના' કહી શાંત થઈ જતી. અજ્ઞાની સામે આરસી અર્થહીન રહેતી હોય છે.

શોમની ગોઆ જવાની આતુરતાનો અંત આવ્યો અને તેઓનું આશ્રમમાં આગમન

થયું. “અંજલિ ક્યાં છે?” શોમનો સવાલ માહીએ કરી આપ્યો. “ક્લિનિકમાં હમણાં જ કામ પૂરું થયું તેથી અમારા રહેઠાણ પર તૈયાર થવા ગઈ છે.” મમ્મીએ જણાવ્યું.

શોમ ધીમેથી પાછે પગલે નીકળી ગયો અને કોઈને પૂછીને અંજલિનું રહેઠાણ શોધી કાઢી, બારણા પર ટકોરા માર્યા. આછો અવાજ સંભળાયો, “કોણ છે?” ...

“જેની તું રાહ જોઈ રહી છે...તે.”

અંદર થોડી હલચલ પછી બારણું ખુલ્યું અને રેશમી ગાઉનમાં લપેટાયેલી સદ્યસ્નાતા અંજલિ ભીને દેહ ને ભીને કેશ, શોમની બાંહોમાં લપાઈ ગઈ. મનોરમ લાગણીમાં ઓતપ્રોત, બંને પ્રેમી-પંખીડા ક્ષણો માટે અગમ આશ્લેષમાં ખોવાઈ ગયાં. “હવે તું ક્યારેય મારાથી દૂર ન જતી.” શોમનો મીઠો મનરવ અંજલિના કાનમાં ગુંજ્યો.

“તું મારી જીવનદોરી છે,” કહેતાં અંજલિની આંખોમાં આનંદના આંસુ આવી ગયા. પળો વીતી ગઈ અને છેવટે, બંન્નેની રાહ જોવાઈ રહી હશે એ ખ્યાલ સાથે અંજલિ તૈયાર થવા લાગી અને શોમ તેની દરેક હિલચાલ મસ્તીભર્યો જોતો રહ્યો. પહેલી વખત, શોમ સંકોચની પાળની પાર જઈ પોતાની પ્રિયાને મનભરીને જોતો હતો.

“અંજલિ, બે દિવસ પછી અમેરિકાથી બધા આવશે. આવતીકાલે, મારે તને એક ખાસ જગ્યાએ લઈ જવાની છે, સવારે આઠ વાગે તૈયાર રહેજે.” શોમ બોલ્યો.

“ભલે, હું તૈયાર રહીશ...પણ, જવાનું છે ક્યાં?”

“એ મજાની ખાનગી વાત છે...” અને શોમે બહાર નીકળતા પહેલા અંજલિને ફરી બાથમાં લઈ લીધી.

બીજે દિવસે, સવારમાં નીકળીને જે તરફ જઈ રહ્યાં હતાં તે ઉપરથી અંજલિએ અટકળ બાંધી, “આપણે Butterfly Beach પર જઈ રહ્યાં છીએ? એકદમ સુંદર

જગ્યા છે તેવું સાંભળ્યું છે. અરે! પણ ત્યાં જવાનું તો બહુ મુશ્કેલ છે!"

"ડો. શોમ માટે અશક્ય નહોતું. મેં હ્યુસ્ટનથી જ એક જેકબ નામનાં એજન્ટ સાથે બધું નક્કી કરી લીધું છે. બસ, તું પતંગિયા પકડવા માટે સજ્જ થઈ જા." શોમે દૂર રાહ જોતા જેકબને નજીક બોલાવ્યો. એક નાની શણગારેલી હોડીમાં બંન્ને ગોઠવાયાં અને જેકબે હોડી ચલાવવાની સાથે પતંગિયા- કિનારાની વાતો કરવાની શરૂ કરી. "એક નાના દ્વીપ જેવી જગ્યા કુદરતી રીતે બની ગઈ છે...જ્યાં જવાનું મુશ્કેલ હોવાથી બહુ ઓછા સહેલાણીઓ જતાં હોય છે. તમે ત્યાં ન જોયા હોય તેવા રંગબેરંગી પતંગિયા જોશો." સુંદર દરિયો અને ખુશનુમા મોસમ તેમાં અલબેલા સાથી સાથે અંજલિનું દિલ ગાઈ ઊઠ્યું.

ઉરે આનંદ ને ઊર્મિની ઝૂલે લાગણી,
ઊઠે ભરતી ને ઓટની ભુલભુલામણી,
વિમલ વાયે વસંતના રસિક વાયરા,
પતંગાની પાંખ સમા મધુર વાયદા.

"અહીં સાગર પાસે કોઈ આવે અને કોરા રહે ખરા?" અંજલિએ પાણીની છાલક શોમને મારી. પછી શોમ તેને છોડે! ભીના ભીના દિલ તેવા જ ભીના તેમના વસ્ત્રો થઈ ગયાં.

તનમાં ધ્રુજારી ને શીતળ પવન,
ધડકનમાં ઉષ્માની ભીની અગન,
ગોરંભીલ ગાન અંતરમાં ગહન.
નેહનાં લહેરિયામાં હૈયા મગન.

પ્યાર ભરી ગોષ્ઠિ અને મનગમતી જાફત પછી પતંગિયાને પકડી, ને પછી છોડી દેતાં...બાળપણ જાણે ફરી ડોકિયું કરી ગયું. છેલ્લે, ઢળતા સૂરજને યાદોની પૂંજીમાં ઉમેરી, સાંજની પ્રાર્થના પહેલા શોમ અને અંજલિ આશ્રમમાં પાછા આવી ગયાં.

મહેમાનો અમેરિકાથી આવી ગયાં. પછી મુંબઈથી મોટાકાકા અને થોડા સગાઓ આવ્યા. શોમના અબ્બાસમામા અને માસી વગેરે પણ આવી ગયાં. અંજલિના દાદાજી તેમના ગામડેથી એકલા તો મુસાફરી ન કરી શકે, તેથી તેમના યુવા ભત્રીજાને મદદ માટે સાથે લઈને આવ્યા હતા. અંજલિનાં મમ્મીએ બધી વ્યવસ્થા કરી આગ્રહપૂર્વક દાદાને બોલાવ્યા હતા. અંજલિના પ્રતિભાશાળી વાગ્દત્ત શોમને મળી દાદા ખુશ થઈ ગયા. દાદા કહે, "અંજલિએ તો સરસ છોકરો પસંદ કર્યો, યોગીપુરુષ જેવું તેનું કપાળ ચમકે છે."

બીજે દિવસે સંગીત-સંધ્યાનો જલસો ચાલુ હતો. ગુજરાતી ગરબા અને ડિસ્કો-ડાન્સ સાથે જોશીલા વાજિંત્રો વાગી રહ્યા હતા. અંજલિના દાદા એક બાજુ 'ઘરડી આંખે નવા તમાશા'વાળા ભાવ સાથે જોઈ રહ્યા હતા.

શોમના મામા વડીલને મળવાના આશયથી પાસે આવ્યા અને બોલ્યા, "નમસ્તે દાદાજી. હું શોમનો મામા છું."

"ઓહો! તમને મળીને આનંદ થયો." દાદાજી બોલ્યા, "ક્યાંથી આવો છો? શું નામ?"

"અમે મુંબઈથી આવ્યા છીએ. મારું નામ અબ્બાસ છે." મામાએ જવાબ આપ્યો.

દાદાનો ચહેરો નામ સાંભળી ઉતરી ગયો..., "માનેલા મામા હશો."

"હું શોમનો સગો મામો છું."

"...સગ્ગો?" કહેતા દાદાની ચહેરાની રેખાઓ તંગ થઈ ગઈ. તરત ભત્રીજા સામે ફરીને ઉંચા અવાજે બોલ્યા, "વહુને બોલાવ!! આવા લગ્ન નહીં થવા દઉં, હરગિજ નહીં." અને ભત્રીજો અંજલિના મમ્મીને બોલાવવા દોડ્યો.

# ૧૦. મધરાતે સૂર્ય

અંજલિ, શોમ અને મિત્રો નાચતાં હતાં. આનંદના એ માહોલમાંથી અંજલિના મંજરીમમ્મીને જરા ખેંચીને, દાદા સામે હાજર કરવામા આવ્યા. અંજલિએ જોયું અને તે પણ પોતાની મમ્મી પાછળ આવી. "આ શું સાંભળું છું? મારી પૌત્રી એક મુસલમાન માવડીના છોકરા સાથે પરણે છે? મારો દીકરો જીવતો હોત તો આવું ન થવા દેત!" આ સાંભળીને અંજલિએ જોયું કે તેની મમ્મીને ચાબખો વાગ્યો હોય તેમ વળ ખાઈ ગઈ.

"ભાઈ! દાદાજીને તમારે ઉતારે લઈ જાવ, હું હમણાં આવું છું." અંજલિએ જરા સખ્તાઈથી આદેશ આપ્યો. એ સાંભળી મંજરી અંજલિને વારતી હોય તેવી નજરે જોઈ રહી.

"મહા અનર્થ...!" એમ બોલતા, દાદા લાકડીને ટેકે ભત્રીજા સાથે જતા રહ્યા. મમ્મીને લઈને અંજલિ પાછી બધા સાથે સંગીતમાં જોડાઈ. વેવાણનો ચહેરો જોઈ માહી 'કંઈક અણઘટિત' છે તે સમજી ગઈ.

કાર્યક્રમ પૂરો થયો અને બધા વિખરાયા. અંજલિનો ગંભીર ચહેરો જોઈ, તેના બંને હાથ પકડી શોમ તેની આંખોમાં આંખ પરોવીને પ્રશ્ન ભરી નજરે જોઈ રહ્યો.

"મારા દાદાએ ધમાલ કરી મૂકી છે અને વચ્ચે મારી મમ્મી સોરાઈ રહી છે." અંજલિ રડમસ ચહેરે બોલી.

"પણ શું થયું? મને કહે," શોમ ઉત્સુકતાથી બોલ્યો.

"મારા દાદા તમારા અબ્બાસમામાને મળ્યા અને જાણ્યું કે, માહીમમ્મી મુસ્લિમ છે. એકદમ આપણા લગ્નનો વિરોધ જણાવ્યો. પોતાની માન્યતાને અનુસરે તેનો વાંધો નથી પરંતુ 'મારો દીકરો હોત તો આવું ન થવા દેત' એમ કહીને મારી મમ્મીને બહુ આઘાત આપ્યો છે." અંજલિની આંખો ભરાઈ આવી.

"પણ તારા પપ્પા તો એવા વિચારના હતા જ નહીં, ખરું? ચાલો આપણે દાદા સાથે વાત કરીએ, ભલે ને મોડી રાત છે." શોમ બોલ્યો અને બંન્ને દાદાના ઉતારા તરફ વળ્યાં.

"હું તને ઈતિહાસ જણાવું." અંજલિ બોલી, "મારા પપ્પાને દાદાના સંકુચિત વિચારો માટે અત્યંત અણગમો હતો અને દાદાને પપ્પાના સિધ્ધાંતો માટે નફરત. દાદાએ કદી પપ્પા વિશે વખાણનો શબ્દ કહ્યો નથી, બલકે પપ્પાની પ્રવૃત્તિઓ શર્મજનક લાગતી. દાદીનાં અવસાન પછી મારા પપ્પા ગામડેથી ઘર છોડી નીકળી ગયા હતા. મમ્મી સાથે લગ્ન કરવાના હતા ત્યારે મમ્મીના આગ્રહને લીધે દાદાને મળવા ગયા હતા. બસ, પછી મમ્મી કાગળ લખી સંબંધ રાખતી...એ સિવાય ખાસ મનમેળ નહોતો."

આવાસ પર આવીને બારણે ટકોરા માર્યા અને ભત્રીજાએ તરત બારણું ખોલ્યું. દાદા પથારી પર સંકોડાઈને બેઠા હતા. શોમ નજીક ખુરશી ખેંચી બેઠો અને અંજલિ નારાજગીના ભાવ સાથે ઊભી રહી. "દાદા, તમને મારી સામે તો વાંધો નથી તો મારી મમ્મી મુસ્લિમ છે એ એટલું બધું અગત્યનું છે?" શોમ સમજાવતા બોલ્યો.

દાદા સખ્ત અવાજમાં બોલ્યા, "ના, આવા લગન થાય જ નહીં. અમારી આબરૂના કાંકરા થઈ જાય."

"દાદાજી! તમારી એવી માન્યતા છે, પણ તમે વચ્ચે મારા પપ્પા પણ 'આ લગ્ન ન

થવા દેત' એવું કેવી રીતે માન્યું? તમે મારા પપ્પાના શું વિચારો હતા એ જાણવા કોઈવાર પ્રયત્ન કર્યો છે કે આજે આવો મોટો ચાબખો તમે મમ્મીને માર્યો?'' અંજલિ વ્યાકુળતાથી બોલી.

''તમને જેમ ફાવે તેમ કરો. હું કાલે સવારે જ અહીંથી હાલ્યો જઈશ.'' બેદરકારીથી તેમણે નિર્ણય જણાવ્યો.

''દાદા એવું ન કરો,'' શોમે કહ્યું...પણ દાદાએ ગુસ્સામાં મોઢું ફેરવી લીધું.

''ભલે, જેવી તેમની મરજી,'' કહીને અંજલિ દાદાના ચરણ સ્પર્શ કરી બારણા તરફ ચાલી. ''ભાઈ, દાદાને સાચવીને લઈ જજો.''

શોમે બહાર નીકળતા પહેલા, પાકીટમાંથી રૂપિયાની થોકડી કાઢી ભત્રીજાને આપી દીધી. બહાર નીકળી અંજલિને કમ્મરે હાથ મૂકી વ્હાલ કરી કહ્યું, ''જવા દે... Life is too short to waste and too long to ignore.''

ઘરે જઈને અંજલિએ મંજરીને બધી વાત જણાવી અને ખાસ ચેતવણી આપી, ''જો મમ્મી, તેં દાદાને સન્માન આપવાના બનતા પ્રયત્નો કર્યા છે. કાલે તેઓ જઈ રહ્યા છે તે બાબત તારે બિલકુલ પોતાનો વાંક નથી ગણવાનો.'' કહીને અંજલિ તેની મમ્મીને ભેટી. ''ઓ મારી વ્હાલી મમ્મી! મારે ખાતર, પપ્પાના સિધ્ધાંતોને ખાતર, no regrets... કબૂલ?'' અને મંજરીએ હળવા દિલથી ''બહુ રાખતા ના રહે, તેને વહેતા રે મૂકીએ'' ગાઈને દીકરીને સંમતિ આપી દીધી.

અંજલિએ સુવાની તૈયારી કરી પણ ઊંઘ તો ક્યાંય વર્તાતી ન હતી. કુમારિકા તરીકે છેલ્લી રાત! તે બારીની ઓથે વરસતી ઝરમરને ઘેલછાભરી જોઈ રહી.

ધુમ્મસની આછેરી  ચાદર ત્યાં દૂર સુધી,
નીતરતા ટીપાની ઝાલર ત્યાં દૂર સુધી..
નીલમ સી આંખોની  કાજળની કોર પર,
નર્મિલી ભીની ભીની પાંપણની છોર પર.
આંસુનાં આવરણ ઉતારવાને, ઓ સજન!
આળું મન ઘેલું ને વ્યાકુળ, ઓરે સજન!
પાંખો  ફફડાવું,  તું  આવે, ઓ રે સજન!
અવની ને અંબરનું ઝરમર મીલન, સજન!

"હવે ઊંઘી જા બેટા," સાંભળ્યા પછી અંજલિ મીઠી નીંદરમાં ખોવાઈ ગઈ.

અરૂણોદય સુરખીમાં, દરિયા કિનારે શોમ રોજના નિયમ પ્રમાણે દોડી રહ્યો હતો. તેને લાગ્યું કે પાછળથી કોઈ બોલાવી રહ્યું હતું. શોમે ધીરા પડી પાછળ જોયું તો એક સજ્જન આશ્રમના પાછલા દ્વારમાંથી નીકળી, તેના તરફ આવી રહ્યા હતા. નવાઈથી તે જોઈ રહ્યો અને પરિચીત ચહેરાની યાદ સાથે અણગમાનો ભાવ ઉપજ્યો.

"માફ કરજો, હું અંજલિનો મામા...માયાનો પિતા" વડીલ હાંફતા બોલ્યા. "હું તમને એકાંતમાં મળવાની રાહ જોતો હતો."

"હાં, મને ખ્યાલ આવી ગયો...નમસ્તે." શોમે જરા રૂક્ષતાથી અભિવાદન કર્યું.

"મારી દીકરી માયાએ તમારી સાથે જે કપટ કર્યું તેની હું માફી માગું છું. તેણે પણ હાથ જોડીને માફી માંગી છે." સજ્જન ગળગળા થઈ બોલ્યા.

'શું કહું!'...એવા સંકોચ સાથે શોમ ગૂંચવાઈને બોલ્યો, "તમને પણ આંચકો લાગેલો, ખરું? અંજલિએ કહેલું કે તમારા પરિવાર અને માયાની વચ્ચે સમાધાન

કરાવવા તેણે પ્રયત્ન કરેલો. હવે બધું ઠીક છે? ખેર, મને એ અનુભવથી ઘણું શીખવા મળ્યું...અંત ભલા તો સબ ભલા. આપણે હવે તે ભૂલી જઈએ. તમે લગ્નમાં આવ્યા તે સારું કર્યું, સ્વાગત.'' કહીને શોમે હસીને હાથ જોડ્યા અને ફરી દોડવાનું શરૂ કર્યું.

સવારમાં પ્રાર્થના હોલમાં વૈદ્યજીના આદેશ મુજબ અંજલિના મમ્મી વ્યવસ્થા કરાવી રહ્યાં હતાં. સફેદ અને પીળા ફૂલોથી  શણગારેલો હોલ પવિત્ર મંત્રોથી ગુંજતો હતો. બધા સમજી શકે તે પ્રમાણે વૈદ્યજી મંત્રોચ્ચાર બોલ્યા, અને શુકનની ઉબટન શોમ અને અંજલિના ગાલે લગાડવામાં આવી.  ''રમેશભાઈ અને માહીબેન, આજના લગ્ન અનોખા પ્રકારના થશે.'' વૈદ્યજીએ હસતાં હસતાં કહ્યું.

''અમારું દિલ આનંદથી હર્યુંભર્યું છે અને વાતાવરણ પવિત્ર લાગે છે. અમારામાંથી કોઈ ચુસ્ત કર્મકાંડમાં માનતા જ નથી.'' ડો.રમેશ માહીને આગળ કરી બોલ્યા. માહી ભારે સાડીમાં સજ્જ અને વાળમાં વેણી...અહા! રમેશ નવા પરણેલા હોય તેવી રસભરી નજરથી પત્નીને જોઈ રહ્યા હતા...જે નીના અને આસપાસના જાનૈયાઓએ નોંધ્યું.

ત્યારબાદ મહેંદી લગાવવાનો શોખ પૂરો કરવા, અંજલિએ નાની કલાકારી 'શોમ'ના નામ સાથે પોતાના હાથમાં કરાવી અને નીનાએ બંન્ને હાથ બરાબર મહેંદીથી સજાવવાનો લ્હાવો લીધો. આરી અને સ્ટિવન પણ છોકરીઓ સાથે જોડાયા. શોમે દૂરથી અંજલિને ઈશારો કરીને બોલાવી અને બંને દરિયા કિનારા તરફ નીકળી ગયા.

મંડપનું બાંધકામ  અને સજાવટ અંજલિની યોજના પ્રમાણે થઈ રહ્યું હતું. સફેદ તંબુની આસપાસ લાલ, લીલા પડદા અને તોરણ પર સુંદર ફૂલો ઝૂલતા હતા. શોમ

ચારે બાજુ નિરીક્ષણ કરી ખાતરી કરી રહ્યો હતો કે પવનની ગતિ વધે તો પણ મંડપ હલે નહીં.

"હું પણ અત્યારે બધું જોઈ લઉં. દુલ્હન બનીને આવીશ ત્યારે તો કોણ જાણે, મારી આંખ ઊંચી થશે કે નહીં!" અંજલિ શોમના હાથમાં હાથ પરોવી બોલી. વર-કન્યા મંડપ, દરિયો અને પોતાના સૌભાગ્ય પર હરખાઈ રહ્યાં.

વૈદ્યજીએ તેમના કાર્યકરો દ્વારા અંજલિના દાદા માટે સવારની ટ્રેઇનની વ્યવસ્થા કરી દીધી હતી. તો પણ હજી વ્યથિત મંજરીનું મન ડંખતું હતું. "અંતે તો તેઓ ઘરના વડીલ છે. બાબા! હું સવારે પ્રાર્થના હોલમાં આવતા પહેલા શ્વસુરને મળવા ગઈ હતી, પણ તેમના નિર્ણયમાં ફેર ન પડ્યો." દાદા ગાડીનો સમય થતા નીકળ્યા અને મંજરીએ ભારે હૈયે વિદાય આપી. બાબાએ મંજરીને કહ્યું, "આજે અંજલિનો ખાસ દિવસ છે. તેની ખુશી આજે આગવું સ્થાન લે છે. દાદાને ધર્મના વાડાનું મહત્વ છે અને આપણને માનવીના સદગુણોનું..."

○

# ૧૧. શુભ ઘડી

શોમ જોષી મુસ્લિમ માતાનો પુત્ર છે તે ખબર પડતા, અંજલિના દાદા નારાજ થઈને ગામડે પાછા ચાલ્યા ગયા.

કરતા ફરિયાદ રૂંધી અંતરનું વ્હાલ,
ભલે, સાચું કે ખોટું છે તેનું અભિમાન,
અંતરથી આપીએ શુભેચ્છા સન્માન,
સમજણ સિદ્ધાંતોનું જાળવી સ્વમાન.

થોડા વડિલોના ધ્યાનમાં આવ્યું, તે સિવાય સાંજના લગ્નની યથાવત તૈયારીઓ ચાલતી રહી. સજાવેલા મંડપ સામે સફેદ ખુરશીઓ ગોઠવાયેલી હતી, જેથી મહેમાનોને વર-કન્યા અને પાછળ ઉછળતો દરિયો દેખાય. નાના ભૂલકાઓ તો નવા કપડામાં મંડપની ચારે બાજુ ચક્કર લગાવી રહ્યાં હતાં અને તેની પાછળ શોમનો ભાણિયો, અયન રેતીમાં દોડતો, પડતો અને ઊઠીને ફરી દોડતો હતો. જરી-કસબ વાળા કુર્તા-પજામા પહેરીને સજ્જ થયેલો રૉકી, થોડીવાર ચિંતાથી નાના અયનની પાછળ દોડ્યો પણ, પછી સમજાઈ ગયું કે તેની શક્તિ એ ત્રણ વર્ષના કુંવર કરતા ઘણી ઓછી હતી.

નીનાને સાડી પહેરવામાં મદદ કરનારા ઘણાં હતાં. નીના સગાવહાલાની સ્નેહવર્ષા અને સંભાળથી ગદગદ થઈ ગઈ હતી. પરદેશમાં રહેવાથી શું ગુમાવ્યું છે તેની અનુભૂતિ થઈ રહી હતી. બીજા રૂમમાં તૈયાર થઈ રહેલી અંજલિએ સફેદ અને લાલ જરીવાળી કિનારનું રેશમી પાનેતર પહેર્યું હતું અને ઉપર સાસરેથી આવેલ લાલ ચૂંદડી ગોઠવેલી હતી. કમનીય મનોહર ઘરેણાંમાં નવવધૂ લાલિત્યપૂર્ણ લાગતી હતી.

સાજન મહાજન મંડપ સામે ગોઠવાઈ ગયું. શરણાઈના સૂર ગુંજતા હતા. વરરાજા શોમને મિત્રો સાથે આવતો જોઈ સહજભાવથી બધાં ઊભાં થઈ તેના તેજસ્વી સ્વરૂપ સામે અહોભાવથી જોઈ રહ્યાં. શોમની સફેદ શેરવાની પર સોનેરી અને નીલા રંગનું ભરતકામ કરેલ હતું. છ ફૂટ ઊંચો, ગોરો વાન અને ઘુંઘરાળા વાળમાં જાણે શોમે બધાનું મન હરી લીધું. શોમ મંડપમાં રાજવી ખુરશી પર ગોઠવાયો, સ્ટિવ અને આરી તેની પાછળ ઉભા રહ્યા. કન્યાનું આગમન જાહેર થયું.

એ સમયે, સર્વ મંગલ માંગલ્યે... મધુર મંત્રોથી વાતાવરણ પુલકિત થઈ ગયું. અંજલિ તેની સખીઓ સાથે આવતી દેખાઈ અને શોમ સહિત બધા ઉમંગથી આવકારવા ઊભાં થઈ ગયા. અલતાથી શણગારેલા ચરણો પર બાંધેલી સોનેરી ઝાંઝરીના મીઠાં ઝણકાર સાથે અંજલિ મંડપ તરફ આગળ વધી. શોમની સાથે નજર મળતાં ક્ષણભર એ થંભી ગઈ...

આંખોથી આંખની હલચલ સંકેતમાં
હોઠની કળી હસી રોમાંચિત અંકમાં
હૈયાના સ્પંદનનો કંપ રોમ રોમમાં
મંગલ મિલન સર્વ સૃષ્ટિ આનંદમાં

સિતારના મંજુલ અવાજ અને સખીના સ્પર્શે અંજલિનું ધ્યાન ખેંચ્યું અને તે આગળ ચાલી અને શોમની બાજુમાં બેઠી. હસ્તમેળાપ હિંદુ વિધિ પ્રમાણે કર્યા પછી વૈદ્યજીએ કહ્યું કે, “ચાર ફેરા માટે અંજલિએ ચાર શ્લોક આપ્યા છે તે બોલાશે. તમે સાંભળશો કે આ વર-કન્યાને વચનોના બંધન માન્ય નથી...

શોમ અને અંજલિ અગ્નિની સાક્ષીમાં પહેલા ફેરામાં તન, મન અને ધનનું સ્નેહ સમર્પણ કરે છે...બીજા ફેરામાં સદકર્મોમાં સદા સાથ રહી જનકલ્યાણના કર્મોમાં ઉભયનો સાથ માંગે છે...ત્રીજા ફેરામાં કુટુંબ-પરિવારની સેવામાં સમાન ભાવની અપેક્ષા રાખે છે...અને ચોથા ફેરામાં પોતાનાં બાળકોના ઉછેરમાં સર્વસ્વ અર્પણ

કરવાનો નિશ્ચય કરે છે.'' મંગળ ફેરા પૂરા થતાં વૈદ્યજી આશીર્વાદનો હાથ અંજલિના માથે મૂકી બોલ્યા, ''શોમ અંજલિને કંઈક કહેવા માંગે છે.''

શોમ અંજલિ તરફ ફર્યો અને તેના બંને કોમળ હાથ પોતાના હાથમાં લઈ બોલ્યો, ''મારી પ્યારી અંજલિ, આજે આપણા મિલનથી આપણે બે મટી એક થઈશું તો પણ, હંમેશા પોતાના અસ્તિત્વમાં મુક્ત રહીશું. મને તારામાં અનન્ય વિશ્વાસ છે, જેને હું કોઈ વચનોના બંધનમાં બાંધવા નથી માંગતો. આપણી વચ્ચે મિત્રતા, સ્નેહસંબંધ અને સ્વતંત્રતા અબાધ્ય રહેશે. મારો પ્રેમ સમય સાથે પ્રબળ બનશે. અંજલિ! મારા જીવન પંથમાં તારા સાથને હું મારું અહોભાગ્ય માનું છું.'' અને શોમે લળીને અંજલિના ગાલ પર ચૂમી કરી...સ્વજનોએ તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા.

''લગ્ન પછી મિજબાનીની રાહ જોવાઈ રહી હતી ત્યારે આ અવનવી લગ્નોક્તિ વિષે આગળ ચર્ચા ચાલી. શોમ અને અંજલિ પોતાની લાગણીઓ, અરમાનોને વચનનું બંધન લાદવા નહોતા માંગતા એ ચર્ચાનો વિષય રસપ્રદ બની ગયો. અંજલિ અને શોમને ઘેરીને બેઠેલા મિત્રમંડળે સવાલ કર્યો. અંજલિએ વૈદ્યજીને આમંત્ર્યા, ''બાબા, આ બિનઅનુભવી મિત્રોને સમજાવો કે અમારો આશય શું છે!''

''આપણે વર્તમાનમાં જે ભાવથી વચનો આપીએ તે આજને માટે તથ્ય છે. જીવનસફરમાં ભાવ બદલાય પણ વચનના બંધનને લીધે તમારે એ સાથ નિભાવવો જ પડે...તે વાતનો અંજલિ અને શોમને અર્થ નથી લાગતો. તે બંન્નેને શ્રધ્ધા છે કે તેમનો સાથ અતૂટ છે. જે પ્રેમને વચનોમાં જકડવો પડે તે વ્યવહાર છે, પ્રેમ નહીં.'' વૈદ્યજીએ સમજાવ્યું. ''હું એક સલાહ આપું કે કોઈ પણ પરિસ્થિતિમાં પતિ-પત્ની ઉભય સાથે સન્માનથી વર્તે.'' સૌ ધ્યાનથી સાંભળી રહ્યા.

''ચાલો, જમવાનો સમય...'' ની બૂમ સંભળાઈ અને 'ઓહો' અને 'આહા' ગરમ ગરમ જલેબી આવતા બધા મીઠા સ્વાદમાં મગ્ન થઈ ગયાં.

પંખીનો મેળો વિખરાયો અને હ્યુસ્ટન જવા માટે ડો.રમેશ, માહી અને સાથે અંજલિના મમ્મી પણ રવાના થયાં. નવદંપતી, ગોઆથી નીકળી પોંડિચેરી જઈને અંજલિના સહાધ્યાયી અને ગુરુજનોને મળીને પછી હ્યુસ્ટન ગયાં.

બે સપ્તાહ પછી હ્યુસ્ટનમાં અત્યંત ઉમંગથી, શોમ અને અંજલિના લગ્નની ભવ્ય ઉજવણીની યોજના કરવામાં આવી હતી. મોટો હોલ ભારતીય ઝલકથી શણગારેલો હતો. તેમાં વળી નામી પિયાનો વગાડનાર હાજર હતા. અનેક ઉમદા ડોક્ટરો, મિત્રો અને સહકાર્યકર્તાઓ હાજર હતા. દેશી અને અમેરિકન શાકાહરી ખાણું હતું. અને છેલ્લે ગીત, સંગીત અને નૃત્ય મોડી રાત સુધી ચાલ્યું.

ભાવવિભોર દિલ સોચે… ક્યાંથી ક્યાં મેળાપ! કુદરતનું કામણ જાણવું અશક્ય છે.

જીવનસફરમાં દરેક ક્ષણ અને દરેક પ્રસંગ પરિવાર જનોની સ્નેહ દોર મજબૂત બનાવતી રહી. અંજલિનું જોષી પરિવાર સાથે પુત્રવધૂ તરીકે રહેવાનું બહુ સહજ હતું. જ્યાં સંવાદિતા હોય ત્યાં સ્વર્ગ વરતાય છે. વર્ષોના વહેણમાં, શોમ અને અંજલિ, તેમના કામની સફળતા અને નિષ્ફળતામાં અડગ સાથીદાર રહ્યાં. તેમનાં ત્રણ બાળકો, દાદા-દાદી અને નાનીના સ્નેહની છાંવમાં ઉછરી રહ્યા હતા.

આવ આપણે એક ઘર એવું બનાવીએ,
જ્યાં સ્નેહની છતછાંવ હો, શ્રધ્ધાની ભીંત હો, ભરોસાની ભોમ હો.
આવ આપણે એક પરિવાર એવો સજાવીએ,
જ્યાં સંવાદિત તાલ હો, પ્રીતિના ગાન હો ને મોટાનું માન હો.

---- **સમાપ્ત** ----

**saryuparikh@yahoo.com**
**લેખિકા : સરયૂ મહેતા-પરીખ** **www.saryu.wordpress.com**
**Austin.Texas**

## પ્રતિભા પરિચય : સરયૂબહેન મહેતા-પરીખ

*અતિ કોમળ ચહેરો જ નહીં પણ જેમની પ્રકૃતિ પ્રેમાળ છે એવા સરયૂબહેન મહેતા-પરીખ તેમનાં પહેલાં પુસ્તક 'નીતરતી સાંજ'ના પરિચયમાં લખે છે કે, "કલા, કવિતા અને સંગીત જીવનમાં શ્વાસ લેવા સમાન છે. નાનપણથી પરિવારે આપેલો મબલખ રસાસ્વાદ અને એમના જીવનસાથી શ્રી દિલીપભાઈનો આધ્યાત્મિક અને કલાસંગીતથી ગુંજતો સહવાસ, એમને સાહિત્ય સાથે સરળતાથી જોડી રાખે છે."*

*મૂળે ભાવનગરમાં સંગીત, સાહિત્ય અને દેશભક્તિના વાતાવરણમાં સરયૂબહેનનું અનેકવિધ પ્રવૃત્તિઓથી રસમય રીતે બાળપણ પસાર થયું. વડોદરામાં બૉટનીમાં અભ્યાસ કર્યા પછી, ભાવનગરમાં સેન્ટ્રલ ગવર્મેન્ટની સ્કોલરશીપ સાથે પી.એચ.ડી શરૂ કર્યું.*

*અમેરિકાથી આવેલ દિલીપભાઈના ટૂંકા પરિચય છતાં સરયૂબહેનને દિલીપભાઈના વિચારોમાં સંવાદિતાની અનુભૂતિ થઈ અને લગ્નગ્રંથીથી જોડાવાનો નિર્ણય લીધો. સરયૂબહેન બ્રાહ્મણ અને દિલીપભાઈ વૈષ્ણવ હોવાથી પિતાનો વિરોધ છતાં, માત્ર જ્ઞાતિ બાધની વાત અયોગ્ય લાગતાં, માતા અને મામા, તેમજ મુનિભાઈ અને ઈલાભાભીના સહયોગ સાથે, બંનેએ લગ્ન કરી લીધાં. પછી, પિતા પણ માની ગયા. પરીખ પરિવારે પૂરા પ્રેમથી આવકાર્યા.*

*અમેરિકામાં શરૂઆતના દિવસોમાં ઘણા સંઘર્ષ વચ્ચે પસાર થતાં આત્મશક્તિ અને ઉભયના ઐક્યના લીધે ખરા અર્થમાં હમસફર બની રહ્યા. સરયૂબહેન જીવનના દરેક અનુભવને ફરિયાદ વગર સ્વીકારે છે. તેમની દુઃખની વ્યાખ્યા જરા જુદી છે...કહે છે કે, "જીવનમાં મુશ્કેલી-દુઃખ કોને માનવું? જ્યારે ઘર છોડી નાની હોડીમાં મધરાતે ભાગવું પડે કે, એવી કોઈ પરિસ્થિતિ- દુઃખ કહેવાય. બીજી બધી સામાન્ય તકલીફોને બહુ મહત્વ ન આપવું." આટલી લાંબી જીંદગીમાં સરયૂબહેનને*

સુખ, શાંતિ અને સ્નેહભાવનો પ્રભાસ સતત રહ્યો છે અને એ જ ભાવ એમના ચહેરા પર છલકાતો જોવા મળે છે.

પતિની નોકરી અંગે પ્રિન્સટન ન્યુજર્સી, કેલિફોર્નિયા, ફ્લોરિડા અને ટેક્સાસમાં રહેવાની તક મળવાથી સરયૂબહેનને દરેક ધર્મ અને અલગ દેશોમાંથી આવતી સહેલીઓનો સાથ મળ્યો. બાળકો કિશોર ઉંમરના હતા ત્યારે તેમણે ફરી કોલેજમાં જઈ મેડિકલ ટેક્નોલોજીસ્ટનું લાઈસન્સ મેળવી કેમિસ્ટ્રી લેબમાં નોકરી કરી.

સરયૂબહેનનાં માતા, ભાગીરથી મહેતાની યાદમાં શિશુવિહાર, ભાવનગરમાં ૧૯૯૪થી 'જાહ્નવી સ્મૃતિ' કવયિત્રી સંમેલન યોજાય છે. શ્વસુર, ક?ષ્ણકાંત, મામા કવિ નાથાલાલ દવે અને માતાની કવિતાઓ સાંભળી હતી છતાં, વિજ્ઞાનના વિદ્યાર્થી સરયૂબહેનનાં મનમાં લખવાનો વિચાર નહોતો ઉદ્ભવ્યો.

૧૯૯૬માં હ્યુસ્ટનમાં સ્થાયી થતાં અહીંની "સાહિત્ય સરિતા ઓફ હ્યુસ્ટનની શરૂઆત અને સાથે નવા કવિ મિત્રોના આગ્રહને લીધે...સરયૂબહેનનાં લખવાનાં શ્રીગણેશ મંડાયાં. પરદેશમાં અનેક વર્ષો રહ્યાં પછી પણ શુદ્ધ ગુજરાતી અને અંગ્રેજીમાં કાવ્યો અને સત્યકથાઓ લખે છે. સરયૂબહેને અંગ્રેજીમાં બે નવલકથાઓ લખી છે. તેમના કાવ્યો, "પ્રીત ગુંજન" અને "ટેરવે ઊગ્યું આકાશ" (ગુજરાત સાહિત્ય અકાદમી) વાર્તાઓ "અખંડ આનંદ" અને અન્ય સામાયિકોઓમાં પ્રકાશિત થઈ છે. તેમનાં કાવ્યો આધ્યાત્મિક અને ગહન વિચારો સાથે સ્નેહરસ ભર્યા હોય છે.

સાહિત્યિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સરયૂબહેનની વાર્તાઓમાં જીવનનાં કડવા સત્યો પ્રગટે છે. સેવા કાર્ય દ્વારા થયેલા અનુભવો પર આધારિત સત્યકથાઓ લખવાનો હેતુ એ છે કે, જેમાંથી ઘરેલુ ત્રાસમાં ઘેરાયેલી વ્યક્તિને માર્ગદર્શન મળે. આ સેવાકાર્ય દરમ્યાન સરયૂબહેનને એવા અનેક અનુભવો થયા જે આજે પણ યાદ કરતાં એમની આંખો ભીની થઈ જાય છે. દેશમાંથી લગ્ન કરીને આવતી યુવતી જ્યારે અમેરિકામાં ગૃહ ત્રાસમાં સપડાય છે ત્યારે ભાષા અને કાયદાના અજ્ઞાનને લીધે લાચાર અવસ્થા

અનુભવે છે. સરયૂબહેન હ્યુસ્ટનમાં Asian Against Domestic Abuse સાથે જોડાઈ અનેક બહેનોને માનસિક તેમજ આર્થિક મદદ કરી અને હજુ કરી રહ્યાં છે

બીજું દ્વાર હતું સેવાકાર્યનું. લિટરસી કાઉન્સિલમાં અંગ્રેજી ભણાવવાનું સેવાકાર્ય કરવાની ટ્રેનિંગ લઈને એ સંસ્થા સાથે જોડાયા. આ દસ વર્ષના સેવાકાર્યમાં ઘણા વિદ્યાર્થીઓને ભણાવવા ઉપરાંત બીજા સેવાકાર્યો કરતાં રહ્યાં છે.

તેમનો પુત્ર સમીર, Law-Professor, પરિવાર સાથે પોર્ટ્લેન્ડમાં રહે છે. દીકરી ડો.સંગીતાના કુટંબથી નજીક ઘર બંધાવી ઓસ્ટિન, ટેક્સાસમાં ૨૦૦૯થી તેઓ રહેવા આવી ગયાં. અહીં (asylum) આશ્રય શોધતા દુ:ખી વ્યક્તિને મદદ કરવાની સેવા શરૂ કરી. નેપાળ, પાકિસ્તાન વગેરે જગ્યાએથી નાસી આવેલા લોકોને લઈને વકીલ સરયૂબહેન પાસે આવતા અને એમની હિંદીભાષી કરૂણ કહાણી સરયૂબહેન વકીલને અંગ્રેજીમાં સમજાવતા. અમેરિકામાં રહેવાના હક્ક માટે કોર્ટ કેસની તૈયારી વગેરેમાં સરયૂબહેન સેવાકાર્ય આપતા રહ્યા છે.

સરયૂબહેનની કલમથી કવિતા પ્રગટે અને દિલીપભાઈના હસ્તે સુંદર ચિત્રો સર્જાય! તેમનાં ઘરમાં શાસ્ત્રીય સંગીત હંમેશા ગુંજતું હોય છે. આવા સંગીતમય વાતાવરણમાં બંને નિવૃત્તિમાં નિજાનંદી પ્રવૃત્તિમાં વ્યસ્ત છે.

**સરયૂબહેનનો કાવ્યમય પરિચય...**

વતન ભાવનગર, મીઠો વાસ, 'ગંગોત્રી' મુજ મૈયર આવાસ
હરિભાઈ પ્રમાણિક પિતા, કવયિત્રી ભાગીરથી માતા, પદ્મશ્રી મુનિભાઈ ભ્રાતા.
કલાકાર દિલીપ જીવનસાથી, બાળકો બે પ્રભુની કૃપાથી.
અમેરિકામાં વર્ષોના વાસી,
આધ્યાત્મિક જ્ઞાનના પિપાસી, સંગીત સાહિત્યના મીમાંસી.

--- **પ્રતિભા પરિચયઃ રાજુલ કૌશિક શાહ**

## -: સત્યકથાઓ :-

*હ્યુસ્ટન, ટેક્સાસમાં મેં ૧૯૯૬-૨૦૦૯ સેવાકાર્ય કરેલું. એ સમયના અનુભવોના આલેખનથી કોઈને માર્ગદર્શન અને પ્રેરણા મળે. અંગ્રેજી શીખવતી સેવા સંસ્થામાં સેવાકાર્યના અને ઘરેલું ત્રાસમાં સપડાયેલી સ્ત્રીઓની કહાણી પર આધારિત વાતો લખી છે. ઓસ્ટિનમાં આવ્યાં પછીના સેવાકાર્યની વાત પણ લખી છે.*

### ૧. વસંતના ફૂલ

જુદા જુદા દેશ અને ધર્મવાળી, અનાયાસ મળી ગયેલી, પાંચ બેનપણીની કથા.

અમેરિકાના રહેવાસના ત્રીજા દસકામાં, વ્યવસાયના કારણો અમને હ્યુસ્ટન, ટેક્સાસમાં લઈ આવ્યા હતાં. નવી જગ્યામાં સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની ઈચ્છા સાથે, પુખ્ત ઉંમરના વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવતી સેવાસંસ્થા સાથે જોડાવાના આશયથી, એમના તાલીમ ક્લાસમાં ગયેલી. શનિવારે આખા દિવસનો કાર્યક્રમ હતો. હું કોઈને ઓળખતી ન હતી. લંચ સમયે, મેલીંગ નામની બહેન મળતાવડી લાગી. એણે મને એકલી જોઈ બાજુના ટેબલ પર સાથે બેસવા બોલાવી. બધા સાથે પરિચય થયો. રોબીન, ખૂબ ગોરી, માંજરી આંખોવાળી અને મીઠા સ્મિતવાળી અમેરિકન હતી, જેણે અડતાલીસ વર્ષની ઉંમરે ટીચર બનવાનું સ્વપ્ન પૂરું કર્યું હતું અને નોકરીની રાહમાં હતી. મેલીંગ, નિવૃત્ત થયેલ શિક્ષિકા હતી. જીની, કેનેડાની હતી...વર્ષોથી અમેરિકામાં એન્જિનીઅર પતિ અને દીકરીઓ સાથે વસતી હતી. માર્ગરેટ, અનોખી તરી આવે તેવા વ્યક્તિત્વવાળી હતી.

મેં મારું શાકાહારી ભોજન શરૂ કરતાં જ એની સુગંધ અને મસાલા વિશે અને "ભારતીય ખાણું ભાવે," વગેરે વાતો થવા માંડી. મેં બટેટા વડા ચાખવા માટે આપ્યા. એ ટેબલ પર અમે જુના ઓળખીતા હોઈએ એવી સહજતાથી વાતોએ વળગ્યા. મેં હળવાશથી સૂચવ્યું કે આવતા અઠવાડિયે મારે ઘરે લંચ સમયે ભેગા

થઈએ! અને મારા... આશ્ચર્ય વચ્ચે, એ લોકો તૈયાર થઈ ગયાં અને અમે એક બીજાના ફોન નંબર વગેરે લઈ લીધા.

મારે ઘરે મળવાના દિવસે, 'સાવ અજાણ્યાની સાથે લંચ કેમ થશે!' એવી ઉત્કંઠા હતી. દરેક જણ એક વસ્તુ બનાવીને લાવવાના હતા. મને શંકા હતી કે ઓછું બોલતી જીની આવશે કે નહીં! પણ, પહેલી એ જ આવી. પછી રોબીન, માર્ગરેટ અને મેલીંગ પણ સમયસર આવી ગયા. વાતોનો દોર બરાબર જામ્યો. માર્ગરેટના પતિ પણ એન્જિનીઅર હતા. માર્ગરેટ ઓસ્ટ્રેલિયા પાસેના, ટાસ્મેનિઆ નામના ટાપુ પર ઊછરેલ. મેલીંગ પનામાની હતી અને તેના અમેરિકન પતિ ચર્ચના પાદરી હતા. અમે પાંચે કોલેજ સુધીનો અભ્યાસ કરેલા, સફળ કારકિર્દીવાળા પતિ સાથે અનેક સ્થળોએ રહેલા અને દરેક લગભગ ચાલીશ વર્ષના લગ્નજીવનમાં સુખી બહેનોનો, અણધારી જગ્યાએ, જાણે અનાયાસ મેળ પડી ગયો. છુટા પડતા પહેલાં અમે પોતાની ડાયરી કાઢી, આવતા મહિને કોને ત્યાં મળશું એ નક્કી કરી લીધું.

પછી તો દર મહિને, મળવાનું, સાથે સાહિત્ય, કલા અને ફીલોસોફીકલ ચર્ચાઓ તેમજ વ્યક્તિગત વાતો કરવાનો મહાવરો થઈ ગયો.... અમે પહેલેથી શું બનાવી લાવવું એ નક્કી ન કરતાં તો પણ બધું વ્યવસ્થિત થઈ પડતું. મોટો ફેરફાર એ થયો કે, મારા તરફથી કોઈ અણગમો કે આગ્રહ ન હોવા છતાં, ભાગ્યે જ કોઈ અશાકાહારી ખોરાક સામેલ થતો. અમારા પાંચે જણાના પતિઓ સાથે, સાંજના ખાણા માટે, પણ ક્યારેક ભેગા થતાં. આમ વિવિધ સંસ્કારિતાને ચાખવાનો, એમના કુટુંબના સભ્યો સાથે ક્રિસમસ કે દિવાળી ઉજવવાનો અવસર પણ મળતો.

જે સાવ અશક્ય લાગતી હતી એવી, જીની અને મારી વચ્ચેની મિત્રતા સમય સાથે દ્રઢ બનતી ગઈ. એમના પતિ છપ્પન વર્ષે નિવૃત્ત થઈ ગયા પણ એનો આનંદ મળે એ પહેલાં તો એમને પ્રોસ્ટેટ કેન્સરનું નિદાન થયું. આ આઘાતજનક વાત જીની મારી સાથે કરતી અને જીવનમાં આવેલ ઉથલપાથલમાં સમતોલન રાખવા પ્રયત્ન

કરતી.  બધાને એ સમાચાર કહેવાની હિંમત આવતા બે વર્ષ નીકળી ગયા હતા. જીની પાસેથી હું ગૂંથતા અને સારું સીવણકામ શીખી. પાંચે જણાનું ભેગા થવાનું અનિયમિત થતું ગયું પણ હું અને જીની મહિને એકાદ વખત, કોઈ પણ આગળથી યોજના બનાવ્યા વગર, થોડા કલાકો બહાર નીકળી પડતા. પતિની માંદગીને કારણે જીની માટે થોડા કલાકો ઘરની બહાર નીકળી જવાનું જરૂરી બની ગયું હતું.

રોબીનના પિતાજી ભારતમાં થોડો સમય રહેલા. એમના શીખેલા શબ્દો "જલ્દી જલ્દી" કે "ક્યા દામ હૈ?" એવા પ્રયોગો રસ પૂર્વક કરી એ પોતાના અનુભવો અમારી સાથે વાગોળતા. રોબીન અને એમના પતિને ધાર્મિક અને સેવા કાર્યો સાથે કરવામાં ઘણી મીઠી સંવાદિતા હતી. રોબીન એના ચર્ચમાં બહેનોના ગ્રુપની પ્રમુખ હતી. દર વર્ષે અમે પાંચે બેનપણીઓ એના સમારંભમાં આગળના ટેબલ પર, મુખ્ય મહેમાન સાથે માનથી ગોઠવાતા. એક દિવસ ખાસ યાદ છે...એ સમયે હું વિવિધ કારણોને લઈ ચિંતિત રહેતી. એ સભા દરમ્યાન ચર્ચના વક્તાએ કહ્યું કે, "હું હંમેશા ઈશુની સામે જઈને અમારા ભવિષ્યની "શું યોજના છે?" એવો સવાલ કરતી. પણ મનમાં જાગૃતિ થતાં મેં ભગવાનની પાછળ ચાલી,...એમની યોજના સ્વીકારવાની શરૂ કરી." આ સામાન્ય વાતની મારા દિલ પર સચોટ અસર થયેલી અને ત્યાર પછી ચિંતા વગર, પ્રમાણિક યત્ન કરવાનો અને જે મળે તેનો સહજ સ્વીકાર કરવાનો, એ મારો જીવનમંત્ર બન્યો. ભગવત ગીતામાં શીખેલ પાઠ ચર્ચમાં ઉજાગર થયો.

મેલીંગની જેવી મીઠી બોલી હતી, એવું જ વિશાળ દિલ હતું. અમારા દસેક વર્ષના સહવાસમાં મેં એને ક્યારેય કોઈ વ્યક્તિ વિશે અણગમો બતાવતા નથી સાંભળી. એમના પતિ જે ચર્ચમાં પાદરી હતા તે જ ચર્ચમાં મેલીંગ મોટી સંખ્યામાં પુખ્ત ઉંમરના બહેનો અને ભાઈઓને અંગ્રેજી ભણાવવાનું સેવા કાર્ય કરતી. પોતાના માત-પિતા અને કુટુંબને અનન્ય સન્માન અને સ્નેહથી સિંચતી જોવી એ લ્હાવો હતો. એના યુવાન પુત્રને રમતા થયેલ ગંભીર ઈજા વખતે અમે સર્વ એની સાથે પ્રાર્થનામાં

જોડાયા અને મહિનાઓ સુધી તેના મનોબળનો આધાર બની રહ્યાં. હજી સુધી મારા જન્મદિવસે હું સામેથી એની શુભેચ્છા મેળવવા ફોન કરું છું, એવી અમારા વચ્ચે સરળ પ્રેમાળ ભાવના છે.

માર્ગરેટ ટાસ્મેનિઆથી આવીને દુનિયાના આ બીજે છેડે વસી હતી, પણ એનું દિલ તો એની પ્યારી જન્મભૂમિમાં જ રહેતું. એના પતિ સારા હોદ્દાની નોકરી કરતા હતા. એમના વિશાળ બંગલામાં ઘણી વખત બપોરનું જમણ અને કેટલીક સાંજની મીજબાની વૈભવશાળી બની રહેતી. માર્ગરેટ એના ચર્ચમાં પ્રાર્થના મંડળમાં

નિયમિત ગાતી અને ઘરે કલાત્મક ભરતકામ કરતી.

મને સાહિત્યમાં રસ તેથી હું એનો રસાસ્વાદ કરાવતી રહેતી. અમે ભગવત ગીતા, ઓશો અને બીજા હિંદુ ગ્રંથો સાથે બાઇબલ અને કુરાન વિશે પણ રસપૂર્વક ચર્ચા કરતા. દરેક સખી પોતાના ધર્મમાં સ્થિર મનવાળા હોવાથી, વિવિધના ધર્મ પ્રસંગોમાં સંપૂર્ણ રસ અને માનથી સહયોગ દેતા. આવા સરળ અને આધ્યાત્મિક વિચારોની ચર્ચાના વાતાવરણમાં અમારો ખરો કસોટીનો પ્રસંગ ઉપસ્થિત થયો.

મારા પતિ અને હું માનવધર્મમાં શ્રધ્ધા હોવાનું વિશ્વાસ સાથે કહેનાર માટે કસોટીનો સમય આવેલ જ્યારે અમારી દીકરીએ બાંગલાદેશી મુસ્લિમ સાથે લગ્ન કરવાની સંમતિ માંગી. પરિચય અને સહજ સ્વીકારથી મીઠા સંબંધો શક્ય બન્યા. નાતજાત કરતાં, વ્યક્તિનું મૂલ્ય અમારે મન વધારે મહત્વનું બની રહ્યું.

મારા સ્વભાવ અનુસાર બધાને સ્નેહતંતુથી બાંધી રાખવાની જવાબદારી મેં સહજ રીતે અપનાવી લીધેલી. એ વર્ષે મારી બીજી વસંતઋતુ ટેક્સાસમાં હતી. કુદરતના ખોળે રંગીન ફૂલો  છવાયેલાં હતાં. એની પૂરબહાર મૌલિકતા માણવા અમે એક દિવસ વહેલી સવારે નીકળી ગયા. જીનીમાં ક્યાં અને કઈ રીતે જવાની આગવી સમજને કારણે મોટે ભાગે એ જ કાર ચલાવતી.

બ્લુ બોનેટ્સના ફૂલો મધ્યમાં અને ચારે તરફ  સફેદ, લાલ અને પીળા રંગના કુસુમ-સાથિયા જોઈને દિલ તરબતર  થઈ  ગયું. બપોરના સમયે જમણ માટે એક ઘરમાં દાખલ થયા. રસોઈ બેઠકમાં લાંબા બાંકડાઓ ગોઠવેલાં હતાં, જ્યાં ટેક્સાસના બે cowboys, બેઠેલા. ખેડૂત જેવો પહેરવેશ અને ફાંકડી હેટ અને બુટમાં શોભતા હતા. એમની પાસે અમે પાંચે સામસામા ગોઠવાયા. એ અજાણ્યા ભાઈઓ સાથે મેલીંગ અને રોબીન મીઠાશથી વાતો કરવા લાગ્યા. અમે પાંચે સેવાભાવથી કામ કરતી સંસ્થામાં જોડાયેલાં હતાં, અને એ રીતે મિત્રો બન્યા છીએ, એ વાત પણ નીકળી. જમવાનું આવ્યું અને પછી ‘ચેરી-પાઈ’ અને ‘એપલ-પાઈ’ પણ મંગાવવાની વાત અમે કરી રહ્યાં હતાં. બંન્ને ભાઈઓનું જમણ પૂરું થતા, ટેક્સન સ્ટાઈલથી, આવજો કરીને બહાર બીલ આપવા ઊભેલા જોયા અને પછી દૂરથી સલામ કરી જતા રહ્યા.

થોડી વારમાં વેઇટ્રેસ આવીને પૂછે કે, ‘‘ગળ્યામાં કઈ પાઈ તમારે લેવાની છે?’’

અમને નવાઈ લાગી, ‘‘તમને કેવી રીતે ખબર કે અમારે પાઈ લેવાની છે?

‘‘પેલા બે સજ્જનો તમારું, પાઈ સહિત, પૂરું બીલ ભરીને ગયા છે.’’ વાહ! અમને ટેક્સન મહેમાનગતીનો અવનવો અનુભવ થયો. અમારા ધન્યવાદની અપેક્ષા રાખ્યા વગર એ બંને ચાલ્યા ગયા હતા.

દસેક વર્ષની મિત્રતા પછી, રોબીન કોલોરાડો અને અમે હ્યુસ્ટનથી દોઢસો માઈલ દૂર, ઓસ્ટિનમાં જઈને વસ્યા તો પણ અમારો સખીભાવ કાયમ રહ્યો. થોડા દિવસ પહેલા જ જીનીએ તેના પતિ વિષે લખ્યું કે, ‘‘બીમારી સામેની લડત સમાપ્ત થઈ છે. એમનું શાંતિપૂર્વક મૃત્યુ થયું છે.’’ મારા કહેવાથી, થોડા દિવસ જીની મારી સાથે રહેવા આવી અને સુસંગતનો સમય ફરી શક્ય બન્યો. ગયા વર્ષે રોબીન કોલોરાડોથી ઓસ્ટિન આવી અને અમે દસ વર્ષ પછી ફરી હ્યુસ્ટનમાં જીનીને ઘેર મધુર સખી મેળાપ મ્હાણ્યો.

સદભાવનાની સુવાસ જાણ્યે અજાણ્યે દિલથી દિલને સ્પર્શી, પ્રસરતી રહેતી હોય છે તેના અનેક અનુભવો જીવનમાં થયા છે. અમેરિકા આવી ત્યારે કોઈક લોકો એવું કહેતા કે, તમને આ પરદેશીઓ સાથે મિત્રાચારી થાય પણ મિત્રતા નહીં. મારા અનુભવમાં એવું વિધાન પાયા વગરનું સાબિત થયું છે. કેટલાક મિત્રો સાથે છેલ્લા પાંત્રીસેક વર્ષોથી ગહેરી દોસ્તી રહી છે. એક વાત યાદ આવે છે.... એક આગંતુક ગામના મુખિયાને પૂછે છે, "આ ગામમાં કેવા લોકો છે?" મુખી કહે, "ભાઈ, તું આવ્યો એ ગામમાં જેવા લોકો હતા ને,...હા! બસ એવા જ."

સ્વીકાર અને સમર્પણની નિર્મળ લાગણીઓ સંબંધોમાં સુવાસ લાવે છે, અને મિત્રતાની સંવાદિતામાં હસતાં ચહેરાઓ આ જીવનને વૈભવશાળી બનાવે છે.

○



Mei-Ling Saryu Giny Robin

**--- વસંતના ફૂલ. લે.સરયૂ પરીખ**

## ૨. ભણાવતા-- ભણી લીધું

હું વિજ્ઞાનની વિદ્યાર્થિની, શિક્ષક તરીકે કેવું કામ કરી શકીશ તે વિટંબણા સાથે Literacy Council, અક્ષરજ્ઞાન આપતી સ્થાનિક સંસ્થાની ઓફીસમાં મળવા ગઈ. સામાન્ય વસાહતનાં નાના મકાનમાં ઉત્સાહ અને આવકારનું વાતાવરણ હતું અને તેનું કારણ તેની નાજુક અને ચેતનવંતી વ્યવસ્થાપક શેલીને કારણે હતું. તેનાં હાસ્યભર્યા સ્વાગતથી જ મારો આત્મવિશ્વાસ ઊંચે સ્તરે પહોંચી ગયો.

“હું થોડાં સમયથી હ્યુસટનમાં રહેવાં આવી છું અને મારે સેવાનાં કામમાં જોડાવું છે. મારી પાસે કોલેજનું શિક્ષણ છે પણ શિક્ષક તરીકેનો અનુભવ નથી.” મારો પરિચય આપતાં મેં જણાવ્યું અને શેલીએ મને પોતાનાપણાથી આવકારી લીધી.

આમ, મારા જીવનનાં પાંચમાં દસકામાં ભણાવવા જતાં -- ભણવાનું શરૂ થયું. અંગ્રેજી શીખવતાં સભ્યોને માટે તાલીમ ક્લાસ હોય છે તેમાં હું જોડાઈ. હું કોઈને ઓળખતી ન હતી. લંચ સમયે, મેલીંગ નામની બહેન મળતાવડી લાગી. એણે મને એકલી જોઈ બાજુના ટેબલ પર સાથે બેસવા બોલાવી. બધા સાથે પરિચય થયો. સેવા કરવા જવાનો પહેલો લાભ...મને ચાર નવી બેનપણીઓ મળી અને તેમની સાથેની વર્ષોની મૈત્રી દરમ્યાન વિવિધ દેશો અને ધર્મોનો અનાયાસ અભ્યાસ થયો.

મારી પહેલી વિદ્યાર્થિની, રોઝા, મેક્સિકોની હતી. તેની સ્પેનિશ અને મારી અંગ્રેજીની સમજ-ગાડી ધીમેધીમે આગળ ચાલી. રોઝા ચાલીસ વર્ષની હતી પણ કદ બહુ નાનું હતું અને અપેક્ષાઓ ઘણી મોટી હતી. તેની માતા સાથે થતાં અણબનાવ વિષે ફરિયાદ કરતી જાય અને ભણતી જાય. મને સમજાયું કે ગમે તે સામાન્ય વ્યક્તિને પોતાની મુશ્કેલીઓ અસામાન્ય લાગે છે. થોડા સમયમાં રોઝાને કોઈ નોકરી મળતાં તેણે આવવાનું બંધ કર્યું. દરેકમાં ‘હું પણા’નું પ્રમાણ પોતે કેવા દેખાય છે! કેવા પૈસાદાર છે! તેના પર આધારિત નથી પણ અંતરગત સ્વભાવ પર આધારિત છે.

પછી આવી બહુ ભોળી અને મંદબુદ્ધિ આફ્રિકન-અમેરિકન, બાર્બરા. તેની વાતચીત કરવાની રીત મારે માટે નવી હતી. આડત્રીસ વર્ષની બાર્બરા તેના બે બાળકો, ઓગણીસ વર્ષની દીકરી અને સત્તર વર્ષના દીકરા સાથે માતા-પિતાને ઘેર રહેતી હતી. બંન્ને બાળકોના પિતા ક્યાં છે તે પત્તો નહોતો. આટલી નાની ઉંમરે બાળકો? એ સવાલના અનુસંધાનમાં તેણે તરત કહી દીધું કે, તે હવે સાવધાન છે... તે ઉપરાંત, 'ટ્યુબ ટાઈ' કરાવી દીધી તેથી 'વધારે બાળકો નહીં થાય.'

બાર્બરા હોસ્પિટલમાં સફાઈ કામ કરતી હતી. હાઈસ્કૂલ પાસ કહેવાય કારણકે નપાસ નહોતા કરતા. અંગ્રેજી સુધરે તો પોસ્ટલ સર્વિસમાં પરિક્ષા પાસ કરીને સારી નોકરી મળે તે આશયથી મારી પાસે ભણવાનું શરૂ કર્યું હતું. તેને નજીક પડે તે લાઈબ્રેરીમાં ખાસ પરવાનગી લઈ હું તેને સપ્તાહમાં બે વખત મળતી. મજાની વાત એ હતી કે, જે સમય નક્કી કરીએ તેનાંથી પંદર મિનિટ મોડા આવવાની તેની પધ્ધતિનું અનેક વખત પુનરાવર્તન થતું. જે હું કહું તે હસીને સાંભળી રહે ત્યારે તેનાં મોઢામાં એક સોનાનો દાંત હતો તે ધ્યાન ખેંચે. બીજા દાંતમાં તકલિફ થતાં તેને ઠીક કરાવવા બાર્બરા કોઈ મફતમાં ચાલતા ક્લિનીકમાં જતી હતી. એક દિવસ આવીને કહે કે, "મારી સારી દાઢ ડેન્ટિસ્ટે ભૂલમાં કાઢી નાખી." બાર્બરાને પોતાનો મુદ્દો સમજાવવાની તકલિફ હતી એ વાત ખરી, પણ આવી મોટી ભૂલ! અબૂધ લોકોની કેટલી હદ સુધી અવગણના થતી હોય છે!!


બાર્બરાનું અંગ્રેજી તો ખાસ ન સુધર્યું, પણ મારી મદદથી પોસ્ટલ પરીક્ષાની તૈયારી કરતા ઘણી સમજ વધી... ભલે પાસ ન થઈ. બાર્બરાની દીકરી પણ કમાવા માંડી હતી. બાર્બરાએ પોતાનું ઘર ખરીદવા માટે પ્રયત્ન શરૂ કર્યા. મેં રીઅલએસ્ટેટ એજન્ટ તરીકે બહુ વર્ષો પહેલાં કામ કરેલું. બાર્બરાને હ્યુસ્ટનના એજન્ટ ઊઠાં ન ભણાવે એ માટે હું ચાંપતી નજર રાખતી હતી. નાના મોટા કેટલાયે પ્રશ્નોનો નિકાલ કરવામાં

તેને મદદ કરવાની તક મળી. ત્રણ વર્ષમાં...મારી સાથેનાં અભ્યાસના પરિણામ રૂપે, બાર્બરાની જાણકારી ઘણી વધી, અને એક ગૌરવશાળી મકાનમાલિક બની. બાર્બરાના સાથમાં મને અભણ લોકોની મુશ્કેલીઓ સ્પષ્ટ રીતે ધ્યાનમાં આવી. ભણવું હોય અને મગજ સાથ ન આપે એ એક મોટી લાચારી છે. અને દુનિયામાં ચાલાક માણસોનું વર્ચસ્વ વિસ્તરેલું છે... "બુધ્ધિ અતિ બલવાન."

ચોથા વર્ષે મૂંગી-બહેરી ટીએનનો મને પરિચય કરાવવામાં આવ્યો અને તેને અંગ્રેજી શીખવતા મારા જીવનનો સાવ અજાણ્યો દષ્ટિકોણ મુખરિત થયો. મલેશિયાથી આવેલ ચાઈનીઝ કુટુંબની ટીએન, હાઈસ્કૂલ પાસ હતી પણ કોલેજમાં જવા માટે અંગ્રેજી ભાષામાં કાબેલિયતની જરૂર હતી. ટીએનને શીખવતા મારું પણ અંગ્રેજી વ્યાકરણ સારું થયું. ટીએન મારા જીવનમાં આવી, અને વર્ષોથી રોકાઈ ગઈ છે.

એક ખાસ અનુભવ મને બૌધ-ધર્મની સાધ્વીઓ સાથે થયો. શિક્ષણ સંસ્થામાં લગભગ આઠ સાધ્વીઓ અને બે સાધુઓ અંગ્રેજી શીખી રહ્યાં હતાં. વાળ નહીં કે કોઈ અલંકાર નહીં, બધાં એક સરખા સાદા સફેદ અને વાદળી રંગના પહેરવેશમાં ભણવા માટે ઉત્સુક દેખાતાં. નાનીસી વાત પર તેમનાં ચહેરા પર શાંત સરળ હાસ્ય બહુ જ સહજ રીતે ખીલી ઊઠતું. સાધ્વીઓનો પરિચય વધતાં એમણે મને તેમનાં આશ્રમમાં બપોરનો પ્રસાદ લેવા આમંત્રી. તેમનું પ્રેમાળ સ્વાગત અને સાદો ખોરાક પીરસવાની રસમ વિશિષ્ટ હતી.

હ્યુસ્ટનમાં ભગવાન બુધ્ધના બે આશ્રમો છે. મારા વિદ્યાર્થીઓ વિએટનામી હતાં અને તેમનો આશ્રમ ચિન્મયામિશનની સામે જ હતો. મારા વિદ્યાર્થીઓમાં એક અગ્રગણ્ય સાધ્વી હતાં તેમને હું ચિન્મયા- મઠના આચાર્યને મળવા લઈ ગઈ હતી. બંન્ને સંત વ્યક્તિઓ એકબીજાનાં પરિચયથી પ્રસન્ન થયાં અને પ્રસંગોપાત આપસમાં પોતાના વિભાગમાં કાર પાર્ક કરવા દેવી વગેરે સહાયતા કરવા માટે સહમત થયાં. મારા




વિદ્યાર્થીઓને પોતાના દેશ પાછાં ફરવાનો સમય આવી ગયો. છેલ્લા દિવસે ગુરુદક્ષિણામાં ફૂલ, ફળ આપ્યાં અને એક સાધ્વીએ સ્કાર્ફ આપેલો તે વર્ષો પછી પણ તેમનાં મધુર સાથની યાદ આપે છે.

ગયા વર્ષે ઓસ્ટિનથી હ્યુસ્ટન ગઈ એક મિત્રનાં બેસણામાં જવાનું થયું. હું લોકોના મહેરામણમાં નજર ફેરવતી હતી ત્યાં દૂર સોફા પરથી શેલી મને જોઈને સફાળી ઊભી થઈ ગઈ.

“ઓહો, સરયૂ! કેટલા બધા વર્ષો પછી ફરી મળ્યાં!” શેલી દસેક વર્ષથી નિવૃત્ત થઈ ગયેલી. એંશી વર્ષથી પણ વધું ઊંમરની, તો પણ ચેતનવંતી હતી. શેલીને Literacy councilમાં વીશ વર્ષ પહેલાં મળવાનું અને ફરીને એ દિવસે મળવું … જાણે એક આવર્તન પૂરું થયું હોય તેવું લાગ્યું.

**દસકામાં વિભાજન**

અવિરત આ જીવનમાં દસકાનુ દર્પણ, પ્રતિબિંબ અલગ કર્મ ક્ષેત્રને સમર્પણ.
શિશુકાળ પ્રેમાંગણ હસી ખીલ્યાં ચાતુર, બીજા દાયકામાં, ચિત્ત ઉત્સુક ને આતુર.
ત્રીજા દસકામાં જીવન પૂર્ણ કળા ખીલ્યું, ચોથામાં, ફૂલ મધુ ફળ બની વિલસ્યું.
પંચમ દસકામાં, અનુભવથી ગંભીર, સેવા સમર્પણ ધ્યાન અંતર મંદિર.
છઠ્ઠા દસકામાં, પૌત્રપૌત્રીની સંભાળ, અદભૂત આ આજ ગુંથે કાલની ઘટમાળ.
ગયા દાયકાઓ, પરછાઇને નિહાળું પળની કોઇ પરિમલમાં મનને ઝબોળું
એકએક કર્મને મેં પૂર્ણતાથી મ્હાણ્યું, શાંતિ સંતોષ સહજ એ જ મહેનતાણું.

**--- ‘ભણાવતા ભણી લીધું.’ લે.સરયૂ પરીખ**

*મારા ઓષ્ઠો હલે ને તારી આંખ સાંભળે. મૃદુ મનના તરંગ અનુકંપ સાંભળે.*
*મુંગી-બહેરી...*

## ૩. ટીએન... એક વિદ્યાર્થિની

એક ટૂંકી સફર પછી હું ભારતથી, હ્યુસ્ટન, ટેક્સાસમાં પાછી ફરી હતી. ફોન પરના સંદેશાઓમાં, મિસ.પેગીનો સંદેશો રસમય લાગ્યો. પુખ્ત વયના લોકોને અંગ્રેજી શીખવતી સેવા-સંસ્થા સાથે હું પાંચ વર્ષથી જોડાયેલી હતી અને મિસ.પેગી નૈદ્વિષ્ઠઅ ર્ઝેહષ્ટૈક્ષમાં વ્યવસ્થાપક હતાં. સંદેશામાં કહ્યું હતું કે, ‘‘સરયૂ, એક મજાની ટીએન નામની બાળાને મળી શકશો? આશા છે કે એને અંગેજી શીખવવાનો સમય તમે ફાળવી શકો.’’

ટીએન અને તેનાં પિતા અમારી ઓફિસમાં મળવા આવ્યાં. હસતી મજાની જાપાનની ગુડિયા જેવી ટીએનને મળતા મને ખ્યાલ જ ન આવ્યો કે એ બોલતી નહોતી. એના પિતાએ પરિચય આપતા કહ્યું, ‘‘અમે બે વર્ષ પહેલાં મલેશિયાથી અહીં આવ્યા છીએ. અમારી ટીએન હાઈસ્કૂલ પાસ છે પણ અંગ્રેજી નબળું છે તેથી કોલેજમાં પ્રવેશ મળવો મુશ્કેલ છે. ટીએન બચપણથી મૂંગી અને બહેરી છે. કાનમાં થોડા સમયથી, કોક્લિઅર ઈમ્પ્લાન્ટ, સાંભળી શકે તેવું સાધન, મુકાવ્યું છે.’’

આટલા વર્ષોમાં પહેલી વખત કોઈ મૂક-બધિર વ્યક્તિને નજીકથી જાણવાનો પ્રસંગ આવેલો. મને થયું, ‘‘બસ, સાંભળી શકશે એટલે બોલતા પણ શીખી જશે’. મારી એ ભોળી ધારણા સાવ ખોટી પડશે એ કલ્પના નહોતી. પહેલે દિવસે મેં ટીએનને તેના ભવિષ્યના સપનાઓ અને ધ્યેય વિષે થોડું લખી લાવવા કહેલું. બે પાનાં ભરીને લખાણ લઈ આવી, જેમાં તેનો ઉત્સાહ છલકતો હતો. એને તો નર્સ કે ડોક્ટર, or graphic designer, આલેખન ચિત્રકાર, બનવું હતું. ભાષાનાં

વ્યાકરણ પરનું પ્રભુત્વ નહોતું, પણ પોતાના વિચારો લખીને બરાબર જણાવ્યા હતાં. અમારી વાતચીત કાગળ પેનના માધ્યમથી ચાલુ થઈ. તેના મુખ પર સ્મિત સાથે બદલાતા ભાવ મને વાંચવાં બહુ ગમતા.

મને લખીને કહે, "તમે સાઇન-લેંગ્વેજ શીખી લો."

મેં લખ્યું, "ટીએન, પહેલાં તારે બોલતાં શીખવાનું છે. હું ઈશારાની ભાષા પછી શીખીશ." ફરી હસીને માથું હલાવી સહમત થઈ ગઈ. એ થોડા શબ્દો બોલવા પ્રયત્ન કરતી પણ મને ન સમજાતાં, લખી બતાવતી હતી. અભ્યાસનો સમય પૂરો થયો ત્યારે મને પ્રસન્નતાથી ભેટીને ચાલી ગઈ.

વધારે મદદ મળે તે ભાવના સાથે મેં સંસ્થાના મુખ્ય વ્યવસ્થાપક દ્વારા તપાસ કરી કે, ટીએન માટે speech therapist, વાચા-ચિકિત્સક મળી શકે? વ્યવસ્થાપક ઉત્સાહથી બોલ્યા, "હાં, આપણા સેવા શિક્ષકના સમૂહમાં, મિસ.લીન નામના થેરપિસ્ટ બહેન છે." અમને થયું કે, 'વાહ! હવે તો ટીએનને અભ્યાસમાં બંન્ને રીતે વેગ મળશે!' અઠવાડિયામાં બે વખત ભણવાનું ચાલું થયું.

એ મારી પાસે અંગ્રેજી શીખી રહી હતી અને હું તેની પાસેથી જીવનના અવનવા પાસા વિશે... ન બોલી શકે, ન સાંભળી શકે, એ વ્યક્તિની માનસિક સ્થિતિ કેવી હોય એ વિષય પર પહેલાં મને ભાગ્યે જ વિચાર આવ્યો હતો. ટીએનનો પરિચય વધતા જોઈ શકી કે એને પોતાની ખામીઓનુ બંધન એટલુ નહોતું, જેટલું અમને સમજદાર વડીલોને હતું. અનેક વખત અમને તેના વિચારોની રજુઆતથી આશ્ચર્યમાં મૂકી દેતી.

વાચા-ચિકિત્સક સાથે ઘણાં ક્લાસ કર્યા પણ બોલવામાં ખાસ સફળતા ન મળી. ટીએન થોડાં મહિનાઓથી કોલેજમાં દાખલ થવા પ્રવેશ-પરીક્ષા આપવાની તૈયારી

કરી રહી હતી. પરિણામમમાં ગણિતમાં સારા ગુણાંક આવ્યા પણ અંગ્રેજીમાં ઓછા હતાં. કોલેજના પ્રમુખે સહાનુભૂતિપૂર્વક થોડી બાંધછોડ કરી, પછી ટીએનને community collegeમાં પ્રવેશ મળ્યો. એ ટીએન અને એના કુટુંબ માટે સફળતાનું પહેલું પગથીયું હતું. ટીએન અમાપ ઉત્સાહથી મહેનત કરવા લાગી હતી.

અમેરિકામાં બહેરા વિદ્યાર્થી માટે ખાસ સગવડતા કરી આપવાના નિયમ પ્રમાણે, ક્લાસમાં ટીએનની બાજુમાં નક્કી કરેલ વ્યક્તિ બેસી કોમ્પ્યુટર પર અધ્યાપકનું વ્યાખ્યાન ટાઈપ કરે. ટીએન વર્ગમાં પ્રવક્તાના હોંઠ વાંચીને જે સમજાય તે સમજી લે. ત્યાર બાદ કમ્પ્યુટરની નોંધના આધારે આગળ અભ્યાસ કરતી. ટીએનને વિષય તૈયાર કરવામાં ખૂબ તકલિફ પડતી અને બધા કરતાં પાછળ પડી જતી. હવે અંગ્રેજી સાથે બીજા વિષયો માટે પણ એને મારી મદદની જરૂર પડવા લાગી. અમારી સંસ્થામાં, અને કોલેજની લાયબ્રેરીમાં પણ ટીએનને હું ભણાવવા જતી. એને નવા મિત્રોની પણ મદદ મળતી હતી. વાચા વગરના અને બોલતા મિત્રો સાથે જન્મદિવસ ઉજવતી, નાટક સિનેમા જોવા જતી. એક વખત “La Miserable Play” જોઈને આવી ત્યારે અત્યંત ખુશ હતી. વિસેક વર્ષની કન્યાને બીજા પણ ઘણાં સામાજીક અને ધાર્મિક સવાલો ઊઠતાં.

એક દિવસ ટીએન સાથે થયેલી ચર્ચા ખાસ યાદ આવે છે. અમે હેલન કેલર, જે મૂંગા, બહેરા અને અંધ હોવા છતાંય જીવનમાં ઘણું કરી ગયા તેમનાં વિષે વાંચતાં હતાં. ટીએનને મેં કહ્યું, ‘‘તેઓ ગ્રેહામ બેલના સમકાલીન હતા.’’

એણે નિર્દોષ ભાવથી લખીને પૂછ્યું, ‘‘તો હેલન કેલર અને મી.ગ્રેહામ બેલે લગ્ન કેમ ન કરી લીધા? એ લોકોના વારસદાર કેટલા બુદ્ધિમાન થાત ને!’’... એનું મગજ ક્યાં કામ કરે છે એ વિચારથી મને હસવું આવી ગયું. મને એ પ્રસંગ પણ યાદ આવે છે. મલેશિયાની એક સફર દરમ્યાન ટીએનની ટચલી આંગળીને

ઈજા થયેલી. તેને બીક હતી કે જરા વાંકી રહી જશે તો!... એ બાબત ટીએન એવી વ્યાકુળ થઈને ચિંતા કરતી હતી, જાણે તેની સામે ભવિષ્યની અન્ય મહામુશ્કેલીઓ સાવ ગૌણ હોય.

ટીએનના મા મને એક દિવસ કહે, ''અમે બૌધ ધર્મ પાળીએ છીએ. ટીએન જરા વધારે પડતી ક્રિશ્ચન આગ્રહી લોકો અને ચર્ચ પાછળ ઘેલી થઈ રહી છે. તમે જરા સમજાવશો?'' તે વાતના અનુસંધાનમાં, ધાર્મિક વિષય પર વાત કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો... એક વખત ટીએને ચોકબોર્ડ પર લખ્યું, 'જીસસ, ઈશુ ખ્રિસ્ત, દાનવનો નાશ કરનાર ભગવાન.' ક્લાસ પૂરો થતાં એ કહે, ''આ લખાણ રહેવા દઈશ જેથી લોકો શીખી શકે.''

મેં નીચે લખ્યું, 'કૃષ્ણની ભક્તિ કરો.' મેં લખીને પૂછ્યું કે, ''તું હવે કૃષ્ણની ભક્તિ કરીશ?'' એ તો મૂંઝાઈ ગઈ. મેં એને બને તેટલી સરળ રીતે, ધર્મ અને કર્મ વચ્ચેનું સમતોલન સમજાવ્યું. શ્રધ્ધા અને ભક્તિ એ અંતરનો અનુભવ છે, તે ચર્ચાથી શીખી કે શીખવાડી ન શકાય. અને એ પ્રેમપૂર્વક ધ્યાનથી સમજતી રહી. પછી ચોકબોર્ડ સાફ કરી, મને ભેટીને ઘેર જવા નીકળી.

કર્મનો મર્મ, મર્મથી ધર્મ, ધર્મથી નીતિ હું સમજી,
કર્મ અકર્મ વિકર્મની સાથે સુકર્મની રીતિ હું સમજી.

પહેલી વખત ટીએને રીલે-ફોનથી મારો સંપર્ક કર્યો ત્યારે મને બહુ આશ્ચર્ય થયું હતું. ઓપરેટરે ફોન પર બહેરા માણસો માટેની સુવિધા વિષે મને સમજાવ્યું. ફોન કંપનીમાં ખાસ વ્યવસ્થાને કારણે, ટીએન ટાઈપ કરી ઓપરેટરને સંદેશો લખે અને ઓપરેટર સંદેશો મને વાંચી સંભળાવે. પછી હું જવાબ કહું તે ઓપરેટર એને ટાઈપ કરી પહોંચાડે. કોઈ મુશ્કેલી ઊભી થાય ત્યારે ટીએન માટે આ સારી સગવડતા

હતી. ૨૦૦૫ની આસપાસના સમયે સેલ ફોન ખાસ ઉપલબ્ધ નહોતા.

સૌથી મોટી વાત એ બની કે ટીએને કાર ડ્રાઈવ કરવાનો પરવાનો મેળવ્યો. એના મા-પિતાની સગવડતામાં અને સાથે સાથે ચિંતામાં પણ વધારો થયો. આશ્ચર્યની વાત એ હતી કે મેં તેને એક વખત ઈમેઈલમાં અમારા ઘેર આવવાનો રસ્તો બતાવેલ. એ દિવસે પહેલી વખત, અંધારા થયા પછી અમારે ઘેર આવીને ઘંટડી વગાડી!

પછી તો જ્યારે પણ ઓચિંતા ઘરની ઘંટડી વાગે ત્યારે મારા પતિ દિલીપ કહેતા, ''આ તારી ટીએન આવી.'' એને છેલ્લી ઘડી સુધી વિષયોની તૈયારી કરવાની હોય તેથી કેટલીક વખત હું થાકું ત્યારે ઘેર જવાનું કહું, તો હસીને ઘેર જતી રહે. પણ ઘણી વખત ઘેર ગયા પછી લગભગ આખી રાત જાગીને કામ પૂરું કરતી. એ સમયે ટીએન કોલેજના ચોથા વર્ષમાં હતી. મિત્રો સાથે બહાર બહુ સમય પસાર કરતી અને રાતના મોડેથી કારમાં એકલી ઘેર આવતી. એના માતા-પિતાએ અને મેં ઘણી વખત ચેતવણી આપી હતી. ટીએનને ભાઈ-બહેન સાથે વાંધો પડે અથવા મા-બાપનો ઠપકો મળે ત્યારે પણ મને કહેતી અને મારી સલાહ લેતી. મેં તેને ત્રણ સુવાક્યો કહ્યાં હતાં.

Treat your family best,
Treat your friends better,
Treat everyone good.

પરીક્ષાના દિવસોમાં એના પિતાનો મારા પર ફોન આવ્યો અને કહે કે, ''ગઈકાલે ટીએન ઘેર નથી આવી.'' મને ચિંતા થઈ ગઈ. તપાસ કરતા ખબર પડી કે ભણતાં મોડું થઈ ગયું તેથી મિત્રને ઘેર ઊંઘી ગયેલી. અકળાવનાર વાત એ હતી કે એને અસલામતીની ગંભીરતા સમજાતી નહોતી.



સેવા સંસ્થામાં સેવા આપનાર શિક્ષકોને સન્માન આપવા માટે વાર્ષિક ઉજવણી એક સરસ ક્લબ હાઉસમાં કરવાની હતી. હું દસ વર્ષથી મદદ આપી રહી હતી. દર વર્ષે એ કાર્યક્રમમાં એક સફળ ટ્યુટર અને વિદ્યાર્થીને આમંત્રિત કરવાની પ્રથા હતી. એ વર્ષે ટીએનને આમંત્રિત કરી હતી. ટીએનની ખુશીનો પાર ન હતો. આગલા દિવસોમાં આવીને મને લખાણ બતાવી ગઈ જે મેં મઠારી આપ્યું.

કાર્યક્રમના દિવસે એ એના મા-પિતા સાથે આવી હતી. બધાને પ્રેમથી મળી, આનંદથી જમી એ ખાસ દિવસની મજા મ્હાણી. અમારો બોલવાનો વારો આવ્યો ત્યારે પરિચય આપતાં મેં કહ્યું, ''જ્યારે મીસ.પેગીનો ફોન આવ્યો એ સમયે મને કલ્પના ન હતી કે અમારી મુસાફરી આટલી લાંબી અને આશ્ચર્યથી ભીંજાયેલી નિવડશે. એ મારી છાત્રા, પણ હું તેની પાસેથી ઘણું શીખી છું.''

મારું વક્તવ્ય પૂરું થતાં તાલીઓ સાથે દરેકના ચહેરા પર પ્રેમભર્યું હાસ્ય હતું.

ટીએનને માટે તો એ જોઈને, મેં શું કહ્યું હશે!...એની કલ્પના જ કરવાની રહી.

''હવે ટીએનને જે કહેવું છે તે હું વાંચીશ અને તે સાંકેતિક ભાષામાં સમજાવશે,''

મેં વાંચવાનું શરૂ કર્યું. ''મારું નામ ટીએન. લગભગ પાંચ વર્ષથી મીસ.સરયૂ મને મારા ધ્યેય પર પહોંચવામાં મદદરૂપ થઈ રહ્યા છે. મને ખબર નથી કે એમનો સહારો ન હોત તો હું કઈ રીતે ભણતી હોત!... આજે મને આ સેવા સંસ્થા, મારા મા-પિતા, અને મિસ.સરયૂનો આભાર વ્યક્ત કરવાની તક આપવા બદલ તમારા

સૌનો ધન્યવાદ. મને ખબર છે કે હું સાંભળી કે બોલી શકવાની નથી પણ જીવનમાં પ્રગતિ કરવામાં એને રુકાવટ નહીં બનવા દઉં. આભાર.'' એ સાથે તાલીઓ અને અહોભાવ સાથે અનેક ભીની આંખો હસી રહી.

ટીએન હ્યુસ્ટન કોલેજ પૂરી કરી ડલાસ જઈ હોસ્ટેલમાં રહી, ગ્રાફિક ડિઝાઇનમાં આગળ ભણી.

ટીએન કહેશે;

તારા ઓષ્ઠો હલે ને મારી આંખ સાંભળે. મૃદુ મનના તરંગ અનુકંપ સાંભળે.
મારા હૈયાના ભાવ, મારી આંગળીની વાત, મારી ભીતરમાં સાત સમંદર સળવળે.
ભલે મૂક ને બધિર, છે કુદરતની દેણ, સૌ મદદ જો મળે પાર પહોંચું હરણ ફાળે...

*અને હાં, ટીએનનો હ્યુસ્ટનથી ફરી આજે લાંબો ઈ-મેઈલ આવ્યો છે. પોતાના દિલનું દર્દ અને ખુશી મને અક્ષરભાવે કહી બતાવે છે. બાળક જેવા ભોળા ભાવે લખે છે, ''મિસ. સરયૂ, મારો જન્મદિવસ આવે છે, ભેટ મોકલજો.'' અને ''...મને આમ કોરોનાની બીકે ઘરમાં ભરાઈ રહેવું જરાય નથી ગમતું.''*

--- **'ટીએન.' લે.સરયૂ પરીખ**

*વર્ષો પહેલા. મારા માતા ભાગીરથી મહેતાએ ગામડામાં બનેલ આ સત્યકથા કહેલી...એ વાત પર આધારિત આ વાર્તા અને કાવ્ય.*

## ૪. લખો બાપનું નામ

ગામની શોભા સમુ એ સુંદર મંદિર અને તેના પૂજનિય મહંત...જેમનું માન અને વર્ચસ્વ અનન્ય હતું. ગામલોકો મંદિર કરતા પણ વધારે મહંતની સેવામાં રહેતા. મહંત તેમની આગવી અદાથી લોકોને ખુશ રાખતા. સ્ત્રીઓ પોતાની દીકરીઓ સાથે મંદિરનું બધું કામ સંભાળી લેતી.

કમુ તેની વિધવા મા સાથે નાનપણથી મંદિર આવતી અને મહંતનું દરેક કામ હોંશથી કરતી. કમુના બાપા વેપાર-ધંધો ઠીક મૂકી ગયેલા તેથી જીવનનિર્વાહ સરળતાથી થતો હતો.

"માની સમર્પણની ભાવના કમુમાં ભારોભાર ઉતરી છે." ગામલોકોના વચનોની પૂર્તિમાં મહંત મીઠું હસીને પ્રશંસાના બે શબ્દો કહેતા ત્યારે મા દીકરીની ખુશીનો પાર ન રહેતો. એકાંતમાં નાની કમુને માથે, ખભે ને ગાલ પર હાથ ફેરવતા મહંતમાં કમુને તો બાપનો સ્નેહ લાગતો.

ચૌદ વર્ષની કમુ શાળાએથી આવ્યા પછી ઘરનું કામ પતાવી, તેની માના પ્રોત્સાહન સાથે મહંતની તહેનાતમાં રહેતી અને આરતી પછીનું બધું કામ આટોપી ઘેર આવતી. એક ખાસ ઓચ્છવના દિવસે કામ પતાવતા ઘણું મોડું થઈ ગયું. છેલ્લું કામ, મહંતના ઓરડામાં પાણી મૂકવા કમુ ગઈ તો મહંતે તેને 'જરા બેસ તો ખરી' કહી વાતોમાં રોકીને બારણું બંધ કર્યું. ત્યાર પછી થયેલા અત્યાચારથી તે ચીખતી રહી.

"જો કમુ, મેં આજે તારો ઉદ્ધાર કર્યો છે. આ ઈશ્વરનો સંકેત છે...અને આ રાતની વાત તું કોઈને પણ કહીશ તો તું અને તારી મા ભસ્મ થઈ જશો."

શૂન્યમનસ્ક કમુ ચેતનહીન શરીરને લઈને ઘેર ગઈ અને ગોદડીમાં પોતાની જાત સંતાડતી રડતી રહી.

સમયનો રેલો હકીકતને ક્યાં રોકે છે? ''અરે! કમુડી આ કોનું પાપ લઈ આવી?'' પણ કમુમાં કોઈનું પણ નામ લેવાની હિંમત નહોતી. મહિનાઓમાં તિરસ્કારની નજરે જોઈ રહેલા ગામલોકો વચ્ચે રહેવું મુશ્કેલ થતાં, પરગામ જઈ, નવ મહિને દીકરાને જન્મ આપ્યો. પણ, મા-દીકરી કેટલો સમય પોતાના ગામથી દૂર રહે? એક વરસના બાળને લઈને, મક્કમ નિર્ણય સાથે કમુ પોતાને ગામ પાછી આવી.

''જુઓને, આ કુલટા હવે કયે મોઢે પવિત્ર મંદિરમાં જાય અને મહંતની સેવા કરે?'' ગામલોકોના ટોણા સાંભળતાં ઘણી વખત કમુની હિંમત તૂટી જતી. કમુનું બધું ધ્યાન પોતાના પુત્ર ઊછેરમાં રહેતું અને ખિલખિલાટ હસતા દીકરાને જોઈ સંસારના બધા સવાલો ભૂલી જતી.

પોતાના પાંચ વર્ષના કુંવરને શાળામાં દાખલ કરવાનો પહેલો દિવસ હતો. લોકો એકબીજાને આંખ મારતા, હસતાં હતાં, ''હવે મજા આવશે, બાપના નામ વગર છોકરાને શાળામાં કોણ દાખલ કરશે?''

''વિદ્યાર્થીનું નામ?'' શિક્ષક બોલ્યા.

''કૃષ્ણ''

''બાપનું નામ?'' માસ્તરના એ સવાલ સાથે ટોળામાં હાસ્ય સાથે ગણગણાટ ગુંજી રહ્યો...તીક્ષ્ણ નજર નાખી, કમુ વ્હાલથી બાળકને માથે હાથ ફેરવતા બોલી, ''બાપનું નામ...લખો મહંતનું નામ.'' ચારે તરફ સન્નાટો...આટલા વર્ષો એ કિશોરી નિઃસહાય હતી, પણ, આજે આ દીકરાની માતાની આંતરશક્તિ અમાપ હતી. નાલેશી અને શરમની કામળી કમુએ ફેંકી દીધી.

અચંબિત માસ્તરે મહંતનું નામ લખ્યું, તે સાથે આખા ગામમાં હો'હા થઈ ગઈ. સ્વાભિમાન સાથે રહેતી કમુને લોકો માન આપવા લાગ્યાં. એ પરિસ્થિતિમાં મહંતનું ગામમાં રહેવાનું અશક્ય બનતું ચાલ્યું અને રાતના અંધારામાં ક્યારે ગાયબ થઈ ગયા એ ખબર ન પડી.

**લખો મહંતનું નામ**

એક ભોળી પ્યારી છોરી, તેની અંતર પાટી કોરી.
કરતી મહા મહંતની સેવા, સૌને માને સંતન જેવા.
ન દેખે રાત, ન દેખે દિન, કિશોરી તત્પર શ્રદ્ધા લીન,
મહદને કદી ન હો તકલીફ, માસુમ વિશ્વાસે તલ્લીન.
પણ, આ શું?
રહ્યાં છે બાળકના એંધાણ, જનનાં વિંધે દૃષ્ટિ વાણ,
ન આપે કન્યાનો કોઈ સાથ, તપતી ધરતી ઊપર ભાણ.
"લઈ જા પાપ ને અહીંથી દૂર, બસ જા થઈ જા અંતરધાન.
કુલટા! તારું ના અહીં સ્થાન." લોક ને મંદિરથી થઈ બાન.
આજે શાળાની શરૂઆત, વિમાસે શું કહું કુળનું નામ!
જોઈને આશવંત જાયાને માતા બેળે બની બળવાન,
પૂછે કટુતા ભર્યો સવાલ, "કહેને, એના બાપનું નામ?"
"મારા જાયાનું હો માન, માસ્તર! લખો મહંતનું નામ."

**--- 'લખો મહંતનું નામ.' સરયૂ પરીખ**

*બીજી વખતના લગ્ન કરી, પતિમાં વિશ્વાસ સાથે પરદેશ આવી. કિશોરવયના સાવકા દીકરા અને સાસુ સાથે સંસારની શરૂઆતના વર્ષોમાં જ પતિથી સખત જાકારો મળતા, સ્વશક્તિથી લડનાર સ્ત્રી શક્તિની કાવ્ય-કહાણી.*

## ૫. અવહેલના

ભાનુનો પતિ, જનક કહેતો, ''સાવ અક્કલ વગરની છે.'' તો સાસુમા કહેતાં, ''ડફોળ છે.'' સોળ વર્ષનો સાવકો દીકરો હોશિયારી બતાવવા અંગ્રેજીમાં કહેતો, "Stupid!" બાપ-દીકરો હસી લેતા અને મા પોરસાતા.

ભાનુને મનમાં થતું કે છત્રીસ વર્ષની પોતે, દેશમાં તો પોતાનો ધંધો ચલાવતી, કુટુંબ અને મિત્ર મંડળમાં સમજુ વ્યક્તિ તરીકે માનીતી હતી. થોડાં મહિનાઓ પહેલા લગ્ન કરી આ દેશમાં આવતાની સાથે એને આવાં વિશેષણો મળે છે, તો એમાં તથ્ય હશે! પણ ભાનુની આસપાસ કોઈ એવું નહોતું જે એને નિરાશાના ઊંડાણમાં લપસતી અટકાવે. ભાનુ અમેરિકામાં આવી ત્યારથી પોતાની કાબેલિયત પર વિશ્વાસ ખોઈ રહી હતી. તેણે સવારમાં વહેલા ઊઠી દરેક વસ્તુ જનક માટે તૈયાર રાખવાની જવાબદારી હોંશથી સંભાળી. જ્યારે સાહેબ નોકરી પર જવા નીકળે ત્યારે ભાનુએ જઈને ગેરેજ ડોર ઊંચકીને ખોલવાનું. એમાં તકલિફ થતી જોઈને ખંધુ હસી જનક જ્યારે કહેતો કે, ''શું માંદલાની જેમ કામ કરે છે?'' એ ભાનુને બહુ હીનતાભર્યું લાગતું.

અમને જનકનો પરિચય થયો ત્યારે તેની પહેલી પત્ની સાથે છૂટાછેડા થઈ ગયેલાં અને કિશોર વયના દીકરાનો કબજો જનકને મળેલો. એ વિષે ગુપ્ત વાતની પછી ખબર પડી કે અમેરિકામાં અમુક રાજ્યમાં કમાતી વ્યક્તિને સહેલાઇથી બાળકનો કબજો મળે. તેથી આગળથી યોજનાપૂર્વક, પોતાના માતા-પિતા સાથે અહીં ટેક્સાસમાં

રહેઠાણ બદલી, જનકે પહેલી પત્નીને જાકારો આપી દીધેલો. સમાજમાં પોતે સરળ વ્યક્તિ છે, તેવી છાપ ઊભી કરેલી.

હું સાસુમાને સત્સંગમાં લઈ જતી, ત્યારે ભાનુ સાસુ પાછળ નમ્રતાથી આવતી. ભાનુને અમેરિકા લાવી ઉપકાર કર્યો છે એ ભાવ સાસુમાની વાતોમાં સંભળાતો. ઘરેલું ત્રાસમાં મદદ કરતી સંસ્થામાં હું સેવાકાર્ય કરું છું એ વિશે સત્સંગી બહેનો દ્વારા ભાનુએ જાણ્યું. ભાનુ પોતાનો ધંધો અમેરિકામાં પણ ચાલુ રાખવા માંગતી હતી. આવતાંની સાથે જ થોડી ઘણી કમાણી શરૂ કરી દીધેલી. બ્યુટીશીઅન તરીકે અહીં પ્રમાણપત્ર લેવા માટે ભણવાનું શરૂ કરી દીધેલું. મહિનાઓ જતાં એના સાસુ મને ખાનગીમાં ફરિયાદ કરતાં કે ભાનુ બહાર જાય તેથી તેમને રસોઈ કરવી પડે છે. પણ માનવ સહજ સ્વભાવની વાતો સમજી, મેં ખાસ મહત્વ નહીં આપેલું. એનો પતિ કહેતો કે. “ચાલતી જા અને ગમે તે નોકરી શોધી કાઢ.” કાર ચલાવતા શીખવવામાં જનક બહુ દાદ નહોતો આપતો, તો પણ, ભાનુ કાર ચલાવતાં શીખી ગઈ હતી. દરેક નવા કાર્યમાં પતિ અને સાસુ સામે સંગ્રામ લડવો પડતો.

બે વર્ષમાં ઘણાં પ્રયત્નો સાથે કમાણી કરવાની શરૂઆત કરી હતી. એક દિવસ મને એકલી જોઈ ભાનુએ ધીમેથી પૂછયું, “તમે મારી સાથે વાત કરવા મળશો?” આશ્ચર્ય સાથે મેં હા પાડી. મને એના અવાજની આર્જવતા સ્પર્શી ગઈ. અમે દિવસ નક્કી કરીને મળ્યાં. થોડી વાતો કરી એણે અમારી સેવા સંસ્થા વિષે, તેમજ એક સેવિકા તરીકે મને કહેલી વાત ખાનગી રહેશે, એ વાતની ખાત્રી કરી લીધાં પછી કહ્યું, “હું આ ઘરમાં બહુ દુખી છું … અને સાવ એકલી છું.” બોલતાં એની આંખો આંસુથી છલકાઈ ગઈ. પોતાની કૌટુંબિક અંગત વાત જનકના જ પારિવારિક-મિત્રને કહેવાનો અસહ્ય સંકોચ એના મુખ પર જણાતો હતો. ભાનુની કહેલી વાતો પરથી મને ખ્યાલ આવ્યો કે પતિ અને સાસુ તરફથી અવહેલના, ડગલે ને પગલે થતાં અપમાનકારક

વર્તાવ એને માટે સૌથી વધુ દુખદાયક હતા. એના  સાવકા દીકરા સાથે મીઠો સહકાર અને આપસમાં સહાનુભૂતિ ભર્યા સંબંધનો ભાનુને સંતોષ હતો. પણ ઘણી વખત પિતા અને દાદીને જોઈ, એ પણ ભાનુ પાસે તોછડાઈથી કામ કરાવતો. પતિનો દબાવ કે, ‘પૈસા કમાવા જા’ અને સાસુનો દબાવ કે, ‘મારી રીતે ઘરનું બધું કામ સંભાળી લે’ અને ‘દરેક પગલું અમારી મરજી પ્રમાણે જ ઊપાડ’.

મારા ધાર્યા કરતાં પરિસ્થિતિ ઘણી ગંભીર હતી. ભાનુ કહે, “હું બધું જ સહન કરવા સજ્જ છું જો મને પતિ તરફથી થોડો પણ સ્નેહ અને માન મળે. મને એવા શબ્દો કહે છે કે હું તમારી પાસે એ બોલી શકું તેમ નથી.”

મારી સાથેની ચર્ચા બાદ, બધા સાથે સુમેળ રાખવાનો બધો પ્રયત્ન કરવો એવો એણે નિશ્ચય ફરીથી કર્યો. ભાનુ ધ્યાન નિયમની અભ્યાસી હતી, અને મનની શાંતિ માટે સતત નિયમિત સાધના કરતી હતી. મારા સાથથી હિંમત વધી. એને ઈંગ્લીશ શીખવા માટે એક સેવાસંસ્થામાં હું લઈ ગઈ. થોડા દિવસો પછી એક સવારે હું બીજા વિદ્યાર્થીને ભણાવવા સવારના ગઈ તો ભાનુ પાંચેક બીજા વિદ્યાર્થીઓ સાથે ક્લાસરૂમમાં વાતો કરતી હતી. મને જોતાં દોડતી આવી. મને હસીને કહે, “મારી સાથે પરદેશથી આવેલા મોટી ડીગ્રીઓવાળા, કોલેજના સ્નાતકો ઈંગ્લીશ શીખી રહ્યા છે!!! અહીથી મને ધીરજ અને આત્મવિશ્વાસ મળ્યા છે. હજુ પણ અંગ્રેજીમાં ગોટાળા થતા ઘરમાં ‘મુરખ’ કહે ત્યારે માઠું તો લાગે છે, પણ હવે રડતી નથી.”

વળી થોડો સમય બરાબર ચાલે છે એવું લાગ્યું, ત્યાં ઓચિંતા જ ભાનુ મારે ઘરે આવી. વાત પરથી જાણવા મળ્યું કે રાતના બે વચ્ચે અણબનાવ થયો હતો પણ વહેલી સવારમાં ભાનુ જનક પાસે ગઈ તો જનકે ખૂબ સ્નેહપૂર્વક આવકારી. ભાનુને સંબંધ સુધરવાની આશા બંધાઈ. ત્યાં થોડા કલાકોમાં જનક તેની મા અને બહેન સાથે ફોન પર ખાનગીમાં વાત કર્યા પછી આવીને ચપટી વગાડી, બારણા તરફ

આંગળી ચીંધી, બોલ્યો, "તારે અમે કહીએ એ પ્રમાણે ન રહેવું હોય તો સામાન બાંધ અને ચાલતી પકડ. એક પૈસોય તને નહીં મળે." બે વર્ષના લગ્નજીવન પછી લાગણીની મીઠાશને બદલે ચાબખા જેવા શબ્દો વાપરીને જનકે એને ચેતવણી આપી દીધી હતી.

ઘરમાં કકળાટ ભર્યું વાતાવરણ ચાલું થઈ ગયું. એક દિવસ જનકે ભાનુને તમાચો માર્યો જે આવેલા મહેમાન જોઈ ગયા. આ સમયે અમારી સેવા સંસ્થાની મદદ લેવાની સ્પષ્ટ જરૂર જણાઈ. જ્યારે આવા નફરતભર્યા વાતાવરણમાં રહેવામાં સલામતી ન લાગે ત્યારે અમે ત્રાસિત વ્યક્તિને સ્ત્રી-બાળકોના આશ્રયઘરમાં રહેવા જવાની સલાહ આપીએ. મારા એ સૂચન માટે મને ભાનુનો જવાબ બરાબર યાદ છે... એ કહે, "આ દેશમાં આ એક જ મારું ઘર. હું બીજે કેવી રીતે જઈને રહું?"

અમારી સંસ્થામાં ઓછી ફી લઈને સેવા આપનાર વકીલની પસંદગીમાં ભાનુએ, ગુજરાતી ને બદલે એક આફ્રિકન-અમેરિકન સ્ત્રી વકીલને પસંદ કરી, જે નિર્ણય બહુ અગત્યનો નિવડ્યો. ક્યાં રહેવું એ સવાલના જવાબમાં ભાનુને વકીલે સલાહ આપી, "ડ્રાઈવર લાયસન્સ પર જે સરનામું છે, ત્યાં તારો હક્ક છે. નિયમ અનુસાર તું ત્યાં રહી શકે છે." આ પછી ભાનુની હિંમત અને કુનેહ અનેક મહિનાઓ દરમિયાન જોવા મળ્યાં. જનકના મિત્રોમાં ખબર પડતા સુલેહ કરાવવા ઘણાં પ્રયત્નો થયા પણ મા દીકરો દાદ નહોતાં આપતાં. શું વાંધો પડ્યો છે એના માટે કોઈ મોટું કારણ ન બતાવ્યું, કેવળ અણબનાવ કહ્યું. પણ જ્યાં સ્ત્રી સન્માનનો અભાવ હોય, અને તેની સામે માથું ઊંચકનાર મળે... પછી એ વિશે શું કહી શકે?

ભાનુએ પોતાની હકીકત મારી મદદથી વકીલને કહી સંભળાવી. "ભારતમાં મારા પરિવારને જનક મારા માટે યોગ્ય વર લાગ્યો હતો. એણે પોતાના પહેલાં લગ્ન

અને પુત્ર વિષે નિખાલસતાથી વાત કરી, તેમજ તેના મમ્મી સાથે રહેતાં હતાં એ જાણી મને સારું લાગ્યું. હું લગ્ન માટે તૈયાર થઈ અને દેશમાંથી અમેરિકા આવવાનો નિર્ણય લઈ શકી. પાંચ દિવસમાં લગ્ન થઈ ગયા. અમેરિકા આવવા માટે અમુક દસ્તાવેજની ઊણપ હોવાથી જનકના વકીલ અને એના પિતરાઈ ભાઈની સલાહ પ્રમાણે જરા ખોટા દસ્તાવેજો તૈયાર કરવા પડેલા. માતા-પિતાને કે મને કાયદાઓની આંટીઘૂંટીની બિલકુલ ગતાગમ ન હતી....

"હું સંપૂર્ણ સમર્પણના ભાવ સાથે નવા પરિવારમાં આવી અને જવાબદારી સંભાળી લીધી. સમય સાથે મને અપમાનભર્યા વિશેષણો આપવામા આવ્યા અને નોકરની જેમ કામ કરવાની અપેક્ષા રાખવામાં આવી. જનક બહારના માણસો સાથે ખૂબ સરસ વ્યવહાર કરતો અને બંધ બારણે મને એનું અલગરૂપ જોવા મળતું. જનક એની નાણાકીય બાબતો છુપાવતો. અરે, એની સરકારી નોકરીમાં કેટલો પગાર છે એ પણ, 'તારે જાણવાની જરૂર નથી.' કહી ટાળી દેતો. જનક એની બહેન સાથે ફોન પર પૈસા બાબત વાત કરતો હોય ત્યારે મને ત્યાંથી ખસી જવાનો સખત ઈશારો કરતો. હું જે કાંઈ કમાઈને લાવું તે એના હાથમાં આપી દેતી અને એ મને ખીસા ખર્ચ આપતો."

હવે ભાનુને સાવ થોડા ડોલર્સ આપીને, ચાલતી પકડવા માટે દબાણ કરતો રહેતો. સાસુમા આડકતરા ટોણાં મારવામાં કુશળતા બતાવતાં. એને સરખો ભાગ આપી, સારી રીતે છૂટા પડવા માટે જનકના મિત્રો અને પિત્રાઈબહેન સલાહ આપતાં હતાં, પણ જનકમાં પોતાનુ ભલું જોવાની પણ દૃષ્ટિ નહોતી. ભાનુ પાસે તો કશું નાણું હતું જ નહીં તેથી અમે બધા માનતા કે જનક કોર્ટમાં નહીં જાય જેથી પોતાના રીટાયરમેન્ટ ફંડમાંથી પત્નીને કાયદા પ્રમાણે અરધો ભાગ ન આપવો પડે.  કદાચ જનકને તેના વકીલની સલાહ હશે કે ભાનુને લાલચી સાબિત કરી દેશું. થોડા દિવસોમાં જ

ભાનુના હાથમાં છૂટાછેડાના કોર્ટના કાગળિયા પકડાવવામાં આવ્યા. એ સમયે ભાનુને બહુ જ આઘાત લાગ્યો.

આ તમામ તમાશા દરમ્યાન ભાનુ પતિ, સાસુ અને સાવકા દીકરા સાથે એક જ ઘરમાં મહિનાઓથી જીવી રહી હતી. દેશમાં એના માતા-પિતાને ખાસ કાંઈ ખબર ન હતી. ભાનુ પોતાના વકીલની સલાહ લઈ આવી પછી સાસુ અને પતિને કહી દીધેલું કે, ‘‘મને હેરાન કરશો તો પોલીસને બોલાવીશ.’’ સમાજમાં પોતાનું ખરાબ ન દેખાય એ દંભને કારણે ભાનુને મુખ્ય રૂમમાં રહેવા દઈ જનક બીજા રૂમમાં જતો રહ્યો. રસોડામાં પોતાની અલગ રસોઈ જલ્દી બનાવી નોકરી પર જવા નીકળી જતી. સાસુના ચોખ્ખાઈના નિયમોમાં કશી ત્રૂટી ન આવે તેનું સતત ધ્યાન રાખતી. જનક અને તેની મમ્મીના ખાસ મિત્રો અને સગાઓ ખુલ્લી રીતે ભાનુના પક્ષમાં ઉભાં રહ્યાં. મારે ત્યાં અઠવાડિયામાં બે વખત આવી કોર્ટની સુનાવણીની તૈયારી કરતી.

મનુષ્ય પોતે જ પોતાના સુખ અને આનંદના નાશનું કારણ બને ત્યારે કોઈ મદદ ન કરી શકે. કોર્ટમાં પહેલે દિવસે જનક એવું બતાવવા માંગતો હતો કે ભાનુને અમેરિકા આવવું હતું તેથી લગ્ન કર્યા અને ખોટા કાગળિયા કરી અહીં આવી. ભાનુ પાસે જનકના હસ્તાક્ષરો વાળો પત્ર હતો, જેમાં જનકના જ વકીલની સલાહ લખેલી હતી એ પ્રમાણે તેણે કર્યું હતું. આમ ભાનુને દોષી બતાવવા જતાં જનક અને તેની વકીલ શરમજનક સ્થિતિમાં મુકાઈ ગયા. તે ઉપરાંત નિયમ પ્રમાણે, જેણે ભાનુના ઈમીગ્રેશનની કારવાહી કરી હોય તે જ વકીલ છૂટાછેડાનો મુકદ્દમો ન લડી શકે. conflict of interestના મુદ્દા પર પહેલે જ દિવસે ન્યાયાધીશે જનકના વકીલને ગેરલાયક ઠરાવી કોર્ટમાંથી બાકાત કર્યા. જરૂરી પત્રોને વ્યવસ્થિત રાખવાની ભાનુની કુશળતાને લીધે વકીલનું કામ સરળ બનતું રહ્યું.

જ્યારે ભાનુ ઘરે ગઈ ત્યારે હંમેશની જેમ, બાજુમાં રહેતા 'કહેવાતા મિત્રો' સાથે જનક લાંબી વાતો કરતો ઊભો હતો, અને ઘરડી માતા બારીમાંથી એના આવવાની રાહ જોતી હતી. થોડા દિવસો પછી મળવા આવેલી નણંદે ભાનુ પર સખત ગુસ્સો કર્યો. ભાનુએ એ જ વખતે મને સેલફોન જોડ્યો. પરિસ્થિતિ વણસે નહીં તેથી મેં એક કાર્યકરને મદદ માટે મોકલ્યાં. તેઓ ઘર સામે કાર પાર્ક કરી ઉભાં રહ્યાં તે જોઈને સાસુ-નણંદ ચૂપ થઈ ગયાં.

સેવા કાર્ય કરનારે પોતાના મદદ કરવાના હેતુની ચકાસણી કરતા રહેવી બહુ જરૂરી છે. એક પક્ષને સાંભળી એને જીતાડવાના પ્રયાસમાં બીજા પક્ષને અન્યાય ન થાય એ પણ સભાનતાથી સમજવું બહુ અગત્યનું છે. કોર્ટમાં મુકદ્દમો ચાલે એ પહેલાં દરેક પતિ-પત્નીને એક તટસ્થ કાનૂની વ્યક્તિને મળવાનું હોય છે. ભાનુ અને જનક પોતાના વકીલો સાથે, અને મારે ભાનુ સાથે ભાષાંતર માટે હાજર રહેવાનું હતું. આખો દિવસ બંન્ને પક્ષો વચ્ચે ચર્ચા ચાલ્યા પછી જનક તરફથી અમુક રકમ અને છૂટાછેડાની શરતો જણાવવામાં આવી. લગભગ વર્ષથી કોકડું ગુંચવાયેલ હતું અને મને રકમ ઠીક લાગી તેથી મેં એ સ્વીકારવાની સલાહ આપી પણ વકીલની સલાહ માની ભાનુએ આવેલી દરખાસ્ત નકારી. મને એ સમયે શંકા થઈ ગઈ કે, "હું ભાનુને પગભર  થવાને બદલે, જનકને ખંખેરવામાં તો મદદરૂપ નથી થઈ રહી ને!" બહાર નીકળી મેં ભાનુને આ શંકા કહી બતાવી અને આગળનો રસ્તો આપ ખોળવાનું કહ્યું. એનો ચહેરો ઝાંખો થઈ ગયો. થોડાં દિવસ પછી મન શાંત થતા અમે મળ્યાં ત્યારે કહે કે, "એ રાતે હું ખૂબ રડી અને પ્રમાણિક પણે મારા અંતરઆત્માને ચકાસ્યું. એક હકીકત છે કે તમારાં સમર્થન વગર મારાથી આગળ નહીં જવાય. બીજી એક વાત, રીટાયર ફંડ સિવાય જનકે બધું ધન બીજાના નામે સંતાડી દીધું છે." એ પણ તથ્ય હતું કે જનક એની ટપાલી તરીકેની નોકરીના

અનુસંધાનમાં ઘણા નિયમભંગ કરી રહ્યો હતો, અને એ ગુપ્ત વાત જો ભાનુ જણાવે તો જનકને અનેક મુશ્કેલીઓ ઊભી થાય. ભાનુનો આશય એને પરેશાન કરવાનો નહોતો.

મહિનાઓના ગાળા સાથે કોર્ટમાં ચાર દિવસની સુનાવણી થઈ. આવી દશામાં મુકાયેલ પતિ, ઘરડી મા અને સાવકા દીકરાની દયાજનક સ્થિતિ જોતા ભાનુનું હૈયુ રહેંસાઇ જતું હતું. દરેક વખતે જનક સામે જતી નજર ફરિયાદ લઈને પાછી ફરતી હતી, "અરેરે! આ વ્યક્તિ માટે મેં કેટલા સ્વપ્ના જોયાં હતાં, અને આ ઘરમાં હું સુખ આપવા આવી હતી. અને આજે, વિના કારણે અમે કેવા સ્થાને આવી અટકી પડ્યા!" આ મુશ્કેલીના સમયમાં ભાનુની સચ્ચાઈને કારણે, દાક્તરી મદદ, નાણાકીય મદદ તેમ જ માનસિક સહાય ભાનુને એવા લોકો પાસેથી મળી જેમને એ ચાર વર્ષ પહેલાં ઓળખતી પણ નહોતી.

બે વર્ષને અંતે છૂટાછેડા અને ભાનુને સારી એવી નાણાકીય મદદ મળી. કોર્ટનો રસ્તો જનક માટે નુકસાનકારક સાબિત થયો. એને ખબર નહોતી કે પહેલી પત્ની સાથે જે અન્યાય કર્યો હતો એ આ બીજી પત્ની ભરપાઈ કરાવશે.

ભાનુએ નક્કી કરી રાખ્યું હતું કે ઘરમાંથી એ માન સહિત નીકળશે. નીકળવાની આગલી રાતે, પોતે દેશમાંથી લઈને આવેલી બે બેગ ભરતાં ભાનુ બહુ ગમગીન થઈ ગયેલી. એ જ સમયે રેહાનાદીદીનો હિંમત આપતો ફોન આવ્યો, "તું નરકમાંથી નીકળી રહી છો અને તારી દીદીને ઘેર આવી રહી છે એમ સમજ." રેહાના, જે જનકના ફોઈની દીકરીના ખાસ બેનપણી હતાં અને તેમણે ભાનુને પોતાની સાથે લાંબો સમય રહેવા માટે આમંત્રી હતી. આજે, વર્ષો પછી પણ, ભાનુના સદ્ભાવના ભર્યા અનેક સંબંધો અતૂટ જળવાઈ રહ્યાં છે.

નીકળવાના દિવસે ચારપાંચ શુભચિંતક બહેનો ભાનુનાં કહેવાથી જનકના ઘર પાસે આવી ઊભાં રહ્યાં. સાસુમા બારીમાંથી ભાનુને લેવા આવેલાં બધા ઓળખીતા, જેમના એક વખત વખાણ કરતા એ ધરાતા નહોતા, એમને જોઈ જલી ઊઠ્યા. એક કાર્યકર અંદર મદદ કરવા ગયા. ભાનુએ જનક અને સાસુની સામે પોતાની બેગ ખોલી વસ્તુઓ બતાવી. સાવકા દીકરાને સ્નેહથી કહ્યું, "તેં મારા વિરૂધ્ધ જે કર્યુ એ પિતાને માટે કર્યુ હતું. મારા મનમાં ગુસ્સો નથી, એ કહેવા આવી છું." સાસુ સામે બે હાથ જોડી અને જનક સામે દર્દ ને ફરિયાદ ભરી નજર નાંખી બહાર નીકળી ગઈ.

પતિની ઓછી સમજ અને સ્વભાવની ચણભણને લીધે આ તૂટેલાં સંબંધોએ અનેક વ્યક્તિઓને દુખી કરી દીધાં. ભાનુ એ જ ગામમાં રહી અને સ્વમાનપૂર્વક પોતાનો નિર્વાહ ચલાવતી, પોતાનું ભવિષ્ય વ્યવસ્થિત કરતી રહી. એ કેવળ પોતાને માટે જ નહીં પણ બીજી મુશ્કેલ દશામાં ફસાયેલી સ્ત્રીઓને મદદ કરવા માટે પણ તત્પર રહેતી. હજી પણ નાની મોટી મૂંઝવણ આવતા ફોનની ઘંટડી વાગી જ હોય. પોતાનું નાણાકીય ભવિષ્ય અમારા માર્ગદર્શન પ્રમાણે ગોઠવી, ખૂબ મહેનત સાથે જીવન જીવી રહી છે. કહે છે, "મારા અંતરનો આનંદ કાયમ રહે એ વિષે જાગૃત છું. નવા સાથી મળશે તો પ્રભુકૃપા સમજીશ. સંતોષથી જીવન જીવવા માટે કોઈ વ્યક્તિ કે પરિસ્થિતિ પર લાચાર રીતે આધાર ન રાખવાનું મને આ અનુભવે શીખવી દીધું છે."...

**અવહેલના**

બહેન, હું તો પારકા પોતાનાં ગણી આવી, દિલે આશા અરમાન ભરી લાવી.
સ્નેહ તાંતણે ભરોસે હું ચાલી, મારી સેંથીએ સિંદૂર ભરી મ્હાલી. – બહેન

એ મધ્યબિંદુ નાનાશા વિશ્વમાં, એનો આવાસ અંતર વિશ્વાસમાં.
બન્યો હેતુ મારા શ્વાસશ્વાસમાં, છૂપું આજે આક્રંદ નિશ્વાસમાં. - બહેન

તૂટ્યો નાજુક એ દોર મજધારે, ઘણો સાંધ્યો સંસાર પ્રેમતારે.
ઝટકાથી તોડી મને છોડી નોધારે, એકલી અટૂલી હું કોને આધારે? - બહેન

ભલે નયન રડે અણધારી આંચે, જલે આત્મદીપ શક્તિની સાથે.
શર્તે, શોધીશ હું ખોયેલી મુજને, સખી, તારા આ સ્મિતને સહારે - બહેન

--- **'અવહેલના.' લે.સરયૂ પરીખ**

*નિરાશામાં ડૂબેલ વ્યક્તિ પોતે જ મિત્રતાનું દ્વાર બંધ કરે છે. મદદ કરતા હાથ અમુક હદ સુધી લઈ જાય, પછી પરિસ્થિતિમાંથી બહાર નીકળવાં માટે ત્રાસિત વ્યક્તિના પોતાના આત્મબળ અને આત્મજ્ઞાન પર સફળતા આધારિત છે. સુકાયેલા આંસુની કહાણી...*

## ૬. સુકાયેલાં આંસુ...

થોડા સમય પહેલાં જ હ્યુસ્ટનની સ્ત્રીઓને મદદ કરતી સેવા સંસ્થામાં મને નિર્ણાયક સમિતિમાં સભ્ય, Board Member બનાવી હતી. મારા વારા પ્રમાણે એ અઠવાડીએ ટેલિફોન-કોલનો જવાબ મારે આપવાનો હતો. એ દિવસે, દૂરના રાજ્યમાંથી ફોન આવતા નવાઈ લાગી. એ બહેન કહે, ‘‘હું મારી ભાણેજ, જે ભારતથી અહીં આવી રહી છે તેને માટે આપની સંસ્થાની મદદ માંગી રહી છું. બીજી સંસ્થાઓમાંથી નકારાત્મક જવાબ મળી ગયો છે. તમારી છેલ્લી આશા છે.’’

‘‘પણ...તમે ક્યાંથી બોલો છો? તમને જણાવું કે અમારી સંસ્થા નાની છે અને અમે બીજા રાજ્યોમાં મદદ ન કરી શકીએ તેથી ત્યાંની સંસ્થાની મદદ શોધો.’’ અને હું ફોન મૂકવાની તૈયારીમાં હતી ત્યાં એ બહેન એકદમ બોલ્યાં, ‘‘મહેરબાની કરી મને પાંચ મિનિટ આપો. તમારી મદદની જરૂર છે કારણકે...મારી ભાણેજના પતિ અને દીકરી હ્યુસ્ટનમાં છે. મારી ભાણેજ, સીમા પાસે આ દેશમાં રહેવા માટેનું જરૂરી ગ્રીન કાર્ડ છે. બે વર્ષથી દેશમાં છે, પણ થોડા સમયમાં તેની ફોઈની સાથે હ્યુસ્ટન આવશે. તમારી સંસ્થા અમારી છેલ્લી આશા છે.’’ ઓહ! આ તો અટવાયેલો મામલો લાગે છે. મેં વિચાર્યું કે સીમાને અહીં બીજા કોઈની મદદ નથી તો અમારી સમિતિમાં તેનો કેઈસ દાખલ કરી શકીશ એમ વિચારી, ‘શહેરમાં આવે ત્યારે મને જણાવે’ એમ કહી એ સમયે વાત પૂરી કરી.

એકાદ મહિનામાં સીમા તેની ફોઈ સાથે હ્યુસ્ટન આવી ગઈ. લગભગ અઠ્યાવીશ વર્ષની સીમા, દક્ષીણ ભારતમાં ઉછરેલી નમ્ર, ઓછાબોલી અને ધીમી લાગતી હતી. તેની ફોઈ ઘણા વર્ષોથી અમેરિકામાં સ્થાયી હતાં. સીમાએ દેશમાં ફાર્મસીનો અભ્યાસ કરેલો છે એ જાણતાં મારો વિશ્વાસ વધ્યો કે અહીંની લાઈસન્સ પરીક્ષા પાસ કરી નોકરી શોધી શકશે. જો કે, સીમા અને ફોઈ મારા ઉત્સાહમાં સાથ નહોતાં પુરાવતાં એથી મને મૂંઝવણ થઈ. ફોઈએ સીમાના વકીલની વ્યવસ્થા કરી હતી.

ફોઈએ સીમાના પતિ, માધવને તેમની દીકરી સાથે રેસ્ટોરન્ટમાં પરાણે મળવા બોલાવ્યા હતા. પણ તે એકલો જ આવ્યો, દસ મિનિટ બેઠો, અને ''મારા વકીલ દ્વારા જ આગળ વાત કરશું,'' કહીને, પોતાના વકીલનું કાર્ડ પકડાવીને જતો રહ્યો હતો. બીજે દિવસે હું તેમને સ્ત્રી-આશ્રય સંસ્થામાં લઈ ગઈ જ્યાં સીમાને રહેવાની વ્યવસ્થા કરાવી હતી. ફોઈ સીમાને મારે ભરોસે સોંપીને ગયાં.

અમારા સંસ્થાસભ્યોની હાજરીમાં સીમાના જીવનની કરૂણતા જાણવા મળી. સીમાના ડોક્ટર પિતા વર્ષો પહેલાં મૃત્યુ પામેલા તેથી એકલી માના સહારે મોટી થયેલી. ભારતમાં ફાર્મસીનો અભ્યાસ પૂરો કર્યા પછી, સાત વર્ષ પહેલાં ગ્રીનકાર્ડ લઈને સીમા અમેરિકામાં ફોઈને ઘેર આવી હતી. ટૂંકી મુલાકાત બાદ કમ્પ્યુટર નિષ્ણાત માધવ સાથે લગ્ન થઈ ગયેલા. હ્યુસ્ટનમાં લગ્નજીવનની શરૂઆત થઈ જ્યાં સાસુ-સસરા પણ સાથે રહેતાં હતાં. દોઢ વર્ષમાં દીકરીનો જન્મ થયો.

સીમા નીચી નજર રાખી બોલી, ''મને ખબર નથી કેમ, પણ ઘર અવ્યવસ્થિત પડ્યું હોય ને હું ખરીદી કરવા નીકળી પડું. મને એવું બધું ગમતું. સાસુ, સસરા અને પતિ મારી અણઆવડત પર ફરિયાદ કરતાં રહેતાં તો પણ મને કશું કરવાનું મન નહોતું થતું. દીકરીને મારા સાસુ સંભાળતાં. મારા મન-મગજ પર બેદરકારી, ઉદાસીનતા

છવાયેલી રહેતી, જેની મને પોતાને પણ સમજ ન હતી. જાણે આસપાસ શું ચાલી રહ્યું હતું એ વિશે અભાન રહેતી.''

અમને ખ્યાલ આવી રહ્યો હતો કે સીમાની આ Depression, માનસિક ઉદાસીનતાની નિશાનીઓ છે. દરદીને પોતાને જ સમજ નથી પડતી. આસપાસના લોકો આ બિમારી છે તે સમજવાને બદલે, 'આળસુ' અને 'બેદરકાર' ગણી ઉતારી પાડતા હોય છે. કોઈ નિરાશને વફાદરીથી સંભાળે, તો કોઈ જાકારો આપી દે.

સીમા બીજા કોઈની વાત કરતી હોય એમ ભાવરહિત આગળ બોલી, ''મારી પરી ત્રણ વર્ષની હતી ત્યારે અમે બધાં દેશમાં મુલાકાત માટે ગયાં. પાછા ફરવાના દિવસે મારા પતિ કહે કે, મારે દેશમાં રોકાઈ જવું અને તબિયતનો ઈલાજ કરાવવો. મારે એકલા ભારતમાં નહોતું રોકાવું પણ મારા વિરોધ માટે મને ધક્કો મારીને એક બાજુ હડસેલી દીધેલી. મારો પાસપોર્ટ વગેરે જરૂરી કાગળીયા મારા પતિ પોતાની સાથે લઈ ગયેલા...જેથી હું અમેરિકામાં દાખલ ન થઈ શકું, જે વાત બહુ મોડી મારા ધ્યાનમાં આવી.'' ઑહ! જ્યારે આભ ફાટી રહ્યું હોય ત્યારે થીગડું શોધવાનું યાદ ન આવે...આમ સીમા ભારતમાં લાચાર એકલી રહી ગઈ.

નવું ગ્રીનકાર્ડ મેળવતાં બે વર્ષ નીકળી ગયા. હવે પોતાની દીકરીને મળવા અને પરિસ્થિતિનો સામનો કરવા અહીં આવી ઊભી હતી. સીમાને ક્રૂર રીતે તરછોડવામાં આવી હતી અને બાળકીને આંચકી લેવામાં આવી હતી. અમારી સંસ્થાએ એને મદદ કરવાનું સ્વીકાર્યું. નોકરી શોધવા માટે એને અનેક ઓફીસોમાં લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી. પણ થોડા દિવસોમાં જ મને સીમા વિષે ફરિયાદો આવતી કે, સમય પર તૈયાર નથી હોતી અથવા કહેલી જગ્યાએ હાજર નથી હોતી, વગેરે. નમ્ર અને ગરીબ સીમા પર દયા પણ આવતી અને રોષ પણ આવતો. ફાર્મસીના

પુસ્તકો અભ્યાસ કરવા માટે લાવી આપ્યા હતાં, જે લાંબા સમય સુધી ખોલેલાં પણ નહીં. પરીક્ષા માટેની તારીખ નજીક આવતાં એની પાછળ પડીને તૈયારી કરાવી, પણ પાસ ન થઈ.

લગભગ રોજ કોઈ અણજાણે રસ્તેથી કે નાની મુશ્કેલીને કારણે, મારા ફોનની ઘંટડી વાગતી રહેતી અને મારે મદદ કરવા તૈયાર રહેવું પડતું. નિરાશા ઊંડી ઘર કરી ગયેલી જેના કારણે નિત્યકર્મ અને સામાન્ય જવાબદારી પણ બરાબર નહોતી નિભાવી શકતી....હવે મને સ્પષ્ટ ખ્યાલ આવ્યો કે કંઈક ખૂટે છે. માનસિક ચિકિત્સા વગર નહીં ચાલે. સીમાની જ ભાષા બોલતાં અને સેવા આપતાં એક માનસચિકિત્સક, psychologist, સાથે સીમાની મુલાકાત ગોઠવી આપી.

આ દરમ્યાન, મા દીકરીના મેળાપ અને સીમાનો સ્વીકાર કરે એ વિષે વાત કરવા,

હું એના પતિને ફોન કરતી. પરંતુ વિવેકપૂર્વક એણે મને કહી દીધું કે જે વાત થશે એ એના વકીલ દ્વારા થશે. સીમા માટે નોકરી શોધવાના પ્રયત્નમાં મને સફળતા મળી. એક ઓળખીતાં દુકાન મેનેજર બહેને સંવેદના બતાવી સીમાને નોકરી આપી. એની પાસે કાર હતી નહીં તેથી મારા ઘર નજીક એનું રહેવાનું જરૂરી હતું. અનાયાસ અમારા લોકલ સમાચાર પત્રમાં જાહેરાત જોઈ, ‘કોઈ બહેનને મારા ઘરમાં એક રૂમ ભાડે આપવાનો છે.’ હું સીમાને લઈને તરત પહોંચી અને અમારી સંસ્થા આપી શકે એટલા ભાડામાં સીમાને રહેવાની જગ્યા મળી ગઈ. હવે નોકરી અને રહેવાની વ્યવસ્થા થઈ ગઈ પણ વાહન ન હોવાથી લેવા મૂકવાની મારી જવાબદારી બની ગઈ. સવારમાં એને લેવા જતાં બરાબર તૈયાર થઈ હોય તેવા ઓછા દિવસો. ક્યારેક ઊઠતાં, તો કોઈ વખત વસ્તુઓ શોધવામાં મોડું થઈ જાય.

સીમા પાસે કાર ચલાવવાની પરવાનગી હતી. અમારા પાડોશમાં એક નાની કાર

વેચવા માટે મુકાયેલી એ જોતા મેં તપાસ કરી અને સીમાની મુશ્કેલીની વાત સાંભળ્યાં પછી એ ભલા લોકો સસ્તા ભાવમાં વેચવા તૈયાર થયા હતા. નિયમ પ્રમાણે, અમારી સમિતિનાં સભ્યો કાર લેવા માટે પંદર સો ડોલર આપવાં તૈયાર નહોંતા, પણ ઘણી સમજાવટ પછી, સીમાએ શક્ય બને કે તરત હપ્તા ભરવા એવું નક્કી કરી, કાર ખરીદવાની સંમતિ મેળવી. આ પહેલાં ક્યારેય કાર ખરીદવાની મદદ મંજુર થઈ નહોતી. મારા દિલમાં ઊંડો વસવસો રહી ગયો કે આ કાર આપવાની ચર્ચામાં અમારાં સમિતિ સભ્યો વચ્ચે મતભેદ થયો હતો.

સીમા કાર તો બરાબર ચલાવતી, પણ કોઈ સવારે, ''મારી ચાવી નથી મળતી'' કે એવો કોઈ કોલ આવે. એક વખત રાતના અગ્યાર વાગે કામ ઉપરથી નીકળતા કોલ આવ્યો, ''મારી ગાડી ચાલુ નથી થતી.'' હું મદદ માટે નીકળવા પ્રવૃત્ત થઈ, પણ તરત એક વિચાર આવતા મેં પૂછ્યું, ''કાર ક્યા ગીયરમાં છે?''

''ઓહ! હાં, ડ્રાઈવમાં હતી.'' કહેતાં જરા હસવાનો અવાજ સંભળાયો, ''સોરી.'' જ્યારે કાર બંધ કરી હશે ત્યારે પાર્કમાં મૂકવાનું ભૂલી ગઈ હોવાથી ડ્રાઈવમાં જ ગાડી પડી રહેલી. જૂની કારમાં કોઈ યાદ કરાવનાર ઘંટડી નહોતી.

સીમાના વકીલની અરજીથી એ દિવસ આવ્યો જ્યારે સીમા તેની દીકરીને મળવા જવાની હતી!! એણે રમકડાં તો લઈ રાખ્યાં હતાં. એ દિવસે પોતે નવાં વસ્ત્રો પહેરીને મારે ઘેર આવી ગઈ હતી. એના પતિએ પોતાના ઘરથી નજીકના શોપિંગમોલમાં મળવા માટે બોલાવ્યા હતા, જે અમારા ઘરથી કલાક દૂરની જગ્યા હતી. સલામતીના વિચાર સાથે, મારા પતિ અમને કારમાં લઈ ગયા.

બે વર્ષથી એણે પોતાની બાળકીને જોઈ નહોતી. ત્રણ વર્ષની પરી, આજે પાંચ વર્ષની નિશાળે જતી અને સ્પષ્ટ બોલતી બાલિકા થઈ ગઈ હતી. પિતા પુત્રીને

નજીક જોતા, સીમાના મુખ પરના બદલાતાં ભાવો હું જોઈ રહી. એ રડી પડશે એવું લાગ્યું... અમે સામાન્ય વાતચિત કરી એ ત્રણેને એક જગ્યાએ બેસવાનું સૂચન કર્યું.

અમે દૂરથી જોઈ રહ્યાં હતાં કે પરી એનાં પિતાથી જરા પણ દૂર ખસવા નહોંતી માંગતી અને સીમાથી બને તેટલી દૂર બેસવાં પ્રયત્ન કરતી હતી. સીમાને કેટલું માઠું લાગતું હશે એ વિચારથી અમારૂ દિલ દ્રવતું હતું. હુકમ પ્રમાણે કલાકનો મુલાકાતનો સમય આપવામાં આવેલો હતો. જેમતેમ સમજાવી પિતાએ મા-દીકરીને એકાંત આપ્યું. પહેલાં તો એ રડતી હતી પણ સીમાએ એને રમકડાં આપી ખુશ કરી અને થોડા સમય પછી એ બંન્ને મોલના અંદરના ભાગમાં ગયાં. સીમાનો પતિ માધવ અમારી સાથે થોડી વાતો કરી પુસ્તક વાંચવાં લાગ્યો.

જ્યારે સીમા અને પરી પાછાં ફર્યા ત્યારે બાળકીના મુખ ઉપર હાસ્ય જોઈ અમને સારું લાગ્યું. પરી દોડતી જઈ તેનાં પિતાને વળગીને ઊભી રહી. કારમાં મેં બાળકીના પ્રસન્ન ચહેરા વિષે આનંદ વ્યક્ત કર્યો ત્યારે સીમાએ કહ્યું, “બધો વખત પરી તેનાં પિતાની જ વાતો કરતી હતી અને ઉદાસ હતી. એ પહેલી વખત હસી જ્યારે એણે એના પિતાને ફરી જોયો.” આ વાત કેટલી પીડાજનક હતી એ માનું દિલ જ સમજી શકે. પછી દરેક મુલાકાતમાં સીમાને એવો જ અનુભવ થતો રહ્યો.

સીમાના આમ  પાંચ મહિનાઓ પસાર થઈ ગયા. તેને બે મિત્ર કુટુંબનો પહેલાનો પરિચય હતો. સીમાનો પક્ષ મજબૂત કરવા માટે જુબાની આપવા માટે અમે એ મિત્રોને વિનંતી કરી પણ કોઈને મનાવી ન શક્યા. સીમાની નોકરી પરથી પણ ફરિયાદો આવતી. પોતાના બીલ ભરવા, વસ્તુઓ વ્યવસ્થિત રાખવી વગેરે પણ એ જવાબદારીપૂર્વક નહોતી કરી શકતી. એના પતિને ફરી સીમા સાથે સંસાર માંડવો નહોતો. એનું કારણ સીમાની માનસિક અવસ્થાનું હતું, પણ જે રીતે એને તરછોડવામાં

આવી એ અમાનવિય હતું. કોર્ટમાં છૂટાછેડાના પરિણામમાં, બાળકી પિતા પાસે રહી અને સીમાને પરીને રજાઓમાં મળવાની પરવાનગી મળી. થોડા ડોલર મળ્યા જેમાંથી નાની રકમ બાળકીના ખર્ચા તરીકે આપવાની સીમાને જવાબદારી અપાઈ. અહીં દરેકને લાગે કે આમાં ન્યાય ક્યાં છે! પણ, બુદ્ધિનું પ્રભુત્વ દરેકના જીવનમાં મુખ્ય ભાગ ભજવે છે. કાયદા પ્રમાણે ન્યાય આપનારા જુએ કે સીમા પાસે આવક નથી કે રહેવા ઘર નથી. સીમાને જે તે નિર્ણય સ્વીકારવો રહ્યો.

સાત મહિનાઓ પછી અમારી તેને મદદ કરવાની ધીરજ અને સાધનસામગ્રી ક્ષીણ થતા જતા હતા. ઘરમાલિક મહિનાથી રુમ ખાલી કરવાની નોટીસ આપી ચૂકી હતી. થોડા દિવસો ફરી સ્ત્રી સેવાસંસ્થામાં સીમાને રહેવાની વ્યવસ્થા કરી આપી.

ઘર ખાલી કરવાના દિવસે સીમાને કહ્યું હતું કે, ‘‘સામાન સમેટી રાખજે. બને તેટલો તારી કારમાં ભરી દેજે.’’...હું બપોરે મદદ કરવા ગઈ ત્યારે રુમમાં બધું વેરણ છેરણ પડેલું. બીચારી સીમા, ખૂબ કામ કરતી પણ વ્યવસ્થાની ખામીને લીધે કશું પાર નહોતું પડતું. મારી અકળામણ દબાવી તેની કાર ભરી અને બાકીની વસ્તુઓ મારી કારમાં મૂકી શેલ્ટર પર તેને મૂકી આવી.

‘‘જો સીમા, હવે નોકરી કે બીજા કોઈ કામ નથી તો આમાંથી નકામી વસ્તુઓ ફેંકી તારી કાર ખાલી કરી નાખજે.’’ મેં ભાર દઈને કહ્યું.

‘‘હાં, હાં,’’ હસીને સીમાએ જવાબ આપી દીધો. દસેક દિવસ પછી ટિકિટની વ્યવસ્થા થતાં સીમા તેનાં ફોઈને ઘેર, ફિલાડેલ્ફીઆ જવા તૈયાર થઈ. અમારા ડ્રાઈવ-વેમાં કાર પાર્ક કરવાની અનુમતિ આપવી પડી. મેં જોયું કે કારમાંથી પોતાની બેગ કાઢી લીધા પછી બાકીની વસ્તુઓ એમ જ ભરેલી હતી. હવે કાર વેચવાની મારી જવાબદારીને લીધે, વસ્તુઓ ઠેકાણે પાડી. કાર વેચતા બે મહિના નીકળી

ગયા. આજ સુધીમાં સીમાએ ફક્ત એક વખત હપ્તાના સો ડોલર સંસ્થાને આપેલાં.

સીમા તેની દીકરીને મળવા માટે પાછી હ્યુસ્ટન આવી. મેં તેને વસ્તુઓ અને કારના ડોલર્સ આપતાં કહ્યું, ‘‘સીમા કાર વેચાયાના પૈસા સંસ્થાને પાછાં આપવા જોઈએ પણ તારી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ, સભ્યોની મંજુરીથી, તને આપું છું.’’

‘‘પંદર સો ડોલરનો ચેક મેં આપ્યો હતો ને?’’ દસ મહિના પહેલાની વાત એ સાવ ભૂલી ગયેલી કે ખરીદવાના ડોલર અમારી સંસ્થાએ આપેલાં.

‘‘સીમા! તારું ખાતુ ખોલાવી પંદર સો ડોલર કોણે જમા કરાવ્યા હતા? અમારી સંસ્થાએ, ખરું?’’

‘‘હા, એ વાત તો તમારી સાચી,’’ કહી સીમા ભોળી નજરે આભારવશ મારી સામે જોઈ રહી. અનેક રીતે કરેલી મદદ કરવાં માટે તેને સમજાવ્યા પછી તેણે અમારી સંસ્થાનો આભાર માનતો કાગળ લખીને મને આપ્યો. પરી સાથે ગાળેલા સમય વિષે સીમાએ કહ્યું, ‘‘દીદી આ વખતની મુલાકતમાં પરીનું અતડાપણું ઓછું થયું હતું...’’ તેની સુકાયેલાં આંસુવાળી આંખો પહેલી વાર ભીની થઈ ગઈ.

‘‘હા સીમા, તારા અસ્તિત્વનું સત્ય દીકરીને ઉજાગર થયું અને ભવિષ્યમાં પરી જરુર તારા તરફ સ્નેહ અને સંવેદનાથી ખેંચાઈને આવશે.’’ મેં તેને પ્રેમથી ભેટીને વિદાય આપી.

ત્યાર બાદ સીમા દીકરીને મળવાં આવી શકી નહીં... ફરી આવવા-જવાનો અને રહેવાનો ખર્ચ તેને પોસાય તેમ ન હતો. એના માટે પ્રાર્થના સિવાય હવે હું કશું નહીં કરી શકું એવો કરુણ ભાવ મારા મન પર છવાઈ ગયો. પણ, ભવિષ્ય કોણ જાણે છે?

## સુકાયેલાં આંસુ

આ નિરાશાનાં અંધારે ઓરડે, એકલતા દર્દની દીવાલમાં,
હીબકાં ભરુંને હસું બાવલી....
પ્રભુએ આપેલ મને એક પરી, શોધું હું ક્યમ ગલી અંધારી,
બોલાવું તો ય દૂર ગઈ સરી....
કોને કોસું ને કોને પરહરું! મારી કિસ્મતનું પતંગિયું,
અન્ય કોઈ સંગમાં ઊડી રહ્યું....
એક જ તણખો કે આ દિલ જલે, અચેતન જડને કો' ઢંઢોળે.
એક દે નિશાની મમ જીવને,
હું અહીં છું, જીવંત છું....

--- **'સુકાયેલાં આંસુ...' લે. સરયૂ પરીખ**

**Comment :** "Her dry tears" madam, I would like to congratulate you for your very compassionate help to Reema, the victim of ' depression ', a grave decease that needs much more attention of the society and the family of the victim. in initial stage, if properly treated, this can be cured. I have no words to appreciate your such a good service to the society. congratulations again . .SURESHKUMAR G VITHALANI.

○

*સંગીતનો વારસો અને અમેરિકામાં અમારો સંગીત સુવર્ણ યુગ.*

## ૭. શ્યામ બજાયે આજ મુરલિયા...

"ગાઓ બેટી, પિયુ પિયુ રટત પપીહરા..." શ્રી. બોડસ માસ્તર સવારના પહોરમાં સુશીલાને લલિત રાગ ગાવાનું કહેતા. કાનપૂરમાં તેની પિત્રાઈ બહેનને માટે ખાસ રોકેલા સંગીત ગુરુ પાસે સુશીલા સંકોચ સાથ બેસતી. સંગીતમાં ગહેરો રસ એના ઋજુ હૃદયને સહજ રીતે ભીંજવી દેતો. બહુ લાંબો સમય શીખવા નહોતું મળ્યું, પણ દરેક સમયે મીઠા સૂરો તેના દોડતાં ચરણને અટકાવી દેતાં અને આંખો બંધ કરી એનો આસ્વાદ અચૂક લઈ લેતી.

આજે, મારા સાસુ, સુશીલાઅમ્મીના સંગીત-રસની વાત કરું છું.

સુશીલા બે વર્ષની હતી ત્યારે તેની માતાનો સ્વર્ગવાસ થયેલો. પિતા અને અન્ય કુટુંબના સભ્યોની સંભાળ નીચે ઉછરેલી સુશીલાના મીઠા સ્વભાવ સાથે ભીરુતા પણ અભિન્ન ભાગ બની ગયેલી. એની સત્તર વર્ષની આયુ થતાં પિતાએ જ્ઞાતિના પત્રમાં, ભણેલા નવયુવક માટે જાહેરાત આપી. વડોદરામાં વકીલ બનેલા કૃષ્ણકાંત પરીખે પોતાનો પરિચય મોકલ્યો અને પસંદગી થઈ ગઈ. સાદી રીતે લગ્ન લેવાયા. શ્રીમંત અને સંસ્કારી કુટુંબમાં ઉછરેલી સુશીલા, કાનપૂર જેવા શહેરમાંથી નાના પાટણ ગામમાં, સામાન્ય આર્થિક સ્થિતિવાળા કુટુંબમાં આવીને વસી. સાસરીમાં બે જેઠ અને એક દીયર, એમ ચાર પુરુષોના ઘરમાં સુશીલાના કુમકુમ પગલાં પડ્યાં. વર્ષને અંતે તો સુશીલા અમ્મી બની ગઈ. ઘર ગૃહસ્થી, પાંચ દીકરા અને એક દીકરી વચ્ચે પોતાના સંગીત કલાના રસને વિકસાવવા માટે વધુ તાલિમ લેવાનો વિચાર આવ્યો હશે કે કેમ, એ સવાલ છે. પણ ઘરમાં શાસ્ત્રીય સંગીતનો પરિચય અમ્મી દ્વારા છવાયેલો રહ્યો.

ભાઈ-બહેનમાં ત્રીજો નંબર, મારા પતિ, દિલીપને સંગીતમાં વિશેષ રસ. વહેલી

સવારથી મીઠા સૂરની અને ઘરકામના અવાજોની જુગલબંધી ચાલતી હોય. કોઈ ગીત વાગતું હોય એની સાથે, 'શિવરંજની રાગમાં લાગે છે કે, પેલું ગીત સોહિણી રાગમાં હશે', તેવી અમ્મીની અટકળો દિલીપ સાંભળતા. ઘરમાં એક સિતાર પણ હતી જેના તાર ક્યારેક અમ્મીની આંગળીઓને અણસારે ગુંજતા. આર્થિક અગવડતાને કારણે સંગીત શીખવા જવાની ઇચ્છાને અવકાશ નહીં મળેલ.

દિલીપને વડોદરા યુનિવર્સિટી ભણવા જવાની પ્રેરણા અને પ્રોત્સાહન મોટાભાઈ, કિરીટભાઈ તરફથી મળ્યા. વડોદરા શાસ્ત્રીય સંગીતથી ગુંજતું શહેર. દિલીપનો સંગીતનો રસ ઘેરો ઘૂંટાયો...સંગીતને કેટલા પ્રમાણમાં અનુભવી શકે છે એ દરેક વ્યક્તિની જન્મજાત દેણ છે. દિલીપને સ્વરો સૂક્ષ્મ ભાવે સ્પર્શી જાય છે.

અમેરિકા ભણવા માટે મળતી શિષ્યવૃત્તિમાંથી ડોલર બચાવીને, પહેલી ખરીદી ટેપ રેકોર્ડરની કરી. પંડિત ભીમસેન જોષી અને એવા નામી કલાકારોના સંગીતનો આસ્વાદ પરદેશ વસવાટની એકલતામાં અનન્ય સાથી બન્યા હતા. દરરોજ જેમ જમ્યા વગર ન ચાલે, તેમ સંગીત સાંભળ્યા વગર પણ ન ચાલે. દિલીપને વિદ્યાર્થી તરીકે પંડિત રવિશંકર અને ઉસ્તાદ વિલાયત ખાન જેવા કલાકારોને નજીક બેસીને સાંભળવાની અમેરિકામાં તક મળી. દિલીપની જીવનસાથીની પસંદગીમાં, 'સંગીતમાં રસ હોવો જોઈએ', એ એક આવશ્યક મુદ્દો હતો.

અમારા લગ્ન પછી થોડા મહિનાઓ અમ્મી સાથે રહી ત્યારે મને પ્રશ્ન થયો કે, બીજી ઘણી ભારતીય માતાઓની જેમ, અમ્મી ક્યારે પણ વિચારે છે કે 'પોતાને શું ગમે છે'? પરિવારમાં કોને શું જોઈશે અને કેમ બધાને પ્રસન્ન રાખવા, એ જ સૂર અને તાલ પર દિનચર્યા ચાલતી હોય. ભલે અમ્મીએ, તેમનાં નરમ સ્વભાવગત, આ વ્યવસ્થા સ્વીકારી હોય, પણ પોતાની મરજી પ્રમાણે અલગ રીતે પ્રવૃત્તિઓ કરવા માટે કોઈ પ્રોત્સાહન ન આપે, તે આપણી સામાન્ય સામાજિક રસમ છે.

Princeton, New Jerseyથી દિલીપ સાથે મારી જીવનસફર શરૂ થઈ. ભારત અને અમેરિકા વચ્ચે વહેંચાયેલું મન હંમેશા આપણી કલા અને સાહિત્યમાં રસ ધરાવતા લોકો સાથે જોડાયેલું રહ્યું. અનેક ઉતાર ચઢાણ પછી, સદભાગ્યે અમે કુટુંબ સાથે કેલિફોર્નિયામાં ડિઝનીલેન્ડ નજીક વિશાળ ઘરમાં ગોઠવાયાં. સંગીતા અને સમીર છ અને ચાર વર્ષનાં હતાં. દિલીપના પિતાજી અમારી સાથે હતા, પણ અમ્મી સૌથી નાના પુત્ર સાથે દેશમાં હતાં. લગભગ ૧૯૮૦ની સાલ હતી...એ સમયે દિલીપને જાણવા મળ્યું કે ઉસ્તાદ ઝાકીર હુસેન થોડા કલાકારોને ડિઝનીલેન્ડ લાવવાનો પ્લાન કરે છે. દિલીપે એમનો સંપર્ક કર્યો અને ખબર પડી કે લગભગ આઠના ગ્રુપમાં, સંતુર વાદક, પંડિત શિવકુમાર અને મનોરમા શર્મા, વાયોલિન વાદક પંડિત વી.જી.જોગ, શ્રી. અને શ્રીમતી કાનન, કીચલુ, અજય ચક્રવર્તી અને અન્ય સંગત સભ્યો છે. કાર્યક્રમ અમારે ઘેર ગોઠવાઈ ગયો. એ ક્ષેત્રમાં આવો પહેલો પ્રસંગ હતો. ઉપરના વિશાળ રૂમમાં આતુર આનંદથી છલકતાં લગભગ એંસી સંગીતપ્રેમીઓ ગોઠવાયા. પહેલાં શ્રીમતી માલવિકા કાનનનું કંઠ સંગીત અને બીજા ભાગમાં જોગસાહેબની વાયોલિન અને ઝાકીર હુસેનના તબલાને અજબ દાદ મળી. શિવકુમાર અને અન્ય કલાકારો, સૌ શ્રોતાગણ સાથે બેસી દાદ આપી રહ્યા હતા. આ અમારો પહેલો અનુભવ હતો. હાર્મોનિયમની સંગત આપતા યુવાન અજય ચક્રવર્તીએ હસીને સ્પષ્ટતા કરી હતી, ‘‘હું એક ગાયક છું.’’

એ દિવસ વિશેષ યાદગાર બની ગયો, કારણ દિલીપનો ચાલીસમો જન્મદિવસ હતો. સર્વ શ્રોતાજનો નાસ્તાને માન આપી રહ્યાં હતાં, ભલે દિલીપ મહેમાનો સાથે વ્યસ્ત હોવાથી cake કાપવા હાજર નહોતા... આઠ-નવ મહેમાનો બે રાત રોકાયા. પછીના વર્ષોમાં ઘણી વખત ફરી મહેમાન બન્યા.

અમારી અને કલાકારો વચ્ચેના સદભાવભર્યા સરળ સંબંધો, અને જે શક્ય હોય તે

કરી છૂટવાની હોંશને આધારે પછીના પાંચ વર્ષમાં લગભગ અઢાર કાર્યક્રમો કર્યા. એ સમયે કલાકારોને એરપોર્ટથી લાવી અમારે ઘેર ઉતારો, કાર્યક્રમની વ્યવસ્થા, જે ફાળો ભેગો થાય તેમાં ઉમેરણ કરી કલાકારોને આપી, પાછા એરપોર્ટ પર વિદાય કરવાના. ભાઈ સંજયની અને મિત્રોની થોડી મદદ સિવાય, દિલીપ પર બધી જ જવાબદારી હતી પણ સંગીત શરૂ થાય ત્યારે કલાકારની સામે જ તેનું આસન હોય... આ રસાળ વર્ષો ૧૯૮૦-૮૫, અમારા સંગીત માટેના અનન્ય પ્રેમ અને અહોભાવને કારણે અનેક સંગીતકારોનો અનુગ્રહ સરળતાથી મળી રહ્યો.

એ અરસામાં અમ્મી-પપ્પા અમારી સાથે કેલિફોર્નિયા આવીને રહ્યાં. અમ્મીનો રૂમ નીચે હતો. દાદર ચડવાની થોડી તકલિફ હતી તેથી ઘણીવાર ઉપર બોનસ રૂમમાં મોટેથી સંગીત વાગતું હોય ત્યારે ધ્યાનથી સાંભળવા અમ્મી દાદર પર બેસતાં. એ પછી અમારી મહેમાનગતિની જાણ થતા કલાકરો અમારો સંપર્ક કરતાં. અમ્મીની હાજરીમાં ઘણા કલાકારો આવ્યા. અમ્મીનાં જીવનની એક મુરાદ પૂરી થયેલી જ્યારે અમે એમને શરણાઈ વાદક ઉસ્તાદ બીસમિલ્લા ખાનને સાંભળવા લોસ એન્જેલસ શહેરમાં લઈ ગયા હતા.

એક દિવસ જાણવા મળ્યું કે પંડિત ભીમસેન જોષીનો કાર્યક્રમ અમેરિકામાં થવાનો છે. તેથી દિલીપને થયું કે ભીમસેનજી અમેરિકામાં આવે છે અને આપણને લાભ ન મળે! ‘કંઈક કરવું પડશે.’ એણે હિંમત કરી મુખ્ય વ્યવસ્થાપક, શ્રી હબીબનો નંબર મેળવી શિકાગો ફોન જોડ્યો. તેમને સ્પષ્ટ વાત કરી કે, “મને ખાસ અનુભવ નથી કે હું શ્રીમંત વ્યક્તિ પણ નથી. અમને જો આપ ભીમસેનજીનો કાર્યક્રમ કરવા દો તો અમે યથાર્થ પ્રયત્ન કરશું.” શ્રી હબીબે સંમતિ આપી અને બે કાર્યક્રમ, એક બહારના હોલમાં અને એક ઘરે કરવો એવું નક્કી થયું. આ બેઠકની વાત સાંભળી અમ્મીને ચહેરો ખીલી ઉઠ્યો.

પંડિત ભીમસેનજી સમેત છ સભ્યો અમારી સાથે ચાર દિવસ રહ્યા. આગલા મહિને શ્રી.દામોદર શાસ્ત્રી આવીને રહેલા જે પોતાના ગળાની કાળજી લેવા તીખું નહોતા ખાતા. એ અનુભવની અસરને લીધે મેં ભીમસેનજીના ગ્રુપને ખાસ તીખી રસોઈ ન આપી. બીજી વખત જમવા બેસતાં જ એમણે મને પૂછ્યું, ‘‘આપકે પાસ અચાર હૈ?’’ મેં કહ્યું, ‘‘આપકે ગલેકે લીએ...’’ તો કહે, ‘‘અરે કુચ્છ નહીં હોગા, યે તો સોલીડ હૈ.’’ કહી મજાનું હસ્યા. પછી તો કાચા લીલા મરચા વગેરે દરેક જમણમાં મુકાતા. ભીમસેનજી પ્રોગ્રામ પહેલા ચા પીતા અને ખૂબ ગંભીર ભાવ સાથે શાંત રહેતા. પ્રોગ્રામ પછી મારે તરત જ ભોજનની વ્યવસ્થા કરવાની રહેતી. કરકસરથી ઘર ચલાવવાની રીત તેથી બહારની મદદ વગર તૈયારી કરવાની ધગશ આવા કલાકારોના સાનિધ્યથી બની રહેતી. ઘેર કાર્યક્રમ હોય પછી કલાકારના ચાહકો વાતો કરવા રોકાય તે પણ જમવામાં ભળી જાય...તેથી મારે એ બાબતનું ધ્યાન રાખવું પડતું.

કાર્યક્રમ એક મોટા ઓડિટોરિયમમાં રાખવામાં આવેલ. બીજા કાર્યક્રમોમાં વધુમાં વધુ દોઢસો શ્રોતાઓ આવતા, જ્યારે ભીમસેનજીને સાંભળવા ચારસો શ્રોતાઓ આવેલા અને ઉત્સાહ ભર્યો માહોલ હતો. અમ સાસુ-વહુ માટે, પહેલી હરોળમાં મધ્યમાં બે જગા દિલીપે રખાવી હતી. ભીમસેનજીએ સંગત સાથે યમન કલ્યાણ રાગ શરૂ કર્યો. અમ્મીએ મને કાનમાં કહ્યું, ‘‘શ્યામ બજાયે...હું ગાતી એ...’’ રાગમગ્ન ગાયન કલાક ચાલ્યું અને દ્રુતમાં ભીમસેનજીએ ઉપાડ્યું,

શ્યામ બજાયે આજ મુરલીયા...
વે અપનો અધરંગ ગુની ઓ...
જોગી જંગલ જતી સતી ઓર ગુની મુનિ
સબ નર - નારી મિલે...
મોહ લિયો હૈ મનરંગ કરકે...

તાળીઓના ગડગડાટથી શ્રોતાઓએ વધાવ્યું. હું બાજુમાં નજર કરું ત્યાં મને કિશોરી સુશીલા દેખાઈ. કાર્યક્રમ બાદ દિલીપની નજીક જઈ હસતી આંખો કહી રહી, “દીકરા! મને આ રસાસ્વાદની તક આપી... ધન્યવાદ.”

બીજે દિવસે સવારનો ઘરનો કાર્યક્રમ પણ યાદગાર બની રહ્યો. એ સમયે ગાયેલ રાગ વિશે લગભગ બાર વર્ષો બાદ અમારે ભીમસેનજી સાથે વાર્તાલાપ થયેલ. લગભગ ૧૯૯૫ની સાલમાં અમે ભીમસેનજીનો કાર્યક્રમ સાંભળવા ગયા. સમય અને એમની ઉંમરને ધ્યાનમાં લેતાં, વિસ્મૃતિ શક્ય હતી. પણ, અમે મળવા ગયા ત્યારે દિલીપે પ્રણામ કરી કહ્યું, “ભીમસેનજી! આપકો યાદ હૈ...?” તો પ્રસન્નતાથી બોલ્યા, “હાં, ક્યું નહીં. આપકે ઘર તો ‘વૃદાવની સારંગ’ ગાયા થા . . . આપકી માતાજી કૈસી હૈ?” એક કલાકાર બીજું ઘણું ભૂલી જતા હશે પણ એમના સંગીતના ગહન અનુભવને નહીં ભૂલી શકતા હોય.

ખાસ કલાકારો--પાકિસ્તાનના સલામતઅલી, શ્રુતિ સડોલીકર, સરોદવાદક

અમજદઅલી, પ્રભા અત્રે, પંડિત જસરાજ, ગીરીજા દેવી, સિતારવાદક અબ્દુલ હલિમઝફર ખાન, સિતારવાદક ઉસ્માન ખાન, જીતેન્દ્ર અભિશેકી, ઈમરતખાન અને બીજા કેટલાક નામોનો પણ સમાવેશ થાય છે. બે વર્ષ પછી પંડિત શિવકુમાર અને ઝાકીર હુસેન ફરી આવેલા અને એ વહેલી સાંજનો સંતુરનો પ્રોગ્રામ અને ભીમપલાસ રાગની શ્રોતાઓએ અનુભવેલી ઝણઝણાટી, આવતા વર્ષો માટે મીઠાં સંભારણા આપતી ગઈ. પછી શિવકુમાર અઠવાડિયું અમારી સાથે રહ્યા...અમે શિવજી અને ઝાકીરજીને પચ્ચીસેક વર્ષ પછી ઓસ્ટિનમાં મળ્યા ત્યારે એ સાંજને યાદ કરી હતી. છેલ્લો કાર્યક્રમ કિશોરી આમોનકરનો ગોઠવી અમે ૧૯૮૫માં ઓરલાન્ડો AT&T Bell Labમાં જોબ અંગે ગયા.

અમ્મીના છેલ્લા વર્ષોમાં બીજા બધા રસો ઓસરી ગયા હતાં ત્યારે, “કંઈક મંજુલ સાંભળીએ.” એ મધુર ભાવ જીવંત હતો.

જે અંતરઆત્માને સંગીત અને કલાનો સાથ હોય, એને જીવનમાં એકલતા નથી લાગતી. વિશ્વ લયબધ્ધ ધબકે છે અને તેની સાથે સંગીતના માધ્યમથી જ્યાં હૃદય તાલ મિલાવી ધડકે, ત્યાં ઓમકારની એકતાનતા સંભવિત છે.

**અસ્તુ.... ‘શ્યામ બજાયે આજ મુરલિયા...’ સરયૂ દિલીપ પરીખ** ----

Comment: Extremely beautiful...with admiration for both of you... and specially to Saryuji [because rare will be the daughter-in–law in these days to remember the mother-in-law in this way.] This is homage to our beloved ammi. It brought tears remembering her....KIRITBHAI.

○

*મુસ્લિમ દેશમાં આ પુત્રનો તિરસ્કાર થયો, જે સમલિંગકામી-Gay હતો. પોતાનો જીવ બચાવવા, ભાગી નિકળ્યો. નેપાળ, ભુતાન અને ભારતથી આવતા શરણાર્થીઓને યુ.એસ.એ.માં આશરો આપવાની વ્યવસ્થા કરતી સંસ્થામાં મને સેવા-સહાય આપવાનું સૌભાગ્ય મળેલ.*

## ૮. કહો અબ્બા...

ઓસ્ટિનમાં સેવા આપતી Immigration Agency સાથે ગુજરાતી અને હિન્દી ભાષા બોલતા આશ્રિતોને હું મદદ કરતી હતી. જે લોકો અમેરિકામાં ગેરકાયદે ધૂસી આવેલા હોય તેમને આશરો, asylum અહીં મળશે કે નહીં તે કોર્ટમાં નક્કી થાય. સેવા આપતાં વકીલો દ્વારા તેમનો મુકદ્દમો તૈયાર થાય.

નક્કી કર્યા મુજબ ગોરી વકીલ મહિલા પોતાની કારમાં એક ઇસ્લામી યુવકને લઈને મારે ઘેર આવી. સરસ ફૂટડો યુવાન મને માનથી 'આદાબ' કહી, હાથ જોડી મળ્યો. હિન્દી, ઉર્દૂ ભાષા સાથે થોડું અંગ્રેજી પણ બોલતો હતો. મને કહે, "મારું નામ સલીમ.... આપાજાન! તમે મિસ.જેનીને કહો કે મને આ દેશમાં રહેવાની રજામંદી મેળવવામાં મદદ કરે; જેથી મારી જાન બચે."

"નામ સલીમ-જેનો અર્થ શાંત, સરળ... સ્વાગત છે." મેં તેને બેસવાનું કહ્યું. પણ, કાયદો તોડનાર સામે સખત વિરોધી મારું મન બોલ્યું, 'જો તું કાયદાની આંખમાં ધૂળ નાંખવા પ્રયત્ન કરવાનો હોય તો હું તને મદદ નહીં કરું, કદી નહીં'.

વકીલ, મિસ.જેનીએ તેમનું laptop ખોલી, સલીમના પ્રવાસની રૂપરેખા કહી સંભળાવી. પછી તેમણે કહ્યું કે, "આજે સલીમ તેની વાત હિન્દીમાં કહેશે, જે તમે મને અંગ્રેજીમાં કહેતાં જાવ. કોઈ ગફલત અહેવાલમાં હોય તે હું સુધારતી જઈશ."

ઊંડો શ્વાસ લઈ, સલીમે તેની વાત શરૂ કરી. "હું એક શ્રીમંત ખાનદાનનો બેટો છું. મારા માતાપિતા અને બે બહેનો સાથે પાકિસ્તાનમાં મારું બાળપણ આનંદમય હતું.

કિશોર અવસ્થાથી મારી તકલિફ શરૂ થઈ. માધ્યમિક શાળામાં છોકરાઓ સાથેની મિત્રતા હાઈસ્કુલમાં જતા ઘણી ગહન થવા માંડી. છોકરીઓમાં કોઈ રસ નહીં. હું દસમાં ધોરણમાં હતો ત્યારે એક રાઝિબ નામનો નવો વિદ્યાર્થી મારા ક્લાસમાં દાખલ થયો અને થોડાં જ દિવસોમાં અમે જીગરજાન દોસ્ત બની ગયા. અમે એકબીજાથી અળગા નહોતા રહી શકતા. અમને એકાંતમાં એકબીજાથી નજીક આવવું ગમતું. અમારી સામે જોઈ મશ્કરીભર્યું હસવાનું શરૂ થયું અને અમને 'ગે' 'gay', એવું કાંઈક સંભળાતું...જેનો અર્થ શર્મજનક છે તે પછી સમજાયું.''

સલીમે વાત આગળ ચલાવી, ''આ વાત હાઈસ્કુલની છેલ્લી પરિક્ષા પહેલા જ ઘર સુધી પંહોચી ગઈ. મારી માના હૂકમથી, એ ઉનાળાના વેકેશનમાં મારા મામાને ઘરે સખત નિયમો સાથે મને સુધારવાના ઉપાયો થયા. મારી મનોસ્થિતિમાં જડતા અને બેદરકારીને લીધે કોઈ વાતનો હું જવાબ જ નહોતો આપતો. મામાના ઘરમાં કામ કરતા માણસોની અને બંધૂકની બીક લાગતી. જેમ કહે તેમાં હા ભણી દેતો. ...ગુપ્ત સત્ય એ હતું કે હું અને રઝિબ દૂર હોઈએ કે પાસે, દિલથી જોડાયેલા રહેતા. મારા અબ્બા દયાથી મારી સામે જોતા રહેતા પણ મા અને મામાની હાજરીમાં મારો પક્ષ લેવાની હિંમત નહોતી. મને એકાંતમાં સમજાવે ત્યારે હું નાના બાળકની જેમ રડી પડતો અને પૂછતો, 'કહો અબ્બા! હું આવો કેમ?' ''વકીલે સમાજ વ્યવસ્થા અને સગાઓનું વર્ચસ્વ વિષે સવાલો કર્યા.

સલીમ આગળ બોલ્યો, ''કોલેજ શરૂ થઈ ત્યારે મને મારી માએ સખત રીતે કહેલું કે. 'કોઈ છોકરા સાથે નાપાક  મિત્રતા નહીં રાખવાની. પરિવાર અને પરંપરા પર કલંક લગાડીશ તો તેનું પરિણામ ખત્તરનાક આવશે.' કોલેજનાં ત્રીજા વર્ષમાં મારા જીવનની ગતિ પર મારો કાબૂ લડખડાયો અને મને મારા ક્રૂર મામાની અદાલતમાં મારી માએ લાવીને ખડો કરી દીધો. મને ખૂબ માર્યો, તો પણ હું તેમને રસ્તે ચાલવા સહમત ન થયો. મને કહે, 'અત્યારે જતો રહે, સવારે જોઈશું'.''

સલીમ અતિતમાં જોતો હોય તેમ બોલ્યો, ''હું કણસતો, રડતો ઊંઘી ગયો હતો. રાતના બે વાગે મારા પિતાએ મને જગાડ્યો. 'ઊઠ દીકરા, તારી મા અને મામા તને મારી નાખવા પર ઉતરી આવ્યા છે. ભાગી જા. લે આ પૈસા અને હાં, તું ક્યાં છે તે મને કોઈ પણ છૂપી રીતે જણાવતો રહેજે.

''હું રાઝિબને ઘેર ગયો. તે ફળિયામાં સુતો હતો. તેને જગાડી મેં વાત કરી. તેની દશા પણ મારા જેવી હતી. પથારી પરથી ઓઠવાનું ઉપાડી, પહેર્યે કપડે તે મારી સાથે ભાગી નીકળ્યો. પહેલી ટ્રેઈન અમને જેટલી દૂર લઈ ગઈ એ ગામમાં, અમે કોઈનું ખાસ ધ્યાન ન પડે તેમ, ગુજારો કરવા લાગ્યા. અમે બંન્ને ખુશ હતા.

''થોડાં મહિનાઓ પસાર થઈ ગયા, એ દિવસે અમે આનંદમાં હતા. બપોરનાં શોમાં ચલચિત્ર જોયું અને ત્યારબાદ હું પાંચેક કલાક નોકરી કરવા ગયો અને રાઝિબ ઘેર ગયો. પગાર મળ્યો હતો તેથી, રાઝિબ સાથે રેસ્ટોરન્ટમાં જઈ શોખથી જમશું, એવા વિચારો કરતો ઘર નજીક પંહોચ્યો. મેં જોયું કે બારણા પાસે રાઝિબના બાપુ, કાકા અને બીજા ત્રણ જણા ઉભા હતા અને વચ્ચે રાઝિબ લાશની જેમ પડ્યો હતો!!! મને ખાત્રી હતી કે તેમણે મારા મામાને પણ જાણ કરી દીધી હશે કે અમે ક્યાં છીએ...અને મેં ટ્રેઈન સ્ટેશન તરફ દોટ મૂકી.'' સલીમની આંખમાં આંસુ છલકાયા. ''રાઝિબ એ દિવસે મરી ગયો હતો કે જીવતો હતો એ ખબર ન હતી.'' મેં તેને શાંત થવાનો અવકાશ આપી, એ દિવસની મુલાકાત સમાપ્ત કરી.

બીજી મુલાકાતમાં સલીમે વાત ચાલુ કરી. ''એ કારમી રાતે હું દેશના મુખ્ય શહેરમાં પંહોચી ગયો. એ સમયે હું ઓગણીસ વર્ષનો અને મજબૂત બાંધાનો હતો તેથી કામ તો મળી રહેતું. એક ટોળકીના સભ્યોએ ઘણાં પૈસા આપી, મારી પાંસે સંદેશા પંહોચાડવા અને વિવિધ જગ્યાઓ પર કોણ આવે-જાય છે તેની ખબર આપવાનું કામ કરાવ્યું. હું ગુલામી કરતાં કરતાં એ રાજકીય જૂથના ઘણાં ગુંડાઓને બરાબર

ઓળખતો થઈ ગયો. એક દિવસ પાંચ સ્કુટર સવાર સાથે મને પણ લઈ ગયા. મને એમ કે અમસ્તા મસ્તી કરવા નીકળ્યા છે. પણ વિપક્ષની પોલિટિકલ પાર્ટીની સભામાં ધમાલ કરી, બે જણાને ઠાર કરી ભાગી આવ્યા. મને કહે, 'આવતા વખતે તારે આ કામ કરવાનું'. મને ભાન થયું કે આ તો જંગલી જાનવર જેવા છે જે પોતાના લીડરની વફાદારીને નામે ગમે તેનું ખૂન કરે છે. ચૂંટણીમાં જીતવાનું તેમનું લક્ષ છે. મેં જ્યારે કહ્યું કે, 'મારાથી કોઈનું ખૂન નહીં થાય...મને છૂટો કરો'. તેમના તેવર બદલાઈ ગયા. મને એક એપાર્ટમેન્ટ કોમ્પ્લેક્સમાં ચોથા માળ પર બંદી બનાવી દીધો. ઘણી યાતના સહ્યા પછી એક દિવસ છાપરાં કૂદતો હું ભાગી છૂટ્યો. પછીના દિવસો ગલીકૂચીમાં સંતાઈને ભુખ્યા તરસ્યા પસાર કર્યા.'' અમે સંવેદનાથી તેની સામે જોઈ રહ્યાં.

''મેં મારા પિતા સાથે ફોન પર વાત કરી કહ્યું કે અહીંથી બહુ દૂર ભાગી જવું પડશે નહીંતર મારો જીવ જોખમમાં છે. મારા અબ્બાને પણ લાગ્યું કે એ નામચીન રાજકીય પાર્ટીના સભ્યો બહુ જુલમી હોય છે. મારા અબ્બાએ એક એજન્ટનું નામ આપ્યું જેને હું રાતના અંધારી ગલીમાં મળ્યો. મારા અબ્બાએ તેની સાથે મારું Birth certificate, અને પૈસા મોકલાવેલ. મને ખાત્રી હતી કે મારા અબ્બાએ પોતાના બાપદાદાની જમીન વેચીને પૈસાની વ્યવસ્થા કરી હશે. મેં તે એજન્ટને દૂર દેશની ટિકિટ ખરીદવાનું કહ્યું, જ્યાં immigration visa, દેશાંતર પ્રવેશપત્રની ખાસ માથાકૂટ ન હોય. તેણે Guatemala, ગ્વાટેમાલા સૂચવ્યું. થોડાં દિવસોમાં મારો પાસપોર્ટ અને ટિકિટ તેણે મને આપ્યા. એ સમયે દેશમાં રહેવાના ભયથી થથરતો હતો તેના કરતા પણ અજાણી જગ્યાએ એકલા જવાનો ભય વધારે સતાવી રહ્યો હતો.'' અહીં વકીલ જેનીએ સલીમને રાજકીય જૂથ વિષે ઘણાં સવાલો પુછ્યાં. રાજકીયતંત્રમાં બેફામ અરાજકતા અને જુલમ વિષે સલીમે માહિતી આપી.

''અબ્બાએ કહેલું કે રાઝિબના કોઈ પાકા સમાચાર નથી. અબ્બાના આશીર્વાદ અને પૈસાના આધારે અજાણ્યા દેશમાં, ન સમજાતી ભાષા અને વ્યવહાર વચ્ચે ઘણા

ગોથાં ખાધાં પછી, નાની વસ્તુઓની લે-વેચ કરીને કમાણી કરવાની શરૂ કરી. સ્પેનિશ ભાષા પણ શીખી લીધી. બઝારમાંથી બાતમી મળતી કે ઘણાં લોકો અમેરિકા જવા પ્રયત્ન કરે છેઃ અમેરિકામાં તો ઘણી સારી રીતે જીવી શકાય. બસ, પછી તો મારું લક્ષ બની ગયું, અમેરિકા!!...માણસોની હેરાફેરી કરતા એજન્ટ, મોન્ટીનો પરિચય થયો. એ અરસામાં પાંચ આફ્રીકન, ત્રણ યુવકો અને બે સ્ત્રીઓ, મોન્ટીના વિશ્વાસે અમેરિકા પંહોચવાની યોજના કરતાં હતાં. તેમની વાતો ધ્યાનથી સાંભળી હું પણ સાથે જોડાયો. મને સ્પેનિશ આવડતું હતું એ જાણી તેઓને મારી હાજરી આવશ્યક લાગી. મોન્ટીએ પૈસામાં મને થોડો લાભ પણ કરી આપ્યો.''

આવી વાતો ક્યારેક સાંભળી હતી પણ સલીમનો સ્વાનુભવ સાંભળવાનો પહેલો અનુભવ મળ્યો. અહીં ટૂંકમાં કહીએ તો...મોન્ટીની રાહબરી નીચે આ છ જણાનું જૂથ ગ્વાટેમાલાથી એક નાની હોડીમાં રાતના નીકળી પડ્યું. લાંબી મુસાફરી પછી કોલંમ્બિઆના જંગલમાંથી લપાતા છૂપાતા ચાલીને, મહિનાઓ પછી પનામા થઈ, અમેરિકામાં દાખલ થઈ ગયા.

સલીમ કહે, ''મેં મોત બહુ નજીકથી જોયું છે. એક વખત જંગલમાં ચાલતા મને ઝેરીલા નાગનો ડંસ લાગ્યો. મને દાક્તરી મદદ ન મળી હોત તો મારું મૃત્યુ નિશ્ચિત હતું. મોન્ટીમાં એટલી માણસાઈ હતી કે મને હોસ્પિટલમાં લઈ ગયો અને હું બચી ગયો. આ સમય દરમ્યાન હું મારા અબ્બા માટે તરસતો, મા બહેનોને યાદ કરતો. પણ, રાઝિબની યાદને અવગણતો કારણ... મારા રુદન પર કાબૂ ખોઈ બેસીશ તેવી ખાત્રી હતી.''

સલીમની સફર ઘણી મુશ્કેલ હતી પરંતુ તેને અહીં રહેવા મળશે કે કેમ? વકીલે પૂછ્યું, ''સલીમ! તું પાછો તારા દેશમાં જાય તો તારું શું થશે? એ વિષે મને કહે.''

''મારી મા અને મામા કરતાં...મને સૌથી વધારે ભય એ રાજકીય જૂથનો છે. એ

લોકો મને શોધીને જરૂર મારી નાખશે.'' સલીમ બોલ્યો.

મિસ.જેની વિચાર કરતી બોલી. ''અમેરિકામાં આશ્રય મેળવવા માટેના નિયમ પ્રમાણે, જે વ્યક્તિને પોતાના દેશમાં રાજકીય મતભેદને લીધે જાન જોખમમાં હોય તેને અમેરિકામાં આશ્રય મળવાની શક્યતા છે. આપણી આ ચાર બેઠક પછી, મને સલીમનો મુકદમો મજબૂત લાગે છે. સલીમને asylum, અમેરિકામાં આશ્રય મળી જાય તેને માટે હું શક્ય હશે તેટલો પ્રયત્ન કરીશ.''

મહિનાઓ બાદ સંદેશો આવ્યો. ''સલીમને અહીં રહેવાની સરકારી મંજૂરી મળી ગઈ છે. બહુ ખુશ છે.'' સાથે આશ્ચર્યકારક વાત મિસ.જેનીએ જણાવી. ''સલીમ થોડો સમય અમારે ઘરે રહેશે.'' અજાણ્યાનો સ્નેહ પામી શકે તેવા લાગણીશીલ યુવકનો, અંધ-માન્યતાવાળા અજ્ઞાન સ્વજનોએ અસ્વીકાર કર્યો હતો.

**''કહો અબ્બા! હું આવો કેમ?''**

રાજકુંવર હું જન્મ્યો જ્યારે, મા મોસાળ દુલારો ત્યારે.
કુદરત કેરી અકળ કળા રે, ખેંચાયો પરવશ અણસારે.

માતા ને મામાઓ તેથી દુશ્મન થઈને મુજને ડારે,
હરણાં માફક ગભરાયેલો, જીવ બચાવી ભાગ્યો ત્યારે.

સાવ એકલો મૂંઝવણ ભારે, ભૂલ્યો રાહી પંથ અંધારે,
અચરજ મારા અંતર દ્વારે, કોણ આપશે સહાય પ્યારે?

પ્યારા અબ્બાની આશિષે, પરોક્ષ રાઝિબને સથવારે,
માણસાઈના સ્નેહ સહારે, દિલ ધડકે આશા સંચારે.

**--- 'કહો અબ્બા...' લે. સરયૂ પરીખ**

*અધરો બંધ કરે ને ખોલે, કઈ ભાષામાં બોલે?*
*કેમ કરીને અણજાણ્યામાં, ઘરની સાંકળ ખોલે?... કમલની મૂંઝવણ.*

## ૯. ઝંખવાયેલો ચાંદ

હું એ દિવસે કમલજીત કૌરને મળવા જતી હતી. ઘરનાં ત્રાસથી બચવા કમલ સ્ત્રી આશ્રય ગૃહમાં રહેવા આવી હતી. એ મને દ્વાર પાસે મળી. સાદા સલવાર-કમીઝ પહેરેલાં  હતાં, ન કોઈ ઘરેણું કે સજાવટ. એને જોતાં જ મને થયું, ‘‘જાણે કોઈ ફિલ્મની અભિનેત્રી ગમગીન મંચ પર સામાન્ય પાત્ર ભજવવા આવી છે.’’

હું કમલને અંગ્રેજી શીખવવા અને દુખાયેલી લાગણીઓને સાંત્વના આપવા આવી હતી. એ પેન અને કાગળ લઈને તૈયાર હતી, પણ પહેલી રૂકાવટ એ આવી કે એને હિન્દી અને મને પંજાબી નહોતું આવડતું. ત્રણ ભાષાના વર્તુળમાં અમે હસીને લાંબા પ્રવાસની શરૂઆત કરી. સૌથી મજાની વાત એ હતી કે અમારી સેવા-સંસ્થાના સહકાર્યકર અને કમલના મુખ્ય મદદગાર ચારુશી, આફ્રિકામાં રહેલાં હોવાથી ગુજરાતી હિન્દી ભેળવીને બોલતાં. પણ થોડા પરિચયમાં જ ચારુશી, કમલના વિશ્વાસુ ‘આન્ટી’ બની ગયેલાં.

ઘર ત્રાસથી બચવા મથતી એશિયન સ્ત્રીઓને મદદ કરતી અમારી સંસ્થાની બેઠકમાં, ચારુશીએ કમલજીતની કહાણી કહી સંભળાવી હતી. કમલ પંજાબના એક નાના ગામમાં, મધ્યમ વર્ગના પરિવારમાં ઉછરેલી હતી. દેખાવડી હોવાથી સારો વર મળી જશે એ માન્યતામાં ભણતર પ્રતિ ઓછું ધ્યાન આપેલ. ચોવીસ વર્ષની ઉંમર થઈ જતાં ઘરમાં બધાને ચિંતા થવા લાગી હતી. એમાં અમેરિકાથી માગું આવ્યું. ‘‘ઉમેદવાર ખાસ ભણેલો નથી, ભાઈના ધંધામાં નોકરી કરે છે.’’ કમલને ઠીક ન લાગ્યો, છતાં પણ, ‘‘અમેરિકા જવા મળશે, અને ત્યાં તો બધા પૈસાદાર હોય. બસ

નક્કી કરી નાખો...ના પાડવાની શક્યતા જ નથી." વગેરે સમજાવટ સાથે, બલખાર સાથે ધામધૂમથી લગ્ન લેવાયા.

કમલનાં સંસારની શરૂઆત પતિ, જેઠ-જેઠાણી અને તેના ત્રણ બાળકો સાથે, ટેક્સાસ, યુ.સ.એ.માં થઈ. એક એપાર્ટમેન્ટમાં કુટુંબી જનો સાથે રહેવામાં એને જરાય વાંધો નહોતો પણ બલખારની વર્તણૂંક કમલને અકળાવતી હતી. કમલના હસમુખા સ્વભાવથી બને તેટલી વ્યથા છુપાવતી. આસપાસ બધું નવું, અને અંગ્રેજી ખાસ આવડતું નહીં, તેથી જેઠાણી અને બાળકો દ્વારા કમલ કામકાજ શીખી રહી હતી. જેઠની તેર વર્ષની દીકરી પાસેથી ફોન પર વાતચિત કેમ કરાય, ૯૧૧ નંબરથી કેવી રીતે મદદ મેળવી શકાય, તે વાત પણ તેણે જાણી લીધેલ.

પતિની કનડગત સમય સાથે વધતી રહી. પહેલા ત્રણ વર્ષમાં બે દીકરીઓની માતા બની ગઈ. એ દરમ્યાન જેઠના નવા મોટા બંગલામાં બધા રહેવા ગયા. અમેરિકામાં આવ્યે અને ગ્રીન કાર્ડ મળ્યે લગભગ સાડાચાર વર્ષ થયા હતા અને ત્રીજા બાળકની મા બનવાની હતી. કમલના શરીર પર નિશાનીઓ બલખારનાં જુલમની ચાડીઓ ખાતી, પણ કોણ બચાવે? તે જ્યારે ડોક્ટર પાસે જતી ત્યારે, 'કમલને અંગ્રેજીમાં સવાલ-જવાબ સમજાશે નહીં' તેમ કહીને બલખાર સાથે જ રહેતો, જેથી કમલ કોઈ સાથે પોતાનું દુખ રડી ન શકે. સ્ત્રીઓને તેનો પતિ ગમે તે રીતે રાખી શકે, એ વાત ઘણા કુટુંબોમાં સ્વાભાવિક રીતે સ્વીકાર્ય હોય છે. તેથી ઘણી ગેરવર્તણૂક તરફ આંખ આડા કાન કરવામાં આવતાં. જેઠનું ગુરુદ્વારામાં નામ મોટું હતું. ગુરુદ્વારાના મુખિયાને કાને કમલ પર થતાં જુલમની વાત આવી હતી અને બલખારને ચેતવણી આપવામાં આવી હતી. જેઠ-જેઠાણીની સલાહ, એ જડ અને વિફરેલ બલખારને અસર નહોતી કરતી.

પુત્ર જન્મનો આનંદ લાંબો ન ટક્યો. દીકરો હજી બે મહિનાનો જ હતો. એ રવિવારની

બપોરે, ઘરમાં કમલ, બલખાર અને બાળકો જ હતા. જરા પીધેલ બલખારે કમલ પર જબરજસ્તી આદરી. વિરોધ કર્યો તો કમલને મારી, અને પોતાનું ધાર્યું કરી ઊંઘી ગયો. કમલ ઊભી થઈ અને રડતાં બાળકોના અવાજના જોરે હિંમત એકઠી કરી ફોન ઉઠાવી બારણાં બહાર જઈ, ૯૧૧ નંબર જોડ્યો. પોલીસની રાહ જોતી, ધ્રુજતી બારણાં પાસે ઊભી રહી. ભયંકર બીકમાં ભણકારા વાગતા હતા કે બલખાર જાગી જશે તો!...પણ તે ઊંઘતો જ રહ્યો. પોલીસના રક્ષણમાં ત્રણે બાળકોને લઈને કમલ ઘરની બહાર નીકળી ગઈ. પોલીસ સ્ટેશનમાં કમલની તપાસ અને લખાણ કરતા રાતનાં આઠેક વાગ્યાનું અંધારું થયું.

તેને કહેવામાં આવ્યું કે, 'તને "વુમન્સ-શેલ્ટર"માં લઈ જશે.' કમલને અનેક પ્રશ્નો સતાવે, "એ શું જગ્યા હશે?" લાંબો અંધારો રસ્તો જાણે ખૂટતો જ નહોતો. ત્રણે બાળકોને પકડીને મોટી આંખોથી, "ક્યાં લઈ જાય છે?" એનો તાગ કાઢવાનો વ્યાકુળતાથી પ્રયત્ન કરતી રહી. અંતે શાંત જગ્યામાં, નામ નિશાન વગરનાં મકાનમાં બે ચાર લાલ બટન દબાવી, બે બારણાં પાર કરી, કમલને બાળકો સાથે અંદર લઈ ગયા. બે બહેનોએ એને હસીને અંદર બોલાવી ત્યારે એણે ફરી શ્વાસ લીધો અને આંખોમાં આંસુના મોતી ચમક્યા. સરખી વ્યવસ્થા સાથે રાત પસાર થઈ ગઈ, પણ ભાંગીતૂટી અંગ્રેજીથી કમલની જરૂરિયાતો અને હકીકત જાણવાનું ત્યાંના કર્મચારીઓ માટે અશક્ય હતું. કાઉન્ટીના શેલ્ટર સાથે આમારી સંસ્થ જોડાયેલી રહેતી. સવારમાં અમારી સંસ્થા પર ફોન આવ્યો અને ચારુશી મદદ માટે પહોંચી ગયાં. પોતાના દેશનાં પ્રેમાળ અને હોશિયાર બહેન પાસે કમલે વિશ્વાસથી વાત કરી. ચારુશી પોલીસ અમલદાર સાથે જઈ કમલનો જરૂરી સામાન અને ઘરેણાં લઈ આવ્યાં.

હું શેલ્ટર સાથે સંકળાયેલ હતી...અમારા પાડોશી-સમૂહની કોફીક્લબમાં, દર મહિનાની બેઠકમાં સોએક ડોલર અમે ભેગા કરતા, અને જરૂરિયાત પ્રમાણે વસ્તુઓ

ખરીદીને શેલ્ટરમાં આપવાનું કામ હું કરતી. તે ઉપરાંત ચાલીસ બેબી બ્લેક્રેટ્સ પણ મેં સીવીને આપેલાં. કમલને શેલ્ટર પર જઈ વિશેષ મદદ આપવાનું કામ મને આવશ્યક લાગ્યું. પરિવારથી દૂર, અંધારાં ભવિષ્યના ઓછાયામાં તે યુવતિ કઈ રીતે દિવસો પસાર કરતી હશે!

અમારી મુલાકાતનો સમય આંસુ અને હાસ્યથી તરબતર  હતો. એક દિવસ એના પતિએ કરેલી ક્રૂર મશ્કરીની વાત કહેલી. તેઓનાં ઘરમાં એક જૂની તલવાર હતી. એ દિવસે, કમલ પોતાના અને જેઠના બાળકો સાથે બહારના રૂમમાં હતી. ત્યાં ઓચિંતા જ બલખાર તલવાર લઈને કમલ પાછળ આવ્યો. એનો ઈરાદો ખબર ન પડતાં કમલ દોડી, પણ એને પકડી ટેબલ પર નમાવી તલવાર ગળા પાસે ધરી. કમલ કહે, ''મને થયું કે મને મારી નાખશે! બાળકો બુમો પાડતાં હતાં અને હું તરફડતી હતી. અંતે મને છોડી...જાણે શું યે મજાક કરી હોય તેમ, હસતો હસતો જતો રહ્યો.''

કમલને મેં પૈસાના સિક્કાઓનો બરાબર પરિચય કરાવ્યો કારણ એને પૈસા આપવામાં નહોતા આવતા. એ ખરીદી કરવા ઘરનાની સાથે જાય ત્યારે પર્સ લઈને જતી. એક દિવસ શોપિંગ-કાર્ટમાંથી કોઈ પર્સ ઊપાડી ગયું. લોકો ગભરાયા,

પણ કમલ હસી પડી...''બીચારાને એક ડાયપર સિવાય કશું નહીં મળે.''

આશ્રયગૃહમાં આવ્યાને ત્રણ અઠવાડીયામાં જ, તેનાં દીકરાની અરધી રાતે તબિયત બગડતા, એક કર્મચારી સાથે બાળકને હોસ્પિટલ લઈ ગઈ અને સ્વસ્થતાપૂર્વક પરિસ્થિતિ સંભાળી. સંસ્થાનાં ત્રસ્ત સભ્યોના ખર્ચની વ્યવસ્થા ગવર્નમેન્ટની મદદ અને સંસ્થાનાં ભંડોળથી થતી હોય છે. આશ્રયગૃહમાં રહેવાના સમયની પાબંધી હોય છે, પણ કમલ માટે બધાને વિશિષ્ટ દિલસોજી હતી. જન્મદિવસો અને દિવાળી અજનબી પણ સહાનુભૂતિવાળા લોકો વચ્ચે ઉજવાયાં.

કોર્ટના દિવસે અમે બે સહકાર્યકરો ચારુશી અને કમલની રાહ જોતાં ઊભાં હતાં. ત્યાં બે ભાઈઓ જજ વિશે અમને હિંદુસ્તાની જાણી પૃચ્છા કરતા આવ્યા. અમને ખબર પડી ગઈ કે શીખ પાઘડીમાં મોટો ભાઈ અને જીન્સના પેન્ટ-જેકેટમાં હીરો! બલખાર છે. ચારુશી એકલા આવ્યા, કારણ કે કમલ વકીલની ઓફિસ છોડી કોર્ટમાં આવવા તૈયાર જ ન થઈ. બલખારને બીજી કાનૂની મુશ્કેલીઓ પોલીસ રેકોર્ડમાં હતી. એને જેલની સજા થઈ ...પણ હવે શું?

બલખાર તરફથી કમલને પૈસા નહીં અને કમલ પોતે નોકરી કરે એવી કેળવણી નહીં. કમલના જેઠ અને ગુરુદ્વારાના મુખ્ય માણસો સાથે વાટાઘાટ કરી કમલને પાછી વ્યવસ્થિત જીવનમાં ગોઠવવા અમે અનેક વખત મળ્યા. અરે! રાતનાં દસ વાગે મળવા અને ચર્ચા કરવા બોલાવે... તો પણ જઈને સુલેહ કરાવવા માટે ઘણાં પ્રયત્નો કર્યા. ત્રણ મહિનામાં બલખારને તેનો ભાઈ જેલમાંથી ઘરે લઈ આવ્યો હતો. આ બાજુ સરકારી વકીલની મદદથી કમલ અને બાળકોની સલામતીની તકેદારી લેવાતી હોવાં છતાં પણ કમલની બીક ઓછી નહોતી થતી. કામ માટે હું બહાર લઈ જાઉં ત્યારે સતત ચારે બાજુ જોતી અને જરા પણ મળતી દેખાતા મોં છુપાવી દેતી.

કમલની જેઠાણી કહેતી રહેતી, "તું પાછી આવી જા. બલખાર જેલની હવા ખાઈને બદલાયો છે." અમને એ બાબત વિશ્વાસ નહોતો તેથી અમે કમલને પાછા નહીં જવાની સલાહ આપી. ત્યાર પછી એ બાબત અમારી સાથે વાત નહોતી કરતી. અમેરિકામાં કમલને સિટિઝનશિપ માટે અરજી કરાવી દેવાનું નક્કી કર્યું. આ બધો ખર્ચ અમારી સંસ્થા અને શેલ્ટર પર નિર્ભર હતો. આગલા દિવસે કલાક બેસીને અમે અરજીના કાગળો તૈયાર કરેલ. નક્કી કરેલા સમયે હું કમલને લેવા ગઈ. મને જોઈને કહે, "અરે! હું ભૂલી ગઈ." મને માન્યામાં ન આવ્યું. એ તૈયાર થઈ અને અમે નીકળ્યાં. આગળ જતાં ગભરાઈને બોલી, "મારા પતિની કાર નજીકમાં

છે...મારે ક્યાંય નથી જઉં, પાછા ફરીએ.'' મને ખબર ન પડી કે એને અરજી કેમ નહોતી કરવી! ખેર, મેં કાર પાછી વાળી.

સોમવારે સવારમાં આશ્રયગૃહમાંથી ફોન આવ્યો, ''કમલ સામાન બાંધીને તેને ઘેર જવા તૈયાર થઈ ગઈ છે. કહે છે કે તેનાં જેઠાણી લેવા આવી રહ્યાં છે.'' હવે તો ''સંભાળીને રહેજે. પ્રભુ રક્ષા કરે.'' એ કહેવા સિવાય બીજી કોઈ રસ્તો નહોતો. બે સપ્તાહ પછી ચારુશી પર કમલનો ફોન આવ્યો ત્યારે ચારુશીએ કહ્યું કે, ''કમલ! આવીને તારા ઘરેણાં લઈ જજે.'' દિવસો પછી કમલ તેના જેઠની દીકરી સાથે આવી. કરમાયેલી અને થાકેલી લાગતી કમલ, નજર મિલાવ્યા વગર જવાબ આપતી હતી. અમારા વ્યવહારથી ખાત્રી આપી કે જરૂર પડે તો અમે અહીં છીએ. અમે ચિંતિત નજરે તેને જોઈ રહ્યાં.

ઓચિંતા સમાચાર આવ્યા કે, ''કમલ આશ્રયગૃહમાં પાછી આવી ગઈ છે.'' હજી તો બે મહિના પણ પૂરા નહોતા થયા, અને બલખાર કાયદાથી બંધાયેલો હતો, તો પણ, મારઝૂડ કરી બેસતો. દિવસે દિવસે હેરાનગતિ વધવા માંડી. હવે કમલે હોશિયારીથી રસ્તો કાઢવાનું વિચાર્યું. એક દિવસ બલખાર ખુશ હતો ત્યારે કમલ કહે, ''તું મને District Attorneyની ઓફિસમાં લઈ જાય તો તારા સામેની ફરિયાદ પાછી ખેંચી લઈએ.'' બલખાર તૈયાર થઈ ગયો. કમલ ત્રણે બાળકો અને મોટી ડાયપરબેગ! લઈને વકીલની ઓફિસમાં ગઈ અને બલખાર બહાર કારમાં રાહ જોતો બેઠો. સરકારી વકીલ કમલનો મુકદ્દમો સંભાળતી હતી, તેથી પરિસ્થિતિ સમજતાં એને જરાય વાર ન લાગી. કમલને બદલે પોલીસ ઓફિસરને બહાર આવતો જોતા બલખાર પલાયન થઈ ગયો.

કમલના સંબંધો ખોરવાઈ ગયા હતા. અમેરિકામાં કમલને નાણાકીય મદદ મળવી મુશ્કેલ હતી. કમલ શેલ્ટરમાં આઠેક મહિના રહી ચૂકી હતી.

કમલને હવે ભારત પાછા ફરવા સિવાય કોઈ વિકલ્પ ન હતો. કમલ અને બાળકોને ભારત મોકલવા માટે કોઈ ઉદાર માણસોની મદદ મેળવી ટિકિટની વ્યવસ્થા કરાવી આપી. પરદેશમાં અજાણ્યાં પાસેથી વધારે મદદ, સંભાળ, સહાનુભૂતિ મળ્યા. ભારત ગયા પછી પણ એની અમેરિકા આવવાની અને ડોલર કમાવાની ઈચ્છા કાયમ હતી.

લગભગ બે વર્ષ પછી ન્યુયોર્કથી કમલનો ફોન આવ્યો કે, "આન્ટી, હું અહીં એક સારા પંજાબી કુટુંબની મદદથી રહું છું અને એમના સ્ટોરમાં કામ કરું છું. થોડાં સમય પછી મારા મમ્મી બાળકો સાથે આવશે અને મારી સાથે રહેશે." અમે કમલને શુભેચ્છા પાઠવી. ત્યાર પછી એકાદ વખત ચારુશી સાથે કમલની વાત થઈ હતી...બસ જોઈએ, જો ક્યારેક તેના સમાચારનું ચંદ્રકિરણ ચમકી જાય!!!

**ઝંખવાયેલો ચાંદ**

ઝંખવાયેલો ચાંદ ને સાથે સૂની ત્રણ તારલીઓ,
જાણે સરતી આકાશે કોઈ ઝરઝાંખી વાદળીઓ.

કળી હતી એ ક્યાંયે, આવી દૂર દેશ ખીલવાને,
અબુધ જાલિમ માળી ફેંકે, શર કંટક ઝીલવાને.

અધરો બંધ કરે ને ખોલે, કઈ ભાષામાં બોલે?
કેમ કરીને અણજાણ્યામાં, ઘરની સાંકળ ખોલે?

કથની અશ્રુ દ્વારે દોડે ચિંતિત ચિત્ત ચકરાવે,
દુધ પીતાં રડતાં બાળકને કેમ કરી સમજાવે?

હાલ જિગરની ફાટી ચાદર, ધીરજથી સંભાળે,
સંવેદશીલ આધારે સ્ત્રી ઊઠતી બેળે બેળે.

○

**'ઝંખવાયેલો ચાંદ' લે. સરયૂ પરીખ**

# ૧૦. સોનાની માછલી



"અરે વાહ! આ સોનાની માછલી તો બહુ સરસ છે, ક્યાંથી આવી?" જ્યારે પણ હું આ સોનાની માછલી ગળાની માળામાં પહેરું, ત્યારે ઉત્સુક સવાલ સાથે મીઠી યાદની લહેરખી સ્મિત લઈ આવે.

વર્ષો પહેલાંની વાત....જ્યારે બાળકો નાના હતા ત્યારે કેલિફોર્નિયામાં મેં 'એવોન લેડી' તરીકે કામ શરૂ કર્યું. સુગંધી ક્રીમ અને સજાવટનો સામાન વેચવાના આશયથી હું પાડોશના ઘરોનાં દરવાજાની ઘંટી બજાવતી. એક સાંજે, માર્ગરેટ કાયલિંગને ઘરે જઈ ચડી. માંજરી હસતી આંખો અને ભીની કરચલીઓ સુશોભિત ચહેરાવાળી બહેને મને પ્રસન્નતાપૂર્વક આવકાર આપ્યો. માર્ગરેટે થોડી વાતો કર્યા પછી પરફ્યુમ વગેરેનાં બે-ચાર ઓર્ડર સરળતાથી આપી દીધાં. પછી તો દર બે અઠવાડિયે અમારી મુલાકાતો શરૂ થઈ ગઈ. દર વખતે વસ્તુઓ ખરીદીને, સામે નાના કબાટમાં મૂકી દેતા. વર્ષો સાથે જોયું કે, જ્યારે પણ કોઈ મહેમાન હોય ત્યારે એમાંથી બે ત્રણ ભેટો કાઢી, ભાવ તાલ જોયા વગર, ખુલ્લા દિલથી આપી દેતાં. તેમને ત્યાં સફાઈ કરનાર બાઈ હોય કે બગીચાનો માળી હોય, દરેક સાથે સ્નેહભર્યું વર્તન તેનાં સરળ મનની આરસીનું પ્રતિબિંબ આપતું.

માર્ગરેટનાં ઘરમાં એમનાં પતિ, બેંજામિન અને મજાના બે સફેદ કૂતરા હતા. માર્ગરેટ હોસ્પિટલમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતાં હતાં. આ બંન્ને જર્મન દેશવાસીઓ, જ્યારે જર્મનીમાં ભાગલાં પડ્યાં ત્યારે માંડ બચીને અમેરિકા પહોંચેલા. એ પતિ-પત્ની વચ્ચે અનન્ય પ્રેમ હતો. અનેક યાતનાઓને પરિણામે, પંચાવનની ઉંમરમાં જ નાદુરસ્ત તબિયત હોવાથી બેંજામિને કામ છોડ્યું હતું.

એમની ઉદારતા વિશિષ્ટ હતી. સમીરના જન્મ પછી, તેમનાં બગીચાના ગુલાબોનો મોટો ગુચ્છ અને એક મોટું કાર્ટન, જેમાં ડાયપરના ચોવીસ બોક્સીઝ હતા, એ લઈને માર્ગરેટ તથા બેંજામિન આવ્યાં ત્યારે અમે આશ્ચર્યમાં પડી ગયેલાં. નવજાત શીશુના માતાપિતા માટે એ ભેટ સૌથી મહત્વની હોય તેમાં શંકા નહીં.

એમને બાળકો હતા નહીં. એ મારા બાળકોના પ્રેમાળ નાની બની ગયાં. સંગીતા અને સમીર ઉત્સાહથી એમને ઘેર જતાં. તેમનાં બે સફેદ કૂતરા, હાઈડી અને પેટ્સી, હંમેશા જાળી પાછળ ઊભા રહી અમને આવકારતા. જન્મદિવસે માર્ગરેટ તરફથી ભેટ આવતી. એ વડીલ જોડીને જ્યારે પણ મદદની જરૂર હોય ત્યારે અમને પહેલાં યાદ કરતાં.

એ વસંતપંચમીને દિવસે, એવોનનુ કામ પતાવી હું બહાર નીકળી અને માર્ગરેટ પણ મારી સાથે બહાર આવ્યા. વાતોમાં એમને યાદ આવ્યું કે, એ દિવસે મારો જન્મદિવસ છે. મને કહે, “એક મિનિટમાં આવું છું.” અંદરથી કોઈ નાજૂક વસ્તુ લાવીને, પ્રેમથી મારા હાથમાં બીડાવી. એક સોનાની માછલી! મને નવાઈ લાગી કે મારી જન્મનિશાનીનો ખ્યાલ કેવી રીતે!... પણ એ તો વિચારોમાં ખોવાયેલાં, થોડી પળો મારો હાથ પકડીને નીરવ ઊભાં રહ્યાં. પછી ગળગળા અવાજે બોલ્યાં, “આ મારે આજે તને જ આપવી છે.” વ્હાલથી મારા ગાલ પર ચુંબન કર્યું. માર્ગરેટ તરફથી કોઈ ખાસ ચીજ ભેટ મળી છે તેવી કોઈ અપૂર્વ લાગણી મેં અનુભવી.

માર્ગરેટ અને બેંજામિન રજાઓમાં પોતાના વેકેશન હોમ, idyllwild california નામના ગામડાંમાં જતાં. આ ગામ ઉંચા શીખરોં પર હતું અને અમારા ઘરથી બે કલાક દૂર હતું. એ ઘર બતાવવા અમને લઈ ગયાં, જેથી અમે ઉનાળાની રજાઓમાં આઈડલવાઈલ્ડ જઈને રહી શકીએ.

બાળકો છ આઠ વર્ષના હતાં ત્યાં સુધી માર્ગરિટનો પરિચય જળવાઈ રહ્યો. અમે પાંચ માઈલ દૂરના ઘરમાં રહેવાં ગયાં અને બાળકો શાળાની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત થઈ ગયાં. માર્ગરિટ અને બેંજામિન થોડા વર્ષોમાં નિવૃત થઈને, પોતાનું ઘર વેચીને, હેમીટ, કેલીફોર્નિઆમાં રહેવા જતાં રહ્યાં. અમે AT&T Bel Labમાં નોકરીને કારણે ઓર્લાન્ડો, ફ્લોરીડા જતાં રહ્યાં. આમ પંદર વર્ષોના વહાણાં વહી ગયા. માર્ગરિટને યાદ કરી લેતા પણ સંપર્ક કરવા માટે કોઈ ખાસ પ્રયાસ નહોતો થયો.

ઓર્લાડોમાં એક દિવસ મને વિચાર થયો કે વાગે તો તીર – પ્રયત્ન કરી જોઉં. મેં હેમીટમાં ટેલીફોન ઓપરેટરને માર્ગરિટનું નામ આપી, નંબર માંગ્યો ... અને મારા આશ્ચર્ય વચ્ચે ઓપરેટરે મને નંબર આપ્યો.

“હલ્લો! માર્ગરિટ! તમે કદાચ નહીં ઓળખો. અમે કેલિફોર્નિયામાં, વર્ષો પહેલાં રહેતાં હતાં.”....માર્ગરિટ કહે, “કોણ સરયૂ બોલે છે?”

લાગણીવશ થોડીવાર મારો અવાજ અટકી ગયો. પછી તો ઘણી વાતો થઈ. મોબાઇલ હોમમાં માર્ગરિટ એકલાં રહેતાં હતાં. સ્ટ્રોકના પરિણામે એક આંખમાં અંધાપાને લીધે લખતાં, વાંચતાં કે ડ્રાઇવ કરતાં તકલિફ પડતી હતી. એમના પતિ, બેંજામિન મૃત્યુ પામેલા, જેનું એમને બહુ દુ:ખ લાગતું હતું.

માર્ગરિટ બોલ્યાં, “હાં મારી બહેન બહુ સ્નેહ કરે છે પણ હવે જર્મની જઈ મળવાનું શક્ય નથી લાગતું.” અમે નજદીક હતા એ વર્ષોમાં એક યુવાન જર્મન પતિ-પત્ની એમના અંગત મિત્રો હતા. એમના વિષે પૂછતાં, માર્ગરિટે દુ:ખપૂર્વક જણાવ્યુ કે “એ બંન્ને પોતાના વિમાનમાં વેકેશન પર જઈ રહ્યાં હતાં, ત્યારે અકસ્માતમાં માર્યા ગયા હતાં. તેમની એક દીકરી છે તે ક્યારેક ફોન કરે છે.”

“મને રેવા નામના બેનપણી ઘણી મદદ કરે છે. મુશ્કેલીઓ છે, તો પણ, હું ઘણી

સુખી છું.'' મીઠા સંતોષ સાથે લોકોની સુજનતાની વાતો કરી. માર્ગરિટનાં સ્વભાવનો પરિચય હતો, તેથી તેને સારા માણસો મળે...સમજાય તેવી વાત હતી.

*સ્નેહનાં વહેણં કોઈ શર્ત નહીં, વરસંતી વાદળીને તર્ક નહીં.*
*વાયરો વીંટાળે પર્ણ વ્હાલમાં, લીલાપીળાનો કોઈ ફર્ક નહીં.*
*દરિયા દિલ હેતનાં હીંડોળ પર, હુલાવે સૌને ગમત ગેલથી.*
*ક્યાંનો પરિચય, શું છે સગા, પ્રશ્નો પૂછ્યાનો કોઈ અર્થ નહીં.*

ત્યારબાદ, વાત થાય ત્યારે પ્રસન્નતાનો સંદેશ આપતાં. એમનાં દર્દગ્રસ્ત હાથથી ખાસ પ્રયત્નપૂર્વક લખાયેલ કાર્ડ આવવાના શરૂ થયા, જેનાથી અમને અનેરો આનંદ થતો. સંગીતા સમીર સફળ વિદ્યાર્થીઓ છે જાણી ગૌરવ લેતાં.

સમીર ગ્રેજ્યુએટ થઈ વકીલ બનવા માટે અભ્યાસ કરતો હતો. અમે એ સમયે હ્યુસ્ટનમાં સ્થાયી થયા હતા. વેકેશન દરમ્યાન નોકરી, (summer-job) પૂરી કરી લોસ એન્જેલસથી હું અને સમીર હ્યુસ્ટન કારમાં પાછાં ફરતાં અમે હેમીટ ગામમાં જઈ માર્ગરિટને મળવાનું નક્કી કરેલ. મુખ્ય માર્ગથી કલાક ડ્રાઈવ કરીને તેમનાં ગામમાં પહોંચ્યા. સમીર મોટો ફૂલોનો ગુચ્છ પસંદ કરી લઈ આવ્યો. તેમના મોબાઈલ-હોમના બારણે એ જ હસતો પ્રેમાળ ચહેરો...અમને મળીને માર્ગરિટ ખુશ થઈ ગયાં. સમીર પણ તેની નાનીને મળતો હોય એવા ભાવથી ભેટ્યો. માર્ગરિટના બે મિત્રો પણ અમારી રાહ જોતાં હતાં. પોતાના કુટુંબના સભ્યો હોય એટલા ગૌરવથી માર્ગરિટે અમારો પરિચય આપ્યો. છ ફૂટથી વધારે ઊંચા સમીર સામેથી તો એમની નજર જ ખસતી નહોતી,..

''ઓહો! કેટલો મોટો થઈ ગયો!'' તેમનાં ઘરની ઉષ્માભરી સજાવટ, પહેલાનાં ઘરની યાદ આપતી હતી. મારા હાથમાં સુંદર મૂર્તિ મૂકી...માર્ગરિટ ખાલી હાથે ન જ નીકળવા દે.

પછી જ્યારે પણ શક્ય હોય ત્યારે સમીર ફૂલો કે ફળ લઈને જતો અને એ સમય માર્ગરિટને માટે ઘણો આનંદપ્રદ બની ગયો. તેમની નાણાકીય મુશ્કેલીમાં અને એમની એકલતામાં, બને તેટલો અમે સાથ આપતા રહેતા.

હું છેલ્લી વખત મળી ત્યારે સોનાની માછલી બતાવી મેં પૂછ્યું, ''યાદ છે! તમે આ મને ક્યારે આપી હતી?'' સ્મૃતિ તાજી થતાં, સફેદ ગુલાબ સમા હાસ્યથી, એમનો ચહેરો ખીલી ઊઠ્યો.

માર્ગરિટ ધીમેથી બોલ્યાં, ''એ દિવસે મારે આ ઊર્મિશીલ વાત નહોતી કહેવી પણ, આજે જરૂર કહીશ. એ સમયે હું પંદરેક વર્ષની હતી. લડાઈના સમયમાં જર્મનીમાં મારા માતા-પિતાના મૃત્યુ બાદ, હું અને મારી બહેન રાતના અંધારાની ઓથ લઈ અમારે ગામડેથી નીકળી ગયાં. નદી પાર કરીને મારા માસી સાથે આવીને સંતાયા હતાં. સ્વતંત્રતા અને સલામતી માટે અમે બીજા દેશમાં ભાગી જવાનાં હતાં. એ રાત્રે, મારા માસીએ મને છેલ્લી વખત ભેટીને આ સોનાની માછલી આપી હતી. મને ભય હતો કે મારી નાની બેગ કોઈ ખેંચી લેશે. તેથી હાથની મુઠ્ઠીમાં પકડીને આ અમોલી ભેટ સાથે લઈને આવી હતી. આજે એને સલામત જોઈને યોગ્ય વ્યક્તિને આપ્યાનો સંતોષ થયો.''

''ઓહ! તમે મને આ ભેટને યોગ્ય માની...!'' મારો અવાજ લાગણીના વમળમાં ઘેરાઈ ગયો. એ દિવસે માર્ગરિટની વિદાય લેવાનું બહુ વસમું લાગ્યું...જાણે અમને બંન્નેને લાગતું હતું કે આ છેલ્લી વિદાય છે...

આજે તો માર્ગરિટ નથી પણ એની યાદોની સુવાસ અમારા દિલને ભરી દે છે.

તમે કોઈને નિર્મળ પ્રેમ આપ્યો હોય તો તે બમણો થઈ તમને આવી મળે છે.

**નેહની લહેર**

સૂતર આંટીની સમી આ જિંદગાની,
તાણું એક તાર વળે ગુંચળે વીંટાતી.
જરા મૂકું ઢીલ ભલા ભાવે રણજણતી,
સહેલાવું સ્નેહતાર સોણી સમજણથી.
નેહનાં લહેરિયામાં જાઉં રે તણાતી,
એકાંતે આજ એની હુંફમાં સમાણી.

○

*નોંધ: આ વાત અંગ્રેજીમાં લખેલી અને પ્રકાશિત થયેલી તેનાં અનુસંધાનમાં,*
*એક સાવ અજાણ વ્યક્તિનો ભાવસભર પત્ર...*

From : Rosemary | February 22, 2010

Dear Saryu,

I have lost my parents and was/am going through their things. My parents were very close to Margret for many years. They used to work together. I came upon a letter I wrote to Margret but it was returned to me. I wondered if she was still alive and tried to find her phone number but sadly your story says- no. I grew up in calif. and considered Margret and Ben my adopted per say aunt and uncle as we had no other family. I knew of the other German couple and use to play with their girl. What a thrill, shock to google Margret Kyling's name and to come up with your narrative... I had to respond.... Thankfully and sincerely, Rosemary.

--- **' સોનાની માછલી'  લે.સરયૂ પરીખ**

## ૧૧. ચિત્રોમાં એક ચહેરો

સુજાતા હંમેશા સખીઓથી ઘેરાયેલી રહેતી. એ ૧૯૫૮ના વર્ષોપજ્યારે હું સ્વપ્નશીલ બાર વર્ષની અલ્લડ, બેદરકાર કિશોરી હતી ત્યારે મારા કરતા ત્રણ વર્ષે મોટી સુજાતા મારી ખાસ બેનપણી બની ગઈ હતી. અમે છોકરા છોકરીઓ, રોજ સાંજે ઘર સામેના રમતગમતના મેદાનમાં ભેગા થતાં અને સુજાતા સામે કયો છોકરો તાકી રહ્યો છે એની માહિતી પણ આપતા. સુજાતા મોઘમ હસીને આંખ ફેરવી લેતી.

સુજાતા રમગમતમાં અને ભણવામાં હોશિયાર હતી. એ કોલેજમાં ગઈ પછી અમારો સહવાસ ઓછો થઈ ગયો પણ નજીકમાં રહેતી હોવાથી એના બદલાતા કોલેજ મિત્રો વિષે, અને સુજાતાના વધુ પડતા કાળજી લેતા ભાઈઓ દ્વારા થતી એમની મારપીટના સમાચારો મળતાં રહેતાં. કોલેજ પૂરી થતાં જ સુજાતા શહેર છોડીને એની બહેન સાથે રહેવા જતી રહેલી.

થોડા મહિનાઓ પછી એને પાછી આવેલી જોઈ મને આનંદ થયો. એના ઘરમાં ગંભીર વાતાવરણ હતું. અકળાયેલી સુજાતાએ, ખાસ ખુશી વગર, મને જણાવ્યું કે એના લગ્ન એક એન્જીનિયર સાથે નક્કી થઈ ગયા છે. પરાણે હા પાડવી પડી હતી. લગ્ન વખતે રીસાયેલા મુખવાળા વરરાજાને જોઈ એક ટીખળી છોકરો બોલ્યો, ''સુજાતા, વરરાજામાં ખાસ દમ નથી લાગતો.''

એકાદ મહિનામાં સુજાતા પિયર આવી અને રડતાં રડતાં જણાવ્યું કે, ''હું પાછી જવાની જ નથી, મારા પર એણે હાથ ઉઠાવ્યો હતો.'' એના ઘરમાં બધાને ચિંતા થઈ ગઈ. અંતે એના સાસુ આવ્યા અને અનેક બહાના કરી, સમજાવીને, પાછા લઈ ગયા. ત્યાર પછી, જ્યારે પણ મેં એને જોઈ ત્યારે એક હમદર્દીનો સૂર અનાયાસ દિલમાંથી નીકળતો, ને સવાલ ઊઠતો, ''શું આ એ જ સુજાતા છે?'' મારા અમેરિકા

આવતા પહેલાં સુજાતા બેબીને લઈને મારા બાને ઘેર મળવા આવી ત્યારે કહેતી હતી કે, ''આ બાળકી મારા જીવનમાં કંઈક સુખ લઈ આવી.''

સુજાતાને મળ્યે ઘણાં વર્ષો નીકળી ગયા. એના સમાચારોમાં જાણવા મળ્યું હતંન કે એને બે દીકરીઓ છે અને સાદુ જીવન જીવી રહી છે. એ સમયે અમે કેલિફોરર્નિયામાં રહેતા હતા અને અમારાં બે બાળકો અને બીજા પરિવારના સભ્યો સાથે હું જીવનમાં ઘણી વ્યસ્ત હતી. એવામાં મારા શ્વસુરના મિત્ર અમારે ઘરે મહેમાન બન્યા. વાતો વાતોમાં હું ભાવનગરની છું એ જાણીને એમણે મને સવાલ કર્યો કે, ''સુજાતાને ઓળખો છો?'' મેં કહ્યું કે, ''સુજાતા ખાસ બેનપણી હતી.'' ત્યાર પછી, એ મુરબ્બીની વાતોથી હું હલી ઊઠી.

મહેમાને કહ્યું કે, ''સાન ફ્રાંસિસ્કોમાં, અમારા પડોશમાં એક રિતીક નામનો ચિત્રકાર રહે છે, જે આજ પણ સુજાતાની આરાધના કરી રહ્યો છે.'' મેં એનું નામ સાંભળેલું પણ સુજાતા સાથેની ખાસ દોસ્તી વિષે મને ખબર ન હતી. મને વિચાર કરતા એ સમય અને પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. સુજાતા થોડા મહિનાઓ એની બહેનને ઘેર રહેવા ગઈ હતી ત્યારે રિતીક સાથે સ્નેહ સંબંધ થયેલો. ત્યાંથી પાછી આવી કે તરત એના લગ્ન નક્કી થઈ ગયેલાં તેથી એ વાત સુજાતાએ તદ્દન ગુપ્ત રાખી હતી. સુજાતાની મિત્રતા વિષે ખબર મળતા જ રિતીકનો ફોન આવ્યો અને મને ઘણાં સવાલો પૂછી લીધાં. પછી અંતે મને પૂછ્યું કે, ''તમારા નામે-સરનામે હું સુજાતાને પત્ર મોકલવા માંગુ છું, તો એટલું મારું કામ કરી આપશો? મારે સુજાતા માટે કોઈ તકલીફ ઊભી નથી કરવી.'' વાહ! ચાહતના વિવિધ રંગો!! આવી લાગણી વિવશ પરિસ્થિતિમાં મને વચ્ચે મૂકાતા જરા ખચકાટ થયો, તો પણ મેં હા પાડી. થોડા સમયમાં સુજાતાનો જવાબ પણ આવ્યો જે મેં રિતીકને રવાના કર્યો . . . આમ થોડા પત્રોની આપ-લે થયા પછી પત્રવ્યવહાર બંધ થતાં મને નવાઈ લાગી, પણ વાત

વિસરાઈ ગઈ અને સમય વહેતો રહ્યો. એક વખત ભારતની મુલાકાત દરમ્યાન ઉતાવળમાં સુજાતાને મળી ત્યારે એણે રિતીકના ખબર પૂછ્યાં હતા અને પછી થોડી વાતચીત કરી અમે છૂટા પડેલાં.

અમારા રિતીક સાથેના ઋણાનુબંધ હજી પૂરા નહોતા થયા. રિતીકના ચિત્રોના પ્રદર્શનમાં એક ઓળખીતાને ઘેર મળી અમે ગયા. અમારા ઘરે તેને આમંત્ર્યો હતો ત્યારે તેણે વાત કરી.

રિતીક બોલ્યો, ''હું પહેલી વખત સુજાતાને એના બહેનને ઘેર મળ્યો. મને નસીબની બલિહારી પર શ્રધ્ધા તેથી થોડા સમયમાં જ મારાં મનનો ભાવ દ્રઢ થઈ ગયો કે, સુજાતા મારી જીવન સંગિની બનશે. એ સમયે હું દિશાહીન, અસ્થિર ભવિષ્યવાળો કલાકાર હતો. સુજાતાએ મારા પરિવારની આર્થિક સ્થિતિ અને કમાણી વિષે બધી માહિતી જાણી લીધેલી. એને રીઝવવા હું પૂરા દિલથી પ્રયત્ન કરતો હતો, અને એ હસતે ચહેરે મને પટાવતી રહેતી. એવામાં એક દિવસ સુજાતાએ કહ્યું કે, 'મારે ગામ પાછાં જવાનું છે.' મારું દિલ રડી ઊઠ્યું,''

રિતીકના સવાલ ''આપણા ભવિષ્યનું શું? તારા પિતા પાસે તારા હાથની માંગણી કરું?''

તેના જવાબમાં સુજાતાએ કહેલું, ''ના, એનો કોઈ ફાયદો નહીં થાય અને ઉપરથી તને માર પડશે.''

સુજાતાની નિર્લેપતા જોઈ મને આઘાત લાગ્યો. હું મારું સર્વસ્વ ન્યોચ્છાવર કરી ચૂક્યો હતો અને એ તો સાવ કોરી હતી!

રિતીકની દિલસ્પર્શી ગાથા સાંભળી મને સુજાતા સાથે છેલ્લે થયેલ વાર્તાલાપ યાદ

આવ્યો. મેં જ્યારે પૂછેલું કે, “રિતીકને મૂકીને તેં બીજે લગ્નની હા કેમ પાડી હતી?” સુજાતાએ કહેલું, “મારી સાથેની છોકરીઓ પૈસાદાર, ડીગ્રીવાળાને પરણતી હતી, તેથી મેં એક એન્જીનીયર અને શ્રીમંત વર માટે હા કહેવાની ભૂલ કરેલી. જો કે, પરિવારના દબાણ નીચે મારી પાંસે ખાસ વિકલ્પ નહોતાં.”

રિતીક સાથે વાત આગળ ચલાવતા, મેં એમના પત્રવ્યવહાર વિષે સવાલ કર્યો. રિતીક કહે, “જ્યારે સુજાતાને મોકલાવેલ પત્રનો જવાબ આવ્યો, ત્યારે મને આનંદ થયો. જાણે વર્ષો બાદ મારા રંગોમાં ફરી નવી ચમક આવી! પણ જ્યારે હું તેણે દીકરીઓ સાથે અમેરિકા બોલાવું એવો અનુરોધ કરવાનું શરૂ કર્યું ત્યારે હું મારી કાલ્પનિક તંદ્રામાંથી જાગી ગયો. મને સમજમાં આવ્યું કે હું કોઈની પત્ની સાથે આ ગુપ્ત વ્યવહાર કરી રહ્યો છું. તેથી મેં પત્રવ્યવહાર બંધ કરી દીધો.

રિતીક ભારે હૈયે બોલ્યો, “હજી પણ હું માનું છું કે નિયતીએ મને સુજાતાનો પરિચય કરાવ્યો. મારા ચિત્રોમાં એના ચહેરા પર આજે પણ સ્મિત છે. એક ચહેરાની યાદમાં આ ચિત્રકારની આખી ઝિંદગી એકલતામાં અટવાઈ ગઈ.”

**ચિત્રોમાં એક ચહેરો**

એ મારા ચિત્રો અને ચિત્તમાં વસી ગઈ,
પ્રેમ કરીયો કે નહીં! આવી ને ખસી ગઈ.
વિધિના વિધાન સી એ પહેલી મુલાકાત,
નજરું મળતા રે ખીલી પૂર્ણ ચન્દ્ર રાત.
જિગર દીપ એમનો ઝળહળ્યો કે નહીં!
સદૈવ જલે દીપ, વાટ સંકોરું અહીં.
મારા મૂક પુષ્પો એના પંથમાં કરમાય,

ત્યાં એ ગયા દોડી, ફૂલ મોંઘા દેખાય.
મારા કુસુમોને એણે સૂંઘ્યા કે નહીં!
શુષ્ક થઈ લપાયા જીવન પાનામાં અહીં.
પૂર્વગતા દિવસો અજવાળે મમ આજ,
મેઘધનુ રંગ ભરે અલ્પ એ અંદાજ.
સુવિધા ને સુખ તેને મળીયા કે નહીં!
મધુ મુખ મલકે, મારા ચિત્રોમાં અહીં.

--- **'ચિત્રોમાં એક ચહેરો.' સરયૂ પરીખ**

## ૧૨. હસતાં ઝખમ...

અમરપુર નામના ગામમાં, માનસીની નાનકડી દુનિયા સગા-સંબંધીઓ વચ્ચે હરીભરી હતી. મોટામામાનો બંગલો માનસીના ઘરથી અરધો માઈલ જ દૂર હતો. માત્ર, નાનામામા, કમુમામી અને તેમની દીકરી આરુષી મુંબઈમાં રહેતાં હતાં, તેથી માનસીને તેમનો ખાસ પરિચય નહોતો.

આજે આરુષીનો પત્ર આવતા... અઢાર વર્ષની માનસી સામે સાત વર્ષ પહેલાંનો ભૂતકાળ ખડો થઈ ગયો. માનસી વિચારે ચડી...''આરુષીને પહેલી વખત મળી ત્યારે એ નવ વર્ષની હતી. એ દિવસ, હું ક્યારેય નહીં ભૂલું. અમે મહેમાન આવવાની રાહ જોતાં હતાં. નાનામામા, કમુમામી અને આરુષી ઘોડાગાડીમાંથી ઉતર્યાં. માંજરી આંખો, વાંકડિયા વાળવાળી સુંદર કપડામાં સજ્જ આરુષી, લાગણીશૂન્ય ચહેરે અજાણ્યા સગાઓને જોઈ રહી હતી. હું બે વર્ષે મોટી, અસ્તવ્યસ્ત વાળ ને અણઘડ દરજીએ સીવેલા ફ્રોકમાં, આરુષીને જોતી રહી ગઈ.''

નાનામામાની 'તબિયત ઠીક નથી' તેમ છોકરાઓને કહેવામાં આવ્યું હતું અને પંદર દિવસ પછી તેમના મૃત્યુના માતમ દરમ્યાન આરુષીએ માનસીનો હાથ કસીને પકડી રાખ્યો હતો...કારણ, બીજું કોઈ આરુષી તરફ ધ્યાન આપતું નહોતું. સગા-સબંધીની રોકકળ વચ્ચે કમુમામી સફેદ કપડામાં, રીત-રિવાજમાં ઘેરાયેલાં રહેતા. માનસીનું સ્વાર્થીલું બાલમાનસ કહેતું, ''આ તો ખરી મને વળગી છે,'' માનસી હાથ છોડાવવા પ્રયત્ન કરતી પણ આરુષી બે હાથથી તેને પકડી, પોતાનો ચહેરો માનસીની ઓથમાં છુપાવી રાખતી.

થોડા દિવસો પછી અચાનક ચાર રસ્તા પરથી લોકોના રડવાનો ડરાવણો અવાજ સંભળાયો. ગભરાઈ ગયેલા બાળકોને ખબર પડી કે મુંબઈથી કમુમામીના પિતા,

બહેન-બનેવી અને બીજા સગાઓ કાણે આવ્યા હતાં. રડારોળ પછીની શાંતિમાં માનસીએ જોયું કે કમુમામીના ચહેરા પર પહેલી વખત ચમક આવી. મુંબઈના મહેમાનોની શક્ય તેટલી સંભાળ લેવાઈ રહી હતી. આરુષીના નાનાની શ્રીમંતાઈ તેમના વ્યક્તિત્વમાં અને વાતોમાં દેખાતી હતી. માનસીના નાના અને આરુષીના નાનાએ નિર્ણય જણાવ્યો, ''વિધવા કમુ અને આરુષી અમરપૂરમાં જ રહેશે.'' આ સાંભળી મામીની આંખો પહોળી થઈ ગઈ. પણ...કોઈને તેમનો અભિપ્રાય જાણવાની દરકાર નહોતી. મોટામામાના ખાલી બંગલામાં આરુષી અને કમુમામીને રહેવાની વ્યવસ્થા કરીને સગાઓ વિખરાયા. આરુષીનો ગંભીર ચહેરો અને ઓછું બોલવાની આદતને લીધે કોઈ બાબત કશી વાત કરતી નહીં. માનસી ગમે તે કરે, પણ આરુષી તેની પાછળ પાછળ ફર્યા કરતી.

કમુમામીને શાળાંતની પરીક્ષા પાસ કરવા શિક્ષકની વ્યવસ્થા કરી આપી હતી. નવ વર્ષની આરુષી, જે તેના વર્ગમાં હંમેશા પહેલો નંબર આવતી, એ પણ તેની મમ્મીને ભણવામાં મદદ કરવા લાગી. પણ એમનું 'વિદ્યા ન ચડે' તેવું મગજ, મામી પાસ ન થયાં. આ છ મહિના દરમ્યાન મામીના ઘરમાં પડોશના યુવાનોની આવ-જા રહેતી. ઘણી વાર ઉનાળાની બપોરે છોકરીઓ બહાર રમતાં અંદરથી હસવાનાં અવાજ આશ્ચર્યથી સાંભળે...ને પાછી, રમવામાં ખોવાઈ જાય.

વિધવા સ્ત્રીના હસવા-બોલવાના વ્યવહારનું બહાનું મળવાથી...એક દિવસ ઓચિંતા માનસીએ કમુમામીનાં પિતાને આવી ચડેલા જોયા અને પછી અંદરના ઓરડામાંથી ઘાંટા સંભળાયા, ''આ હું શું સાંભળું છું? વિધવા થઈને મર્યાદામાં રહેતા નથી આવડતું? આબરૂના કાંકરા કરવા બેઠી છે? કમુ! સામાન બાંધ અને મુંબઈ જવાની તૈયારી કર.''

એ સાંભળી આરુષીનો ચહેરો વ્યથાથી કરમાઈ ગયો અને આંખો આંસુથી તરી

પડી. બસ, બીજે દિવસે મામી અને આરુષી મુંબઈ જતાં રહ્યાં. માનસી વાતો સાંભળતી રહી, “કમુની સાવકી મા દોઢ વર્ષ પહેલા ગુજરી ગઈ છે. તેના પંદર અને સોળ વર્ષના બે સાવકા ભાઈઓ અને એક આરુષી જેવડી સાવકી બહેનને સાચવવા અને રસોઈ વગેરે માટે કમુને લઈ ગયા. બિચારી આરુને નહોતું જવું.” થોડા દિવસમાં, આરુષીની યાદ અને વાત બંન્ને બંધ થઈ ગયાં.

ત્રણ વર્ષ પછી આરુષીના માસી માનસીને ઘેર મળવાં આવ્યાં. એક મોતીનું પર્સ માનસી તરફ ધરીને કહ્યું, “આરુએ માનસી માટે આ પર્સ મોકલ્યું છે.” ભાગ્યે જ ભેટ મળવાની શક્યતાઓ વચ્ચે... એ વાક્ય માનસી માટે અત્યંત આનંદદાયક હતું. તેના દિલને એ વાત સ્પર્શી ગઈ કે આરુષીએ પોતે એ પર્સ બનાવ્યું હતું.

પાંચ વર્ષ પછી મેટ્રિકની પરીક્ષા આપી આરુષી પ્લેનમાં અમરપુર આવી. માનસીએ વિમાનમાં આવેલી આરુષી તરફ અહોભાવથી વિશેષ ધ્યાન આપ્યું. આઠ દિવસમાં માનસી અને આરુષી મિત્રો બની ગયા. આરુને ખડખડાટ હસતી જોવી એ એક લ્હાવો હતો, પણ ચહેરા પર ઉદાસીની છાયા ફરી વળતા વાર નહોતી લાગતી. તેના સાવકા મામાઓની વાત કરતા અણગમાનો ભાવ આવી જતો. એવામાં પરીક્ષાનું પરિણામ આવ્યું અને આરુષી નપાસ થઈ હતી! આરુષી માનસી પાસે ખૂબ રડી હતી. માનસીએ પૂછ્યું કે, “આરુ, મને ખ્યાલ છે ત્યાં સુધી તો તું ભણવામાં હોશિયાર હતી. નપાસ કેમ થઈ?”

અશ્રુ લૂછતાં આરુષી બોલી, “મને મુંબઈમાં, એ ઘરમાં જરાય નથી ગમતું. ત્યાં મારું કોઈ સ્થાન, માન કે મહત્વ જ નથી. ત્રણ રૂમના ફ્લેટમાં છ જણાં...એક ખૂણા સિવાય મારું કહી શકું તેવું કશું નથી.” માનસી અને તેના બા તેને સંવેદનાથી સાંભળતા રહ્યાં. કરુણ સ્મિત સાથે આરુષી મુંબઈ પાછી જતી રહી.

એકાદ વરસ પછી આરુષીનો કાગળ આવ્યો. “પૂજ્ય ફોઈબા અને પ્રિય માનસી,

આપ મજામાં હશો. શું કહું તે સમજાતું નથી...મારું હવે આ ઘરમાં કે મુંબઈમાં રહેવું શક્ય નથી તેથી અમરપુર આવું છું. બે દિવસ પછી ટ્રેઈનમાં આવીશ. ત્યાં આવીને વિગત જણાવીશ. આરુનાં પ્રણામ.''

કાગળ વાંચી આશ્ચર્ય ચકિત માનસી બોલી. ''બા...નાનામામાની આરુષીને મુંબઈ છોડી અમરપુર આવીને આપણે ઘેર રહેવું છે...સદાને માટે. મજાની મુંબઈ નગરી છોડી નાના ગામમાં કેમ આવવા માંગે છે?'' તેની બા પણ વિચારમાં પડી ગયાં.

આરુષીને સ્ટેશનેથી ઘરે લઈ આવ્યા. ઘણો સામાન હતો જે કહેતો હતો કે હંમેશને માટે આવતી રહી હતી. આરુષીને પહેલી વખત ફોઈબાને વળગીને રડતી દેખીને માનસીના પપ્પા અને ભાઈ પણ લાગણીવશ થઈ ગયા. એકાદ બે દિવસ પછી આરુષી સ્વસ્થ થતાં, સૌનાં મનમાં ઘોળાતા પ્રશ્નોનાં ઉત્તર આપવાનો સમય આવી ગયો હતો. આરુષીને હવે કશુ જ છુપાવવું નહોતું તેથી મોટામામાના પરિવાર સહિત બધા માનસીને ઘરે એક સાંજે ભેગા મળી બેઠાં.

આરુષી બોલી, ''હવે હું મારા ભૂતકાળ તરફ નજર કરું છું તો મને પ્રતીતિ થાય છે કે મારી કમુમમ્મી માટે મને પહેલેથી જ ખાસ લગાવ નહોતો! અમારા બંન્ને વચ્ચે એક અણગમાનો ઓછાયો છવાયેલો રહેતો. છેલ્લા વર્ષોમાં કમુમમ્મીની અવગણના મને કાંટાની જેમ વાગતી. તે મારી જરૂરિયાતો પૂરી પાડવામાં ઊણી ઉતરતી, એ તો હું સ્વીકારી લેતી, પણ મારા સાવકા મામાઓ મારી વસ્તુઓ જબરજસ્તીથી છીનવી લે તે પણ એ હી હી કરતી ચલાવી લે...એ સહેવું અશક્ય બનતું જતું હતું. એક દિવસ ગટુમામાએ મને દિવાલ સાથે જડી દીધી અને જોરથી મારા હાથમાંથી મારું સીડી પ્લેયર ઝૂંટવી લીધું. મમ્મી કપડા સંકેલતી હતી તેને મારા આક્રંદની રતીભાર અસર થઈ નહીં...અને હું વીફરી, ''મને આટલી કકળતી જુએ છે છતાં તને કોઈ દરકાર નથી?... તું મારી માં છે જ નહીં.''

આરુષીનો અવાજ લથડ્યો. "એ શબ્દોથી કમુમમ્મીનો ચહેરો ગુસ્સાથી લાલ થઈ ગયો. કંઈક બોલવા જતી હતી પણ રૂમ છોડીને ઝડપથી જતી રહી. એ રાત્રે હું જમ્યા વગર ઊંઘી ગઈ હતી. કમુમમ્મીએ મને જગાડી ત્યારે ઘરમાં નિદ્રાધીન શાંતિ હતી. તેણે મને મારા હાથમાં એક ત્રાંબાનો ડબ્બો પકડાવ્યો અને કહ્યું કે, "આરુ! તું હવે આપણાં જીવનનું સત્ય સમજવા લાયક થઈ ગઈ છો. આ થાપણ તારા પપ્પા તારા માટે મૂકી ગયા છે." ગમગીન ચહેરે મમ્મી બહારના રૂમમાં જતી રહી. મેં ડબ્બો ખોલી જોયું તો તેમાં લાલ ગુલાબની સૂકાયેલી પાંદડી સાથે એક ગુલાબી રૂમાલ, સોનાની ચેઈન અને બુટ્ટી હતા. એક કાગળ ઘડી કરીને મૂકેલો હતો. પપ્પાના અક્ષરો જોઈ પહેલાં તો હું ખૂબ રડી." આરુષીના ગળામાં શબ્દો અટકી ગયા. સાંભળી રહેલા પરિવાર જનોની આંખો ભીની થઈ ગઈ.

થોડું પાણી પીધા પછી આરુષીએ પત્ર હાથમાં લઈ કાળજીપૂર્વક ખોલી વાંચવાનું શરૂ કર્યું. "મારી વ્હાલી દીકરી આરુ, આજે તને તારા જીવનનું સત્ય જણાવું છું. તારી માતાનું નામ મધુ હતું, હાં તારી જન્મદાત્રી...અમે બંન્ને અમરપૂરમાં એક થયા હતા. મધુ એક શ્રીમંત કુટુંબની પુત્રી હતી જ્યાં વારસાગત ધન, હોદ્દો અને પ્રતિષ્ઠા સૌથી મહત્વના ગણાતા. મારા જેવા ગરીબ વકીલની સામે જોવાની પણ દરકાર ન કરે તેવા પિતાની પુત્રી મારા પ્રેમમાં અને હું તેના પ્રેમમાં પાગલ થઈ ગયા હતાં. મધુના ભાઈઓના મૌનસાથને લીધે અમે મંદિરમાં લગ્ન કરી મુંબઈ જવા નીકળી શક્યા હતા. તે પછી, મધુના પિતાને હકીકતની ખબર પડતા...તેમના ઘરમાં ક્યારેય મધુનું નામ નહીં લેવાની સખત આજ્ઞા હતી.

"મુંબઈમાં અમારી જીવનગાડી કેટલાક સ્નેહાળ લોકોની મદદથી ઠીક ચાલતી હતી. તારા આગમન માટે અમે અત્યંત ઉત્સુક હતાં. પણ નિયતીની ક્રૂર મજાક...મારી નાજુક મધુ તને જન્મ આપતા જ મૃત્યુ પામી."

માનસીએ આરુષીને વ્હાલથી આવરી લીધી. “ઓહ મારી પ્યારી બહેના...આવી કરૂણ વિગત અને તું એકલી હતી? કાશ કે હું પાસે હોત.” આરુષી તેનો સ્નેહ ઝીલી રહી. સ્વસ્થ થઈ તેણે તેના પપ્પાનો પત્ર આગળ વાંચવાનું શરૂ કર્યું. “હું વિક્ષુબ્ધ, ભાંગી પડેલો દિશાહીન બની ગયો હતો...અને તેમાં નવજાત બાળકીને સાચવવાની જવાબદારી! મારા સાહેબ, વકીલ રાવસાહેબે મને સંભાળી લીધો હતો. આરુષીને માટે મમ્મીની જરૂર હતી. એમણે લગ્ન બાબત કમુના પિતા સાથે ગોઠવણ કરી લીધી. મારી શર્ત એટલી જ હતી કે બાળકીને પોતાની સમજીને ઉછેરવાની અને અમારા ભૂતકાળ વિશે ક્યારેય વાત નહીં કરવાની...કારણ કે, મધુ અને મારા લગ્ન સમાજની નજરે સ્વીકાર્ય ન હતા.

“આ સાંસારિક ખેલમાં બિચારી તારી કમુમમ્મી પણ એક કઠપૂતળી જ છે. તેના શોખ, અરમાનો બધું કચરીને તેનાં બાપાએ મારી સાથે પરણાવી દીધી. તેણે મન મારીને, તેની ક્ષમતા અનુસાર ફરજ નિભાવી. અને હવે... હું લાંબુ નહીં જીવું તેથી કમુને વૈધવ્ય પણ વેંઢારવું પડશે. બેટા આરુ! આ કરૂણ કોહરામાં આશાનાં કિરણ સમા અમરાપુરમાં મુરબ્બી મોટાભાઈ અને બીજા સગાઓ છે. મને એ પણ શ્રધ્ધા છે કે તારા મોસાળમાં તને એક દિવસ જરૂર આવકાર મળશે. વ્હાલી દીકરી! હું જ્યાં હઈશ ત્યાંથી તારી રક્ષા કરતો રહીશ,” અને પછીના અક્ષરો આંસુમાં રોળાઈ ગયા હતાં.

માનસીના મોટામામાનો રુંધાયેલો અવાજ આવ્યો, “બેટા આરુષી, તારા પપ્પાએ મને દરેક ઘટનાઓ વિશે વાકેફ કર્યો હતો. મધુના અવસાન પછી હું તારા પપ્પા પાસે મુંબઈ ગયો હતો. આરુષી! તારા મામા અને મારી દોસ્તી કોલેજકાળથી છે. તારા પપ્પા મારી સાથે ‘મધુવન’ બંગલે આવતા. એ મુલાકાતોમાં તારા પપ્પા-મમ્મીનો ઈતિહાસ આલેખાયો. મહિના પહેલાં મધુના પિતાશ્રીના મૃત્યુના સમાચાર

મેં તારી કમુમમ્મીને જણાવ્યા હતા. આરુ! તારે તારા મામાને ઘેર જવું છે?''

''હા મોટાકાકા! મારે મારું મોસાળ જોઉં છે. માનસી અને ફઈબા, તમે પણ સાથે આવશો ને? મને જરા ગભરામણ થાય છે.'' પછી નિરાંતનો શ્વાસ લઈ આરુષી બોલી. ''હવે હું કમુમમ્મીને મુંબઈ ફોન કરી દઉં...એ ચિંતા કરતી હશે.''

બીજે દિવસે આરુષી એક વિશાળ બંગલાના, તાજા ફૂલોના તોરણ બાંધેલા બારણાં સામે આવીને ઊભી રહી. તેનું દિલ વ્યાકુળતાથી ધડકતું હતું. બારણું ખોલી હસતાં ચહેરાઓ આરુષીને કંકુ ચોખાથી આવકારી રહ્યાં હતાં. બે મામા, મામી અને પિત્રાઈ ભાઈ-બહેનો...અહા! આવો મજાનો પરિવાર હોય!!! સામે એક ફોટો હતો જેમાં આરુષી જેવી માંજરી આંખો અને વાંકડિયા વાળવાળી કિશોરી...આરુષી જાણે પોતાનું પ્રતિબિંબ જોતી હોય તેમ સ્તબ્ધ થઈ ફોટા સામે તાકી રહી. મોટામામાએ સ્નેહથી ખભે હાથ મુક્યો. ''આરુષી! આ અમારી વ્હાલી મધુબેનની તસ્વીર...જે ઘણાં વર્ષોથી છુપાવીને રાખી હતી. આજે તારા આગમનથી દૂઝતા ઝખમને શાતા મળી છે. ચાલ આરુષી, નાનીમા તારી આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે.''

થોડા કમરાઓ પસાર કર્યા પછી એક બારણાં પાસે આરુષીને આગળ કરીને બધાં અંદર દાખલ થયાં. ''આરુ! આ તારા નાની છે.'' પલંગ પરથી ઊભાં થઈ આરુષી તરફ નાનીએ હાથ લંબાવ્યા. સોળ વર્ષની આરુષીને પહેલી વખત પૂર્ણ પ્રેમનો અનુભવ થયો. નાનીના આલિંગનમાં હાસ્ય અને અશ્રુ ઓતપ્રોત થઈ ગયાં.

મીઠાં હાસ્ય સાથે નાનીએ આરુને નજીક ખેંચીને બેસાડી. ''જો બેટા, આ તારી માનો રૂમ. ઘણા સમયથી હું આ રૂમમાં મધુને ઝંખતી રહી છું. એ સમયે સજાવેલો હતો એમનો એમ છે, પણ હવે... તું તારી રીતે સજાવજે.''

“મોટાબા! આરુ મારી સાથે પણ રહેશે હોં! એ અમારી પણ ખરીને?” માનસી બોલી.

“હાં. મારી વ્હાલી આરુષી, આપણા સૌની…”

**વાત્સલ્ય વર્ષા**

વર્ષોની પાર, ઝૂમી ઓચિંતી આજ,
અહો! માના આંગણની સુવાસથી.
ઓઝલ અતીતની તરસી કળી,
આજ ભીંજી પળભરમાં પમરાટથી.
સાચા સંબંધોની સ્નેહલ હથેળીઓ,
સ્પર્શે મધુ જાઈને કુમાશથી.

**--- ‘હસતાં ઝખમ…’ લે.સરયૂ પરીખ**

*દુઃખી બહેનોની સ્વયંસેવક તરીકે કામ કરતાં મને અનુભવ હતો કે ભોળી સ્ત્રીઓના નંદવાયેલા હૈયાને કોઈની ઉપર ફરી વિશ્વાસ આવતા સમય લાગે.*

## ૧૩. હસી ફરી...

સંધ્યાના આછા અજવાળામાં મેં તેને દુકાનના નાના મકાન પાસે ઊભેલી જોઈ. એનો માસુમ ચહેરો સફેદ હિજાબમાં લગભગ ઢંકાયેલો હતો. મેં કાર રોકી. ‘‘હું સેલ્મા,’’ એમ કહેતી એ કારમાં બેઠી. સેલ્માને હું ઈંગ્લીશ શીખવવા માટે નૈક્ષ્ઠિઅ ર્ઝેહષ્ઠૈજ્ઞની ઓફિસમાં, જ્યાં હું volunteer Tutor હતી, ત્યાં લઈ જતી હતી. એ જરા મુંઝાયેલી લાગતી હતી. સામાન્ય વાતચીતમાં ખબર પડી કે કોલેજમાં ભણેલી હતી. જવાબ આપતાં તેના રૂંધાયેલા હાવભાવ નજરે પડતાં હતાં.

સેલ્મા વિશે મને જાણ હતી એ મુજબ, એ ગૃહ-ત્રાસની ભોગ બનેલી બત્રીસ વર્ષની સ્ત્રી હતી. નજીકમાં જ યજમાનનું ઘર હતું ત્યાંથી શોપિંગ સેન્ટરમાં ચાલતી આવી હતી. દુઃખી બહેનોની સ્વયંસેવક તરીકે કામ કરતાં મને અનુભવ હતો કે ભોળી સ્ત્રીઓના નંદવાયેલા હૈયાને કોઈની ઉપર ફરી વિશ્વાસ આવતા સમય લાગે. અંગ્રેજી શીખવતા સાથે ગાળેલા સમયમાં, તેને મારા પર શ્રધ્ધા અને સ્નેહ થવાનો અવકાશ મળ્યો. સેલ્માએ પોતાની કહાણી આંખોમાં આંસુ સંતાડીને કહી.

‘‘સીરિયાના પર્વતો બહુ દૂર રહી ગયા લાગે છે. એ નાની દીકરી, જેને મા-પાપા રાજકુમારી કહી બોલાવતાં, એ કોઈ બીજા જન્મની વાત હોય એવું લાગે છે. જે સમયે હું શાળાના છેલ્લા વર્ષોમાં ભણતી હતી ત્યારે અમારા સગાનો દીકરો શબીર, મારી આસપાસ ઘૂમતો રહેતો. કોલેજમાં અમે વધારે નજીક આવ્યા અને એક બીજા સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું. બંન્ને કુટુંબમાં અણબનાવ હતો પરંતુ અમારા નિર્ણયને અનુમતિ મળી ગઈ. એણે દાંતના ડોકટરનો અભ્યાસ પૂરો કર્યો અને હું ઈજનેર

બની. લગ્ન સરસ  રીતે થઈ ગયા. બધું મધુર સપના જેવું લાગતું હતું. પણ શબીરનો વ્યવહાર મને મેળવ્યા પછી, ટૂંક સમયમાં જ મારા તરફ બેદરકાર હતો. હવે બીજી તમન્ના, અમેરિકા જવાની શબીરના મન મગજ પર સવાર થયેલી હતી. મારા સ્વભાવ અને શિક્ષા અનુસાર પતિને ખુશ રાખવો, હુકમ માનવો અને નિષ્ઠાપૂર્વક અનુસરવો...હોવાથી, હું શબીર સાથે ક્યાંય પણ જવા તૈયાર હતી.

“અમે અમેરિકા આવી એક નાની જગ્યામાં સંસાર શરૂ કર્યો. નિયમ અનુસાર પરવાનગી ન હોવાથી, શબીર દાંતના ડોક્ટરના મદદનીશ તરીકે થોડા પગારમાં નોકરી કરતો, જેનાથી એને બહુ માનહાનિ અને નિરાશા લાગતી. હું પોતે નવી દુનિયામાં ભૂલી પડેલી હરણી જેવી, ઘરની બહાર નીકળતા ગભરાતી. શબીરને પણ હું ક્યાંય એકલી જાઉં એ નાપસંદ હતું. ધીરે ધીરે શબીરની રૂક્ષતા વધવા લાગી. જરા વાંધો પડતાં ઝટ લઈને હાથ ઉપાડતો. એને સમજાવવાની કોશિશ નાકામયાબ રહી. બે ચાર કુટુંબોની ઓળખાણ થયેલી પણ હું જોઈ શકતી હતી કે પુરુષ પ્રધાન વાતાવરણમાં, સ્ત્રીઓની તરફદારી કરનાર કોઈ નહોતું. એક વખત, શબીરને બીજા આદમીઓ સાથે વાત કરતા સાંભળ્યો કે, “અહીં અમેરિકાની સિટિઝન બાઈ સાથે લગ્ન કરી લેતા અહીં રહેવાના હક્ક મળી જાય, જેથી બધી રીતે ફાયદો.” શબીરનું ઘેર આવવાનું અનિયમિત થવા લાગ્યું. હવે હું ક્યાં જઈને ફરિયાદ કરું? મારી સહનશક્તિનો અંત આવી રહ્યો હતો.

“એવામાં એક રવિવારની બપોરે શબીરે મારા પાસપોર્ટની માંગણી કરી. શબીર કહે, ‘હવે તારું અહીં કશું કામ નથી. તને તલાક આપી, તારા અબ્બાને ઘેર સીરિયા મોકલી આપું.’  મારા વિરોધ માટે મને ધડાધડ તમાચા મારી દીધા. પાસપોર્ટ હાથમાં ન આવતા રસોડામાંથી મોટી છરી ઉપાડી મારા તરફ  ધસ્યો, પણ હું દોડીને બેડરૂમમાં ભરાઈ ગઈ અને ૯૧૧ પર ફોન કરી શું બોલી એ તો યાદ નથી, પણ પોલીસ

આવશે એમ મને કહેવામાં આવ્યું. શબીર બાથરૂમમાં હોય એમ લાગતાં, હું ઘરની બહાર નીકળી ગઈ. પણ એ તરત મારી પાછળ આવ્યો અને પથ્થર પર ઘસડીને મને અંદર લઈ જવા લાગ્યો. પોલીસ કારનો અવાજ આવતા મને છોડીને, કશું ન થયું હોય તેમ ઊભો રહ્યો. હાથમાં મોટી છરી અને મારી અવદશા જોઈ તેને પોલીસ-કારમાં બેસવાની ફરજ  પાડવામાં આવી.

"મારી પાસેથી પસાર થતાં, અમારી ભાષામાં બોલ્યો, 'તને ગમે ત્યાંથી શોધી કાઢીશ અને મારી નાખીશ.'" ઓહ! એ ખુન્નસ ભરી આંખો...સેલ્મા ધ્રુજી ગઈ.

"શબીરને લઈ ગયા પછીની શાંતિમાં મેં આસપાસ નજર કરી ત્યારે કેટલીએ નજર મને તાકી રહી હતી. એક સ્ત્રી પોલીસ ઓફિસર મને હળવેથી તેની કાર તરફ દોરીને લઈ ગઈ અને અંદર બેસવામાં મદદ કરી. હવે મને વધુ ગભરામણ થવા લાગી. શબીર તરફથી થતા અત્યાચાર વિશે મને પરિચય હતો. પણ, આ સાવ અજાણ રસ્તાની સફર મારી સામે અનેક શંકાઓ લઈને ઝળુંબી રહી.

"પોલીસ-થાણામાં શું કહી રહ્યા છે એ મને સમજતાં ઘણી વાર લાગી. મને કહેવામાં આવ્યું કે મારે ઘરે પાછા જઈ એકલા રહેવાનું સલામતી ભર્યું નથી, કારણ શબીરને કેટલા દિવસ બંધીમાં રાખશે તે નક્કી નહીં. મને એક સેવા સ્ત્રી ગૃહમાં લઈ ગયા અને નામોની યાદી પકડાવી...મારી ભાષા જાણનાર મદદકર્તા કદાચ મળી આવશે એવી આશા આપવામાં આવી.

"એ રાત્રે તો હું મારા મમ્મીને યાદ કરતી, આંસુ ભીના ઓશિકા પર નીંદરના ખોળે

ખોવાઈ, પણ પછીની ઘણી રાતો જાગતાં વિતાવી. બીજે દિવસે ફોન કરવાનું શરૂ કરતાં મને મારી પરિસ્થિતિ કેમ સમજાવવી અને શું મદદ માંગવી એ સમજ નહોતી પડતી. પહેલા બે ત્રણ વ્યક્તિને મારી અંગ્રેજી ન સમજાઈ અને મને તેમની...અંતે,

એક સંદેશો મૂકેલો હતો, એનો વળતો ફોન બે કલાકમાં આવ્યો.''

સેલ્મા આગળ બોલી, ''મારી મૂંઝવણ અને પરવશતામાં વિશ્વાસ આપતો, મારી માતૃભાષામાં કોઈ અવાજ મારા આળા મનમાં હિંમત જગાવી રહ્યો. એ હતી તમારી સંસ્થાની, અમિના. અમિનાના નિસ્વાર્થ સેવા ભાવ અને મદદને લીધે આજે હું જીવતી છું. અજાણ્યા લોકોને મારે મારી કહાણી કહેવી પડી. મેં આનંદાશ્ચર્ય સાથ જાણ્યું કે, કોઈ મારી હકીકત સ્વીકારે છે અને મદદ કરવા તત્પર છે!''

સેલ્માને મળવા માટે શબીરે માંગણી કરેલ પણ સેલ્માએ ના કહેવરાવી. અમે એક જાજરમાન આરબ સ્ત્રી-વકીલને મળવા ગયાં. એ દિવસે મને પણ કાયદાના પ્રાબલ્ય વિષે ઘણું જાણવા મળ્યું. કાયદા પ્રમાણે, ત્રસ્ત વ્યક્તિ અમેરિકામાં સુરક્ષિત રીતે રહી શકે અને નોકરી કરી શકે. જો ત્રાસ આપનાર પકડાય તો આ દેશ છોડીને જતા રહેવાની તેના પર ફરજ  પાડવામાં આવે છે. પરંતુ, કોર્ટના ફેંસલાની રાહ જોવામાં મહિનાઓ નીકળી જાય…

સેલ્માને નજીકમાં જ એક ખાનદાન આરબ  કુટુંબમાં, બાળક અને ઘરકામમાં મદદ કરવા ગોઠવી. કમાણી સાથે, સેલ્મા પહેલી વખત અમેરિકામાં કૌટુંબિક વાતાવરણમાં શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ કરી રહી હતી.

સેલ્માને ઈંગ્લીશ ક્લાસમાં અનુકૂળ સમયે હું તેને લઈ જવા માટે મળતી રહેતી. કોઈનું ધ્યાન આકર્ષિત કરવા ન માંગતી હોય તે રીતે, લજીલી, માથા પરના હિજાબને સંકોરતી ઊભી રહેતી. બરાબર પરિચય થયા પછી મેં સૂચન કર્યું કે એ હિજાબ માથે બાંધવાનુ છોડે તો સમાજમાં જલ્દી ભળી જઈ શકે. પરંતુ સેલ્મા એના રીતિ-રિવાજમાં અને પાંચ વખત પ્રાર્થના કરવાના નિયમમાં ફેરફાર કરવા તૈયાર ન હતી.

છ-આઠ મહિનામાં છૂટાછેડા થઈ ગયા. એ દિવસે કોર્ટમાં શબીરને જોઈ એને અનેક

લાગણીઓ થઈ, એમાં ભયનો પડછાયો સૌથી વધારે ઘેરો હતો. થોડા ડોલર એના ભાગમાં આવ્યા. વકીલનો ખર્ચ અમારી સંસ્થા આપતી હોવાથી સેલ્માને પોતાની કમાણીના ડોલર થોડા ભેગા થયા હતા. સીરિયા પાછા જવામાં અતિશય શર્મજનક પરિસ્થિતિમાં પોતે અને એનું કુટુંબ મુકાઈ જશે તે ખબર હતી. સ્ટોરમાં નોકરી શોધવામાં અમે મદદ કરી. એ જહેમતથી નવો ધંધો શીખી. જિંદગીમાં પહેલી વખત એકલા રહેવાનો અનુભવ એને ઘણી વખત વ્યાકુળ કરી દેતો.

એક સ્ત્રી પરણ્યા વગર રહી શકે તે કલ્પવું, સેલ્માની માન્યાતાઓથી બહાર હતું. અમે ક્લાસમાં એક વાર બેઠાં હતાં ત્યારે એણે આછા આશાભર્યા સ્મિત સાથે કહ્યું, ''ટીચર, આ શનિવારે હું એક એન્જિનિયરને મળવાની છું.'' શું પહેરવું, વગેરે વિશે અમે ઉત્સાહથી ચર્ચા કરી. બીજા અઠવાડિયે ફરી મળ્યા ત્યારે, ''એનામાં કંઈ દમ નહોતો.'' પછી એક  બીજા ઉમેદવાર, અનવર સાથે સેલ્માને બરાબર લાગ્યું, પણ પોતે એક શરત મૂકી કે અનવરે સીરિઆ જઈને સેલ્માના માતા-પિતાને મળી, એમની સંમતિ લઈ આવવાની. એક વ્યવસ્થા એવી થઈ કે સેલ્મા એક વર્ષ અનવરની કપડાની ત્રણ દુકાનોમાંની એક દુકાન ચલાવે અને વર્ષના અંતે બંન્નેને લગ્ન કરવાની મરજી હોય તો પછી આગળ વાત ચલાવવી. વિધુર અનવર અને તેના બે બાળકો સાથે ફાવશે તેવી સેલ્માને શક્યતા લાગી.

એ દિવસે અમારા ક્લાસની છેલ્લી સાંજ હતી. સંધ્યાના આછા ઉજાસમાં થોડે દૂર સૂકાયેલા ઝાંખરા વચ્ચે મજાના સૂર્યમુખીના સુંદર ફૂલો ખીલેલાં હતાં.

મે કહ્યું, ''જો સેલ્મા, કેવા સુંદર ફૂલો છે!'' મારા સામે હસીને એ ઝાંખરા વચ્ચે જઈને પ્રયત્નપૂર્વક પીળા ફૂલો ચૂંટીને લઈ આવી અને ''ટીચરને ભેટ'', કહી મારા હાથમાં મૂકી દીધા, જાણે ગુરુદક્ષિણા આપી...

થોડા મહિનાઓથી હું સેલ્માને મળી નહોતી. એવામાં એનો કાગળ આવ્યો. “મારા માયાળુ ટીચર. હવે લગભગ વર્ષના અંતે ભવિષ્યની ઝાંખી દેખાય છે ખરી. મારું લગ્ન નક્કી થયું છે. હું આ સંબંધ માટે ખુશ છું. શુક્રિયા... સેલ્મા.”

“સેલ્મા! તેં ચૂંટેલા સૂર્યમુખીના બીજ, મેં જમીન પર વેર્યા હતાં. એ છોડ પર સુંદર ફૂલો હસી રહ્યા છે. તું પણ એમ હસતી રહે.”

**હસી ફરી**

*આશ તારલી આજ રાતભર ઝાકળ થઈને ઝરતી*
*સ્વપ્નોની રંગોળી રોળી શ્યામ વાદળી વરસી*
*યૌવનના આંગણમાં ખીલી વેલી પ્રેમ સીંચેલી*
*શરમાતી મલકાતી અર્પિત પૂર્ણ પણે વરેલી*
*અણધારી આફત આવેલી વાછંટે વીંઝેલી*
*તણખલાના તીર તેવર ક્રુર કાંટેથી વીંધેલી*
*નવા પ્રહરની ઝાકળ ઝીલી તૃપ્ત બની તરસેલી*
*હૈયામાં નવ ઉમંગ લઈને સ્વપ્ન સજે શરમીલી*

**---- ‘હસી ફરી...’ લે. સરયૂ પરીખ**

## ૧૪. શક્ય-અશક્ય ઋણાનુબંધ

દર બે-ત્રણ વર્ષે અમેરિકાથી વડોદરા જઈ મુનિભાઈને ઘરે એક-બે મહિના મહેમાનગતી માણવાની હોય. પરિવારના સભ્યો મારા આગમનથી ખુશ થતાં હોય...તેમાં રસોડા પાસે ઉર્મિલા, ''કેમ છો સરયૂબેન?'' કહીને હસતી ઊભી હોય. ઉર્મિલાની હાજરી ઘરમાં હંમેશની થઈ ગઈ હતી.

નાજુક તબિયતવાળી સત્તર વર્ષની નવવધુ ઉર્મિલાએ ભાભી-ભાઈનાં ઘરમાં કામ શરૂ કર્યુ હતું. તેનાં બાળકોના જન્મ સમયે ભાભી અને ભાઈની ખાસ કાળજીને લીધે મા-બાળકો સારી રીતે ઊજર્યાં હતાં. વર્ષો સાથે વિશ્વાસ અને ભરોસો વધતાં રહ્યાં. ભાઈએ નવું ઘર બાંધ્યું ત્યારે ઉર્મિલાના પરિવાર માટે પણ પાકું રહેઠાણ બંધાવી



આપ્યું. તેના બાળકોને કોઈ વાતની કમી ન હોય તેના ધ્યાન સાથે તેમને ભણાવવાની જવાબદારી મારા ભાભીએ લીધેલી. ઉર્મિલાનાં બહોળા પરિવારમાં તેની દીકરી પહેલી કોલેજ ગ્રેજ્યુએટ થઈ.

કુશળતાની વાત કરીએ તો, દિવાળીએ અમે વડોદરાથી દિલ્હી અને ત્યાંથી આગ્રા ગયેલાં. હોટેલમાં દરેક જણની પાસે ID card હતું. પણ મારે તો પરદેશી હોવાથી પાસપોર્ટ બતાવવાનો હતો, તે વગર મને રહેવા ન દે. પાસપોર્ટની નકલ દિલ્હીમાં પડી હતી અને પાસપોર્ટ વડોદરા. મારા ભત્રીજા અર્જુને વર્ષાને ફોન જોડ્યો. ''વર્ષા, ફોઈના રૂમમાં જા, તેની બેગમાંથી પાસપોર્ટ શોધી, ફોટો પાડી, અપલોડ કર.'' પંદર મિનિટમાં વર્ષાએ કામ પતાવી દીધું. આવા અગત્યનાં દસ્તાવેજ હોય કે કોઈ કિંમતી ચીજ હોય, ઉર્મિલાના પૂરા પરિવાર પર સંપૂર્ણ વિશ્વાસ. આજે ભાઈની જ કંપનીમાં નાની વર્ષા

MSW કર્યા પછી, Head of the Department થવા માટે સક્ષમ્ય બની છે.

ઉર્મિલાના ગામડે તેની મા, ભાઈ-બેનને શું તકલિફનું પણ ભાભી ધ્યાન રાખતાં. બધી વાતમાં ઉર્મિલા બેનની સલાહ લેતી. થોડાં વર્ષો પહેલા એક વાત સાંભળી તેમના સરળ સંબંધ વિષે ખ્યાલ આવ્યો. બાજુનાં મોટા બંગલામાં અમેરિકાથી પ્રૌઢ પતિ-પત્ની રહેવા આવ્યાં જેનાં વાત-વ્યવહારમાં ડોલરની ચમક બધી જગ્યાએ દેખાતી. ઉર્મિલાની મદદ લે ત્યારે તેઓ સારા એવા પૈસા આપે. એક દિવસ ઉર્મિલા આવીને ભાભીને કહે, ‘‘બેન, આ બાજુવાળા મને કહે છે કે મારે ઘેર કામે આવી જા. મોટો પગાર અને બીજા લાભ આપીશ.’’ ભાભી સરળતાથી કહે, ‘‘તને સારું લાગતું હોય તો...મને વાંધો નથી.’’ એ તો ન ગઈ પણ હવે, ઉર્મિલાનાં ઘરનાં જો બીજે રહેવા જાય તો પણ એ બેનને છોડીને ન જાય. ભાભી માટે એટલું માન કે પોતાના છોકરાઓ જો કાંઈ બરાબર ન કરતા હોય તો એટલું જ કહે કે, ‘‘બેન વઢશે.’’

એક બીજી મજાની વાત...ઉર્મિલાનો દીકરો ભણવામાં નબળો. તેને ઉત્સાહ આપવા ભાભીએ કહ્યું કે, ‘‘તું હાઈસ્કૂલની છેલ્લી પરિક્ષામાં પાસ થઈશ તો તને વિમાનમાં વડોદરાથી મુંબઈ લઈ જઈશ.’’ પરિક્ષા તો આપી પણ પરિણામ આવતાં પહેલાં જ કહે, ‘‘બેન ચાલોને હમણાં મુંબઈ જઈએ!’’ અમે હસી પડ્યાં...આજનો લ્હાવો લીજીએ રે...પરિણામ પછી જવાની શક્યતા નહીં જાણીએ રે....

ઉર્મિલાએ ભાભીને ઘેર કામ કરવાનું શરૂ કર્યા પછીની મારી એ બારમી મુલાકાત હતી. ઉર્મિલાએ તેની પુત્રવધૂ અને નાના પૌત્રનો પરિચય કરાવ્યો. દીકરા-વહુને માટે (ભાભીની મદદથી) અલગ ફ્લેટ હતો પણ વધારે સમય વહુને સાસુ સાથે જોતી. અને તે ઉપરાંત, ભાભીના માર્ગદર્શનથી ‘બિઝનેસ વુમન’ બની ગઈ હતી. જ્યાં સંપ હોય ત્યાં સુખ, શાંતિ અને સંતોષનો સહજ વાસ હોય છે.

એક સવારે ઉર્મિલાના પૌત્રની સાથે છએક વર્ષનો છોકરો રસોડામાં રમતો હતો. મેં પૂછ્યું તો ઉર્મિલા કહે કે, “આ મારા ભાઈનો છોકરો દશરથ. કાલે ભાઈ તો આવીને ગ્યા, પણ દશરથ જીદ કરીને અહીં રોકાઈ ગ્યો.” બાળક મારી સામે જોઈ મીઠું હસ્યો. મેં જઈને ભાભીને કહ્યું કે, “છોકરો કેવો મજાનો છે!”

“એની પાછળ તો રસભરી કહાણી છે. ઉર્મિલાનાં ભાઈના લગ્ન પછી ખબર પડી ગઈ કે ‘છોકરાં નથી થતાં.’ કુટુંબમાં ચિંતાનો વિષય હતો. ઉર્મિલાની બેનને બાળક આવવાનું હતું તેથી તેના બા હોસ્પિટલમાં હાજર હતાં. વાતો સાંભળવામાં આવી કે...કોઈ બાઈ, છોકરાને જનમ આપીને જતી રહી છે. ગામડા-ગામમાં શોધવા જવાવાળા પોલિસનાં માણસો ક્યાંથી મળે! ડોક્ટર કહે...હવે આ બાળકને કોને સોંપવું! ઉર્મિલાનાં બા અને પરિવારે મળી બાળકને ગોદ લેવાની વાતચીત કરી અને તેને માટે જરૂરી કાગળિયાં કરાવી આ છોકરાને ઘરે લઈ આવ્યા.

ઘણા લોકો ઈલાભાભીને કહે, “તમારે તો ઉર્મિલા સારી મળી ગઈ. અમને ય શોધી આપો ને.” પરંતુ જ્યાં રાખનારની ઉમદા સમજ અને રહેનારની પ્રમાણિકતામાં સંવાદિતા ન હોય, ત્યાં સુધી ‘બેન’ અને ‘ઉર્મિલા’ મળવાની શક્યતા નથી.



*ઊર્મિલાના પતિ, તેમના પૌત્ર સાથે...*
*અમારી આરિયા*

**‘ઋણાનુબંધ.’ લે. સરયૂ પરીખ**

## ૧૫. લાલ ફૂલો વાળો સફેદ ડ્રેસ

મારા પ્યારા ભાવનગરમાં, મારા માતા-પિતાની શિક્ષકની નોકરીની આવકમાં, અમારા નાના કુટુંબની જરુરિયાતો સચવાઈ જતી. અમારું પોતાનું ઘર હતું, બગીચામાં દસેક આંબા અને ગુલાબ હતાં. ગુલાબના છોડની સંભાળ રાખવાની મારી જવાબદારી હતી. મારી પાસે આંગળીને ટેરવે ગણી શકું એટલા પોશાક હતા. કબાટમાં, કાચના બારણાં પાછળ, સંકેલીને એક ખાનામાં ગોઠવાઈને મારા કપડા મૂકાયેલા રહેતા. અમારા મધ્યમ વર્ગના પરિવારમાં જીવન જરૂરિયાતથી વધારે એશો આરામનો અનુભવ નહોતો તેથી અદ્યતન સગવડતાઓની કમી છે, એવી સમજ નહોતી પડતી.

મને દસ વર્ષની ઉંમરે ટાઈફૉઈડ થયો અને ત્યાર પછી કોઈ અજાણ કારણથી હું જરા જાડી થઈ ગઈ હતી. મને ચીડવવા 'ડબલ ટાઈફોડ' નામ પણ આપેલું. પાછા



ઉપરથી સલાહ આપનાર કહેતાં, ''તું ચિંતા કરે તો પાતળી થઈ જાય.'' તો હું ભોળા ભાવે પૂછતી, ''મને કહો, ચિંતા કેમ થાય?''

ઘરની લગભગ બધી ખરીદી મારા બાપુજી કરતા, પણ મારા કપડાં ખરીદવા મારે બાની સાથે જવાનું થતું. શનિવારે બાને સવારની અરધા દિવસની શાળા ચાલુ હોય તેથી બપોરે જવાનું શક્ય બનતું. ખરીદી કરવા જવાના દિવસે ઉત્સાહને કાબૂમાં રાખવાનું આ કિશોરી માટે અઘરું હતું. બપોરનું જમવાનું પૂરું થતા બા જલ્દી આરામ કરી લે તે વાસ્તે શેત્રંજી અને ઓશીકું ગોઠવીને તૈયાર કરીને મૂકી દેતી. પછી ચા પણ બનાવી આપું. પણ, સૌથી મોટો ભય અતિથિ આવીને ઊભા રહેશે એનો રહેતો, અને એવું બને ત્યારે મારા અણગમાનો ભાવ વાંચી ન લે તેથી હું રસોડામાં જઈ ચા બનાવવા લાગી જતી. પછી જલ્દી ચા પતી જાય એ પ્રાર્થના કરતી ઘરના બારણાં પાસે ઊભી રહેતી. આ

નાની લાગતી વાતોનું એ સમયે કેટલું મોટું સ્વરૂપ હતું!

એ શનિવારે અમે નવી ખુલેલી કાપડની દુકાને ગયેલા. ડ્રેસ બનાવવા માટે કપડું પસંદ કરવાનું હતું. "બહેનને પેલા ઉપરના તાકામાંથી બતાવો." માણસે એકાદ બે ખોલ્યા પણ મારી નજર એક નાજુક લાલ ફૂલોવાળા સફેદ મુલાયમ જ્યોર્જેટ તરફ આકર્ષાઈ. એ ખોલતાં જ મારો ચહેરો ખીલી ઊઠ્યો. મેં બાને કહ્યું, "આ તો લેવું જ છે." ત્રણ વાર કાપવા માટે માપતા છેલ્લે જરા કાણા દેખાયા. બાને લાગ્યું કે સારું કાપડ નથી તેથી સમજીને કહ્યું, "ના આ રહેવા દો." બાર-વર્ષની હું આંખમાં આંસુ છુપાવવા એક બાજુ જઈ ઊભી રહી. બાએ મારી લાગણી ન દુભાય તેથી સંમતિ આપી કાપડ લઈ આપ્યું. ખૂબ હોંશથી ડ્રેસ તૈયાર થઈ ગયો અને 'સાચવીને ખાસ પ્રસંગે પહેરવાનો' એવી સલાહ સાથે મારા કબાટના ખાનામાં ગોઠવાયો. એ લાલ ફૂલવાળા સફેદ ડ્રેસને ખોલવો, ને ફરી સંકેલવો, મુલાયમ કાપડ પર નાજુક હાથ ફેરવવો, એ ગમતી પ્રવૃત્તિઓ હતી.

એક દિવસ મારી તબિયત ખરાબ લાગતા મારા ડોક્ટરમામાને દવાખાને બા લઈ ગયાં. એ સમયે બહુ કોમળતા બતાવવાની રીત નહોતી. "ન્યૂમોનિઆ લાગે છે" એવા નિદાન સાથે દવા લઈ, ચાલતા ઘરે આવી પથારીમાં સૂતી. બા નોકરી પર ગયાં. આખી બપોર શ્વાસ લેતા ખૂબ દર્દ થયું, ત્યારે 'ન્યૂમોનિઆ એક ગંભીર બીમારી છે' એ બધાના ધ્યાનમાં આવ્યું. અમારે ત્યાં ફોન નહોતો. એ એક જ દિવસ અમે બાને શાળામાં ફોન પાડોશીના ઘરેથી કરાવ્યો હતો. પછીના પાંચેક દિવસ કેમ ગયા એની મને સભાનતા નહોતી. રાતના સગડીના કોલસા સળગાવી શેક કરતાં...જેથી શ્વાસ લેવામાં મને સરળતા રહે. જ્યારે આંખ ખોલીને જોતી, ત્યારે બા-બાપુજીના ચિંતિત ચહેરા અને ભાઈ રૂમની અંદર બહાર આવ-જા કરતો દેખાતો. બાને વધારે ચિંતાનુ કારણ એ પણ હતું કે થોડા મહિનાઓ પહેલા જ, બે

દિવસના તાવમાં, મારી પાંચ વર્ષની બહેન ઉર્વશી અમે ગુમાવી હતી. એ આઘાત ઘેરો ઘૂંટાતો હતો.

પાંચમે દિવસે મારી તબિયત જરા સારી લાગતા મને તાજગી લાગે માટે સ્પંજ બાથની હ્રઠ્ઠ તૈયારી કરી રહ્યાં હતાં. મારી નજર કબાટમાં ગોઠવાયેલા રાતા



ફૂલોવાળા ડ્રેસ પર અટકી રહી હતી. બા પણ મારી નજરને અનુસરી એક સ્મિત સાથે એ ડ્રેસ જોઈ રહ્યાં. પછી મને એ ડ્રેસ પહેરાવ્યો. તાજગીભરી હું મારા ગમતા ડ્રેસમાં ખુશ હતી અને દિવસો પછી, ભાઈની મજાકથી હું ખડખડાટ હસી પડી.

મને સ્વસ્થતા આવતા નજર મારા હાથ પર પડતાં ખ્યાલ આવ્યો કે, અંગુઠો પાતળો દેખાતો હતો. મને ધ્યાનમાં આવ્યું કે મારું વજન ઘણું ઉતરી ગયું હતું. વાહ! મારું સપનું સાકાર થયું.

મારા આરામ કરવાના દિવસો દરમ્યાન ઘણાં મિત્રો આવતા રહેતા. એમાં એક દિવસ મારી બેનપણી હંસા પણ સંકોચ સાથે આવી. હંસાને મારા માટે બહુ લાગણી હતી, પણ હું એની કિંમત નહોતી કરતી અને નજીવા બહાનાથી થોડા સમયથી બોલતી નહોતી. મારા બા કહેતાં કે, "સ્નેહની કદર ન કરીએ તો સ્નેહ મળતો બંધ થઈ જાય." મારા અબોલા છતાં ય હંસા મારી ખબર કાઢવા આવી... મારું દિલ આભારવશ થઈ ગયું. એ માંદગીના સમયે મને એવી ઘણી અણજાણ લાગણીઓની કદર સમજાઈ.

એ દિવસે મારી તબિયત સારી હોવાથી મેં મારા ગુલાબના છોડને મળવાનું વિચાર્યું. મારા આશ્ચર્ય અને આનંદ વચ્ચે એક મજાનું લાલ ગુલાબ હસી રહ્યું હતું. બધાને

બતાવવા એને જતનથી ઘરમાં લઈ આવી. પણ સામે જ બા બેઠક પર બેસીને એમની કવિતાની નોટમાં લખી રહ્યાં હતાં. “બા! લો આ તમારા માટે ભેટ.” બાના મુખ પર એ ગુલાબ જેવું જ હાસ્ય ફરક્યું. બીજા દિવસ પછી ગુલાબ દેખાયું નહીં તેથી એ વિષે હું ભૂલી ગઈ. પછી આ ઉત્સાહભરી સુકુમારી અનેક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત થઈ ગઈ. વર્ષો સાથે લાલ ફૂલોવાળો સફેદ ડ્રેસ, નાનો પડી ગયો હતો તો પણ, હંમેશા સૌથી વધારે મનગમતો બની રહ્યો.

લગ્ન પછી પરદેશ વાસને લીધે બા અને જન્મભૂમિની મુલાકાતો વચ્ચે કાળક્રમે અંતરાય વધતો રહ્યો. ૧૯૯૩માં, બાને છેલ્લી વિદાય આપવા વડોદરામાં ભાઈને ઘરે ભેગા થયેલા. તેમનાં અવસાન બાદ ભારે હૈયે ભાવનગરના ઘરમાં પ્રવેશ કરતા ઋજુ લાગણીઓ સ્પર્શી ગઈ. બાના કબાટને ખોલી એમની ગમતી ચીજો સાથે મનથી વાતો કરી રહી હતી. એમાં કપડાં પર પડેલી એમની કવિતાની નોટબુકને મેં સહજ ઉત્સુકતાથી ઉઠાવી અને મૃદુ આંગળીઓથી ખોલી. એમાં જતનપૂર્વક ગોઠવેલું લાલ ગુલાબ! હવે મને ખ્યાલ આવ્યો કે મેં આપ્યું હતું એના બીજા દિવસ પછી એ ક્યાં સંતાયેલું હતું! એ જ પુસ્તકની નીચે મારો લાલ ફૂલોવાળો સફેદ ડ્રેસ! એના પર હાથ ફેરવી એની મુલાયમતા અનુભવી રહી હતી. અચરજ એ થાય છે કે કાળની નદી વહે જાય છે, પણ એ કિશોરી તો અહીં જ ઊભી છે!

એવામાં, વર્ષો સુધી બાનું કામ કરનાર, સંતોકબહેન એમની પૌત્રી મેના, સાથે ઓરડામાં દાખલ થયા. ડ્રેસને જોઈને એ બોલ્યા કે, “બાને જ્યારે તમારી બહુ યાદ આવતી ત્યારે આ ડ્રેસને હાથમાં લેતા જોયેલાં.” મેં રેશમી યાદોના પુંજને હાથમાં લઈ, દિલની નજીક થોડી ક્ષણો પકડી રાખ્યો, અને પછી મેનાને પ્રેમથી આપી દીધો. મેના એની દાદી સાથે ચહેકતી બહાર દોડી ગઈ.

હું બાના લાલ ગુલાબવાળા પુસ્તકને લઈ બચપણની યાદમાં લપેટાઈને બેઠી…

## માના આંગણની સુવાસ

વહેલી પરોઢ, કોઈ જાણિતી મ્હેક, મારી યાદની પરાગને જગાડતી;
વર્ષોની પાર ઝૂમી ઓચિંતી આજ, અહો! માના આંગણની સુવાસથી.

પાંપણ પરસાળમાં શોધે ચાર પાંદડી, ધોળા રે ફૂલ પીળી ડાંડલી,
આઘા અતીતમાં અવરી એક છોકરી, કે જોઉં મને વેણી પરોવતી!

ઉષાની ઓઢણીની આછેરી હલચલથી, પર્ણોના થાપ થથરાટથી,
જાગી હું આજ જાણે ઝીણાં ઝંકારથી, ભીંજી પળભરમાં પમરાટથી.

પહેલા સુગંધ પછી પમરાતી પાંખડી, મહેકાવે યાદને સુવાસથી,
ફૂલની પથારી પર નાજૂક હથેળીઓ, સ્પર્શે સરયૂને કુમાશથી!


**--- 'લાલ ફૂલોવાળો સફેદ ડ્રેસ.' લે. સરયૂ પરીખ સરયૂ પરીખ.**

# ભાવનગરની પ્રતિભાઓ : # ૪૩ – નાથાલાલ દવે

**લેખીકા : શ્રીમતિ સરયૂ મહેતા-પરીખ**

(સપાદિકયનોંધ : ગુજરાતી સાહિત્યના ગાંધીયુગ (૧૯૧૫-૧૯૪૫) દરમિયાન અનેક કવિઓ ગાંધીજીની અસર તળે આવ્યાં અને તેની સીધી અસર તેમના જીવન-કવન પર પડી. તે સમૂદાયમાં ચાર ભાવનગરી કવિજનો ક્રિષ્નાલાલ શ્રીધરાણી, પ્રેમશંકર ભટ્ટ, પ્રહલાદ પારેખ અને નાથાલાલ દવેનો સમાવેષ થાય.

નાથાભાઈના કવયિત્રી ભાણી સરયૂ મહેતા-પરીખ એક કવિજન તેમજ આત્મજન તરીખે કવિશ્રીનું અંહી નીજ જીવન દર્શન રજુ કરે છે. --- ડો.કનક રાવળ. જુન ૩ ૨૦૧૨



નાથાલાલ દવે, ૧૯૧૨-૧૯૯૩, જન્મસ્થળ : ભુવા
પિતા : વૈદ ભાણજી કાનજી દવે. માતા : કસ્તુરબેન
પત્ની : નર્મદાબેન
ભાવનગરમાં અભ્યાસ : એમ.એ.; ૧૯૪૩ – બી. ટી.
વ્યવસાય : ૧૯૫૬-૧૯૭૦-ગુજરાત રાજ્યના શિક્ષણાધિકારી

**મુખ્ય રચનાઓ :**

- કવિતા - કાલિંદી,જાહ્નવી,અનુરાગ, પિયા બિન, ઉપદ્રવ, મહેનતનાં ગીત, ભૂદાનયજ્ઞ, સોનાવરણી સીમ, હાલો ભેરૂ ગામડે, મુખવાસ
- વાર્તા - ઊડતો માનવી, મીઠી છે જિંદગી,
- સંવાદ પ્રધાન રચનાઓ અને અનુવાદો
  ૨૦ કાવ્યસંગ્રહો, ૫ વાર્તાસંગ્રહો, ૧૧ સંપાદનો = ૩૬ પુસ્તકો ૧૯૮૨ સુધીમાં.

## ૧૬. મારા મામા, કવિશ્રી નાથાલાલ દવે

અમારૂ બાળપણ નાનાજી વૈદ ભાણજી કાનજી અને મામાના વિરભદ્ર અખાડા સામેના ઘરમાં પાંગરેલું. મારી નિર્દોષ ભોળી આંખો પૂજ્ય મામાને અહોભાવથી નિહાળતી. એ સમયે ભાવનગરની બહાર હોવાથી જ્યારે પણ અમારે ત્યાં આવતા ત્યારે ખાસ પ્રેમપૂર્વક મારા બા તૈયારી કરતાં હોય એ જોવાનો લ્હાવો હતો. એ સમયે હું આઠેક વર્ષની હતી અને મેં ઊભો સોમવાર કરેલો. મામાને લોકોની સમજ્યા વગર અંધશ્રદ્ધાથી વ્રતો કરવાની રીત સામે સખત અણગમો હતો. મારો હાથ ખેંચીને નીચે બેસાડી દેવાની રમત-રકજકની યાદ આવતા હજી પણ મારા ચહેરા પર હાસ્ય ફરકે છે.

ખાદીના સફેદ વસ્ત્રો, ગોરો વાન અને સુંદર ચહેરાવાળા મારા મામા નવલકથાના નાયક જેવા દેખાતા. ઘણી વખત કવિ સંમેલન, શિબીરમાં કે અમારી શાળામાં કવિતાની સુંદર રજૂઆત પછી શ્રોતાગણની પ્રશંશા સાંભળીને મામા માટે ગર્વનો અનુભવ થતો. પાઠ્યપુસ્તકમાં "પિંજરના પંખીની વાત" એમની સહજ ઓળખાણ માટે પૂરતું હતું. વિનોબાજીની ભાવનગરની મુલાકાત વખતે મામાના લખેલા ગીતો ગવાયેલા અને વિરાણી સ્પર્ધા હોય કે અન્ય કોઈ પ્રસંગ, હું મામાની રચનાઓ, "અષાઢના તારા રે, આભ ભરીને ઊગિયા શા?" કે "આજ આભમાં આનંદ ના સમાય રે, ઢળે રૂપેરી ચાંદની", ઉમંગ અને સૌને ગમશે એ વિશ્વાસ સાથે ગાતી. મારા પતિ દિલીપના કુટુંબમાં મામા ઘણી વખત કાવ્ય રસ વહેંચતા અને અમે હજી પણ સાથે ગાઈ ઊઠીએ "હવામાં આજ વહે છે ધરતી કેવી ખુશખુશાલી."

મારા બા, ભાગીરથી, એક બાલિકા બહુ, ચાર ચોપડી પણ પૂરી નહીં કરેલ અને ગામડામાં ગૃહસંસારમાં મુંજાતા હતા ત્યારે તેમના ભાઈ કવિ નાથાલાલ દવે એમને સ્વામિ વિવેકાનંદના પુસ્તકો વાંચવા મોકલતા, જે એમને આત્મશ્રધ્ધા અને જાગૃતિના

રસ્તે દોરી ગયા અને અઢાર વર્ષની ઉંમરે ફરી ભાવનગરની શાળામાં ભણવાનુ શરૂ કરી કોલેજ સુધી અભ્યાસ કરી, હાઈસ્કૂલમાં શિક્ષિકા બન્યા. નાનાજી અને ઘરના લગભગ બધા સભ્યોના વિરોધ સામે ટકી રહેવા મારા બાને અમારા મામાનો સતત સહારો હતો.

એક પ્રસંગે હું હતાશ થયેલી ત્યારે મારા સામે સ્થિર નજર કરી મામાએ કહેલ, "મી હ્રિદ્દૃ." એ બે શબ્દો મને ઘણી પરિસ્થિતિઓમાં આવીને મનમાં ગુંજતા અને હિંમત આપતા રહ્યા છે. મામા ક્યારેક બગીચામાંથી ફૂલ લઈ આવી મામીને આપતા કે એમની લગ્નતિથિને દિવસે કંકુની ડબ્બી અને લાલ સાડી આપતા હોય એવી રસિક પળો જોઈ છે. તેમજ મામી બપોરે રસોઈમાંથી પરવારીને આવે ત્યારે મામાએ એમને માટે પાથરણું, ઓશિકું, છાપુ અને ચશ્મા તૈયાર કરીને રાખ્યા હોય કે અરવિંદને વાર્તા કહેતા હોય, એવી કાળજીની પળો પણ અનેક જોઈ છે.

એ વર્ષ અમારા કુટુંબ માટે મુશ્કેલ હતું જ્યારે નાના જીવનમામા, જે મુંબઈમાં વકીલ હતા, એમનું અને છ મહિના પછી નાથામામાના સૌથી મોટા પુત્ર ગોવિંદભાઈનું અવસાન થયેલ. મામાનું ઋજુ હદય કુમળી ઉંમરમાં ગુમાવેલ મોટી દીકરી શારદાની યાદમાં આળું હતું. પછી બીજી દીકરીનો જન્મ થતાં નામ પ્રિયંવદા આપેલું, પણ આપણે બધાં એને શારદાના પ્રિય નામથી ઓળખીએ અને યાદ કરીએ છીએ. ધીરૂભાઈ-પ્રફુલા, નીરૂભાઈ, શારદા, અરવિંદ-નીપાએ જે રીતે પ્રસન્નતાથી નર્મદામામી અને નાથામામાની સંભાળ લીધેલી એ કૌટુંબિક સહકારનો અસાધારણ દાખલો છે. પૌત્રી કવિતાએ પણ મામાના જીવનમાં સુખ પાથર્યું છે. એક સહાનુભૂતિભર્યા કવિહદયની સુવાસ મારા અને મુનિભાઈના અંતરમાં સદાય મીઠી યાદ બનીને રહી છે. અમારા જીવનના ઘડતરમાં અમારા મામાની પ્રેમાળ ઓથને ઈશ્વરકૃપા સમજી આભાર... ***સરયૂના પ્રણામ***

## જીવન – મૃત્યુ

રૂઠતી પળોને સમેટતી હું શ્વાસમાં,
દુઃખના દીવામાં સુખવાટ વણી બેઠી છું.
ઘૂઘવતા સાગરમાં નાનીશી નાવમાં,
હળવા હલેસાથી હામ ધરી બેઠી છું.

ઓચિંતા ભમરાતી ડમરીની દોડમાં,
રજકણ બની અંક આકાશે ઊઠી છું.
અંજળના આંસુથી આંખોની આહમાં,
કરુણાનું કાજળ લગાવીને બેઠી છું.

ઉરના સન્નાટામાં લાગણીના ગીતમાં,
ઝીણા ઝણકારને વધાવીને બેઠી છું.
નક્કી છે આવશે, પણ ખાલી એ વાયદા,
ક્યારનીયે મુજને શણગારીને બેઠી છું.

સરી રહ્યો સથવારો મમતાના મેળામાં
આજે અજાણી, પરાઈ બની બેઠી છું.
જીવન પ્રયાણમાં ને મંગલ માહોલમાં,
હંસ જાય ચાલ્યો, પિંજર થઈ બેઠી છું.

## નીતરતી સાંજ

આતુર આંખો રે મારી બારણે અથડાય,
વાટે વળોટે વળી દ્વારે અફળાય.
ગાજવીજ વર્ષા ને વંટોળો આજ,
કેમ કરી આવે મારા મોંઘેરા રાજ!
અરે! થંભોને વાયરા આગંતુક આજ,
રખે એ ન આવે તમ તાંડવને કાજ.
મૌન મધુ ગીત વિના સંધ્યાનું સાજ,
ઉત્સુક આંખોમાં ઢળે ઘનઘેરી સાંજ.
વિખરાયા વાદળાં ને જાગી રે આશ,
પલ્લવ ને પુષ્પોમાં મીઠી ભીનાશ.
ટપ ટપ ટીપાંથી હવે નીતરતી સાંજ,
પિયુજીના પગરવનો આવે અવાજ.

**પ્રતિભાવ :** સપ્ટેમ્બર ૨૦૦૭. શબ્દોની પસંદગી અને ભાવનું નિરુપણ મઝાનું છે. ચિત્રાત્મકતા અને પ્રતિકાત્મકતા પણ ધ્યાન ખેંચે છે. જુઓ : આંખોનું અંદર-બહાર અથડાઈને વળી વળી પાછું બારણે આવવું; મૌન અને ગીત વગરનું સંધ્યાનું સાજ (વાદ્ય); ઉત્સુક આંખોમાં ઢળતી ‘ઘનઘેરી’ સાંજ(બહુ મઝાનો સમાસ -ઘન =સઘન અને વાદળ બંને અર્થો થાય ! એનાથી ઘેરાયલી !!) ‘સાજ’ અને ‘સાંજ’ શબ્દોનો વિનિયોગ માણો!! ઉપરાંત વાદળના વિખરાવા સાથે જાગતી આશાની પ્રતિકાત્મકતા; અને છેલ્લે તો આગળ કહ્યું તેમ કાવ્યના નાયકના આવવાના અવાજ સાથે કાવ્યની સફળતાનો સંકેત જ જાણે મળી જાય છે !! છેલ્લી બે પંક્તિઓમાં ‘હવે’ શબ્દની તાકાત જુઓ! એ શબ્દના આવવાથી છેલ્લી પંક્તિ આખા કાવ્યને એક નવું જ પરિમાણ આપી દે છે. સર્જક સરયૂની આખા કાવ્ય દરમિયાનની ઝંખના ‘હવે’ શબ્દથી નીખરી ઊઠે છે.... ***જુગલકિશોર.***

## એક વાર અજવાળું

અંધારી કોટડીમાં રોજીંદી આવજા, કે'છે કે આમ જ જીવાય,
આથમેલા તેજમાં, રૂંધેલી રૂહમાં, આમ જ આપત્તિ સહેવાય.

ડરથી ઓસરતા આશાના રંગને ઓળખવા પાંપણ ઉંચકાય,
ઘેરા અજ્ઞાનના અંધારા આભમાં, ક્યાંયે ના તારક દેખાય.

ઓચિંતા એક દિન ફરફરતી કોરથી ચમકારો આવી દેખાય,
નિર્મળ ઉજાસ સખી આવો રે હોય! સૌમ્યતા આને કહેવાય!

સાતત્ય યજ્ઞમાં અંતર પ્રકાશ અને ઉર્જાનું આવાહન થાય,
આતમ જાગીરના તાળા ખૂલે, જો એકવાર અજવાળું થાય.

અંતરમાં અજવાળું થાતાની સાથમાં ધૂળમાં ય મોતી કળાય,
ચેતનની ચાવીથી આળસ ઊડે પછી કર્મોની કેડી દેખાય.

જાગેલું મન, જાણે ખીલ્યું સુમન, સ્નેહની સુગંધ ધરી જાય,
રૂઢિની રુક્ષતાની રાખને નકારીને મુક્તિના વનમાં લહેરાય.

**પ્રતિભાવ :** *Saryuben*, I am always very jealous of poets - male or female. Why are they so gifted with word arrangements!! Look at these words filled with deep meaning.... રૂઢીની રુક્ષતાની રાખને નકારીને... Anand Rao Lingayat.

**Devika Dhruv :** ખૂબ જ સરસ કાવ્ય બન્યું છે. વિષયનું સાતત્ય પણ સુંદર ક્રમબધ્ધ રીતે ગતિશીલ અનુભવાયું છે. શબ્દો અર્થસભર અને સ્પર્શે તેવી રીતે ગૂંથાયા છે. ગમ્યું.

## પુત્ર અને પૌત્ર

મારી આંખ્યુનું તેજ ને કલેજાનો ટૂકડો, મારી હસતી રેખાનો દોરનારો,
માસુમ ગોપાળ આજ માધવ કહેવાયો ને જગના મેળામાં ખોવાયો…

મીઠા હાલરડાં ને પગલીની છાપ પર, સમય સાવરણી જાય ફરતી.
રાખવાને ચાહું  હું પાસે, પણ દૂર તેનું પંચમ સોહિણી ધ્યાન હરતી…

જાણે'કે  કોઈ કરે અવનવ એંધાણ, મેઘ ખાંગા ને ઘેલા  થઈ ગાજે,
તુલસી  ક્યારે દીપ ઝીણો લહેરાય, નયન જાળીમાં ચમકારા આજે…

આત્મજ આયો, તેની આંગળીએ  જાયો, તાદ્દશ પિતાનો પડછાયો.
હૈયામાં  હેતના  ઓઘ  ઊમટિયા, પૌત્ર  આવીને ગોદમાં  લપાયો…

થાપણ આપી'તી મને  કોંખમાં  પ્રભુએ, તેને પૂંજી  ગણીને  ઉછેરી.
મુદ્દલ ને વ્યાજ એના બાળકની સાથ, અમોલી બક્ષીસ આજ આપી…

**પ્રતિભાવ :** *સરયૂબેન*, વ્યાજ અને મુદ્દલની મજાની સરખામણી. લાંબા અંતરાલ પછી પુત્રનું આગમન અને તે માટે માની પ્રતિક્ષા. બધુય સરસ આવ્યું છે. આખી રચના ગમી… અશોક જાની, 'આનંદ' જાન્યુઆરી ૨૦૧૬

**Comment :** Dear Saryu, Congratulations. What a lovely poem. I got emotional just reading it! Honestly you have such an insight to express emotions in words. May you keep on doing this for a long time, so that we can also read it in words, what we can't express otherwise.... Dilhar Gohel.

## ખીલું ખીલું

હતું ગીત કો અધૂરું ઘર સૂનું સૂનું,
બધું લાગતું હતું જરા જૂનું જૂનું.
આજ દિલમાં ગાયે રે કોઈ ધીમું ધીમું,
હાસ હોઠમાં છુપાયે છાનું ધીરું ધીરું.
સખા સુખડ સુવાસે મન ભીનું ભીનું,
ઝરે ઝાકળ ઝીણેરી તેને ઝીલું ઝીલું.
ફરી હેતભરી હુંફમાં હું જીઉં જીઉં,
આસે મીઠેરો મધુર રસ પીઉં પીઉં.
મારે નયણે સમાય આભ નીલું નીલું,
સ્નેહ કોમળ કળી કહે ખીલું ખીલું.

❀

**પ્રતિભાવ :** અતિ ઉત્તમ. અલગ અદામાં લખાયેલ છે… દિલીપ પરીખ

## આ ક્ષણ

સમયના હોઠ પર આયુનું ગીત,
પળ પળના તાર પર અદભુત સંગીત.
વિધ વિધ આ વર્ષોનો શ્રાવણ ઝરમરશે,
કૃતાર્થ મન ઝીલજે આનંદ ઘન વરસે.

❀

## મારું સાચું મોતી

એક અનોખી રાત હતી, એક વણજારાની વાત હતી.
દૂર દેશાવરથી આવ્યો'તો, અણમોલા મોતી લાવ્યો'તો.
એના રંગોમાં મન મોહ્યું'તું, એના નયનોમાં દિલ ખોયું'તું.
એની નજરું મુજને જોતી'તી, એના સંચારે સુધ ખોતી'તી.

સાવ સુંવાળો હાથ ગ્રહી,
એણે મોતી મૂક્યું હાથ મહીં.
મેં મોતી લઈ સત્કાર કરી,
મારી ઇચ્છાને સાકાર કરી.

મારા સો ટચ સાચા સોનાથી એ વણઝારાને પ્રેમ કર્યો.
એણે એની રીતે પ્રેમ કર્યો, મેં મોતી ઉપર મ્હેલ કર્યો,

પણ, તે બંધ મહેલમાં મૂંજાયો,
તેનો પડઘો મુજને સંભળાયો.
તેને વિશ્વ ગગનની સૈર કરી
મુક્તિનું ગાણું ગાવું'તુ.

મે'માન બનીને આવ્યો'તો, અસ્થાયી રંગો લાવ્યો'તો.
અલગારી મસ્ત મુસાફરને હૃદયે રાખીને વિદાય કર્યો.

## માનવ મેળો

વિચાર વર્તન વાણીનો આ કાચોપાકો બાંધો છે,
સાંધામાં પણ સાંધો છે ને એમાં સૌને વાંધો છે.
જીવ જીવ કોઈ ચોરી ચળવળ ચર્ચામાં બંધાયો છે,
ઊજળો રસ્તો જોઈ શકે ના એવો આ અંધાપો છે.

મનબુદ્ધિનો લગાવ ધાગો અળવીતરો ફંટાયો છે,
ભરી ભોમમાં પાંચ જણા સંગ માંડ કરી સંધાયો છે.
સ્વાર્થ સલામત સુવિધા સર્જિ, અંતે એ મૂંઝાયો છે,
કૂપમંડૂકનો સ્થિર નીરમાં અવાજ બહુ રૂંધાયો છે.

સહજ સરળ ને શુદ્ધ ટકે ના એવો વા સૂસવાયો છે,
કરમ કુંડાળે ફરતો, દોડા દોડીમાં રઘવાયો છે.
સ્વપ્ન સંતાકૂકડી ખાલી પડછાયો પકડાયો છે,
સમય સરંતી રેતી સાથે અંગત આજ પરાયો છે.

જાણી શકે તો હકાર હેતે હોંશે સંગ સુમેળો છે,
માણી શકે તો આ જીવન એક મસ્તજનોનો મેળો છે.

**પ્રતિભાવ :** सुंदर रचना ! ''માણી શકે તો આ જીવન એક મસ્ત જનોનો મેળો છે.''
आखरि पन्क्तिमें जो कह दिया हैं वो जीवनका सच्चा रुप है। રાજેન્દ્ર.

## સ્નેહ

સ્નેહનાં વહેણં  કોઈ શર્ત નહીં, વરસંતી વાદળીને તર્ક નહીં.
વાયરો વીંટાળે પર્ણ  વ્હાલમાં, લીલાપીળાનો કોઈ ફર્ક નહીં.

મોહનાં મીંઢોળ એને બાંધીયા, જાણીને  જાન એની  જાનમાં,
ટેરવે  ગણેલ એના વાયદા, મન મતિ દિલમાં વિતર્ક  નહીં.

સોળે  કળાએ ખીલનારને, શોભા  શૃંગાર તણો  દર્પ  નહીં.
મંત્રમુગ્ધ  બંધાયે  પાંદડી,  છોને મધુર  કોઈ  અર્ક  નહીં.

દરિયા દિલ હેતનાં હિંડોળ પર, હુલાવે સૌને ગમત ગેલથી.
સ્નેહ દેણ દાન ને સ્વીકારમાં, નાતજાત ભેદ કોઈ ગર્ત નહીં.

ક્યાંનો પરિચય, શું છે સગા, પ્રશ્નો પૂછ્યાનો કોઈ અર્થ નહીં.
વીણાનાં તાર સાથ ઝણઝણે, કોણ એ વગાડે કોઈ શર્ત નહીં.

## પૌત્રી

અધૂરી  પૂર્વજન્મની  પ્રીત  આજે પૌત્રી  બનીને આવી,
દિલના પ્રેમ સરોવર મધ્યે એવા, કમળ બનીને  આવી.
બાપુ  બેનાના ચહેરા પર  મંજુલ સ્મિત  બનીને આવી,
મૃદુલ  મીઠા  સ્નેહઝરણમાં સૂર  સંગીત  બનીને આવી.
બુલબુલ મેનાના કલરવમાં વિધિનું  ગીત બનીને આવી,
એવા,  ઉત્સુક અધીર અષાઢે શાંત સમીર બનીને આવી.

પ્રથમ પૌત્રી, 'એવા' મે-સમીર પરીખના આગમન સમયે. ૨૦૦૭.
સંગીતા-મૃદુલ દીકરી અને જમાઈ.



## Flutter of Wings

The swan of my soul feels free in flight
No right or wrong, just the light of delight
The crystal-clear mind, reflects the bluish sky
The peace within my reach, I simply realize.

Awakened and aware by the nudge of the sun
The white swan smoothly flutters wide wings
He takes a leap of faith to dance and sing
The rays of hope gently pull the shiny string.

In one unique way swan dedicates the verse
His wings are open to embrace the universe
A prayer to surrender gives grace to revive
The timeless trance in the space of divine.

Live in the moment, and forever in eternity
No past no future from here to eternity.

**--- Saryu Parikh**

**Comment :** Lovely—touching sublime height!! A Hansa-the Swan also symbolizes the atman –soul returning to brahman-universal truth. Munibhai.

## આત્મહંસ

આત્મ  હંસની અનેરી આ  ઉન્નત ઉડાન,
ના સત્ય કે અસત્ય, સહજ આનંદ ઉજાસ.
શુભ્ર  માનસમાં છાંયે પેલું નીલું  આકાશ,
હું જાણું, મનઃશાંતિ  મારા અંતરની પાસ.

દેવ  સૂરજને અણસારે  જાગૃત  સભાન,
શ્વેત  હંસ ધીરે  ફફડાવે, વિસ્તારે પાંખ.
ભરે શ્રધ્ધાથી ફાળ થનક નર્તન ને ગાન,
તેજ  આશા કિરણ ચમક આંજે રે આંખ.

એની આગવી અદાથી હંસ અર્પે છે શ્લોક,
એની પાંખો  ફેલાવી  આલિંગે  અવલોક.
પ્રાર્થના  સમર્પણ  કૃપા  શક્તિનો  કોશ,
ના સમય તણી રેખા, અલૌકિક આગોશ.

આ ક્ષણમાં જે જીવ્યા તે એ જ અમરકાળ,
ના ભૂત કે  ભવિષ્ય, આ પળ, અનંતકાળ.

**પ્રતિભાવ :** સરયૂબહેન, ખૂબ સુંદર રચના.

વાહ. વાહ... વાહ... આપની કલ્પના, સહજ આવેલ શબ્દોની મીઠાશ, અલંકાર, પ્રાસ .... વગેરેએ મન ભરી દીધું, થાય કે વારંવાર વાગોળ્યા જ કરીએ. આવી રચના ક્યારેક જ વાંચવા મળે છે.... ખૂબ ખૂબ અભિનંદન... પ્રવીણ શાહ.

# મધુમાલતી અને હું

મધુમાલતી મહોરી મારા આંગણામાં આજ,
એના મસ્તાના રંગ ભરે મૈયરની યાદ.

કંઈ વર્ષો પહેલાની સવાર એ હતી,
ત્યાં એકલી અટૂલી ગુલતાન હું હતી.
લીલી ચાદરમાં બેઠી ચૂપચાપ એ કળી,
એને જલ્દી ખીલવાની ના ઝંખના હતી.

સમીર લ્હેરખી કહીંથી એને સ્પર્શી ગઈ,
એના બહેકાવે હળુ હળુ ખીલતી ગઈ.
સહજ શૃંગારે ફૂલગુલાબી શોભતી રહી,
કળી શ્વેત ને ગુલાબી મીઠું મલકી રહી.

લાલ ચૂંદડી ઓઢીને રમણ રમતી રહી.
ઘેરા લાલ ચટક રંગમાં એ હસતી રહી.
એવી મધુમાલતી મગન ઝૂલી ફરી,
પ્રથમ શ્વેત, ગુલાબી પછી લાલી ભરી.

હવે ધીમે ધીમે લાલ રંગ તજતી હતી,
સૌમ્ય સંધ્યાના રંગોમાં ભળતી હતી.

૨૦૧૫ના દિપોત્સવી અંક ''અખંડ આનંદ''માં પ્રકાશિત. મધુમાલતીના અજાયબ રંગો,
**Comment :** નમસ્તે.સરયૂબેન. કેટલું સામ્ય લાગે? જીવનમાં આમ જ કુપંળ સ્વરુપે ખીલી ને એક પરિચિત ને પ્રેમાળ પરિવાર છોડી અજાણ્યા પરિવાર ને વ્યકિત સાથે જીવન શરુ કરવાનું. જયા બધા પરિક્ષક ને નિરિક્ષક લાગે. એક માત્ર જો પ્રેમાળ પિયુ હોય તો એ નવજીવન સુહાની શરુઆત બની જાય. તમારી સાહિત્ય-સાહેલી વિમળાના વંદન.

## ધ્યાન અનુભવ

ખૂલી આંખનાં અંધારે ટમટમતો ઝાંખો દીવો,
ડૂબકી મારી દૂર જઈ પાછો ફરતો મરજીવો.

એક ક્ષણે એ અણધાર્યો અતિથ બનીને આવ્યો,
મારે કાજે અકળ અનાદિ એવો પરિચય લાવ્યો.

ઑમ મધુરાં ગાણાંમાં એનો યે સૂર પુરાયો,
મનની ઊંડી વાવ મંહી જે જઈ જઈને ઘૂમરાયો.

ઝરમર ઝીણી ઝાકળ રજમાં ચમકારો વરતાયો,
પાછી પાની પગથી મૂકી ક્ષિતિજમાં ખોવાયો.

કાગા નીંદરમાંથી જાગી, રૂંવે રૂંવે ચમકારો,
તેજોર્મિનો પુનિત પરોણો પલકઝલક ઝબકારો.

❀

દિવ્ય ભાસ્કર; કાવ્યસેતુ ૮ મે ૨૦૧૮. "ધ્યાન અનુભવ" સરયૂ પરીખનાં કાવ્યનું રસ દર્શન..... લતા હિરાણી

ભક્તિભાવથી ભીંજાયેલા અનેક પદો મીરાં, ગંગાસતી, તોરલ જેવી સંત કવિઓના મળી આવે છે. એની કક્ષાય જુદી છે. સાદા શબ્દોમાં ભાવસાગરનું અપ્રતિમ ઊંડાણ અને ચેતનાવસ્થાની પરમ ઊંચાઈ એમાં પામી શકાય છે. વર્તમાન સ્ત્રી કવયિત્રીઓમાં પણ ભજન, હરિકાવ્યો જરૂર મળે છે પરંતુ આધ્યાત્મિક અનુભૂતિને વર્ણવતા કાવ્યો કદાચ જૂજ છે અથવા મારા ધ્યાનમાં આવ્યા નથી. સરયૂ પરીખનું આ કાવ્ય એમાં ગણી શકાય.

ધ્યાનમાં બેસવું એ એક વાત છે અને એ અવસ્થાને ક્ષણ માટે પણ પ્રાપ્ત કરવી, એની અનુભૂતિ થવી એ બહુ વિરલ બાબત છે. ધ્યાનમાં એક ઝબકારાની જેમ જ્યોતનું દર્શન થાય જે પરમ ચૈતન્ય સાથે માનવીની ચેતનાને સાંકળે અને એક દિવ્ય અનુભૂતિ પ્રાપ્ત થાય એવું આ અવસ્થાને

મેળવી ચૂકેલા સંતો કહી ગયા છે/લખી ગયા છે. સ્વામી પરમહંસ કહે છે કે ''ૐ એ સર્જક શબ્દ છે. શરીરની શિસ્ત, માનસિક સંયમ અને ૐ પર ધ્યાન કેન્દ્રિત કરવું તેને ક્રિયાયોગ કહેવામાં આવે છે.'' પતંજલિ કહે છે કે ''ઈશ્વર એટલે 'ધ્યાનમાં સંભળાતા 'ૐ'નો ખરેખરો વિશ્વધ્વનિ'' આ કાવ્યમાં ધ્યાનમાં થતી અનુભૂતિને વ્યાખ્યાયિત કરવાનો સફળ પ્રયાસ થયો છે. બંધ આંખ સામે એક જ્યોતનું દર્શન થાય અને જાણે મહાસાગરનું મોતી લઈને મરજીવો પાછો આવ્યો હોય, આત્માને એવો અનુભવ થાય એવું એક પળનું ધ્યાન પણ સાર્થક છે. ———

## પ્રણયનાં મોતી

સ્વર મોતી સરે પ્રણયમાં, ને હું સૂર બની ને સાંધુ,
તુજ સ્મિત રમે રમણમાં, ને હું નૂર બનીને બાંધુ.

તું ઝીણો ઝરમર વરસે, ને હું પાન બનીને ઝીલું,
તું પવન બનીને લહેરે, ને હું કમળ બનીને ખીલું.

તું કિરણ બનીને આવે, ને હું સુરખીમાં રંગાવું,
તું ઘટમાં વાદળ ઉમટે, ને હું વીજ બની અંકાવું.

તું શ્વાસ બનીને આવે, ને હું ધડકન થઈને જાગું,
તું માન બનીને આવે, ને હું સખી બનીને ચાહું.

તું પ્રીત લઈને આવે, ને હું ગુંજન ગાણું ગાવું.
તું મુજમાં ને હું તુજમાં, અંકે ઓતપ્રોત થઈ જાઉં.

## ગુલાબી

મારી ભરત ભરેલી સાડી ફૂલ ગુલાબી,
એના રેશમ તારે યાદો મસ્ત ગુલાબી.
એની દરેક સળની સાથે આશા દોરી,
એને ટાંકે ટાંકે મોહકતા હીરકોરી.

રે પગની પાયલ પ્રીતમ સંગત ઘેલી,
ચાલી'તી આગળ, ભુલી સંગ સહેલી.
એ નજર લહર મન લાગી'તી સુનેરી,
સોળ કળાએ ખીલી હતી એ પહેરી.

ઉન્મત પાલવ સરકે હવા હઠીલી,
છાયલ પહેરી હરખે નાર નવેલી.
સુરખી સંતાયેલી, સ્મિત પહેલી,
ના બોલું, મ્હાલું, અંતરની રંગરેલી.

આજ, સોડ તાણીને આહ્લાદક સુંવાળી,
હું સૌમ્ય સુકોમળ ખોળામાં હૂંફાળી!
દીપ જલાવી, નવ પુષ્પિત શણગારી,
એ જ ચીરમાં, ચિન્મય ચિર સમાણી.

**Comment by Dilip Parikh :** The poem beautifully expresses delicate emotions and dreams of a young girl. We are all engaged in the pursuit of pleasure through four stages: perception, sensation, contact and desire to possess. Thought creates pleasure through desire and gives it continuity. To

me, the “Sari” represents the external appearance of an individual and that creates “ego gratification”—how beautiful I look? There is nothing wrong about it. The problem is, we become dependent and that, sooner or later, brings frustration, sorrow, fear, and jealousy. When one lives in the present, thought doesn’t give continuity to pleasure...The last 2 lines are the essence of the poem and makes the poem special for me. The word ‘deep’ ‘દીપ’ seems to indicate self-knowledge and that comes with the tranquility of mind. Now there is no attachment, fear, or sorrow and there is freedom from the known...one is ready to merge with the universal consciousness--as Mira is ready to surrender to Krishna with all the joy. DKP.

--- **ચિન્મય=ચેતન૩૫**

## अति अतिको त्याग

प्यार प्रेमका मधुर ये बंधन सब संसारको बांधे,
अति प्रेमके पाशमे परवश मोहमे बदल ये जाये,
प्रेम ये थापट मारके बोले, अति अतिको त्याग,
रे मानव ! अति अतिको त्याग —

यम आहार विहार व निद्रा कृष्ण गांव ले जाये,
अतिकी आगमे लीपट लीपटकर अपने आप जलाये,
समता थापट मारके बोले अति अतिको त्याग,
रे मानव ! अति अतिको त्याग —

कर्म क्रिया जो जीवन चक्कर सहज भाव चलाये,
अतिकर्म जो अनजानेमे फलको विफल बनाये,
केशव थापट मारके बोले अति अतिको त्याग,
रे सरयू ! अति अतिको त्याग —

## ઉપેક્ષા

ભુલેલા કોલ અને ભાવોની ભૂલ,
નીકળેલા બોલ ને અધખીલ્યા ફૂલ,
પ્રેમ નીર વિના તરસ્યા રહી જાય,
પીળા પાન પછી લીલા ના થાય.

સહોદર ને સાથી કે નાનેરા બાળ,
અંતરનાં આંગણમાં યાદોની જાળ,
રુષ્ક શુષ્ક મોસમ જો જાય,
પીળા પાન પછી લીલા ન થાય.

નાજુક નવબંધન, પિયુની પ્યાસ,
વાવેલી વેલીને માળીની આસ,
વેલ વ્હાલપની જો એ કરમાય,
પીળા પાન પછી લીલા ના થાય.

સમય ના સાચવ્યો ચાલી ગઈ રાત,
તૂટેલાં હૈયા ને વીતી ગઈ વાત,
બળી રાખ હવે ઈંધણ ના થાય,
પીળા પાન હવે લીલા ના થાય.

❀

**પ્રતિભાવ...૨૦૦૭.** જતન માંગતા સબંધો કે આંગણની વેલની ઉપેક્ષા થાય અને સમય જો વીતી ગયો તો...''તૂટેલા હૈયા, ને વીતી ગઇ વાત. બળી રાખ હવે ઇંધણ ના થાય. પીળા પાન હવે લીલા ના થાય.''

વાહ, બહુ સરસ.... વિજય શાહ

## અશ્રુબિંદુ

એક અશ્રુબિંદુ મારી પાંપણની કોર પર.
ગીત લઈ આવ્યું જૂની યાદો દિલદોર પર.

નાનેરી બહેની મારી, ઉર્વશી પરી હતી,
આવી'તી આભથી, પાંચ વર્ષ રહી હતી.
માત પિતા ભ્રાતાના ઉરની ઓજસ હતી,
બેન સહજ બચપણની મારી હરીફ હતી.

ઓચિંતી ઈશ ઘેર પાછી એ ફરી હતી,
માત તાત નજરુંમાં મરુતા ઝરતી હતી.
ના સુણ્યું જાયે આ ગીત ઉરૂ ગાતી'તી,
"કકડુપતિ રાઘવ રાજારામ" રટતી'તી.

શબ્દો અહીં આવેલા સૂરોની પાંખ પર,
જઈને જે ભીંજવશે ભૈયાની આંખ પણ.
ઉર્વશીની ઉષ્માથી નયણાંનાં તોરણ પર,
મીઠું હસી ને રડી કેટલીયે યાદ પર.

"જાગૃતિ" ફિલ્મનું ગીત, "રઘુપતિ રાઘવ રાજારામ," એ જમાનામાં (૧૯૫૫ની આસપાસ) બહુ પ્રચલિત હતું. વર્ષો પછી અમેરિકામાં આ ગીત સાંભળી દિલમાં તોફાન ઉઠ્યું, અને લાગણી-વર્ષામાં ભીંજવી ગયું.

**પ્રતિભાવ :** Wonderful. You surpass us all in reaching the fearsome depth of feeling. I can feel it but can't possibly dare to express it even after so many years.... Love, મુનિભાઈ.

# હવે ના અધૂરી

નીલ સરિતાનાં ખળખળતાં નીર,
લોઢ ઊમટે ને ઓસરે અધીર.
ચહું ભીંજાવું, રહી તોય કોરી,
જરી પગને ઝબોળી પાછી ફરી.

પહેલી પ્રીતનો ઝીણેરો ઉજાસ,
કિરણ કમનીય કામિની ઉલ્લાસ.
ઝૂકી ઝાકળ ઝીલીને હસી જરી,
કળી ખીલી ન ખીલી તરસી રહી.

એની વાંસળીનાં સૂરના સવાલ,
મનન મંજુલ પણ મૂક રે જવાબ.
એની તાનમાં તણાઈ ક્યાંય દોડી,
જરા જઈને આઘેરી, પાછી ફરી.

સજલ વર્ષા વંટોળની વચાળ,
બની વીજળી, નહીં રોકી રોકાય,
દ્યુત ક્ષણમાં હું તૃપ્ત ને તરબોળ,
આજ સંપૂરણ સુરખી રસ રોળ.

*નમસ્તે. છેલ્લા પંદર વર્ષમાં જે સાહિત્ય સર્જન થયું તે મારા ભાવનગર અને સાહિત્ય પ્રેમીઓને ભેટ ધરું છું. મારા જીવનના આ બે દસકા અનન્ય આનંદ અને અનેક રચનાકારો સાથે મિત્રતાના આશીર્વાદ લઈ આવેલ છે.*

*આનંદ સાથ આભાર. સરયૂ. ૨૦૨૩*

## તને યાદ...

કોરી ધરતી હસીને ભીંજાતી, આ પોયણીની પ્યાસ ના બુજાતી.
રાત રૂમઝૂમ મલ્હાર રાગ ગાતી, કાં’ તને મારી યાદ ન આવી?

ખેલ ખેલંતા ખળખળતા પાણી, તેમાં આશાની આરત સમાણી.
ખર્યું પાન તને આપે એંધાણી, તોય તને મારી યાદ ન આવી?

વેણ ઘૂઘરી તેં લોભિલી વેરી, મેં ઝાંઝરી પરોવીને પેરી.
તેની વાગી ઝણકાર ફરી ઘેરી, હા, તને મારી યાદ ન આવી!

મોહ દીવાની વાટ ધીમી કીધી, તડપ હૈયે દબાવી મેં દીધી.
વ્યર્થ વાયદાની વાતો શું કે’વી, જો, તને જ મારી યાદ ન આવી!

**પ્રતિભાવ :** સરયૂજી, સલામ! અદભૂત અને નાજુક ભાવોને શબ્દોનો સરસ શણગાર. કેટલા સ્વાભાવિક શબ્દો!! સીધી લાગણી જ શબ્દ બની જાય છે. શબ્દોની શોધ વગર જ રચાઇ ગયેલું લાગે છે. અથવા શબ્દો એની જાતે જ જાણે ગોઠવાઇ ગયા છે. અભિનંદન. આવી રચનાઓ રચતા રહો. અને share કરતાં રહો ... **પ્રવીણ ઠક્કર**

## કારણો તો દોડતાં મળે

અહમ્ અંતરના ઓરતાને વાંચું, મળે કારણ ના એનું કો' સાચું.
જેને રૂસણામાં રોળવું હો આંસુ, તો કારણો તો દોડતાં મળે.

તરડ ઝીણી પર હિમાળા છાંટા, જરી લહેરખી ને થરથર રુવાંટા.
ખર્યા શબ્દો ને ફૂલ બને કાંટા, ને કારણો દિલ તોડતાં મળે.

સ્વાર્થરેખા ને સંકુચિત મુઠ્ઠી, બંધ બારી સુગંધ જાય રૂઠી.
દે દસ્તક પણ ખોલવા ન ઊઠી, ને કારણો ઉર સોરતાં મળે.

ઘનઘેરાં વાદળ ભલે ઝૂક્યાં, પણ, કાણા કળશમાં જળ સૂકાં.
જ્યાં બહાનાનાં બારસાખ મૂક્યાં, ત્યાં કારણો જીવ કોરતાં મળે.

❀

**પ્રતિભાવ :** "જેને રિસાવું જ હોય તેને કારણો મળી રહે." This is such a wonderful and deep observation of human behavior! Excellent study of human nature. Thank you again. -----Anand Rao.

વાહ! તમારી કવિતા તો બહુ ગહન છે પણ રસપ્રદ છે. હું તો બધું જ વાંચું છું. જે ગમે તે તો અનેકવાર વાંચું છું. ------શિરીષ દવે

*સરયૂજી*, આખું કાવ્ય ગમ્યું. નીચેની પંકતિઓ ખાસ. અહમ્ ... કબીરની ફિલોસોફીનો અંશ દેખાય છે. અભિનંદન૫ હરનિશ જાની

# મને સાથે લઈ જાવા દો

કરી મંત્રણા લાભ લાલચે, સંતાડીને હર્યા કર્યું.
ભંડારો ઊંડા ખોદાવી ઠાંસી છાનું ભર્યા કર્યું.

મને થાય કે આવો માણસ, હતો કદીયે નાનો બાળ?
નિર્મમ, નિર્મળ, હતી કદીયે એની આંખે અશ્રુ ધાર?

કપટી લંપટ અંધાપો જે નથી દેખતો પરનું  દુઃખ.
અનુભવ તેણે કર્યો હશે શું દિલસોજી દેવાનું સુખ?

કરી લે, ભરી લે, સોદા કરી લે, લૂંટીને કો મુખનું નૂર,
કટાક્ષ કરતી કુદરત દેખે, ભુલી ગયો મૈયત દસ્તૂર!

જાવાનું છે નક્કી, ના  લઈ જાશે જોડે પૈસો એક,
વીજળીના ઝબકારા જેવો કાળ હુંકાર અજાણ્યો છેક!

ચાલબાજ શું યમને પૂછશે! ''નગદ મને લઈ જાવા દો,
ત્રીસ ટકા હું આપું તમને, મને સ્વર્ગમાં રહેવા દો.''

કહેવાતા અગ્રગણ્ય, મોટા માણસો, જે સામાન્ય જનતા પાસેથી લૂંટીને પોતાના બંગલા સજાવે છે. તેમને એ પણ યાદ નહીં આવતું હોય કે આ બધું અહીં જ મૂકીને જવાનું છે! સાથે લઈ જઈ શકતા હોત તો તો શું ન કરતે..?

## લો વારતા શરૂ થઈ

જન્મતાની સાથ મથામણમાં અટવાઈને,
આડબીડ રસ્તે વિમાસે આ વાટ કઈ ?
ધારી લે જંગલમાં મારાથી પહેલ થઈ,
મારાથી આજે આ વારતા શરૂ થઈ.

ચાલ્યે જાય આગળ જન્માક્ષર રેખ પર,
શક્ય છે, લખેલું એ ફેરવે નિર્ધાર લઈ,
શક્તિ, પરિસ્થિતિ, આવે બદલાવ લઈ,
પૌરુષત્વ લખે નવી વાર્તા વળાંક લઈ.

હસ્તમાં લખેલ તે જ મુખ્ય માર્ગ જન્મથી,
રોજ નવા રસ્તા, નવ પ્રકરણની ભાળ લઈ,
જાણી ને અવગણી પણ, મૃત્યુની વાત થઈ,
ગ્રંથ થયો બંધ, લો વારતા પૂરી થઈ.

લાગણીની પૂંજી ને સ્નેહની સુવાસથી,
દિલમાં અકળ અક્ષરે, વાર્તા લખાઈ ગઈ.

--- **સરયૂ પરીખ ૧૦/૨૦૧૯**

મક્કમ મનોબળે સંજોગ બદલી શકાય, પણ ભાગ્યરેખામાં જીવન પળ જેટલી નક્કી થઈ હોય એને કોઈ બદલી શકતું નથી. ક્ષણ આવે એ જીવનગ્રંથ બંધ થાય જ છે.

## માફી... તને અને મને

લાગણીઓના સરોવરમાં જે મન મૂકીને માણે,
ડૂબી ન જાયે મનડું તેમાં, મક્કમતાથી માને.

રખે ભૂલે ના, મધુર વચનો મીઠો મલમ લગાવે,
થાય ભલું જો સખી કોઈનું, ખેલદિલ વહેંચાવે.

અપરાધી અણગમતી યાદો, મનોચિત્તને ઘેરે,
માફી આગળ ચાલે તો વિસ્મૃતિ સરળ બનાવે.

અનબનમાં અટવાયલ રીસને વ્હાલપમાં વાળીને,
ગાળી લે ક્ષણ સ્વજનો સાથે, સહેજ સંભાળીને.

ક્ષમા વંદના સાથે પ્યારે! વિદાય લે અકળામણ,
મેળવવાને ભીતર શાંતિ, ઉતારવી રહી વળગણ.

Forgive and forget in life,
the two pedals of a rolling bike.
When one moves on forward-far
The second one follows the ride.

# શું આપું ?

સખી! શું રે આપું, મારા મનમાં સવાલ,
તું બોલે તો જાણું ક્યમ દર્શાવું વ્હાલ?
આજ કરૂં એકરાર પ્રેમનો પુકાર,
સૌને જણાવું હું તને કરું પ્યાર!

સખા! શર્મિલી સુરખીમાં છુપ્યો ગુલાલ,
ગમતો લાગે તારો છાનો અણસાર.
મંજુલ અવાજથી રણઝણતા તાર,
ચિત્ત મારું નાચે, આ કેવો ઝંકાર!

સખી! શું શું આપું? કહે મારા સોગંદ!
મધુરી સંભાવનામાં છલકે આનંદ.
માગી લે તું મારો કીમતી ભંડાર,
ધડકે ઉમળકે દિલ અર્પે અંબાર.

સખા! સ્નેહના સંગાથનો સમજુ કરાર,
આપ્યો વણમાગ્યે અલૌકિક સંસાર.

❀

# સપનામાં સુલેહ

બોલ મીઠા સાંભળ્યાં આજે અમોલા,
સપનામાં  તુટ્યા અમારા અબોલા...

દૃષ્ટિકોણ  એમનો... હશે કોઈ  રંજ,
માન અભિમાન સૂક્ષ્મ જાળીમાં બંધ.
એમ જ ખોવાયા અવગણમાં સંબંધ,
કોણ જાણે કેમ! બોલવાનું કર્યું બંધ...

શમણામાં આવીને ગ્રહ્યો મારો હાથ,
ભાવુક નજાકતથી  હેત ભરી બાથ.
કરી લીધી પ્રેમળ પ્રસન્નતાથી વાત,
કેટલી  સરળ હતી સ્વપ્નાની રાત...

નિર્મળ સંબંધ  દીયે  હૈયામાં  હાશ,
સોણલામાં  મલકાયે મૈત્રી ઉલ્લાસ.
જાગીને જોઉં તો એ જ અણબનાવ,
પણ, લાગે નહીં હવે રીસનો તણાવ...

❀

# જીવન સાઇકલ

જીવન કેરી સાઈકલના, હું ને તું બે પઈડા,
એકમેકની આગળ-પાછળ સંગાથીના હઈડા.


રોજ રોજની રામાયણમાં મુજને ટેકો આપે,
વેરાયેલી લાગણીઓને તું સંકોરીને રાખે.

ચઢાણ ઊંચું, ખડબડ રસ્તો, જ્યારે મુશ્કેલ લાગે,
ઉતાવળે જો આગળ ખેંચું, રોકી દઈ સંભાળે.

ખેંચતાણ ને અમતલ સમતલ પૈડા ફરતાં જાયે,
કસી કસીને સો ટચ સોનું મને કરી ઝળકાવે.



સરયૂ-દિલીપ. ૧૯૬૯



૨૦૧૯

## સંકેલાતું જાય...

મારી આંખ સામે કરમાતું ફૂલ,
જોઉં ઓસરતું  જીવન અમૂલ.

સુંવાળી  જાત પર હતી નહીં ભાત
કોણે આલેખી આ ભૂખરીલી  છાંટ
ખરતા રે વાળ ને સરતા રે આંસુ
રોકે રોકાય ના  સમય  સૂસવાટ

શક્તિથી પાડેલી  પગલીઓ  પાથ
ઓસરતી આજ રહી કર્મોની  છાપ
ઝાંખાં  દેખાય નેહ ચહેરાઓ પાસ
શોધે  છે  તેમાં એ મનનો પ્રભાસ

વિલસેલી કાય આપ વિલાતી જાય
ઓગળી ફરીને પંચભૂત બની જાય
જીવનની રીત સૌ ખીલી કરમાય
તોય આરત અચંબો હૈયે કોરાય

જીવનક્રમ જોતા આવ્યા છીએ, તો પણ સ્વીકારતા કષ્ટ પડે છે, આશ્ચર્ય થાય છે.
જીવન એક અમૂલ્ય ભેટ છે...તેને આનંદસભર જીવી જાણીએ.
સાથી મુસાફરોનો આનંદ સાથ આભાર.